

પ્રેમ-સરવાણી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પરાવાણીનું રસદર્શન





वाणी तेऽमृतवर्षिणी जनहिता पापौघविध्वंसिनी,
रम्यं शान्तिकरं नितान्तसुखदं त्वद्दर्शनं पावकम् ।
नैपुण्यं सकलोपमानरहितं साध्वी क्रिया ज्ञानदा,
वन्दे तं प्रमुखं गुणालयगुरुं मोक्षाय भक्त्या सदा ॥

સર્વ લોકોનું હિત કરનારી, અમૃતને સિંચતી આપની વાણી અનેક પાપોને નાશ કરનારી છે. આપનું રમ્ય દર્શન લોકોને પાવન કરનારું છે, શાંતિ આપનારું છે અને અત્યંત સુખદાયી છે. આપની કાર્ય-નિપુણતા સર્વોત્તમ હોવાથી તેને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી. તેમજ આપની ક્રિયાઓ સિદ્ધ થનારી તથા જ્ઞાનને આપનારી છે. એવા ગુણોના ભંડાર ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજને મારા જીવના મોક્ષ માટે સદા ભક્તિપૂર્વક વંદન કરું છું.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રેમ-સરવાણી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પરાવાણીનું રસદર્શન

લેખક

સાધુ આદર્શજીવનદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

PREM SARVANI (Gujarati Edition)
(Divine, inspiring discourses of Pramukh Swami Maharaj)

By Sadhu Aadarshjivandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

1st Edition:
July 2013. Copies: 10,000

ISBN: 978-81-7526-587-8

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૧૩

પ્રત : ૧૦,૦૦૦

કિંમત : રૂા. ૩૫-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી
મૂળ કિંમત રૂા. ૪૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રકાશકીય...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી પ્રકાશિત કરવામાં આવી હતી. એ શ્રેણીનાં પ્રકાશનો ભક્તો અને ભાવિકોમાં ખૂબ આવકાર પામ્યાં હતાં. એ શ્રેણીમાંથી કેટલાંક પ્રકાશનો નવા સ્વરૂપે પ્રકાશિત કરવાની માંગ ઘણા સમયથી હતી. તેના ઉપક્રમે આ પુસ્તક આપના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતા આ પ્રકાશન શ્રેણીના પ્રત્યેક લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના એ જીવનને વર્ણવવામાં શબ્દોનું સામર્થ્ય અત્યંત વામણું પુરવાર થયું છે. છતાં સ્વામીશ્રીના પવિત્ર અને દિવ્ય વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક અર્ઘ્યમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવમાત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનને સમર્પિત કરનાર પરમ પૂજ્ય સ્વામીશ્રીની અમૃતવાણીનું એક રસદર્શન કરાવવાનો અહીં પ્રયાસ છે. પરમ પૂજ્ય સ્વામીશ્રીની નિર્મળ, સરળ અને આડંબરરહિત વિનમ્ર વાણીનો આસ્વાદ જેણે જેણે માણ્યો છે, એ સૌની એક જ અનુભૂતિ છે : તેમાં દિવ્યતા છે. એ વાણીમાં ભપકો નથી, છતાં અંતરમાંથી વહેતી અને અનેકનાં અંતરને ઠારનારી નિઃસ્વાર્થ પ્રેમ-સરવાણી છે. પરમ પૂજ્ય સ્વામીશ્રીની એવી અમૃતવાણીનું રસદર્શન કરાવતું આ પુસ્તક એક પરિચયાત્મક રજૂઆત જ છે. છતાં તેમાં સર્વ દિશાનો દૃષ્ટિકોણ રાખીને એક સર્વાંગપૂર્ણ રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો છે.

ખૂબ જહેમતપૂર્વક આ પુસ્તકને શબ્દદેહ આપનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીના અમે હૃદયપૂર્વક આભારી છીએ.

આશા છે, આ પુસ્તિકા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન અને કાર્યને કંઈક વધુ માણવામાં ઉપયોગી બનશે.

— સ્વામિનારાયણ અક્ષરપીઠ

પ્રસ્તાવના

અસરકારક.	આશ્વાસક.	સર્વકાલીન.
અનુભવયુક્ત.	આકર્ષક.	શાંતિદાયક.
અમૃતસમ.	આચરણપૂર્ણ.	શાશ્વત.
અમોઘ.	સરળ.	નિર્મળ.
અહંશૂન્ય.	સહજ.	નિખાલસ.
અલમસ્ત.	સચોટ.	નિર્દંભ.
આત્મીયતાસભર.	સાર્થક.	મધુર.
આનંદદાયી.	સારગર્ભા.	
આહ્‌લાદક.	સંક્ષિપ્ત.	

ઉપરોક્ત અપૂર્ણ શબ્દાવલી એ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વાણી સાંભળનાર શ્રોતાઓની અનુભૂતિનો રણકાર છે. હા, સીધી-સાદી ગુર્જરગિરામાં બોલતા પ્રમુખસ્વામી મહારાજને જેમણે સાંભળ્યા છે તે સૌને લાગ્યું છે કે અહીં તો *'રસના મૂંગી હૃદય બોલત...'* જેવો ઘાટ છે. આ સંતની વાણીમાં હોઠ નહીં, પરંતુ હૈયું બોલે છે.

મુંબઈના પૂર્વ શેરીફ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી મોહનભાઈ પટેલ સ્વામીશ્રીના શબ્દોનો આવો સ્વાનુભવ વર્ણવતાં કહે છે : 'પ્રમુખસ્વામી મહારાજનો ઘણા વખતથી લાભ મળ્યો છે. સાદાઈનું જાણે એનીટોમ ! ભાષાનો કોઈ આડંબર નહીં કે વિચારોનું ભારેખમપણું નહીં. જેવું હૃદયમાંથી નીકળે એવું જ બોલે.'

ઈ. એમ. ફોર્સ્ટરે શબ્દોને જીવનનું મધુ કહ્યા છે. સ્વામીશ્રીને સાંભળનારે આ વાક્યની સાર્થકતા વખતોવખત અનુભવી છે. રડતા બાળકના મોંમાં મધનું ટીપું પડે ને તે જેમ શાંત થઈ જાય, તેમ સ્વામીશ્રીનો એકેએક શબ્દ એટલે જાણે મધનું સંતર્પક બુંદ. તેનું પાન જે કોઈ કરે તે શાંત થઈ જાય.

●

તા. ૧૫-૬-'૮૪ના રોજ અમેરિકાના ક્લીવલેન્ડ શહેરના 'ફોરેસ્ટ પાર્ક મિડલ સ્કૂલ'ના વિશાળ હૉલમાં જાહેરસભા ચાલી રહી હતી. તેમાં સ્થાનિક ગુજરાતી સમાજના પ્રમુખ ડૉ. શ્રી શશી શાહે જણાવેલું કે : 'ગઈ કાલે હું પ્રમુખસ્વામીની સભામાં આવ્યો હતો. મને પહેલી વાર આવો અવર્ણનીય સુખદ અનુભવ થયો.

સ્વામીજીની વાણી એકદમ ચુંબકીય હતી.'

સન ૧૯૭૭માં અમદાવાદના તત્કાલીન મેયર શ્રી કૃષ્ણવદન જોષીએ પણ સ્વામીશ્રીની મધમીઠી વાણીનો આસ્વાદ વાગોળતાં ઉચ્ચારેલું : 'હું આ સભામાં આવ્યો એ પહેલાં મારા મનમાં વ્યવહારના કેટલાય વિચારો ચાલતા હતા; પરંતુ અહીં પગ મૂક્યો ને જાણે બધા જ વિચારો શમી ગયા. મારે મન આ જ સૌથી મોટો પરચો છે.'

•

કોઈકે 'नादो हि ब्रह्मणो रूपम्' – નાદ (શબ્દ) એ પરબ્રહ્મનું સ્વરૂપ છે – આ વેદવાક્યને સ્વામીશ્રીની વાણીમાં અનુભવ્યું છે, તો કંઈકને સ્વામીશ્રીની આર્ષવાણી સાંભળી કવિ ભવભૂતિનો શ્લોક યાદ આવી ગયો છે કે –

'लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति॥' (उत्तररामचरितम् : १/१०)

– લૌકિક વ્યક્તિઓની વાણી તો જે બન્યું છે તેને વર્ણવે છે, જ્યારે મહાન ઋષિઓ તો જે બોલે છે તે મુજબ ઘટનાઓ બને છે.

સાચે જ, સ્વામીશ્રીની વાણી કદી વાંઝણી પુરવાર થતી નથી.

તા. ૧૫-૮-'૮૨ના રોજ અમદાવાદના હરિભક્ત શ્રી રમેશભાઈ દલાલે સ્વામીશ્રીને કહ્યું કે, 'વી. એસ. હૉસ્પિટલમાં રાજપુરવાળા બેચરભાઈના દીકરા નારણભાઈને દાખલ કર્યા છે. આજે તેઓની ખબર જોવા જવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'કાલે જઈશું.'

ત્યારે દલાલે દલીલ કરી કે : 'આજની વાત થઈ છે તેથી આજે બધા ભેગા થયા હશે. માટે આજે જ જઈ આવીએ.'

સ્વામીશ્રી કટ વળી ગયા. આયોજનમાં ભળી ગયા અને હૉસ્પિટલે પહોંચ્યા. પણ ત્યાં નારણભાઈના સંબંધીઓએ જ કહ્યું : 'બાપા ! આજે દર્દી હરિભક્ત જનરલ વોર્ડમાં છે. ત્યાં મહિલાઓ ઘણી છે. તેથી વ્યવસ્થામાં તકલીફ પડે તેવું છે. આવતી કાલે નારણભાઈને સ્પેશિયલ વોર્ડમાં ખસેડવાના છે. માટે કાલે પધારો તો સારું.'

રમેશભાઈ દલાલને થયું કે, 'ખરેખર, સ્વામીશ્રી જેમ બોલે છે તેમ જ થાય છે.'

એકસાથે અનેકના પ્રશ્નોનું નિવારણ-નિરાકરણ કરતી સ્વામીશ્રીની વાણી સાંભળી કંઈ કેટલાયને ગુણાતીતાનંદ સ્વામીની વાત યાદ આવી જાય છે કે,

'...મોટા સાધુ વાત કરે તો બે હજાર માણસની સભા બેઠી હોય તે સૌના સંકલ્પના ઉત્તર થાતા જાય, એમ મહારાજના સાધુ તો જાણે ને વાત કરે.' (૧/૩૨૨)

હા, સ્વામીશ્રીના શબ્દો એટલે જાણે સંશય છેદનારી શારડી. તેને સાંભળનારના પ્રશ્નો વહેરાઈ જાય છે; વેરાઈ જાય છે.

એક વાર અટલાદરામાં સ્વામીશ્રીની અમૃતવાણી આ રીતે રેલાઈ રહેલી : 'આત્મારૂપ થઈને ભક્તિ કરીએ પછી ગમે એટલું માન થાય કે અપમાન, વાંધો જ ન આવે. કોઈ એવા પ્રસંગ આવ્યે મન ખાટું થઈ ન જાય. જ્ઞાની હોય એ મનથી જ સમાધાન મેળવીને સુખિયો રહે. એને આનંદ ને આનંદ જ રહે...'

આ આશીર્વાદ પૂરા કરી સ્વામીશ્રી નિજનિવાસ તરફ પધારી રહ્યા હતા ત્યારે અચાનક એક ભાઈએ સ્વામીશ્રીનાં ચરણોમાં રીતસર પડતું મૂક્યું અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'આપે આજે સભામાં જો આ વાત ન કરી હોત તો હું સત્સંગમાંથી કાયમ માટે પડી જાત. કાર્યકરની સરતચૂકને લીધે મને સત્સંગનો અભાવ આવી ગયો હતો. આપે મારા હૃદયની વાત કરી દીધી. સંશય છેદી નાંખ્યો.'

•

તા. ૨૧-૧૧-'૮૯ના રોજ બોચાસણમાં સ્વામીશ્રીની રમ્યઘોષા વાણી આ રીતે વહી રહી હતી : 'શ્રીજીમહારાજ 'હું'પણાનો અને મમત્વનો નાશ કરવા પધાર્યા છે. આ મારું કુટુંબ ને આ તારું, આ મારું ગામ ને આ તારું, આ મારો દેશ ને આ તારો... એમ જ્યાં સુધી મનાશે ત્યાં સુધી ઝઘડા થશે. પણ જો બધું જ મારું મનાય તો ઝઘડા રહે? મહાન સંતો થઈ ગયા એને મારું-તારું, નાત-જાત, ગામ-દેશના કોઈ ભેદ જ નહોતા. એને કોઈ વા'લું-દવલું નહોતું...'

સ્વામીશ્રીની વાણી જેમ જેમ વહેતી હતી તેમ તેમ ચરોતરના એક લબ્ધપ્રતિષ્ઠ કેળવણીકારની અશાંતિ ભેદાઈ રહી હતી. બન્યું એમ હતું કે આ કેળવણીકારને એક રાજકીય પક્ષની લોકસભાની ટિકિટ મળવાની હતી, પરંતુ ચરોતરના એક સ્થાનિક ધર્મગુરુની દખલગીરીથી એ બેઠક પર અન્ય સાથી-પક્ષના ઉમેદવારને ઊભો રખાતાં પેલા કેળવણીકારનું પત્તું કપાઈ ગયું. તેઓને મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયાનો રંજ કોરી ખાતો હતો, પરંતુ સ્વામીશ્રીની ઉપરોક્ત વાણી સાંભળતાં જ અહં-અજ્ઞાનનાં પડળ તૂટી ગયાં ને શાંતિની સરવાણીઓ હૈયામાં ફૂટી નીકળી.

કવીશ્વર દલપતરામે લખેલી પંક્તિઓ *'કરે વાર્તા જ્યારે, સુરસરિતધારા સમ*

વહે...' એ જાણે સ્વામીશ્રીની વાણી માટે જ લખાઈ છે કે શું? તેનું આશ્ચર્ય પણ સ્વામીશ્રીને સાંભળનારના મનમાં શમતું નથી. કારણ કે સ્વામીશ્રીની ધીર-ગંભીર વાણીમાં સૌને ગંગાનાં નીર જેવી પવિત્રતા, નિર્મળતા અને ગંભીરતાનો ત્રિવેણી સંગમ સાગમટે સાંપડે છે.

●

વિખ્યાત ભાગવત રસજ્ઞ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી આ રસાનુભૂતિ વર્ણવતાં બોલ્યા છે : 'પ્રમુખસ્વામી મહારાજ જ્યારે બોલતા હોય ત્યારે મને એમ લાગે છે કે જેમ મેલાં કપડાં ધોવા માટે પાણીની જરૂર છે, તેમ મેલાં કાળજાંને ધોવા માટે એમની વાણીની જરૂર છે.'

એક વાર ગુણાતીતાનંદ સ્વામીને એક હરિભક્તે કહ્યું : 'ઓહો, બહુ વાતો થાય છે. આ પ્રમાણે રહે તો કાંઈ દુઃખ જ આવે નહીં.' ત્યારે સ્વામી બોલ્યા : 'હું એકે ધારતો નથી. આફુરી માંહેથી કહેવાય છે.' ત્યારે સાધુ કહે : 'ભગવાન પ્રવેશ કરીને બોલાવે છે.' એ સમયે ગુણાતીતાનંદ સ્વામીએ મહોર મારતાં કહ્યું : 'હા, એમ જ.' (૬/૭૯)

ખરેખર, ગુણાતીત સંતની વાણીમાં ભગવાનનો રણકો હોય છે.

દુલા કાગ સાચું કહે છે : *'બીજો આવીને કો'ક બોલે, બાવાજીમાં બીજો આવીને કો'ક બોલે...'* સ્વામીશ્રીના શબ્દો પણ આવા સહજાનંદી ગોત્રના જ છે એનો અનુભવ મેળવનારાય ઓછા નથી.

●

ન્યૂયોર્કની એક ટી.વી. ચેનલના માલિક શ્રીવીન વિલિંગ્ટન તેમાંના જ એક છે. સ્વામીશ્રીને સાંભળી તેઓ બોલેલા : 'પ્રથમ દર્શને જ મને એવું અનુભવાય છે કે આ સ્વામીજી માનવ નથી. એમનામાં ભગવાનનું ઐશ્વર્ય વહે છે. હું ઘણી ભાષા બોલી શકું છું, પરંતુ આ સ્વામીની ભાષા બોલી શકતો નથી. તેઓની ભાષા પ્રેમ અને શાંતિની છે.'

તુકારામે ગાયું છે : 'एक एक अक्षरांत, आहे माझा रमाकांत...' તેમ સ્વામીશ્રીના એક એક અક્ષરમાં અવિનાશીનો વાસ છે.

'જેટલાં ફળ હોય છે સો-એક વૃક્ષમાં;
એટલાં અર્થો ભર્યા એકાદ શબ્દમાં...'

– સ્વામીશ્રીને સાંભળનારા આ પંક્તિઓનો અનુભવ કરવામાંથી પણ બાકાત નહીં હોય. તો *'વાણી તમારી જાણે પ્રેમ સરવાણી, બ્રહ્મરસ વરસે અનુપ...'*નો

અનુભવ પણ સ્વામીશ્રીને સાંભળનારાઓને અછતો નહીં રહ્યો હોય ! આવું તો ઘણું ઘણું સંગોપિત કરીને વહેતી રહી છે, સ્વામીશ્રીની પ્રેમ-સરવાણી સમી વાણી.

ઉપનિષદના ઋષિએ 'वाचं धेनुम् उपासीत' કહી વાણીને ધેનુ(ગાય)ની ઉપમા આપી છે. તેમાંય સ્વામીશ્રીની વાણી એ તો કામધેનુ. કામધેનુ જે માંગીએ તે આપે. તેમ સ્વામીશ્રી પાસે કોઈ સુખની તો કોઈ શાંતિની માંગણી સાથે આવે છે; કોઈ સ્થિરતાની તો કોઈ સલામતીની ઇચ્છાથી આવે છે; કોઈ શ્રેય તો કોઈ પ્રેયની આશા સાથે આવે છે; અને સ્વામીશ્રીના કલ્પવૃક્ષ સમા શબ્દો જેણે જે વાંછ્યું તેને તે આપતા રહ્યા છે.

આવી પરમ પાવની પ્રેમ-સરવાણીનો સ્રોત અહીં પુસ્તકની પૃષ્ઠભૂમિ પર વહેતો કરાયો છે. શા માટે ? બે જવાબ જડે છે. એક હનુમાનજીના શબ્દોમાંથી અને બીજો ભગવાન મનુના શબ્દોમાંથી.

રામકથાનું વર્ણન શરૂ કરતાં હનુમાનજી કહે છે :

'न वादात् नापि संघर्षात् नाधिक्यात् न च कामतः।
वक्ष्यामि वचनं राजन् यथार्थं रामगौरवात्॥'

– વાદવિવાદ કરવા, સંઘર્ષ કરવા, ચડિયાતાપણું બતાવવા કે લોકેચ્છાથી નહીં, પણ રામનું યથાર્થ ગૌરવ દર્શાવવા હું આપને વાત કરી રહ્યો છું. તેમ પ્રેમ-સરવાણીના આ પુસ્તકનો ઉપક્રમ ગરવા ગુરુનું ગૌરવ દર્શાવવા, વધારવા અને વધાવવા માટે છે.

બીજું, મનુના શબ્દો માટે કહેવાયું છે :

'यद् वै किञ्च मनुरवदद् तद् भेषजम्।'

મનુએ જે કંઈ કહ્યું છે તે ઔષધસમ છે. તેમ પ્રમુખસ્વામી મહારાજની વાણી પણ ઔષધ અમૃત છે. સંસારસંગ્રામે ઘવાયેલા માટે આ વાણી ઘા-બાજરિયું છે. સંસાર-સમસ્યા સુલઝાવનારી સંજીવની છે. આ વાણીના રસપાન દ્વારા માનવમાત્ર મૂંઝવણ ખંખેરી ખમીરવંતો બને તેમ છે. માટે આ પ્રેમ-સરવાણીનું પ્રકાશન છે.

તો ચાલો, કાંઠે બેસી તેને નીરખવા કરતાં તેમાં ડૂબકી જ લગાવી ધન્ય થઈએ.

❀ ❀ ❀

અનુક્રમણિકા



૧

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

અસરકારક અમૃતવાણી

"

ભજન કરવું, કથાવાર્તા કરવી કે સેવા કરવી એમાં

ભગવાન પ્રસન્ન થાય એટલું જ માગવું.

એમાં બધું આવી જાય.

કારણ કે ભગવાનને આપવું હોય વધારે ને આપણે માગીએ થોડું

તો આપણને ખોટ જાય.

એટલે ભગવાનની પ્રસન્નતામાં બધું જ મળે છે.

આ લોકના સંસાર-વહેવારમાં પણ શાંતિ મળે છે ને

છેવટે અક્ષરધામનું શાશ્વત સુખ મળે છે.

એટલે ભગવાનના રાજીપામાં ધાર્યું હોય એના કરતાં વધારે મળી જાય છે.

– પ્રમુખસ્વામી મહારાજ

"

બ્રહ્મરસ વરસે અનુપ

સન ૧૯૭૯માં સૌરાષ્ટ્રના મચ્છુ ડેમમાં પડેલા ભંગાણે સમગ્ર મોરબી શહેરમાં તારાજીનું તાંડવ મચાવવાનું શરૂ કરેલું. આભ ફાટે ત્યારે ક્યાં થીગડું મારવું જેવો ઘાટ ડેમ ફાટવાથી પણ સર્જાયો હતો. આ સમયે અસરગ્રસ્તોની મદદે પહોંચવાની હાકલ કરતાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે રેડિયો દ્વારા સંદેશો પાઠવ્યો કે 'અત્યારે જે જ્યાં હોય ત્યાંથી મોરબી પહોંચી જાય.'

સ્વામીશ્રીની આકાશવાણીના આ એક વાક્યે ૧,૫૦૦ યુવાનો ઘર-બાર, જર-જમીન, વાડી-વજીફા, નોકરી-ધંધાની પરવા તજી એ જ દિવસે સેવા માટે મોરબી પહોંચી ગયેલા!

•

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૬૯મા જન્મદિન નિમિત્તે ભરૂચમાં ભવ્ય સભા યોજાઈ હતી. અહીં એકત્ર થયેલી ભક્તમેદનીને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ દહેજદૂષણ અંગે વાત કરી. પ્રવચનના અંતે તેઓએ દહેજ નહીં દેવા-લેવાનો નિશ્ચય જે કરતા હોય તેઓને આંગળી ઊંચી કરવા અનુરોધ કર્યો. થોડાએ આંગળી ઊંચી કરીને તેનો પ્રતિસાદ આપ્યો.

સભામાં પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રીએ આ જોયું. તેઓ બાજુમાં બેઠેલા પૂજ્ય મહંત સ્વામીને સંભળાય તેમ બોલ્યા : 'બધાંને કહો કે આંગળીઓ ઊંચી કરે.' મહંત સ્વામીએ સ્વામીશ્રીનો આ સંદેશ ડૉક્ટર સ્વામીને કહ્યો. તે સાંભળી ડૉક્ટર સ્વામીએ માઇક પર કહ્યું : 'સ્વામીશ્રી કહે છે કે બધાય આંગળી ઊંચી કરે.'

....અને અભૂતપૂર્વ દૃશ્ય સર્જાયું. એક સાથે ૨૦,૦૦૦ આંગળીઓ ઊંચી થઈ ગઈ! અપરિણીત યુવાન-યુવતીઓ, સંસારી માતા-પિતાઓ અને પરિણયનાં દ્વાર ખટખટાવતાં લગ્નોત્સુકોએ એક ઝાટકે દહેજને તિલાંજલિ આપી દીધી. સ્વામીશ્રીના સાદા શબ્દોની એ ધારી અને ધારદાર અસર હતી.

એક સોની હરિભક્ત પોતાની નવી ગાડીનું પૂજન કરાવવા સ્વામીશ્રી પાસે અમદાવાદ આવી પહોંચેલા. તેઓએ ભગવી ઝાંયનો પરિવેશ પહેરેલો. તે જોઈ સ્વામીશ્રી સહજભાવે બોલ્યા : 'શું મહાજન! આ બાજુ આવવું છે?'

(એટલે કે સાધુ થવું છે ?)

સ્વામીશ્રીના આ શબ્દોનો શું જાદુ થયો કે એ હરિભક્તે તે જ ક્ષણથી આજીવન સાદો પહેરવેશ રાખવાની પ્રતિજ્ઞા કરી લીધી.

સ્વામીશ્રીની અસરકારક વાણીનાં આવાં કંઈક ઉદાહરણો જોતાં કવિ શ્રી જયંત પાઠકની પંક્તિઓ યાદ આવે છે. તેઓએ લખ્યું છે :

'જે કવિતા સાચી, તેની વાત જુદી !
એમ તો લાગે શ્રવણને ગર્જના મીઠી,
ને ગમે નિબિડાંધકારે વીજળી દીઠી,
સ્પર્શ શીળો વાયુનો દે સ્પર્શસુખ,
ઇન્દ્રધનુના રંગ કરી દે ઊર્ધ્વમુખ,
કિન્તુ આર્દ્ર કરી મૂકે મ્હેકાવી માટી,
ને સૂતેલાં બીજને અંકુરરૂપે બ્હાર લાવે ભેદી જે ધરતી સપાટી,
પ્રાવૃષની એ વાત જુદી,
જે કવિતા સાચી, તેની વાત જુદી !'

વાદળોના ગડગડાટ થતા હોય, વીજળીના ચમકારા વેરાતા હોય, મંદ શીતળ પવન વહી રહ્યો હોય, મેઘધનુષની શોભા ખીલી ઊઠી હોય... પરંતુ ભૂગર્ભમાં પડેલા બીજને ધરતીસપાટી ભેદી અંકુરરૂપે બહાર લાવે તેવો વરસાદ ન વરસે તો ? બીજને વૃક્ષ બનાવી મહોરાવે તે વરસાદ સાચો. તેની વાત જુદી. તેમ તાળીઓના ગડગડાટ થતા હોય, શેર-શાયરીઓના ચમકારા વેરાતા હોય, કાનમાં મધસળી ફરી રહી હોય તેમ લાગે તેવા સ્વરે પ્રવચન થતું હોય, વક્તવ્યકલાનું મેઘધનુષ ખીલી ગયું હોય... પણ સદ્ગુણોને રગેરગમાં વણી દે તેવી વાણી ન રેલાય તો ? જીવનને સદ્ગુણોથી ભરી દે તે વાણી સાચી, સારી. તેની વાત જુદી. સ્વામીશ્રીની વાણી આવી જુદા પ્રકારની છે.

સ્વામીશ્રી જ ન્યૂયોર્કની એક સભામાં બોલેલા : 'સંતની વાણી પરાવાણી છે. બાકી બીજી બધી મનોરંજનની વાણી. એની અસર ન થાય. પરાવાણીથી જ આ લાભ થાય. જીવને અસર થઈ જાય. બ્રહ્મની વાણી અંતરમાં પ્રકાશ કરે છે. પ્રકાશ એટલે અંતરનું અજ્ઞાન, જગતના વિચારો નીકળી જાય ને ભગવાન સંબંધી વિચારો આવતા જાય એ. બાકી સૂર્યના પ્રકાશ હોય ને લાઇટો ચાલતી હોય તોય અંધારું જ છે.'

સાકરનું શ્રીફળ

અટલાદરામાં અક્ષરનિવાસી શ્રી સી. એમ. પટેલની પુણ્યસ્મૃતિમાં 'શિક્ષાપત્રી'નું પારાયણ ચાલી રહ્યું હતું. તેમાં એક દિવસ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા સી. એમ. પટેલના પુત્રને જ પૂછ્યું : 'તમારા દીકરાઓ સભામાં કેમ દેખાતા નથી ?'

તેઓ બોલ્યા : 'બાપા ! એમને ગુજરાતી સમજવામાં તકલીફ પડે છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'ભલે ન સમજાય, તોય લાવવા. સભામાં બેસાડવા. આ તો સમજાય નહીં તોય લાભ થાય એવું છે. વાક્યો કોનાં છે ? શ્રીજીમહારાજનાં છે. પરાવાણી કહેવાય. સમજાય કે ન સમજાય તોય લાભ થાય.'

હા,

'નાનું-મોટું સાકરનું શ્રીફળ, સર્વ દિશ રસરૂપજી,
અવળું-સવળું બીજ પડે, પણ ઊગે પૃથ્વી મોઝારજી.'

બીજ સત્ત્વશીલ હોય તો તેને ઊંધા-ચત્તાં પડવાનો સવાલ નથી રહેતો; તેમ વાણી સત્ત્વસભર હોય તો તેની અસર થાય જ છે, કદાચ ભલે તે સમજાય કે ન સમજાય.

તા. ૩૦-૭-'૮૪ના રોજ સ્વામીશ્રી શિકાગોની 'પાર્ક વ્યૂ' શાળામાં આશીર્વાદ આપી રહેલા. તે વખતે નાના બાળકો કે જેઓને ગુજરાતી ભાષા ઓછી સમજાય તેઓ સ્વાભાવિકપણે અરસપરસ ગુસપુસ કરી રહેલા. ત્યારે સ્વામીશ્રી ચાલુ પ્રવચને તેઓને ઉદ્દેશીને બોલ્યા : ' તમને કદાચ મારી ભાષા નહીં સમજાય પણ અસર જરૂર થશે. એમાં વાંધો નહીં આવે.'

જી હા, ગુલાબની સુગંધ ગુલાબના જ્ઞાનની ઓશિયાળી નથી હોતી. તે જ્ઞાની-અજ્ઞાનીને સરખી રીતે જ તરબતર કરે છે. ગોળનું ગળપણ ગોળના રાસાયણિક જ્ઞાનનું મોહતાજ નથી હોતું. તે તો જ્ઞાની-અજ્ઞાની જે ખાય તેને એકસરખું જ અનુભવાય. તેમ સ્વામીશ્રીની વાણી સ્વભાવથી જ અસરકારક છે. સમજાય કે ન સમજાય, અસર કરે જ.

બાઢડાના એક હરિજનબંધુ વિનોદરાય વાળા, સ્વામીશ્રીની અસરદાર વાણીના આ જાદુને મમળાવતાં કહે છે : 'હું પાંચ વર્ષથી ખ્રિસ્તી છું. આપ

પ્રભુનાં દર્શન બાઢડા રોડ પર તા. ૧-૩-'૯૫ના સવારે થયાં ને તા. ૩-૩-'૯૫ના દિવસે ભાદરા આવીને આપનું પ્રવચન સાંભળ્યું, ત્યારથી આપની કૃપાથી મારા દિલમાં સત્યનો એક દીપ પ્રગટી ગયો છે.'

પરિવર્તનની છડીદાર

બેંગલોરનો એક યુવાન સિગારેટના વ્યસનનો જબરો બંધાણી હતો. રોજના બાર પેકેટ સિગારેટ ફૂંકી મારતો. તેને વળગેલો આ વ્યસનનો વળગાડ છોડાવવા તેના સંબંધીઓ-મિત્રોએ આકાશ-પાતાળ એક કર્યું, પણ પરિણામ શૂન્ય આવેલું. આ યુવાનને સન ૧૯૮૯માં પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો. તે સમયની તેની અનુભૂતિ તેના જ શબ્દોમાં : ''સ્વામીજીને હું પ્રથમ વાર જ મળતો હતો. તેઓએ એટલી સીધી-સાદી વાણીમાં ખૂબ માયાળુ ભાવથી મને કહ્યું – 'ભગવાનને ગમે એવું, સારું-સુઘડ, નીતિમય જીવન જીવવું; એલફેલ કે વ્યસન-કુસંગ કાઢી નાંખવા, સુખી થશો.' આટલું કહેતાં તો એમણે મારા હૃદયમાં સ્થાન લઈ લીધું. બસ ! કોણ જાણે કેમ, તે દિવસથી મને સિગારેટ પીવાનું મન જ થતું નથી. વ્યસન છૂટ્યું. ખૂબ હાશ અનુભવી.''

•

સાંકરી ક્ષેત્રના એક વયોવૃદ્ધ ખેડૂત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓનો પૌત્ર પણ સાથે હતો. સ્વામીશ્રીને વંદના કરી તે ભાવિકે કહ્યું : 'હું તો આપને એટલું જ કહેવા આવ્યો છું કે આપ સભાઓમાં ટી.વી.નાં દૂષણો વિષે જે સરળતાથી અને સાદાં વાક્યોમાં આખ્યાન આપો છો એ મને ખૂબ જ ગમે છે. એની અસર સારી થાય છે. આ અમારાં છોકરાંઓની જિંદગી ટી.વી. અને ક્રિકેટ મેચોએ બગાડી મૂકી છે. એમાં જે આવે છે એ એટલું ખરાબ હોય છે કે એને અમે પહોંચી વળવાના નથી.'

હા, સ્વામીશ્રીની વાણી સૌ માટે આશાનું કિરણ છે. સૌને વિશ્વાસ છે કે આ પરાવાણીની પ્રેમ-સરવાણી પંડનાં પોત પલટનારી છે.

•

મહારાષ્ટ્ર રાજ્યમાં એક સમયે આઠ ખાતાંઓની જવાબદારી વહન કરનારા નિપુણ મંત્રી શ્રી અરુણ ગુજરાતીએ કહ્યું હતું : 'કાયદાથી કે અમારાં ભાષણોથી સમાજ સુધરવાનો નથી. તે સુધરશે તો પ્રમુખસ્વામી મહારાજની

સ્પીચ(વ્યાખ્યાન)થી સુધરશે.'

સંસ્કૃત સાહિત્યના સિદ્ધહસ્ત કવિ શ્રીમાઘે 'શિશુપાલવધ' મહાકાવ્યમાં લખ્યું છે :

'स्पृशन्ति शरवस्तीक्ष्णाः स्तोकमन्तर्विशन्ति च।
बहुस्पृशापि स्थूलेन स्थीयते बहिरश्मवत्॥' (૨/૭૮)

– બાણ બહારથી થોડું જ સ્પર્શે છે છતાં ભીતરને ભેદે છે, જ્યારે પથ્થર બહારથી વધુ સ્પર્શે છે પણ બહારનો બહાર જ રહે છે. તેમ સ્વામીશ્રીની વાણી સાદી ભાસે પણ મર્મસ્થાનને ભેદનારી છે. તે સાંભળ્યા બાદ કોઈ પણ વ્યક્તિ માટે જેવા છે તેવા જ રહેવું એ અશક્ય છે.

સન ૧૯૯૨માં સ્વામીશ્રી ખાનદેશની સત્સંગયાત્રા દરમ્યાન અમલનેર પધારેલા. અહીં સત્સંગસભામાં તેઓ ભગવાન સ્વામિનારાયણના વચનામૃત લોયા પ્રકરણ-૧ના આધારે ક્રોધરહિત જીવનની શીખ આપી રહેલા. એ પ્રવચનમાં દેશ-વિદેશના ચિંતકોનાં ક્રોધવિષયક કોઈ ઉચ્ચારણો નહોતાં. શાસ્ત્ર-શ્લોકનાં કોઈ ટાંચણ નહોતાં. પોતાની નૈસર્ગિક ગામઠી ગુજરાતી મિશ્રિત હિન્દીમાં એ પ્રેમ-સરવાણી વહી રહેલી.

આ સત્સંગમાં અમલનેરના નગરાધ્યક્ષ શ્રી ગોવિંદ મુંદડે પણ બેઠા હતા. સ્વામીશ્રીની વાણી તેઓને એવી ઢંઢોળી ગઈ કે આશીર્વાદ બાદ સ્વામીશ્રીને પુષ્પહારથી સત્કારવા તેઓ આવ્યા ત્યારે બોલ્યા : 'આજથી હું ક્રોધરહિત જીવન જીવવાનો સંકલ્પ કરું છું. આપ આશીર્વાદ આપો.'

જેઓએ આ સાંભળ્યું એ સૌ સ્તબ્ધ થઈ ગયા! જમવામાં માત્ર એક મિનિટનો વિલંબ થાય તોય રાતાચોળ થઈ જનાર, રસોઈ સહેજ જ ઠંડી હોય તોય તપી જનાર, વાતવાતમાં હુંકાર ને ધુત્કાર કરનાર આ આધુનિક દુર્વાસાનું આ તે કેવું પરિવર્તન?! પરંતુ આ પરિવર્તનના છડીદાર બન્યા હતા, સ્વામીશ્રીના સાદા કિંતુ અસરદાર શબ્દો!

•

સન ૧૯૯૬ના પ્રજાસત્તાક દિને યોજાયેલી સભામાં બોટાદની બોટાદકર કૉલેજના પ્રાચાર્ય શ્રી ગઢવીએ જણાવેલું કે : 'પ્રમુખસ્વામી બહુ મોટા વક્તા નથી, પરંતુ તેઓ એવો એક ચેતનાનો વિસ્તાર મૂકે છે કે લોકોના જીવનમાં પરિવર્તન આવે છે. સ્થૂળ રીતે ન દેખાય તેવાં આંતરિક કામો તેઓ કરે છે.'

હા, વાતમાં તથ્ય છે. મજૂરો મેદાનમાં પડેલો પથરો ખસેડે તે દેખાય છે, પણ કોઈ તબીબ પથારીએ પડેલાની પથરી દૂર કરે તે ક્યાં દેખાય છે? પરંતુ તે કામ કેટલી દૂરોગામી અસર નિપજાવનારું છે! સ્વામીશ્રીની વાણી પણ આ પ્રકારનાં કાર્યો કરનારી છે.

પ્રેરણાનો પુંજ

કોઈકે ગાયું છે કે –

'છે મારી પાસે શસ્ત્ર જે શબ્દ નામનું;
છે એ ચક્ર કૃષ્ણનું, ને બાણ રામનું.'

પરંતુ લાગે છે કે અહીં શબ્દનો અધૂરો મહિમા ગવાયો છે. કૃષ્ણનું સુદર્શન કંસને હણી શકે, ક્રોધને નહીં; રામબાણ રાવણને માત કરી શકે, કામને નહીં; પણ સ્વામીશ્રીના શબ્દો એવા પ્રભાવી છે કે કામ-ક્રોધાદિકને નેસ્તનાબૂદ કરી દે છે. જ્યાં ચક્ર ને બાણ પણ બુઠ્ઠાં પુરવાર થાય ત્યાં આવી સંતવાણી કારગત નીવડે છે.

હાલ બી.એ.પી.એસ.ના મંદિરમાં સેવા કરી રહેલા એક સંતે પોતાનો સ્વાનુભવ વર્ણવતાં તા. ૯-૬-૨૦૦૮ના રોજ સ્વામીશ્રીને જ જણાવેલું કે ''મારું પહેલેથી જ રંગીલું જીવન. મને સત્સંગના સંસ્કાર બાળપણથી પણ કોઈ કહે કે સાધુ થવું છે? તો હું ચોખ્ખી ના પાડતો. વિદ્યાનગરના છાત્રાલયમાં મારા નિવાસ દરમ્યાન એક સંવાદમાં મેં સાધુનું પાત્ર ભજવેલું. એ વખતે આપ પણ ત્યાં વિરાજમાન હતા. સંવાદ પૂરો થયા પછી જ્યારે હું આપના આશીર્વાદ લેવા આવ્યો ત્યારે આપે કહ્યું : 'વાહ! કપડાં બહુ શોભે છે.' કોણ જાણે કેમ પણ આપના આટલા એ શબ્દોથી મારા અંતરમાં બીજ રોપાયું કે મારે સાધુ થવું છે.''

'લીટી એકાદ નીરખી, 'ઘાયલ';
હલબલી જાય આદમી, તે ગઝલ...'

માનવીને બહેલાવે તેવા બોલ બોલનારા તો ઘણા, પણ માનવીને હલબલાવી મૂકે તેવા શબ્દોની વિરાસત સ્વામીશ્રીની વાણીમાં જણાય છે. તેઓની વાણીવીણા આ રીતે કેટલાયના અંતરતાર રણઝણાવતી રહી છે.

રશિયાના લોખંડી પ્રમુખ સ્ટાલિને એક વાર રશિયન લેખકોની સભામાં

આવું કહેલું : 'કંઈક એવું લખો કે જે વાંચીએ પછી આખી રાત ઊંઘ હરામ થઈ જાય! જેવું દોસ્તોયેવસ્કીને વાંચીએ ત્યારે બને છે.' તેમ દુનિયાભરના ઉપદેશકોને આમ કહેવા જેવું છે : 'કંઈક એવું બોલો કે જે સાંભળ્યા પછી શ્રોતાઓ બદલાઈ જાય! જેવું પ્રમુખસ્વામી મહારાજને સાંભળીએ ત્યારે બને છે.'

•

સારંગપુર મુકામે સ્વામીશ્રીના સાયંભ્રમણ દરમ્યાન શ્રીજીકીર્તનદાસ સ્વામીએ સ્વામીશ્રીના શબ્દોનો ચમત્કાર વર્ણવતો એક પ્રસંગ રજૂ કરેલો. તેમાં જંબુસરના હરિભક્ત રાજુભાઈના સત્સંગપ્રવેશનું બયાન હતું. રાજુભાઈએ આ સંતોને જે વાત કરી તે આ મુજબ હતી. :

"સન ૧૯૮૩ સુધી મને સત્સંગ નહોતો. મને સ્વામિનારાયણના સાધુઓ પ્રત્યે પહેલેથી જ રોષ. સ્વામિનારાયણના મંદિરમાં પગ મૂકવા પણ તૈયાર નહીં. જોકે હું માતાજીમાં માનતો પણ માતાજીના મંદિરેય ક્યારેય ગયો નહોતો. જીવનમાં વ્યસનો અને દૂષણો ચકચૂર હતાં. તે દરમ્યાન મારા એક સત્સંગીમિત્રે મને બોચાસણમાં ગુરુ- પૂનમના ઉત્સવમાં આવવા આગ્રહ કર્યો. મિત્રતાના દાવે હું ગયો'તો ખરો પણ સ્પેશિયલ બસમાં જ બેસી રહ્યો, પરંતુ મિત્રે અતિ આગ્રહ કર્યો એટલે પહેલી વાર મંદિરમાં પગ મૂક્યો. જોકે ભગવાનનાં દર્શને તો ગયો જ નહીં ને બુક-સ્ટોલ આગળ બેસી રહ્યો.

એ દરમ્યાન સ્વામીશ્રીના આશીર્વાદ સભામાં શરૂ થયા. તે વખતે મિત્રે કહ્યું : 'પ્રમુખસ્વામીને અત્યાર સુધી તેં ફોટામાં જોયા છે. અહીં સુધી આવ્યો છે તો એક વાર પ્રત્યક્ષરૂપે દૂરથી તો જોઈ લે!' વળી, વધુ એક વારના આગ્રહથી હું સભાગૃહ બાજુ ગયો ને મારા વિચાર ફરવા લાગ્યા. મનમાં એવો સંકલ્પ જાગ્યો કે આ સંતને નજીકથી જોવા છે, તેઓને મળવું છે.

સભા બાદ સ્વામીશ્રી સૌને વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા. એ વખતે હું આપોઆપ ત્યાં ખેંચાયો. મારા મિત્રે સ્વામીશ્રીને મારો પરિચય કરાવ્યો. તે સાંભળી સ્વામીશ્રી એટલું જ બોલ્યા: 'વ્યસનો ન રાખતો.' અને કોણ જાણે કેમ, તત્ક્ષણ મારા સંકલ્પો વિરામ પામી ગયા. એ વાતને આજે ૨૭ વર્ષ થઈ ગયાં. આજ સુધી વ્યસનનો સંકલ્પ થયો નથી."

ભાગવતકાર વેદવ્યાસ લખે છે :

'स वाग्विसर्गः जनताऽघविप्लवः।' અર્થાત્ જનમાનસના પાપનું નિર્મૂલન કરે તે જ સાચી વાણી. બાકી બધો બકવાસ. સ્વામીશ્રીની વાણીમાં આ દૈવત છે, કૌવત છે. ઘણ વાગે ને દીવાલના પોપડા ખરે તેમ સ્વામીશ્રીની ઋજુ વાણી જુગજૂના પાપના પોપડા ખેરવતી-ખેસવતી રહી છે.

●

ઈન્ડોનેશિયાથી પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી હરુભાઈ મહતાણી તેઓના દોહિત્રની સાથે સ્વામીશ્રીનાં દર્શનાર્થે સારંગપુર ગામે આવેલા. સ્વામીશ્રી સાથેની મુલાકાત દરમ્યાન તેઓએ જણાવ્યું : "ગયા ગુરુપૂનમના દિવસે હું આવ્યો તે વખતે પણ મારો આ દોહિત્ર સાથે હતો. આપે એને કહેલું કે 'માંસાહાર કરતો નહીં. વેજિટેરિયન રહેજે.' એ વાતને આજે એક વર્ષ થયું. એ માંસને હજી સુધી અડ્યો નથી."

કોઈકે લખ્યું છે : 'જ્યારે (ઈટાલિયન તત્ત્વચિંતક) સિસેરો બોલતો ત્યારે લોકો તાળીઓ પાડતા પણ જ્યારે (જુલિયસ) સીઝર બોલતો ત્યારે લોકો કૂચ કરવા નીકળી પડતા.' પ્રવચન બાદ તાળીઓના ગડગડાટ થાય તે કરતાં પરિવર્તનનો પડઘો પડે તે જરૂરી છે. બાકી તો શ્રીમકરંદ દવે કહે છે તેમ,

'ઝાઝા છે મુખર વક્તા, ઝાઝા છે મૂઢ શ્રોતા;
એ દેશમાં છે મેલાં કથણી તણાં મસોતાં..'

દેશનું સૌભાગ્ય છે કે માનવીનાં મેલાં મસોતાં જેવાં જીવનને ધોવાં હજીયે સ્વામીશ્રીની શબ્દસરિતા અહીં વહી રહી છે.

●

તા. ૧ જુલાઈ, ૧૯૮૪ના દિવસે ન્યૂયોર્કના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ યોજાઈ હતી. યોગાનુયોગ તે દિવસ રથયાત્રા ઉત્સવનો પણ હતો. આ પ્રસંગે આયોજિત સભામાં ભારતના કોન્સ્યુલેટ જનરલ શ્રી પટવર્ધન ઉપસ્થિત હતા. તેઓએ સ્વામીશ્રીના આશીર્વાદ સાંભળી જણાવ્યું : 'मैं गुजराती नहीं जानता हूँ। लेकिन मैं कह सकता हूँ कि स्वामीजी के चार शब्द सुनने से नई चेतना मिलती है।'

સન ૧૯૮૯માં જી.ઈ.બીના તત્કાલીન કોમર્શિયલ મેનેજર શ્રી અંતાણી સ્વામીશ્રીને મળી પોતાને મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન શોધવા આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીનાં પૂજાદર્શન માટે બેઠા. બાદ આશીર્વાદ સાંભળ્યા. તેઓએ

સ્વામીશ્રીના આશીર્વાદની અનુભૂતિ વ્યક્ત કરતાં કહેલું : 'મારા મનમાં જે પ્રશ્નો હતા તે બધાનું નિરાકરણ અત્યારે જ આપે કરી દીધું. હવે વ્યક્તિગત મુલાકાત માત્ર ઔપચારિકતા બની રહેશે.'

●

તા. ૯-૨-૨૦૦૬ના રોજ સ્વામીશ્રી અટલાદરામાં બિરાજમાન હતા. તે સમયે ભરૂચ મંદિરના અભિષેક મંડપના પૂજારીએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું કે "એક પ્રતિષ્ઠિત કુટંબનાં પત્ની ભરૂચમાં નીલકંઠ વર્ણીનો અભિષેક કરવા માટે આવ્યા હતા. અભિષેક દરમ્યાન તેઓ ચોધાર આંસુએ રડતાં હતાં. આ જોઈને મેં પૂછ્યું કે, 'બહેન ! રડો છો કેમ ?' ત્યારે એણે કહ્યું : 'મારા પતિ ઊંચા હોદ્દા ઉપર છે, પરંતુ ૩૧મી ડિસેમ્બરે આપઘાત કરવાના છે.' મેં કહ્યું કે 'તમે એમનો ટેલિફોન નંબર મને આપો. અમે સંતો દ્વારા વાત કરાવીએ.' ત્યારે એ બહેને કહ્યું કે 'ભૂલેચૂકે પણ જો હું ટેલિફોન નંબર આપું તો મને મારી મારીને બેવડ વાળી દે એવી ભયંકર પરિસ્થિતિ છે.' ત્યારે મેં કહ્યું કે 'તમારો પતિ સાવ મરી જાય એના કરતાં માર સહન કરવો સારો.' આ દલીલથી તેઓએ સેલફોન નંબર આપ્યો. આપ ત્યારે ભરૂચમાં વિરાજમાન હતા. ૨૪મી તારીખે તેઓને દર્શને બોલાવવામાં આવ્યા. આપનાં દર્શને સાંજની સભામાં તેઓ આવ્યા. આપના આશીર્વાદ સાંભળ્યા અને તેઓના મનનું જાણે પરિવર્તન થઈ ગયું. તેઓ બોલી ઊઠ્યા – 'સ્વામીજીએ જે કાંઈ વચનો કહ્યાં એ મારા માટે જ હતાં.' અને આપનાં વચનોથી તેઓને અંતર્દષ્ટિ થઈ જતાં આપઘાત કરવાનું માંડી વાળ્યું."

'મહાભારત'ના સભાપર્વમાં યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણનો વાર્તાલાપ છે. તેમાં શ્રીકૃષ્ણની વાણી સાંભળી યુધિષ્ઠિર બોલી ઊઠે છે :

'संशयानां हि निर्मोक्ता त्वन्नान्यो विद्यते भुवि ।' (१४/१)

સંશયોને છેદનારો તમારા જેવો બીજો કોઈ આ પૃથ્વી પર દેખાતો નથી. દ્વાપરના દ્વારે બોલાયેલો આ અનુભવ આજે કળિયુગમાં પણ અનેક યુધિષ્ઠિરો સ્વામીશ્રીને સાંભળીને ઉચ્ચારી રહ્યા છે.

ઝરણાંનું સંગીત

તા. ૧-૬-'૮૯ના રોજ ગોંડલ મુકામે યોગી જયંતી મહોત્સવ ઊજવાઈ

રહેલો. ગુરુકુળના પ્રાંગણમાં યોજાયેલી ઉત્સવસભામાં ગુરુનાં ગુણગાન ગાતાં સ્વામીશ્રી બોલેલા : 'યોગીજી મહારાજ બાહ્ય રીતે ભલા, ભોળા, સાદા લાગે. આકર્ષણ ન જાગે. વાણીમાં લાવણ્ય ન લાગે, પણ એમાં રહેલી શક્તિ એવી અદ્‌ભુત હતી કે જે નજીક આવે તેનું અભિમાન ઓગળી જાય ને હૈયું હળવું થઈ જાય. સિંહ જેવો હોય એય નમી પડે.'

યોગીવાણીનો આવો ડંકો આજે સ્વામીશ્રીમાં પણ અદલ સંભળાય છે. સ્વામીશ્રીના એક પ્રવચનના આ અંશો જરા વાંચો તો!

''પ્રથમ તો પરબ્રહ્મ સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણને વંદન, કારણ કે જેમણે મને આ શરીર આપ્યું. પછી મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને મારા ગુરુ યોગીજી મહારાજ જેમના આશીર્વાદ મને મળ્યા અને જેમણે મને સ્વીકાર્યો. તેમની કૃપા અને આશીર્વાદ છે તો તેના લીધે તમારી સામે ઊભો છું. તેમને લાખો વંદન. તેમની કૃપા ન હોત તો હું આ સ્થળે ન હોત. તેમણે આશીર્વાદ અને સેવા કરવા તક આપી. ભગવાન આગળ ઘણા હાથ જોડી ઊભા છે, પણ આ સેવા કરવા મને તક આપી. આ અક્ષરપુરુષોત્તમ સંસ્થાની સેવા, તેમના સિદ્ધાંતનો પ્રચાર કરવાની સેવા, બ્રહ્મ-પરબ્રહ્મના સ્વરૂપ ઓળખાવવાની સેવા. મનુષ્યમાત્રની સેવા કરવાની તક આપી, તે મારાં અહોભાગ્ય. મારી શક્તિ બહારની વાત, પણ મને શક્તિ આપી, જેથી હું સેવા કરી શક્યો.

''વળી, ભારતના સંતોના આશીર્વાદ છે. આપ સર્વેનો સહકાર છે. તે વગર આ કાર્ય ન થાય. આપ સર્વનો મને ખૂબ સાથ મળ્યો છે.

''ભગવાનની કૃપા, મરજી વગર કોઈ કાર્ય થતું નથી. હું જ કરી શકું તે મિથ્યા છે. સર્વકર્તા પરમાત્મા છે. ભગવાનની મરજી વગર સૂકું પાંદડું પણ હલતું નથી. પવન પણ હાલે નહીં.''

આ પ્રવચનમાં છે કોઈ સાહિત્યિક છટા?! છે કોઈ ચિંતનકણિકાઓની હારમાળા?! છલકાય છે કોઈ ભાષાવૈભવ?! છે કોઈ શાસ્ત્રપ્રમાણોની ભરમાર?! કેવી સીધી-સાદી વાણી છે!

બસ, આ પ્રવચન લંડનમાં રહેતા હીરાલાલ નામના એક સદ્‌ગૃહસ્થના ઘેર વીડિયો પર ચાલતું હતું. બરાબર એ જ વખતે હીરાલાલના મિત્ર સી. કે. પીઠાવાલા ત્યાં જઈ પહોંચ્યા. પીઠાવાલા પોતે નામાંકિત ઉદ્યોગપતિ. થર્મલ-

પાવર સ્ટેશન બનાવવામાં માહેર. પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈના અનન્ય અનુરાગી. તેઓએ સ્વામીશ્રીનું ઉપરોક્ત પ્રવચન સાંભળ્યું ને સ્વામીશ્રીનાં દર્શન કરવાં આકર્ષાયા. તે માટે મંદિરે આવ્યા અને કંઠીબદ્ધા સત્સંગી બની ગયા. સ્વામીશ્રીની કેવી અસરકારક વાણી!

•

રવીન્દ્રનાથ ટાગોરે સાચે જ લખ્યું છે : 'Not hammer strokes but dance of the water brings the pebbles into perfection.' ઘણના ઘા નહીં પણ ઝરણાનું સંગીત કાંકરાને સુંવાળા કરે છે.

સ્વામીશ્રીની વાણીમાં ઝાકઝમાળ કે છાકમછોળ નથી. અવાજથી આવેગ, આક્રોશ કે આક્રમકતા તો જોજનો દૂર છે. સૌમ્ય, મૃદુ અને મધુર – આ તેઓની વાણીની ઓળખ છે. છતાં સાંભળનારના કલેવર છેદે ને કાળજાં ભેદે તેવી તેની અસર થાય છે. સ્વામીશ્રીની વાણી ઘણનો ઘા નહીં, પણ ઝરણાનું સંગીત છે, જે પથ્થરને પણ પિગળાવી મૂકે છે.

એક વાર દક્ષિણ ભારતના કવિ તત્ત્વરય્યરે પોતાના ગુરુ સ્વરૂપાનંદનું વર્ણન કરતાં 'ભારણી' છંદમાં કવિત કર્યું. વિદ્વાનો આ સર્જનથી છંછેડાઈ ગયા. તેઓએ તત્ત્વરય્યરનો ઊધડો લેતાં કહ્યું : 'એકલા હાથે હજાર હાથીઓને પરાભવ પમાડનાર વીરનું વર્ણન ભારણીમાં થાય. શું તારો ગુરુ એવો પરાક્રમી છે?' ત્યારે તત્ત્વરય્યર બોલ્યા : 'મા શારદાએ આ કવિત મારી પાસે રચાવ્યું છે. માટે ચોક્કસ મારા ગુરુએ હજાર હાથીનો પરાભવ કર્યો જ હશે ! તમે તેઓને મળીને ખાતરી કરી લ્યો.' આ સાંભળી વિદ્વાનો ધૂંઆપૂંઆ થતાં ગુરુ પાસે આવ્યા, પણ ઠરી જ ગયા. 'अप्रवचनेन प्रवचनम्' જેવું થઈ ગયું. ગુરુનાં દર્શનથી જ સૌ શાંતિ પામી ગયા. ગુરુની નમ્રતા જોઈ પંડિતોનો અહંકાર ગળી ગયો. તેઓ બોલી ઊઠ્યા : 'હજાર હાથીઓનો પરાભવ કરવા કરતાં પણ એક વિદ્વાનનો અહંકાર ઓછો કરવો એ દુષ્કર છે. અમારા અહંકારને પળમાં ઓગાળી નાંખ્યો. આવા મહામાનવના વર્ણન માટે ભારણી છંદ પણ ટૂંકો પડે.'

પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રશસ્તિ માટે પણ આવી જ કંઈક અવઢવ થાય એમ છે, કારણ કે તેઓની વાણી આવા કંઈક પૂર્વગ્રહોને પિગળાવતી આવી છે.

•

સન ૧૯૮૫માં લંડનમાં એક મહિના સુધી 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' (Cultural Festival of India) સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભક્તિ-ભાવપૂર્વક ઊજવાયો હતો. આ મહોત્સવથી ઇંગ્લેન્ડમાં ભારતનું ગૌરવ ખાસ્સું વધ્યું. ઇંગ્લેન્ડની તમામ ભારતીય સંસ્થાના સંચાલકોએ આ મહોત્સવ નિહાળ્યો અને વખાણ્યો.

સાધુ-સંન્યાસી પ્રત્યેના કંઈક પૂર્વગ્રહને કારણે, લંડન ખાતે આવેલા ભારતીય વિદ્યાભવનના ચેરમેન શ્રી માણેક દલાલ મહોત્સવનો લાભ લેવા નહોતા આવ્યા, પરંતુ બન્યું એવું કે અન્ય સંચાલકોના આમંત્રણથી સ્વામીશ્રી જ ભારતીય વિદ્યાભવનમાં પધાર્યા. શ્રી દલાલ પણ ત્યાં ઉપસ્થિત હતા. સભામાં સ્વામીશ્રીનું વક્તવ્ય સાંભળીને જ તેમનો પૂર્વગ્રહ બાષ્પીભૂત થઈ ગયો. તેઓ બોલી ઊઠ્યા : 'કેવી વાણી ! કોઈ આડંબર નહીં ! ઘણાંનાં પ્રવચનો મેં સાંભળ્યાં છે, પણ આવી નિરાડંબર વાણી ક્યારેય સાંભળી નથી. ભગવા અંચળા નીચેનું તમારું દિવ્ય આધ્યાત્મિક જ્ઞાન અમને સ્પર્શી ગયું. આપનો ઉપરનો દેખાવ સાદો પણ અંદરની આધ્યાત્મિકતા અને જ્ઞાન ઘણું ગહન છે. તમે સારું બોલ્યા. વળી, તદ્દન સાહજિક બોલ્યા. અહીં કોઈના પર પ્રવચનની અસર પાડવા ન બોલ્યા. તમારા જેવા પુરુષ અમારા માર્ગદર્શક બને.'

કવિકુલગુરુ કાલિદાસ રઘુવંશ મહાકાવ્યમાં લખે છે :

'पावकस्य महिमा स गण्यते कक्षवज्ज्वलति सागरेऽपि यः ।' (૧૧/૭૪)

સૂકા ઘાસની જેમ સાગરને પણ બાળે એમાં અગ્નિનો પ્રતાપ સમાયેલો છે. તેમ વાણીની ઓજસ્વિતા-તેજસ્વિતાની ધાર કેટલી છે તેની પરીક્ષા એ જ છે કે તે ઉત્સુક શ્રોતાની જેમ ઉન્મુખ શ્રોતાને પણ ઘેલા કરી મૂકે. સ્વામીશ્રીની વાણી આવી ઊર્જા-ઓજસથી ભરેલી છે.

•

તા. ૩૦-૧૧-'૮૯ ના રોજ મહેસાણાની એક જાહેરસભામાં સ્વામીશ્રી જ બોલેલા : 'આપણે આખો દિવસ બોલ બોલ કરીએ તોપણ કોઈને અસર થાય તેવું નથી, કારણ કે આપણને જ દૃઢતા નથી થઈ. જ્યારે સત્પુરુષની વાણીથી લાખોને શાંતિ થાય છે, લાખોનાં પરિવર્તન થાય છે, એવાં એમનાં વચન છે.'

પરિવર્તનના પ્રહરી સમી આવી અસરકારક પ્રેમ-સરવાણીને પ્રણામ.



૨

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

આચરણ અને અનુભવયુક્ત અમૃતવાણી

“

દરેક વ્યક્તિને એમ રહે છે કે
‘જે કંઈ સારું થાય એ મારું જ થાય, બીજાનું ન થાય.’
એને કારણે તકરાર થવાની જ.
પણ જો બધાને સારું સુખ મળે તો ? બધાને સારી વ્યવસ્થા મળે તો ?
ક્યાં દુ:ખ છે ?
પણ બીજાનું સારું લોકો જોઈ શકતા નથી.
એને લીધે મારામારી થાય છે.
જો આપણે પ્રાર્થના કરીએ કે ‘ભગવાન સર્વને સુખી કરે.’
તો એમાં આપણે પણ સુખી થઈએ જ છીએ ને !
બીજાનું સારું ઇચ્છીશું તો બીજા આપણું સારું ઇચ્છશે.

– પ્રમુખસ્વામી મહારાજ

”

આશ્ચર્ય અનેક, ઉત્તર એક

આજે સૌને આશ્ચર્ય છે કે પ્રમુખસ્વામી મહારાજની સીધી-સાદી વાણીની પણ પ્રચંડ અને વ્યાપક અસર શાથી થાય છે?

સ્વામીશ્રીના એક શબ્દે વ્યસનો ખરી પડે છે. શાથી?

આપઘાત સુધી ધસી ગયેલો માનવી પાછો વળી જાય છે. શાથી?

તેઓના એક શબ્દે યુવાનો સેવામાં સમર્પિત થઈ જાય છે; કારકિર્દી સ્વેચ્છાએ ત્યજીને સાધુ બની જાય છે. શાથી?

તેઓના એક શબ્દે લોકો મનના મિનારા જમીનદોસ્ત કરી સ્વામીચીંધ્યા માર્ગે ચાલવા લાગે છે. શાથી?

શાને છે આ કમાલ? એવું તે શું ભર્યું છે એ શબ્દોમાં?

સન ૧૯૮૫માં અમદાવાદના 'સ્વામિનારાયણ નગર'માં આવેલી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી રામલાલ પરીખે આવા જ આશ્ચર્યના સૂરો રેલાવેલા કે : 'આ નગરમાં ફર્યો ત્યારથી કબૂલ કરવું જોઈએ કે એક નવા જ પ્રકારના અનુભવમાંથી પસાર થઈ રહ્યો હોઉં એમ લાગે છે. અહીં કલાકાર પોતાની કલા, ધનિકો પોતાનું ધન, યુવકો પોતાનો સમય, શક્તિ, હુન્નર અને કુનેહ સ્વામીશ્રીનાં ચરણે સમર્પે છે. ત્યારે વિચાર આવે છે કે આ શું છે? જે વિદ્યાર્થીઓ શાળાની ૨૫ પૈસાની ફી વધારવાની ના પાડે છે, જે વિદ્યાર્થી શાળાની ગંદકીમાં હાથ અડાડવાની ના પાડે છે, એ જ વિદ્યાર્થી, એ જ યુવાશક્તિ આ નગરમાં આવીને આખું નગર ઊભું કરવા પોતાનો પરિશ્રમ, પરસેવો ને લોહી રેડવા તૈયાર થાય છે!'

•

રાજેન્દ્ર પટેલ નામના યુવાન નકુરુ(કેન્યા)માં રહેતા હતા. તેઓ એન્જિનિયરિંગના અભ્યાસ માટે ભારત આવેલા. વલ્લભવિદ્યાનગરમાં મિકેનિકલ એન્જિનિયર થયા. અભ્યાસ દરમ્યાન તેઓ યોગીજી મહારાજના સત્સંગમાં અવારનવાર આવતા. એક વાર યોગીજી મહારાજે તેમને કહેલું : 'બ્રહ્મચર્ય પાળવું.' તેઓ ભણીને પાછા કેન્યા ગયા ને ત્યાં 'મેવાની સુગર મિલ્સ'માં સારી નોકરી હતી ને ઘરની દુકાન પણ સારી ચાલતી.

તે અરસામાં તેમનાં લગ્ન માટે ઘણાં માંગાં આવવાં લાગ્યાં. આ બાબતે તેમણે સ્વામીશ્રીને પુછાવ્યું. સ્વામીશ્રીએ લગ્ન માટે સંમતિ આપી, પણ તેઓ કહે : 'યોગીજી મહારાજે મને બ્રહ્મચર્ય પાળવા કહ્યું છે, એટલે લગ્ન નથી કરવાં. તો હવે શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'રૂબરૂ મળશું ત્યારે વાત કરીશું.'

ત્યારબાદ સન ૧૯૭૪માં સ્વામીશ્રી આફ્રિકા પધાર્યા ત્યારે રૂબરૂ મુલાકાત વખતે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'તમારી શું ઇચ્છા છે ?'

રાજેન્દ્રભાઈ કહે : 'કેનેડા જઈને ધંધો કરવો છે.'

સ્વામીશ્રી કહે : 'અમારી બીજી ઇચ્છા છે.'

રાજેન્દ્રભાઈ કહે : 'શું ?'

'તમે સાધુ થશો ?' સ્વામીશ્રીએ કહ્યું.

તેમણે તરત જ હા પાડી ને સાધુ થઈ ગયા. (હાલ ભક્તવત્સલદાસ સ્વામી)

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે –

'તાજી તીક્ષ્ણ ધાર, અડતાંમાં અળગું કરે;
લેશ ન રહે સંસાર, વજ્ર લાગ્યાં કોઈ વીરનાં...'

સ્વામીશ્રીની વાણી આવી પ્રભાવી છે.

•

સ્વામીશ્રી સમક્ષ ગોઠવાયેલી એક સમૈયાની સભાનું શબ્દચિત્ર કોઈએ આવું દોર્યું છે : '...એ સભામાં માથે ફાળિયું બાંધેલા કેટલાક ભાભાઓ બેઠા હતા. ચોયણો ને કેડિયું પહેરેલા, હાથ વડે ગોઠણ બાંધીને બેઠેલા કેટલાય આતાઓ પણ ત્યાં હતા. 'એલ્વીસ'ના જીન્સ અને 'નાઇકી'ના બૂટ પહેરેલા જવાનિયાઓની પણ ખાસ્સી ભીડ આ સભામાં જણાતી હતી. આખી સભાને પોતાના કાચ પર ઝીલે તેવા 'રેબન'નાં ગોગલ્સ પહેરેલાં પણ કંઈક અહીં મોજૂદ હતા. પાંચથી પંદર વર્ષના બાળકો પણ ડાહ્યાડમરા થઈ સભામાં ગોઠવાઈ ગયા હતા. આ સભા માટે જ અમેરિકા, ઇંગ્લેન્ડ કે આફ્રિકાથી ઊડીને આવેલાઓની સંખ્યા પણ ઘણી મોટી હતી. મહિલાઓની બેઠક વ્યવસ્થા સભામંચથી ખાસ્સી દૂર હશે ને તેમ છતાંય આ સભામંડપ અડધોઅડધ મહિલાઓથી ભરાઈ ચૂક્યો હતો. ગ્રામીણ, અર્ધશહેરી, શહેરી, મેટ્રોપોલિટન,

પરદેશી એવી ભિન્ન ભિન્ન સંસ્કૃતિમાં ઊછરેલા સૌ અહીં ભાઈ-ભાંડુની જેમ, ગોઠણને ગોઠણ અડે એ રીતે ગોઠવાઈ ગયેલા. બાળક, યુવાન, વડીલ, વૃદ્ધ, બાલિકા, યુવતી, પ્રૌઢા સહિતની બધી પેઢી અને વય-મર્યાદા અહીં ઉપસ્થિત હતી. આ સભાના શ્રોતાગણનો પનો મંત્રીથી લઈને ભરવાડ સુધીનો હતો.

આટલો બહોળો અને વિવિધતા ધરાવનારો સમુદાય અહીં એકત્રિત થયો હતો તેનું કારણ એ નહોતું કે અહીં ઢીશૂમ...ઢીશૂમથી ભરપૂર ફિલ્મ રજૂ થવાની હતી. અહીં કોઈ લોકડાયરા કે ભવાઈ જેવા મનોરંજક કાર્યક્રમો પણ નહોતા. સંગીતનો જલસો કે નાચગાનનાં નાટારંગની તો અહીં સદંતર પ્રવેશબંધી હતી. રાજકારણીઓનાં ધમાકેદાર પ્રવચનો પણ અહીં ગોઠવાયાં નહોતાં. કોઈ એક્ટર કે ક્રિકેટરની પણ એન્ટ્રી અહીં થવાની નહોતી.'

આવી સભા જોઈને આશ્ચર્ય થવું સ્વાભાવિક છે કે મધમાખીને તો મધ ખેંચે છે પણ આ સૌને અહીં કોણ ખેંચી લાવે છે ? કોણ ખેંચી રાખે છે ?

આવાં તો આશ્ચર્ય છે અનેક, પણ ઉત્તર છે એક.

આચરણનું આસન

જી હા, સ્વામીશ્રી નકશીદાર સિંહાસન, મયૂરાસન પર બેસીને કે ઊંચી-જાડી ગાદી પર બેસીને પ્રવચન નથી કરતા, પણ આચરણના આસન પર બેસીને બોલે છે. તેઓની પ્રવચનરૂપી પ્રેમ-સરવાણીનું ઉદ્‌ગમસ્થાન પંડનું વર્તન છે. તેથી જ તે પ્રેરણાનો પ્રચંડ પ્રવાહ બની જાય છે અને સૌ હોંશે હોંશે તેમાં તણાય છે.

જાણીતા ફિલસૂફ માર્ટીન બૂબર એક વાત કરતા. પોલેન્ડ દેશના લુબલીન શહેરમાં એક મહાત્મા આવ્યા. મહાત્માની વાતો સાંભળવા સેંકડો માણસો ઊમટતા. પ્રવચન બાદ તે મહાત્માની આગળ ભેટ-સોગાદોનો ઢગલો થઈ જતો. આવું થોડા દિવસ ચાલ્યું. શ્રોતાવર્ગમાં શહેરનો એક સ્થાનિક કથાકાર પણ નિયમિત આવતો. બધા માણસો મહાત્માને ભેટ અર્પણ કરતાં તે જોઈ તેને આશ્ચર્ય થતું, કારણ કે તે જ્યારે કથા કરતો ત્યારે આ જ શ્રોતાઓ પોથી પર ફૂટી કોડી પણ મૂકતા નહોતા.

આ આશ્ચર્યનો ઉકેલ માંગવા તેણે પેલા મહાત્માને જ પૂછ્યું કે 'આ ગામમાં હું પણ કથા કરું છું અને તમે પણ કથા કરો છો. છતાં તમારી આગળ

રૂપિયાનો ઢગલો થાય છે અને મને કોઈ કશું ધરતું નથી. આનું કારણ શું?'

ત્યારે તે મહાત્મા બોલ્યા : 'આ તો સીધી સાદી વાત છે. મારા મનમાં અપરિગ્રહ છે. તેથી મારી વાણી સાંભળીને સામાના મનમાં પણ અપરિગ્રહ ઊગે છે ને તેઓ ભેટ અર્પણ કરે છે. તમારા મનમાં પરિગ્રહની ભાવના છે. તેથી શ્રોતાના મનમાં પણ તે જ ભાવના જાગ્રત થાય છે. તેથી કોઈ દમડી છોડવા રાજી થતું નથી. આપણા મનમાં જે હોય છે તે જ આપણને સાંભળનારના મનમાં ઊગે છે.'

શુદ્ધ વર્તનનો મહિમા આ પ્રસંગમાં ગવાયો છે. હા, શુદ્ધ વર્તન જેવું વાચાળ બીજું કોઈ જ નથી.

શેક્સપિયર સાચું બોલ્યા છે : 'Action is Eloquence.' – વર્તન એ જ પ્રવચન.

ગાંધીજીના મતે તો જે વર્તનવિહોણી વાત કરે છે તે મહાપાપી છે. તેઓએ સાત જીવલેણ પાપનું વર્ણન કરતાં આમ કહ્યું છે :

1. Wealth without work (હરામનો પૈસો)
2. Pleasure without conscience (બેજવાબદારીભર્યો આનંદ)
3. Knowledge without character (વર્તન વિનાનું જ્ઞાન)
4. Commerce without morality (નૈતિકતા વિનાનો વેપાર)
5. Science without humanity (માનવતા વિનાનું વિજ્ઞાન)
6. Religion without sacrifice (સમર્પણની ભાવના વગરનો ધર્મ)
7. Politics without principle (સિદ્ધાંત વગરનું રાજકારણ)

અહીં સાતમાંનું એક પાપ છે – વર્તન વિનાનું જ્ઞાન. આવું લૂખું જ્ઞાન ધરાવનાર ગુનેગાર ઠરે છે, ગુરુ નહીં.

તા. ૩૦-૩-'૮૫ના રોજ દુબઈમાં ભારતીય વાઇસ કૉન્સેલ શ્રીવાસ્તવના નિવાસસ્થાને પરમ પૂજ્ય સ્વામીશ્રીને વિખ્યાત જૈનાચાર્ય પુષ્પરાજમુનિ મળવા આવેલા. તેઓએ ત્યાં ઉપસ્થિત ભક્તસમુદાયને જણાવેલું કે –

'प्रमुखस्वामीजी किस देव को मानते हैं, इनका क्या सिद्धांत है ऐसी गहराई में हम न जाएँ। लेकिन मैं तो उनके आचरण को देखता हूँ। यदि एक दिन भी कोई ब्रह्मचर्य का पालन करें तो उनके घर देवता भी सिर झुकाने के लिये आते हैं। तो ये तो सारा जीवन ब्रह्मचर्य का पालन करते आ रहे हैं। अभी

दिल्ही में वर्ल्ड कोन्फरन्स हुई। तीन दिन की चर्चा के बाद सभी का एक ही सार निकला कि अपना आचरण अच्छा रखें।'

સ્વામીશ્રીએ આ સાર પકડ્યો છે. તેથી તેમની વાણી સૌનાં કાળજાં કોરે છે. જુઓ, આ રહી કેટલીક અનુભૂતિઓ.

તા. ૯-૨-'૮૯ના રોજ અટલાદરા મુકામે કીર્તન આરાધનાના અતિથિ-વિશેષપદેથી બોલતાં ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી શ્રી મણિભાઈ વાસણવાળાએ જણાવેલું કે 'પ્રમુખસ્વામી મહારાજની વાણી સાંભળવા મળે એનો આનંદ અનેરો હોય છે, કારણ કે આવા પુરુષોની વાણી ને વર્તનમાં પૂરું સામ્ય હોય છે.'

•

વલસાડ જિલ્લાનું ટાંકલ ગામ ચીખલી તાલુકાની આદિવાસી પ્રવૃત્તિના કેન્દ્રસમું ગણાય. અહીં યોજાયેલી શિક્ષકજ્ઞાન પરિષદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ અને જાણીતા સમાજસેવક શ્રી ઈશ્વર પેટલીકર આવેલા. તેઓએ સ્વામીશ્રીની વાણી સાંભળી ઉદ્‌ગાર વહાવેલા કે 'પ્રમુખસ્વામી મહારાજ જે વાત કરે છે તે સ્પર્શે છે, દરેકને પચે છે, કારણ કે તેમનું જીવન એવું છે.'

વિખ્યાત લેખક શ્રી ગુલાબદાસ બ્રોકરે પણ સ્વામીશ્રીની આવી આચરણ-યુક્ત વાણી વિશે કહ્યું હતું કે 'વર્ષોથી હું ઘણી જગ્યાએ બોલતો આવ્યો છું. અમારી પાછળ વાણીનું બળ છે અને આવા સંતો પાસે વાણીને બળ આપનાર ચારિત્ર્યનું બળ છે.'

તા. ૩-૯-'૮૫ના રોજ સુરતમાં 'ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ' તરફથી સ્વામીશ્રીનો સત્કાર સમારંભ યોજાયેલો. આ પ્રસંગે માનદ મંત્રી શ્રી પ્રેમકુમારે જણાવેલું કે 'વ્યસનમુક્તિની વાત તો સૌ કરે છે પણ પ્રમુખસ્વામી મહારાજનાં વચનોની તરત અસર થાય છે, કારણ કે એમનું જીવન નિર્મળ છે.'

આચાર અને ઉચ્ચારનું સમીકરણ

કોઈકે સાચું જ નોંધ્યું છે કે 'સમાજમાં આજે Less(ઓછપ)નું પ્રમાણ વધ્યું છે.' જેમ કે,

- Our communication	(આપણો સંદેશાવ્યવહાર)	- Wireless	(તારવિહોણો)
- Our youths	(આપણો યુવાવર્ગ)	- Jobless	(નોકરીવિહોણો)
- Our labour	(આપણું કામ)	- Effortless	(પુરુષાર્થવિહોણું)
- Our conduct	(આપણો વ્યવહાર)	- Worthless	(અર્થવિહોણો)
- Our relations	(આપણા સંબંધો)	- Loveless	(પ્રેમવિહોણો)
- Our attitude	(આપણો અભિગમ)	- Careless	(દરકારવિહોણો)
- Our education	(આપણું શિક્ષણ)	- Valueless	(મૂલ્યવિહોણું)
- Our arguments	(આપણી દલીલો)	- Baseless	(પાયાવિહોણી)
- Our follies	(આપણી ભૂલો)	- Countless	(ગણતરીવિહોણી)
- Our food	(આપણો ખોરાક)	- Fatless	(ચરબીવિહોણો)
- Our feelings	(આપણી લાગણીઓ)	- Heartless	(હૃદયવિહોણી)

આ જ યાદીમાં જો આગળ કંઈક મૂકવું હોય તો આમ મૂકી શકાય કે,

- Our speeches (આપણાં ભાષણો) - Practiceless (આચરણવિહોણાં)

હા, જેમાં પોતાનો અનુભવ મૂક્યો જ ન હોય એવું કેટલું બોલાય છે !? કેટલું લખાય છે !?

ઉચ્ચાર અને આચારનું સમીકરણ આ રીતે ખોરવાય ત્યારે વ્યર્થ વાણી-વિલાસ બચે છે. શબ્દ તેની ધાર ગુમાવી બેસે છે. હોઠની વાત અને હૈયાની વાતની વચ્ચે અંતર વધે ત્યારે જુઠ્ઠાણાંનું ચઢી વાગે છે. આજે આવા જૂઠા, ઠાલા શબ્દોનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે.

'ગ્રંથની ગરબડ'માં લેખક શ્રી વિનોદ ભટ્ટ તેના કેટલાક દાખલા આપતાં કહે છે :

'વિખ્યાત સાહસકથા લેખક જુલે વર્નએ સાહસકથાઓ ઘરમાં બેઠાં બેઠાં જ લખેલી. તેણે જિંદગીમાં ૬૦ માઈલથી વધુ મુસાફરી કરી નહોતી. કવિ મીર બારી ખોલ્યા વિના જ ફૂલો પર કાવ્યો લખ્યા કરતો. હાન્સ એન્ડરસનને એકપણ સ્ત્રીનો પ્રેમ નહોતો મળ્યો છતાં તે સુંદર પરીકથાઓ લખતો. બર્નાર્ડ શો એક મહાન વિચારકની પુત્રી સાથે પ્રેમમાં હતા. તેઓએ તેણીને દગો દીધો તેથી તે સ્ત્રી આપઘાત કરીને મૃત્યુ પામેલી. મણિલાલ દ્વિવેદી ઇન્ડક્ટિવ-ડિડક્ટિવ લોજિકના ખાં ગણાતા, પણ ખાંડની બરણી ફૂટે કે સાપ જુએ તેને અપશુકન લેખતા. વફાદારી, ઉદાત્ત પ્રેમ અને કર્તવ્યનિષ્ઠાની

વાર્તાઓ લખનાર 'ઓ હેનરી બેંકમાં ઉચાપત કરવાના ગુનાસર જેલમાં ગયેલો. મોપાંસા જાતીય રોગને કારણે પાગલ થઈ ગયેલો ને રસ્તામાં પડેલો કચરો વીણીને તે ખાતો. ચાર્લ્સ ડિકન્સે હજારોની સંખ્યામાં પ્રેમપત્રો લખેલા. કાર્લ માર્ક્સને વલ્ગર જોક્સ કહેવાનો ભારે શોખ હતો. સાદત મન્ટોએ લાહોરના એક પ્રકાશકને લાગટ ત્રણ અઠવાડિયાં સુધી રોજ દારૂની એક બોટલ સામે એક વાર્તા લખી આપેલી.'

આવું વાંચીએ ત્યારે લા રોચેફોઉકોલ્ડ(La Rochefoucauld)નું વાક્ય યાદ આવી જાય છે કે 'Nothing is given so profusely as advice.' – સલાહ સિવાય બીજું કશું વિપુલ પ્રમાણમાં આપી શકાતું નથી.

લોકો બોલે છે, લખે છે પણ એમની સલાહ અને શાણપણનો મેળ ખાતો નથી. લખાણ અને અનુભૂતિને બાર નહીં બસો ગાઉનું છેટું રહી જાય છે. વાણી અને વર્તન વચ્ચેના આવા છૂટાછેડા એક ઘાતક બાબત છે. આવી ભલીવાર વિનાની વાણી શું ભલું કરી શકે? આવા નપુંસક વક્તાઓની જાણે ઠેકડી ઉડાડતા હોય એમ નરસિંહ મહેતાએ ગાયું છે :

'શરીર શોધ્યા વિના સાર નહીં સાંપડે,
પંડિતા પાર નહીં પામો પોથે;
તાંદુલ મેલીને તુષને વળગી રહ્યો,
ભૂખ નહીં ભાગે એમ ઠાલે થોથે;
શબ્દ સંચ્યા ઘણા, સકળ વિદ્યા ભણ્યા,
અધ્યાત્મ ઉચરે એ જ પોતે;
પ્રપંચ પંડમાં રહ્યો, અહંકાર નવ ગયો,
અનંત જુગ વહી ગયા એમ જોતે...'

માટે પ્લાઉટસ (Plautus) કહે છે : 'Practice yourself what you preach.' – તમે જે બોલો છો તે મુજબ આચરો.

સ્વામીશ્રીએ આ સિદ્ધાંત પચાવ્યો છે. સ્વામીશ્રીના જીવનમાં આચાર અને ઉચ્ચારનું સમીકરણ યથાતથ સચવાયું છે.

વાણી તેવું વર્તન : સેવામય જીવન

સ્વામીશ્રીની વાણીમાં સેવાનો સૂર સતત ઘૂંટાતો સંભળાય છે, પરંતુ

સ્વયં તેઓને નાનામાં નાની સેવામાં પરોવાયેલા કેટલાયે જોયા છે : મંદિર બાંધકામમાં તગારાં ઉપાડતા, મંદિરની મુતરડીઓ કે સંડાસ સાફ કરતા, ઘઉં વીણતા, પૂરી-પૂરણપોળી બનાવતા, હરિભક્તોને નીચા નમી પીરસતા, ગાર લીંપતા, હરિભક્તોએ બેદરકારીથી અહીં-તહીં ફેંકી દીધેલી દાતણની ચીરીઓને પોતાની જન્મ જયંતીના દિવસે વિના સંકોચે ઉપાડતા, પોતાના પ્રમુખવરણી દિને જ હરિભક્તોનાં એઠાં વાસણ ઊટકતા, મૂંગાં-અબોલ પશુઓને પશુ-કલ્યાણકેન્દ્રો ખોલી ઘાસ નીરતા... જેવી કંઈક કેટલીયે સ્વામીશ્રીની સેવામય છબીઓ અનેકના માનસપટ પર એવી ને એવી જ તાજી છે. આ સેવામય જીવનમાંથી જ્યારે સેવાનો સંદેશ નીકળે છે ત્યારે સૌ તેને હોંશે હોંશે ઝીલે છે અને સેવામાં જોડાઈ જાય છે.

•

સન ૧૯૮૯માં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના મેદાનમાં યોજાયેલા સ્વામીશ્રીના સત્કાર સમારંભમાં જસ્ટિસ બી. જે. દીવાન બોલેલા : 'આજે પ્રમુખસ્વામી મહારાજને આપણે ઊંચા આસને બેઠેલા જોઈએ છીએ પણ તેઓને મેં ગાર લીંપતા પણ જોયા છે.'

શાસ્ત્રોએ તો કહ્યું છે કે –

'दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं जलं पिबेत्।
सत्यपूतां वदेत् वाचं मनःपूतं समाचरेत्॥'

– દૃષ્ટિથી ચકાસીને પગલું ભરવું. વસ્ત્રથી ગાળીને જળ પીવું. સત્યસભર શબ્દો બોલવા અને પવિત્ર મનથી તેનું આચરણ કરવું.

સ્વામીશ્રી આ શાસ્ત્રવચનના યથાર્થ પાલનકર્તા છે. તેઓએ આચર્યા વગર કશું જ ઉપદેશ્યું નથી.

મહાન અમેરિકન લેખક હેનરી ડેવિડ થોરોએ પોતાના પ્રખ્યાત પુસ્તક 'વોલ્ડન'માં લખ્યું છે : 'આજે તત્ત્વજ્ઞાનના પંડિતો છે, પણ તત્ત્વજ્ઞાનીઓ નથી. તત્ત્વજ્ઞાની હોવું એટલે માત્ર સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારો હોવા તે નહિ, કોઈ સંપ્રદાય સ્થાપવો તેય નહિ; પણ જ્ઞાન માટે એવો પ્રેમ હોય કે તેને આજ્ઞાધીન જીવન જિવાય. એ જીવન સાદગીનું, સ્વતંત્રતાનું, મહાત્મતાનું અને શ્રદ્ધાનું હોય. તત્ત્વજ્ઞાની હોવું એટલે જીવનના કેટલાક કોયડાનો માત્ર સૈદ્ધાંતિક રીતે નહીં પણ વ્યવહાર-દૃષ્ટિએ ઉકેલ આણવો.'

ઉપરોક્ત અર્થમાં સ્વામીશ્રી તત્ત્વજ્ઞાની છે. તેઓએ જ્ઞાનને જીવનની પળે પળે જીવી બતાવ્યું છે. What our sages thought in ages, he is living in one life. યુગો સુધી ચિંતન કરી ઋષિઓએ આપેલા સિદ્ધાંતો પ્રથમ તે જીવે છે, પછી ઉપદેશે છે.

વાણી તેવું વર્તન : સાદગીસભર જીવન

સ્વામીશ્રીના ઉપદેશમાં સંયમ-સાદગીનો સૂર પણ વારંવાર પડઘાય છે, પરંતુ સ્વામીશ્રી સ્વયં સંયમના શિખરે બેસીને તે સૂર છેડે છે. હજારો મહિલાઓ તેઓનાં દર્શનની ઝાંખી માટે પડાપડી કરતી હોય છે છતાં સ્વામીશ્રીએ એ તરફ દૃષ્ટિ કરી હોય તેવું નોંધનાર હજી સુધી પાક્યો નથી. ભાતભાતની રસદાર વાનગીઓ સામે ખડકાયે જ જતી હોવા છતાં મિતાહારી સ્વામીશ્રીને કદી કોઈએ ખાવા માટે અકરાંતિયા બનેલા જોયા નથી, એકાંતમાં પણ નહીં. મોંઘામાં મોંઘી અને સારામાં સારી ચીજવસ્તુઓ સામેથી મળવા છતાં તેઓનું જીવન સદા સાદગીસભર જ રહ્યું છે.

તા. ૧૭-૮-૨૦૦૪ના રોજ શિકાગોમાં બિરાજતા સ્વામીશ્રી પાસે એલ.એ.ના એક હરિભક્ત આવ્યા. સ્વામીશ્રીને મુસાફરીમાં કામ લાગે એ હેતુથી તેઓ એક ડી.વી.ડી. પ્લેયર લઈ આવેલા. તે સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેઓએ કહ્યું : 'બાપા ! આ આપને માટે છે. આપના વિચરણમાં આપને કામ લાગે અને કોઈ પણ પ્રકારની ડી.વી.ડી. જોવી હોય તો આ પોર્ટેબલ ડી.વી.ડી. પ્લેયરમાં જોવાય એવી વ્યવસ્થા છે, તો આપને અંગીકાર કરવા માટે વિનંતી કરું છું. લાંબી મુસાફરીમાં કંટાળો ન આવે એ માટે આ ખૂબ જ સરસ સાધન છે. આપનો સમય પણ એમાં પસાર થઈ જાય.'

તેઓની વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આ તમારું સાધન અમે પ્રસાદીનું કરી દીધું અને હવે અમે કહીએ છીએ કે એ તમારી પાસે જ રાખો.'

આટલું કહીને અલમસ્તભાવે સ્વામીશ્રી બોલ્યા : 'મારો સમય તો એવો જાય છે કે ખૂટી પડે છે. ભગવાનની દયા છે. આવાં કોઈ સાધનની જરૂર પડતી નથી.'

•

કવિ માઘે 'શિશુપાલવધ' મહાકાવ્યમાં સંતનું લક્ષણ સમજાવતાં કહ્યું

છે :

'तीक्ष्णा नारुन्तुदा बुद्धिः कर्म शान्तं प्रतापवत्।
नोपतापि मनः सोष्म वागेका वाग्मिनः सतः॥'

— સંતોની બુદ્ધિ તીક્ષ્ણ છતાં પીડા આપનારી નથી હોતી. તેઓનાં કર્મ પ્રતાપયુક્ત છતાં શાંત હોય છે. મન શીલાદિક ગુણોના ગૌરવથી ઉષ્મ છતાં સંતાપ કરનારું નથી હોતું, અને તેઓ એકવચની – કહે તેમ કરનારા હોય છે.

સ્વામીશ્રી આ સંતલક્ષણના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે છે. તેઓએ પ્રથમ સંયમ પાળ્યો છે, પછી ઉપદેશ્યો છે. 'પોતે પાળીને પછી પળાવ્યા...'એ ગુણાતીતાનંદ સ્વામી માટે લખાયેલી પંક્તિઓ સ્વામીશ્રી માટે પણ સુયોગ્ય છે.

તા. ૨૩-૫-૨૦૦૪ના રોજ સ્વામીશ્રી અમેરિકામાં સભાસ્થળેથી નિવાસસ્થાને પધારી રહેલા. સ્વામીશ્રીની આ વ્યવસ્થા માટે એક યુવકે નવી જ BMW ગાડી ખરીદેલી. સ્વામીશ્રી ગાડીમાં બેઠા એટલે તેણે ગાડીની વિશેષતાઓની વાતો કરવા માંડી. અંતે પૂછ્યું : 'બાપા! આ ગાડી આપને અનુકૂળ તો છે ને ?!'

સ્વામીશ્રી સહજભાવે બોલ્યા : 'આપણને તો આય અનુકૂળ આવે ને પેલીય અનુકૂળ આવે.' પછી કહે : 'આપણે જે જૂનું છે એ બરાબર છે.'

આ સાંભળી એ યુવકે કહ્યું : 'એમ તો આપે કેટલાંય મંદિરો નવાં બાંધ્યાં અને દરેક મંદિર નવી નવી રીતે જ બાંધો છો. ત્યાં કેમ નથી વિચારતા કે જૂનું છે એ બરાબર છે ?'

સ્વામીશ્રી કહે : 'એ તો ભગવાનની વાત છે. ભગવાનની વાત તો કાયમ નવી જ લાગવી જોઈએ. મંદિરોમાં તો હજારો લોકો લાભ લે અને પેલામાં તો આપણને એકલાને જ સુખ.'

સ્વામીશ્રીનાં આ તાર્કિક-માર્મિક વચન સાંભળી એ યુવક ચૂપ થઈ ગયો. છતાં તેણે થોડું વિચારીને આગળ ચલાવ્યું કે 'જ્યારે શાસ્ત્રીજી મહારાજે આપને પ્રમુખપદની ચાદર ઓઢાડી ત્યારે આપે કહ્યું હતું કે હું હરિભક્તોને રાજી રાખીશ. તો આજે આટલી અમારી વિનંતી માન્ય રાખો.'

સ્વામીશ્રી કહે : 'રાજી કર્યા જ છે ને! આ ગાડીમાં બેઠા. અહીં મળ્યા એ રાજી જ કર્યા ને!'

એ યુવક કહે : 'આપની વાત સાચી, પણ તમે અમારી આ નવી

ગાડીની સેવા અંગીકાર કરો. આ ગાડી આપના માટે રાખો. એના બદલામાં આપ જે માંગશો એ અમે કરવા તૈયાર છીએ.'

સ્વામીશ્રી તરત બોલ્યા : 'આ જે કહીએ છીએ એ કરો ને !'

'પણ બાપા ! અમારી ઇચ્છા છે.'

'આવી ઇચ્છા કરવી જ નહીં. નાની મોટરમાં બેસીએ, જૂની ગાડીમાં બેસીએ તોય અમે રાજી જ છીએ. એટલે આ નવી નવી ગાડીઓ લેવાની વાત કરશો જ નહીં.' સ્વામીશ્રીએ આમ કહી આખી વાત ટાળી દીધી.

'મળે પણ મન નવ ચળે..'ની આવી ઉચ્ચ સ્થિતિમાંથી નીકળેલા સંયમ-સાદગીના સ્વામીશ્રીના શબ્દો કોનું હૈયું ન વીંધે ?!

●

સન ૧૯૮૧ના ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલા રામકૃષ્ણ મિશન(રાયપુર)ના અધ્યક્ષ, વિચક્ષણ અને વિદ્વાન સ્વામી આત્માનંદજીએ સાચું જ કહેલું કે : 'સ્વામીશ્રીની અનુભૂતિવાળી વાણી યુવાનોને સ્પર્શે છે.'

સ્વામી વિવેકાનંદ કહી ગયા છે : 'One man who has purified himself thoroughly accomplishes more than a regiment of preachers.' – જેણે પોતાની જાતને પરિશુદ્ધ કરી છે તે ઉપદેશકોની આખી જમાત કરતાં પણ વધુ કાર્ય કરી દેખાડે છે.

પરમ પૂજ્ય સ્વામીશ્રીની વાણી સાંભળીએ ત્યારે આ વાક્ય સાર્થક જણાય છે. સાચે જ કહ્યું છે :

'नाच्छादयति कौपीनं न दशमशकापहम्।
शुनः पुच्छमिव व्यर्थं पाण्डित्यं धर्मवर्जितम्॥'

– આચરણ વિનાનું જ્ઞાન કૂતરાની પૂંછડી જેવું નિરર્થક છે, જે પૂંછડી ન તો ગુદાને ઢાંકી શકે છે કે ન તો મચ્છરને ઉડાડી શકે છે.

જેઓ માટે ગાંધીજી એવું કહેતા કે 'આ વ્યક્તિ મારા કરતાં છ મહિના આગળનું જુએ છે' અને જેઓ સાથેની મુલાકાત પછી અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જ્હોન એફ. કેનેડી બોલેલા કે 'હું પ્રમુખ બન્યો ત્યારપછીની સૌથી વધુ સંસ્કારદાયી અસર છોડી જનાર મુલાકાત', તે સી. ચક્રવર્તી રાજગોપાલાચારી કહેતા : 'ધુરંધર પંડિત બનો, ધર્મશાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કરો, સેંકડો શ્લોકો

કંઠસ્થ કરો... એ બધું શક્ય છે, પરંતુ ધાર્મિક તથા યૌગિક જીવન જીવવું એ જુદી વાત છે. જે માણસના મનનો પૂરેપૂરો વિકાસ થયો ના હોય એનું પાંડિત્ય અને શાસ્ત્રપ્રવચન નિરર્થક છે. જ્ઞાનનો અનુભવ ન થાય ત્યાં સુધી એની વિદ્યા મદારીના ખેલ જેવી નિરર્થક છે.'

સ્વામીશ્રીની જ્ઞાનવાતોમાં મદારીનો ખેલ નહીં, પણ મહાત્માનો મેળ જોઈ શકાય છે, કારણ કે 'कर्मण्येकं वचस्येकं मनस्येकं महात्मनाम्।' – મહાત્માઓના જીવનમાં મન, કર્મ અને વાણીની એકતા હોય છે.

વાણી તેવું વર્તન : ભગવન્મય જીવન

સ્વામીશ્રીની કથાસરિતામાં ભજન-ભક્તિ-કથા-કીર્તન કરી લેવાનો નાદ હંમેશાં સંભળાય છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી કહે છે : 'આપણે કોઈ દિવસ રિટાયર થતા જ નથી. આપણા ગુરુઓ પણ ક્યાં થયા છે? આપણે ગાઈએ છીએ ને કે 'ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ...' ભજન કરતાં કરતાં આપણે દેહ છોડવાનો છે.'

સ્વામીશ્રીની આવી વાણી સાંભળી નાનાં-મોટાં બાઈ-ભાઈ સૌ તે માર્ગે વળે પણ છે.

તા. ૧૬-૬-૨૦૦૯ના રોજ મુંબઈમાં સ્વામીશ્રીના દર્શનાર્થે સિનિયર IAS અધિકારી શ્રી અચ્યુતન આવેલા. કેન્દ્ર સરકારની કાયદા-કચેરીમાં વરસો સુધી કાર્યવાહી કરનાર અને સી.બી.ની સિક્યોરિટી એપલેટ કોર્ટના ચેરમેનની ધુરા પણ સંભાળનાર શ્રી અચ્યુતને આવતાંવેંત સ્વામીશ્રીને કહ્યું : 'હું ગત વખતે આપને મળ્યો ત્યારે આપે મને કંઠી પહેરાવેલી. એ કંઠીનો એક પણ મણકો આજેય મેં તૂટવા દીધો નથી.' એમ કહીને તેઓએ ઉમેર્યું : 'એ વખતે મેં આશીર્વાદ માંગ્યા હતા કે મને ગુસ્સો બહુ આવે છે. ત્યારે આપે કહેલું કે રોજ ત્રણ માળા કરજો. ત્યારથી દરરોજ ત્રણ માળા પણ હું નિયમિત કરું છું.'

સ્વામીશ્રીની નમ્ર ભલામણના બે શબ્દો આ બુદ્ધિશાળી ઑફિસરના જીવમાં કેવા જડાઈ ગયા છે! આવા તો કંઈક પ્રસંગો રોજેરોજ બને છે. તેનું કારણ એક જ છે કે સ્વામીશ્રી સ્વયં ભજન, ભક્તિ, કથા-કીર્તનમય જીવન વિતાવે છે. તેઓ માટે ભગવાન, ભજન, ભક્તિ એ વક્તવ્યના નહીં પણ કર્તવ્યના વિષય છે.

ઠાકોરજીને ધરાવ્યા વિના પાણીનું ટીપું સુધ્ધાં તેઓ મોંમાં મૂકતા નથી. અનેક પ્રવૃત્તિ અને પ્રશ્નો વચ્ચે પણ અતિ શાંત ને સ્વસ્થચિત્તે માળા ફેરવતાં, ઈજાગ્રસ્ત શરીરે પણ દંડવત્ કરતા, આરતી ઉતારતા, થાળ ગાતા, તાવતૂટતા શરીરે પણ કથા રેલાવતા તેઓને જેમણે જોયા છે, તેઓનાં હૈયાંએ કબૂલ્યું છે કે જેમ માછલીનું જીવન જળ છે તેમ સ્વામીશ્રીનું જીવન ભગવાન છે.

તા. ૪ જુલાઈ, ૨૦૧૧ની રાત્રિએ થયેલા હૃદયરોગના હુમલા પછી તરત જ તા. ૫ જુલાઈની સવારે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન માટે પધારેલા સ્વામીશ્રીનું જીવન જ આસ્તિકભાવનું પ્રવચન નહીં, પુસ્તક બની જાય છે. લોકો એ જોઈને એવી પ્રેરણા પામી જાય છે કે શબ્દોની જરૂર રહેતી નથી.

સ્વામી વિવેકાનંદ પોતાના ગુરુ વિષે અહોભાવપૂર્વક ઉચ્ચરેલા છે કે ‘મારાં ભાગ્ય કે મને એવા ગુરુ મળી ગયા જેમણે સિદ્ધાંતની વાતોનો અમલ કરી જોયો હતો.’

આજે આવું જ અહોભાગ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનેક લોકો અનુભવી રહ્યા છે.

વાણી તેવું વર્તન : પરોપકારી જીવન

સ્વામીશ્રીનું પ્રસિદ્ધ સૂત્ર છે : ‘બીજાના સુખમાં આપણું સુખ છે. બીજાના આનંદમાં આપણો આનંદ છે. બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.’ આ તેઓની જીવનભાવના નથી, જીવનશૈલી છે.

બીજાના સુખમાં પોતાનું સુખ માની પોતે કેટકેટલી અગવડો વેઠી છે ?! માંદગીના બિછાને સૂતાં સૂતાં હરિભક્તોનાં ભોજન, ઉતારા, વાહનની ચિંતા કરતા સ્વામીશ્રીને ઘણાયે નિહાળ્યા છે. આંખે અંધાપો આવી જાય તે હદે મોતિયો પાકી જાય છતાં સૌના સુખ માટે વિચરણનો અતૂટ દોર ન તોડનાર સ્વામીશ્રી જીવીને બોલે છે કે ‘બીજાના સુખમાં આપણું સુખ છે.’

હરિભક્તોની મનોકામના પૂરી કરવા પોતાના પીરસેલા પત્તર (ભોજન-પાત્ર) પણ હડસેલી દેનાર સ્વામીશ્રીની જીભ નહીં પણ જીવન બોલે છે કે ‘બીજાના આનંદમાં આપણો આનંદ છે.’

ગુજરાતમાં વરસાદ વરસે અને સૌ સુખી થાય તે માટે લંડનમાં અડધી રાત્રે જાગી જાગીને ઘડીઓની ગણતરી રાખ્યા સિવાય ધૂન-પ્રાર્થના કરનાર

સ્વામીશ્રીના હોઠ નહીં પણ હૈયું બોલે છે કે, 'બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.'

•

૧૯૮૫માં ગુજરાતમાં ભયંકર આંદોલન ફાટી નીકળ્યું હતું. અનામતના પગથિયેથી શરૂ થયેલું આ આંદોલન કેટલાક ચાલાકોની ચાલબાજીને કારણે કોમી દાવાનળમાં ફેરવાઈ ગયું. આ દાવાનળે કંઈ કેટલાય નિર્દોષોને ભરખી લીધા. કંઈ કેટલાય ગરીબોની રોજી ઝૂંટવાઈ ગઈ. આ કોમી હુતાશનીને તાવડે કેટલાક પોતાનો રોટલો શેકી રહ્યા હતા, ત્યારે સ્વામીશ્રીને જંપ ન હતો. પોતાનું વિચરણ ટૂંકાવીને સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા. પ્રશ્નોના મૂળને શોધ્યું. આગળ વધતી આગને રોકવાના પ્રયત્નરૂપે મંદિરમાં જ મૌલવી, પાદરીઓ સહિત સર્વધર્મની બેઠક બોલાવી. ધર્મના નામે ચરી ખાનારાઓથી ચેતવા માટે સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. ત્યારપછી પ્રશ્નના મૂળને શોધવા માટે રોજ મુખ્યમંત્રી, મુખ્યસચિવ, વિદ્યાર્થી નેતાઓ, વાલીમંડળના અગ્રણીઓને વારાફરતી મળતા ને જરૂર પડ્યે બધાને ભેગા કરતા, પરામર્શ કરતા. આ બધી ચર્ચાઓમાં રોજ રાતના એકથી દોઢ વાગતો.

એક વાર કોઈએ પૂછ્યું : 'આરામ નથી કરવો ?'

સ્વામીશ્રી કહે : 'તું જો તો ખરો....લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે, એ બીચારા આટલા દુઃખી થાય છે એ નથી દેખાતું ? સૌને શાંતિ થાય ત્યાં સુધી વળી આરામ કેવો ?'

હા, સ્વામીશ્રી જીવીને બોલ્યા છે કે 'બીજાના સુખમાં આપણું સુખ છે.'

ઐતરેય ઉપનિષદમાં ઋષિઓએ ગાયું છે :

'वाङ् मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितम्।'

– અમારી વાણી મનમાં પ્રતિષ્ઠિત થાઓ અને અમારું મન વાણીમાં પ્રતિષ્ઠિત થાઓ.

ઉપનિષદનો આ મંત્રઘોષ સ્વામીશ્રીના જીવનની ક્ષણેક્ષણમાં અને તેઓની કાયાના કણેકણમાં સૌને સંભળાય છે.

વાણી તેવું વર્તન : સમજણયુક્ત જીવન

સ્વામીશ્રીના ઉપદેશમાં ભગવાન વિષેની કર્તા-હર્તાપણાની સમજણનો

સાદ વારંવાર સંભળાય છે. તેઓશ્રી કહે છે : "આપણે કાંઈ કરતા નથી. ભગવાન કરે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરે છે. 'હું કરું છું' એવું થાય તો ટેન્શન વધે. આપણે જવાબદારી ઉપાડતા નથી. આપણે તો એમનો આદેશ ઉપાડીએ છીએ. આદેશ ઉપાડીએ એટલે રક્ષા એ કરે છે. પરિણામ સારું આવે કે બીજી રીતનું આવે તોય બધું ભગવાન કરે છે."

સ્વામીશ્રીના જીવનમાં પણ આ જ રીત દેખાય છે. તા. ૧૦-૭-૨૦૦૫ના રોજ સ્વામીશ્રી બોચાસણમાં બિરાજમાન હતા. બપોરે ૧:૦૫ વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે વરસાદ વિષયક વાતો ચાલી. સાંકરીના એક સમયના કોઠારી પ્રભુસ્વરૂપ સ્વામી કહે : 'આ વરસ કેવું જશે ?'

સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણે શું સમજીએ ? ભગવાનની જે ઇચ્છા હોય એ સારી જ હશે. આપણે બીજું શું કરી શકવાના ? ઓછા કંઈ આભ તોડી લાવવાના છીએ ? ભજન અને માળા સિવાય આપણી પાસે કાંઈ છે જ નહીં.'

•

તા.૧૨-૩-૧૯૮૬ના રોજ મુંબઈમાં 'ગુજરાત સમાચાર'ની મુંબઈ આવૃત્તિના પત્રકાર કીર્તિભાઈ દવેએ સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લીધો. તેઓએ પૂછ્યું : 'આપને માટે કોઈ અફસોસનો વિષય ખરો ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનની ઇચ્છાથી કામ કરીએ છીએ. બધું જ એમની ઇચ્છા મુજબ થાય છે. કદાચ કોઈ કાર્ય ન થયું અને જતું રહ્યું તોય ભગવાનની ઇચ્છા. એટલે કોઈ જાતનો અફસોસ નથી.'

સ્વામીશ્રી ઘણી વાર બોલે છે : 'ધાર્યું ધણીનું થાય છે. કર્તા-હર્તા એક પરમાત્મા છે. એમની ઇચ્છાથી સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ...' સ્વામીશ્રીના જીવનના સઘળા પ્રસંગો આ સમજણની ધરીની આસપાસ ઘૂમતા રહે છે.

•

લંડનમાં સંસ્થાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે એવા જમીનના કેસમાં હારી ગયાનો ચુકાદો આવ્યો ને જાણે કંઈ જ બન્યું નથી એમ સ્વામીશ્રી બે જ મિનિટમાં સૂઈ ગયા. જ્યારે પૂછ્યું કે 'આપની આ અંગે શું લાગણી ?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જેવી ભગવાનની મરજી.'

ગાંધીનગરમાં 'અક્ષરધામ'નું બેનમૂન સર્જન સ્વામીશ્રીએ કર્યું. લાખો

લોકોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં. રાષ્ટ્રીય નેતા અડવાણીજીએ જ્યારે પ્રશંસા કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનની ઈચ્છાથી બધું થયું છે.'

'૭૪ની સાલમાં આફ્રિકાથી લીલા તોરણે પાછા આવવાનું થયું, ત્યારે સ્વામીશ્રીના શબ્દો હતા : 'જેવી ભગવાનની મરજી.'

વાણી તેવું વર્તન : અહંશૂન્ય જીવન

સ્વામીશ્રી કથામાં વારંવાર કહે છે : ''માન એક છે ને એને માંગનારા અનેક. વસ્તુ ઓછી હોય ને એની ડિમાન્ડ વધી જાય પછી શું થાય ? મારામારી. એમ જગતમાં માનને લીધે જ અશાંતિ છે. માટે ભગવાનના ભક્તે માનને ઈચ્છવું નહીં. 'જેના નિર્માની ભગવાન, એના જનને કેમ જોઈએ માન ?''

અનંત સન્માનોની વચ્ચે ઘેરાયેલા સ્વામીશ્રી જ્યારે આ ઉપદેશ આપે છે ત્યારે કોઈ વિરોધાભાસ અનુભવાતો નથી, કારણ કે સેંકડો લોકોએ તેઓને પગે ચાલીને જતા કે ગાડામાં, ખટારામાં કે પછી જ્યારે જે હાથ લાગ્યું એમાં બેસીને જતા જોયા છે. ગાદી ઉપરથી ઊતરીને સૌની સાથે ઘઉં વીણતાં કે ચંદનની ગોટી વાળતાં પણ એમને છોછ થયો નથી. શેઠિયાઓની ગાડીમાંથી ઊતરીને રિક્ષામાં બેસતાં એમનું મુખ મ્લાન થયું નથી.

સ્વામીશ્રીને સન ૧૯૭૪માં લુસાકાથી લંડન જવાનું હતું. લંડનના એક કાર્યકરની એવી ઈચ્છા કે સ્વામીશ્રીનો મોભો જળવાવો જોઈએ. તેથી એવો આગ્રહ કે સ્વામીશ્રી ફર્સ્ટ ક્લાસમાં જ આવે.

પરંતુ સ્વામીશ્રીની પૂરેપૂરી અનિચ્છા. તેઓનો વિચાર એવો કે 'ફર્સ્ટમાં બેસો કે ઈકોનોમીમાં, પહોંચવાનું છે તો એક સાથે જ ને !'

છતાં ફર્સ્ટ ક્લાસની ટિકિટો લેવાઈ ગઈ, પણ નીકળવાનું હતું એ જ દિવસે ઈથોપિયામાં કટોકટી સર્જાઈ. શાસક હેલ સેલાસી વિરુદ્ધ બળવો ચાલુ હતો. તેણે અચાનક ઉગ્ર સ્વરૂપ પકડતાં ઈથોપિયાની સરકારના પ્રધાનો કે જેઓ ઈમરજન્સી મિટિંગ માટે લુસાકામાં હતા તેઓને તાત્કાલિક ઈથોપિયા પરત જવું અનિવાર્ય થઈ ગયું, પરંતુ તેઓ માટે ફર્સ્ટ ક્લાસની કોઈ ટિકિટ બચી નહોતી. તેથી વિમાનના સત્તાવાળાઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'અમારે પ્રધાનોને ફર્સ્ટ ક્લાસમાં બેસાડ્યા વગર છૂટકો નથી. આપને અમે ઈકોનોમીમાં બેસાડીશું, પણ સંભાળ ફર્સ્ટ ક્લાસ જેવી રાખશું. ઊતરતી વખતે

ફર્સ્ટ ક્લાસની કેબિનમાંથી ઉતારીશું.'

આ સાંભળી સ્વામીશ્રી રાજી થઈને બોલ્યા : 'અમે તો ઇચ્છતા જ હતા. તમે જે કર્યું છે એ બરાબર જ છે.'

સ્વામીશ્રીએ વિમાની સત્તાવાળાઓની વિનંતીને પોતાના મોભા સામે પડકાર ના માન્યો, પણ પ્રસન્ન મુખે તેઓને સહકાર આપ્યો !!

નિર્માનીપણાના તેઓના ઉદ્‌ગારો તેઓની જીભ પરથી નહીં પરંતુ જીવમાંથી આવે છે.

વાણી તેવું વર્તન : કર્મઠ જીવન

સ્વામીશ્રીની પ્રેમ-સરવાણી કલકલ કરતી કહે છે : 'આ દેહને ખાસડા જેવું કરી નાંખવું. દેહ તો નાશ પામવાનું છે માટે એનો ઉપયોગ લઈ લેવો. સૂંઢેલ (ઢાલિયો) બળદ હોય એને ખેડૂત કેવો ખેડી લે ! એમ દેહ પાસેથી કામ લઈ લેવું...'

સ્વામીશ્રીના આ શબ્દોનો તેઓના કર્મઠ જીવન સાથે ગજબનો તાલમેલ જોવા મળે છે. તેના એક સાક્ષી દેવચરણ સ્વામી એક સ્મૃતિનોંધમાં કહે છે :

'અમદાવાદ રાતે દસ - સાડા દસે પહોંચ્યા. સંસ્થાના સેક્રેટરી રસિકભાઈ ને મગનભાઈ સાથે લીંબડાના ઝાડ નીચે પથરા ઉપર બેઠા. તે રાતના અઢી વાગ્યે શયન કરવા ગયા. સવારે શ્રીજીપુરા જવા બસ સ્ટેશને પહોંચ્યા. ત્યાં નાયકાનો એક ખટારાવાળો મળ્યો. તે અને સ્વામીશ્રી એકબીજાને ઓળખે. એ પણ નાયકા જ જતો હતો. પણ ખટારો દૂર હતો. સ્વામીશ્રીના હાથમાં પત્તરની ઝોળી ને બગલમાં ઓશીકું. પાછળ અમે. પછી રસિકભાઈ ને મગનભાઈ ને છેલ્લે દરબાર હકાભાઈ. ખટારામાં બેસી નાયકા પહોંચ્યા. રાતે બળદની ગમાણ સામે ખુલ્લી ઓસરીમાં ગાદલું નાંખીને સૂવાનું. રાત આખી મોટા ઉંદરો ધમાચકડી મચાવતા. કંતાનનું માળિયું હતું. ફાટેલા કંતાનમાંથી રોજ બે-ચાર ઉંદરો તો સ્વામીશ્રી પર પડતા જ. મને બીક લાગતી. ઊંઘ ન આવતી. પગ પાસે ફાનસ બળતું હોય ને બાજુમાં સેંકડો મણ ડાંગરનો ઢગલો, પણ તેમાં સ્વામીશ્રી તો ઘસઘસાટ સૂઈ જતા.'

સ્વામીશ્રીએ ભીડાભક્તિની વાતો વર્તનની વ્યાસપીઠ પર બેસીને કરી છે. દલપતરામે કહ્યું છે કે –

'સહેલી છે સૌ કથવી કહેણી, અને મહાદુષ્કર છે રહેણી;
ખરી પરીક્ષા ન થઈ નિદાન, અસંત ને સંત દિસે સમાન;
વૈરાગ્ય ને જ્ઞાન તણી કથાય, સાધુ થઈને ઉચરે સદાય;
જ્યારે ઘણો આપતકાળ આવે, સાધુપણું તેહ સમે તજાવે;'

સ્વામીશ્રી ગમે તેવા આપત્કાળમાં પણ કર્મઠ રહ્યા છે. 'કથની તેવી કરણી' એ કહેવતના તેઓ જાણે માલિક છે !

વાણી તેવું વર્તન : સાક્ષાત્કારયુક્ત જીવન

સ્વામીશ્રીના સાદા શબ્દો પણ સૌમાં ભગવત્શ્રદ્ધાની ચિનગારી પ્રગટાવી જાય છે. જુઓ આ રહ્યો તેનો એક નમૂનો.

તા. ૧૦-૪-૨૦૧૧ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં હતા. તે વખતે ગુજરાત હાઈકોર્ટના સુપ્રસિદ્ધ ઍડવોકેટ, ગુજરાત સરકારના પૂર્વ ઍડવોકેટ જનરલ સુરેશભાઈ શેલત તથા તેમના જમાઈ દેવાંગભાઈ નાણાવટી દર્શનાર્થે આવ્યા હતા.

દેવાંગભાઈ ગુજરાત હાઈકોર્ટના એક નામાંકિત ઍડવોકેટ છે. તેમ જ ગુજરાત લૉ સોસાયટીના સેક્રેટરી છે કે જેમના ઇન્સ્ટિટ્યૂટમાં ૪૦,૦૦૦થીય વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેઓ થોડા જ વખત પૂર્વે ભારતના નામાંકિત અંગ્રેજી અખબાર 'ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' દ્વારા આયોજિત લીડરશીપની 'લીડ ઇન્ડિયા' પ્રતિયોગિતામાં સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમે આવ્યા હતા.

આ દેવાંગભાઈ દરરોજ રૂપિયા ૧,૦૦૦ની એક એવી બે સિગાર પીએ. આમ, દર મહિને રૂપિયા ૬૦,૦૦૦/-ની તો સિગાર પીતા. સિગાર પણ ખાસ ક્યુબાથી મંગાવતા. માંસાહારના પણ એટલા જ શોખીન હતા. વિશ્વમાં પ્રાપ્ય દરેક પ્રકારના માંસનો આહાર તેમણે કરેલો. પણ થોડા સમય પૂર્વે એમણે સ્વામીશ્રીના વચને આ બધું જ છોડી દીધું હતું.

તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'સન ૧૯૭૫માં દાદાએ મુંબઈમાં ૭ વર્ષની ઉંમરે મીટ ખવડાવ્યું હતું. દર વખતે મુંબઈમાં તાજ હૉટેલ કે બીજા કોઈ પણ શહેરમાં જઉં ત્યાં મીટ ખાતો. પણ હમણાં દિલ્હી ગયો ત્યારે હૉટેલમાં ૩૫ વર્ષ પછી પહેલી વાર વેજિટેરિયન મંગાવ્યું, ત્યારે બધાને આશ્ચર્ય થયું. કોઈએ પૂછ્યું પણ ખરું કે તમારી તબિયત તો સારી છે ને ?!'

દેવાંગભાઈએ આગળ જણાવ્યું કે "હમણાં રાજસ્થાનના બિકાનેરથી એક જ્યોતિષી આવેલા. તે મને કહે કે તમે કોઈ ગુરુ પાસેથી મંત્ર લઈ લો. મેં કહ્યું કે મારા ગુરુ તો પ્રમુખસ્વામી છે. આ જ્યોતિષી આપને ક્યારેય મળ્યા નથી, તોપણ આપનું નામ સાંભળીને તરત જ કહે, 'વો તો વચનસિદ્ધ પુરુષ હૈ. એમના આશીર્વાદ મળ્યા એટલે કાંઈ બાકી જ ન રહે.' માટે આપ મને મંત્ર આપો."

સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ મંત્ર જપવો.'

દેવાંગભાઈ કહે : 'આપની આજ્ઞાથી માળા તો હું રોજ કરું જ છું. વળી, રોજ સવારે જનમંગલ નામાવલીનો પાઠ પણ કરું છું.'

સુરેશભાઈ શેલતે પણ કહ્યું કે 'આપની કૃપાથી અમારે ત્યાં તો સ્વામિનારાયણ ભગવાન જ વસી ગયા છે.'

સંસ્કૃતમાં કહ્યું છે કે –

'यास्तेषां स्वैरकथा तान्येव भवन्ति शास्त्राणि...'

સહજપણે ઉચ્ચારાયેલા સ્વામીશ્રીના શબ્દો બુદ્ધિમંત શ્રીમંતોના જીવનમાં પણ શ્રદ્ધાના આવા દીવા પ્રગટાવે છે. તેનું કારણ એ છે કે સ્વામીશ્રી પ્રત્યક્ષપણે ભગવાનને જોઈને ભગવાનની વાત કરે છે.

એક વાર રાજકોટમાં એક યુવાને તેઓને પૂછ્યું : 'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે ?'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'કર્યાં છે ત્યારે તો આનંદ છે ને જોયા છે એટલે તો વાત કરીએ છીએ.'

'આપને તાદૃશ છે ?'

'હા, તાદૃશ જ છે...'

કબીરદાસે ગાયું છે : 'લોગ કહતે હૈં કાગઝ કી લેખી, હમ કહતે હૈં નૈનન કી દેખી.'

સ્વામીશ્રીના શબ્દો આ પ્રકારના છે. તે વાંચન કે વિચારની નીપજ નથી, પણ વર્તનનું પ્રતિબિંબ છે.

•

તા. ૮-૭-'૮૯ના રોજ સ્વામીશ્રી ન્યૂયોર્કમાં બિરાજતા હતા. અહીં એક હરિભક્ત તેઓના અમેરિકન મિત્રને સ્વામીશ્રી સાથે મુલાકાત માટે લઈ

આવ્યા. તે અમેરિકને સ્વામીશ્રીને સીધો જ પ્રશ્ન પૂછ્યો કે 'મારે જે પ્રશ્ન પૂછવા છે તેના ઉત્તર મારી બુદ્ધિમાં છે એ રીતે મળશે કે પછી એનાથી ઊંધા મળશે કે ૫૦-૫૦ ટકા મળશે ?'

આ સાંભળી સ્વામીશ્રીએ એના પર પ્રભાવ પાડવા 'તમે ધારો છો એ જ ઉત્તર આવશે' કે એવું અન્ય કાંઈ પણ કહ્યું નહીં, પરંતુ એટલું જ કહ્યું કે 'અમે તો ભગવાનને સંભારીને એમની પ્રેરણા પ્રમાણે ઉત્તર આપીએ છીએ.' સાથે સાથે એ પણ જણાવ્યું કે 'આ બુદ્ધિ તો માયાની બનેલી છે. એટલે આધ્યાત્મિક પ્રશ્નો તમારી બુદ્ધિમાં બેસે કે ન પણ બેસે. મોટા સંતો જે કહેતા હોય તે અનુભવથી કહેતા હોય છે.'

હા, સ્વામીશ્રી જે બોલે છે તે અનુભવથી બોલે છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ-૩૯માં કહે છે : 'આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા. આ તો અમારી અજમાવેલી વાત છે ને જેમ વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ.' સ્વામીશ્રીમાં પણ શ્રીજીમહારાજની જ આ પ્રકૃતિ ઝિલાઈ છે. સ્વામીશ્રીના શબ્દશર પણ આચરણના ધનુષમાંથી છૂટે છે.

'કો'કના વેણને વીણીવીણીને વીરા, ઉછી-ઉધારાં ન કરીએ;
હૈયે ઊગે એવી હૈયાની વાતને, ફૂલ જેમ ફોરમતી ધરીએ...'

એ સ્વામીશ્રીનાં કથા-કીર્તનનો સ્થાયી ભાવ છે.

વૈશ્વિક ભાષાના વ્યાખ્યાતા

વર્તનશીલ વક્તાનું મૌન પણ મહાવાણી બની જાય છે. ઋષિઓએ ખરું જ કહ્યું છે કે 'गुरोऽस्तु मौनं व्याख्यानं, शिष्यास्ते छिन्नसंशयाः ।' સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઘણી વાર એવું બને છે કે જે સ્વામીશ્રીની ભાષા નથી જાણતા તેને પણ આનંદ આવે છે. તેને પણ પોતાની સમસ્યાનું સમાધાન જડી જાય છે. ત્યારે લાગે કે સ્વામીશ્રીના શબ્દમાં રહેલાં આચરણ અને અનુભવનો જ આ કરિશ્મા છે.

તા. ૨૯-૧૦-૨૦૦૬ના રોજ સ્વામીશ્રી લંડન પધાર્યા હતા. અહીં તેઓના દર્શનાર્થે જર્મન યુવક મારકસ આવ્યો હતો. મદ્ય-માંસથી મુક્ત આ યુવાનની વાત સાંભળી સ્વામીશ્રી પણ રાજી થયા. સ્વહસ્તે તેને કંઠી બાંધી. તે

વખતે મારકસે પોતાનો અનુભવ જણાવતાં કહ્યું: 'હું આપના આશીર્વાદની CD લઈ ગયો છું. મને ભલે સમજાતું નથી પણ આપની વાણી સાંભળીને ખૂબ આનંદ થાય છે.'

તા. ૧૪-૭-૨૦૦૬ના રોજ સ્વામીશ્રી બોચાસણમાં હતા ત્યારે તેઓ પર એક વિશિષ્ટ પત્ર આવ્યો હતો. લંડનમાં બી.એ.પી.એસ. દ્વારા સંચાલિત સ્વામિનારાયણ સ્કૂલના એક અંગ્રેજ શિક્ષક એન્ડ્ર્યુ સ્ટુઅર્ટ બ્રાઉને આ પત્ર લખેલો. આશ્ચર્ય એ હતું કે એ પત્ર તેણે ગુજરાતી ભાષામાં લખેલો ! ગુજરાતીમાં એ પત્ર લખવા પાછળ ઘટના એવી ઘટેલી કે સ્વામીશ્રીના ગુજરાતી ભાષાના આશીર્વાદ જ્યારે બ્રાઉને સાંભળેલા તે તેને ખૂબ જ ગમી ગયેલા. ત્યારથી તેના મનમાં હતું કે સ્વામીશ્રી જે ભાષામાં સૌને આશીર્વાદ આપે છે એ ભાષા મારે શીખવી અને તેઓની જ ભાષામાં એક પત્ર લખવો. આ હેતુથી તેઓએ અંગ્રેજ હોવા છતાં ગુજરાતી શીખવાનો પ્રારંભ કર્યો અને તે પરિશ્રમના પરિણામરૂપે તેઓએ આ પત્ર ગુજરાતી ભાષામાં લખીને મોકલાવેલો. એ પત્રમાં તેઓએ લખેલું કે 'મને તમારા આશીર્વાદ બહુ જ યાદ આવે છે.'

પરભાષીઓ પર પડતા આવા પ્રભાવનું નિમિત્ત કોને ગણીશું ? સ્વામીશ્રીની વાણીને કે વર્તનને ? સ્વામીશ્રીના ઉચ્ચારને કે આચારને ? સ્વામીશ્રીની આચરણ ને અનુભવયુક્ત વાણી જ પરભાષીઓને પણ અસર કરી જાય છે.

કહેવાય છે કે 'Silence is a universal language.' – મૌન એ વૈશ્વિક ભાષા છે. તેમ આચરણ પણ વૈશ્વિક ભાષા છે. અણિશુદ્ધ આચરણવાળાને ભાષાનાં બંધન નડતાં-કનડતાં નથી.

સ્વામીશ્રીએ જ એક વાર કહેલું : 'મોટાપુરુષ સંશયહર્તા ને કલ્યાણકર્તા છે. આપણને થાય કે એ ક્યાં ભણેલા છે ? પણ એવું નથી. એમને બધી વસ્તુ હસ્તામલકવત્ છે. દુનિયાની તમામ ભાષાએ કરીને ભગવાનને જાણવાના છે. એ ભગવાન એમણે રાખ્યા છે, જાણ્યા છે ને ધાર્યા પણ છે.'

દુલા કાગે ગાયું છે કે –

'જીભ ન બોલે, બુદ્ધિ ન બોલે, બોલે ન વેદવિસ્તારજી;
આતમને તારા વાચા ઊપજી, ઝીલે સકળ સંસાર...
જોગી તારી વાણીની બલિહાર...'


સ્વામીશ્રીની વાણીને પણ આ દુહાઈ યોગ્ય છે.

આચરણ, અનુભવ અને અવિનાશીના અખંડ અનુસંધાનના ત્રિવેણી સંગમે પ્રગટતું સ્વામીશ્રીનું વાણીપ્રયાગ સાચે જ વિરલ છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે :

'કહેણી મીસરી ખાંડ હૈ, રહેણી તાતા લોહ;
કહેણી કહે ઔર રહેણી રહે, ઐસા વિરલા કો'ક.'

આવા વિરલ વક્તા સ્વામીશ્રીને વંદન વારંવાર !!!

❀ ❀ ❀



3

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

સરળ અને સચોટ અમૃતવાણી

હમણાં આપણે બધા તડકામાં બેઠા હતા.
એ ઘડીએ કેવું લાગ્યું ? અકળામણ અને દુઃખ લાગ્યાં ને ?
પણ પછી છાંયડો આવ્યો તો શાંતિ થઈ ગઈ.
એમ સંસાર-વ્યવહારમાં તડકા-છાંયડા આવવાના જ છે.
દુઃખ, મુશ્કેલી બધું જ થશે. ભગવાન ને સંત મળ્યા છે તો પણ દુઃખ આવશે,
પણ એમાં જો આત્મજ્ઞાન અને સમજણની દૃઢતા કરશો તો
તડકો જતો રહેશે અને ટાઢક થશે, શાંતિ થશે.
પછી તડકા અને છાંયડામાં સરખું લાગશે. બંનેમાં આનંદ રહેશે અને
ભગવાનની ભક્તિ કરીને સુખિયા રહેવાશે.

– પ્રમુખસ્વામી મહારાજ

સરમુખત્યારની ભાષા અને સંતની વાણી

ફૂલ પર મધમાખી આવીને બેસે તેમ જે આચરણના આસન પર બેસી, અનુભવની આંખે જોઈ ઉપદેશ કરે છે તેની વાણીમાં બે વિશેષતાઓ સ્વાભાવિકપણે આવીને વસે છે. એક સરળતા અને બીજી સચોટતા.

ચીનના મહાન તત્ત્વચિંતક કુંગ-ફુ-ત્ઝે(કન્ફ્યુશિયસ)ને કોઈએ પૂછ્યું : 'શાંત અને વ્યવસ્થિત સમાજ સ્થાપવા માટે સૌથી પહેલાં શું કરવું જોઈએ?'

પ્રશ્ન સાંભળી કન્ફ્યુશિયસ બોલ્યા : 'સૌથી પહેલાં તો એક શબ્દકોશ બનાવવો જોઈએ, જેમાં દરેક શબ્દનો ચોક્કસ અને સ્પષ્ટ અર્થ આપવામાં આવ્યો હોય.'

વિચારતાં લાગે છે કે કન્ફ્યુશિયસની વાતમાં વજૂદ છે, કારણ કે જેવા શબ્દો તેવી વ્યક્તિ. જેવી વાણી તેવો સ્વભાવ. જો શબ્દો અસ્પષ્ટ અને અર્થો અટપટા હશે તો વિચારો પણ એવા જ હશે. જો વિચારો અંધધંધ રહેશે તો વ્યક્તિ અને સમાજ પણ અંધાધૂંધીમાં અટવાતો ફરશે.

ચાલાક વક્તાઓ આ સીધા ગણિતનો ઊંધો લાભ ઉઠાવી 'अन्धेन नीयमाना यथान्धाः'(આંધળાથી દોરવાતા આંધળા)ની જેમ સમાજને પણ અવળા રવાડે ચડાવી દે છે અને પોતાનો સ્વાર્થ સાધી લે છે.

આનું ઉત્તમ ઉદાહરણ જો કોઈ હોય તો જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર. તેની સામે એક સમસ્યા હતી. જર્મન પ્રજા બુદ્ધિશાળી અને પદ્ધતિબદ્ધ હતી. નવો વિચાર સ્વીકારે તો બરાબર ચકાસણી કરીને સ્વીકારે, તર્કની કસોટીએ ચડાવીને સ્વીકારે, નહીં તો ન સ્વીકારે. તેથી 'જર્મન પ્રજા આખી દુનિયામાં સર્વશ્રેષ્ઠ પ્રજા છે, જર્મન લોહી બીજી પ્રજાઓના લોહીથી ભિન્ન છે, યહૂદી પ્રજા નીચ છે, આખી દુનિયાની સામે જર્મની એકલું યુદ્ધ જીતી શકે...' એવા પ્રથમ નજરે જ ખોટા ઠરતા ખ્યાલો બુદ્ધિશાળી તર્કપ્રિય જર્મનોની પાસે સ્વીકારાવવા શી રીતે? તેથી હિટલરે યુક્તિ કરી. શ્રોતાઓના તર્ક તોડવા તેણે પોતાનાં ભાષણોમાં ભાષાનું વ્યાકરણ તોડ્યું. વાક્યો બોલે તે અસંગત બોલે, લાંબાં બોલે, શરૂ થાય પણ પૂરાં ન થાય એવા બોલે, ઊલટાં-સૂલટાં બોલે, કર્તા-કર્મ-ક્રિયાપદનો ક્રમ અવગણીને બોલે. એટલે ભલભલા તર્કશાસ્ત્રી

સાંભળે તોય એનો અર્થ બેસાડી ન શકે અને સ્પષ્ટ અનુમાન કાઢી ન શકે, અને એની સાથે જોર, છટા, બૂમો, સૂત્રો, અભિનય, મુખમુદ્રા અને છેલ્લે તાળીઓનાં મોજાં. એટલે તાળીઓની સાથે શ્રોતાઓ ફકરાને અંતે આવનાર શબ્દો જ ફક્ત પકડે ને ગળી જાય. એ રીતે વિકૃત ને અસ્પષ્ટ, આંટીઘૂંટીવાળી વાક્યરચનાને તાલે અસ્વીકાર્ય ખ્યાલો પણ સ્વીકાર્ય બની જતા.

હિટલરની બીજી ભાષાકીય યુક્તિ હતી પ્રશ્નની. એક સામટા વીસ-પચીસ પ્રશ્નો વધતા જોશથી અને ગતિથી બોલતો જાય. પ્રશ્નમાં એવું હોય છે કે તે અદ્ધર રહે, હવામાં ઊડે, ખાલી ઘા કરે, જવાબ વગર રહે, એમાં શ્રોતાનું મન પાછું રૂંધાઈ જાય અને એ પ્રશ્નોના ધોધનું શું કરવું એ વિમાસણમાં એ છે એમાં છેલ્લાં સૂત્રો ધોધના માનસિક અવાજની સાથે એના મગજમાં પેસી જાય. પ્રશ્નમાં સીધું વિધાન ઢંકાઈ જાય. લાંબું લાંબું બોલે જેથી મન બહેર મારી જાય અને વિવેચનવૃત્તિ હરાઈ જાય.

હિટલરની ભાષાકીય યુક્તિના ફાધર વાલેસે કાઢેલા ઉપરોક્ત તારણના આધારે કહી શકાય કે જટિલ અને અસ્પષ્ટ ભાષા સરમુખત્યારોની હોય છે; પરંતુ સરળ અને સચોટ વાણી સંતોની હોય છે.

સ્વામીશ્રીમાં સંતવાણીનું આ લક્ષણ સતત ઝળકે છે.

રેંટિયો કાંતનારી ડોશી કે હળ ચલાવનારો ખેડૂત પણ સમજી જાય એવી સરળ ભાષા. ટૂંકાં વાક્યો. અવાજમાં આર્જવ. સમજાવવાની ધગશ સવાસો ટકા, પણ ઠસાવવાની વૃત્તિ લેશપણ નહીં. તેને કારણે વાણીમાં ક્વચિત્ કડકાઈ ડોકિયું કરી જાય, પણ તે શ્રોતાને ટટ્ટાર કરી દે, ટાળી ન દે. વિચારોની સ્પષ્ટતા પણ એવી કે સાંભળતાં જ સમજાતું જાય. શબ્દકોશ ઉઘાડવા જ ન પડે. પરસ્પર વિમર્શ-વિચારણાની પણ જરૂર ન રહે. પ્રવચન સાંભળીને શ્રોતા ઊભો થાય ત્યારે ઉકેલ અને ઉત્સાહ લઈને જાય; નહીં કે ઉચાટ અને ઉદ્વેગ, અવઢવ અને અશાંતિ. હા, આવો અનુભવ થાય તો સમજજો કે તમે પ્રમુખસ્વામી મહારાજની પ્રવચનરૂપી પ્રેમ-સરવાણીથી ભીંજાઈ રહ્યા છો.

કોઈકે ખરું કહ્યું છે : 'The greatest truths are the simplest, so are the greatest men.' – મહાન પુરુષોની જેમ મહાન સત્યો પણ સરળ જ હોય છે, પરંતુ વક્તાના અનુભવની કચાશ તેને જટિલ, કઠિન બનાવે છે.

કહે છે કે રોગને પારખવામાં નિષ્ફળ ગયેલા ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન

હંમેશાં લાંબું હોય છે. રીઢા ગુનેગારની જુબાની કદી ટૂંકી નથી હોતી. પ્રશ્નોને સમજવામાં ગોથું ખાઈ ગયેલા વિદ્યાર્થીનો ઉત્તર લંબાતો જ જાય છે. આ સૌને વાત લાંબે પટ્ટે ચઢાવી પોતાના અજ્ઞાન, વિચારશૂન્યતા, ભૂલ પર ઢાંકપિછોડો કરવાનો બદઈરાદો હોય છે.

અમેરિકન સેનાપતિ આઈઝન હોવરે સાચું કહ્યું છે : 'An intellectual is a man who takes more words than necessary to tell more then he knows.' – પોતે જાણે છે તેના કરતાં વધુ કહેવા માટે, જરૂર છે તે કરતાં વધુ શબ્દો વાપરે તે બુદ્ધિશાળી.

કશી જ લેવાદેવા વિના, વાતને વળ ચડાવતા રહેતા બુદ્ધિશાળીઓ પર આ કડવો કટાક્ષ છે. કહેવાતો બુદ્ધિશાળી ભાષા પર રીતસર જુલમ ગુજારે છે. કહેવાનું છે એથી ઊલટું અથવા કહેવાનું છે એથી વધારે કહેવા માટે, શબ્દોને એના મૂળ અર્થમાંથી દૂર લઈ જઈને, તોડીને, વાળીને, મસળીને, ગમે તે વિપરીત અર્થમાં પરાણે બેસાડે છે.

સ્વામીશ્રીની વાણી આવા ભાષાદોષથી સર્વથા અસ્પૃશ્ય છે.

સરળ શબ્દોમાં સદ્‌બોધ

તા. ૭-૧૦-૨૦૦૧ના રોજ અમદાવાદમાં 'વેસ્ટર્ન ટાઈમ્સ' અખબારના પત્રકાર શ્રી રામભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને પંચાંગ પ્રણામ કરી અહોભાવપૂર્વક તેઓ કહેવા લાગ્યા : 'આજે આપને સભામાં સાંભળ્યા. એટલું સુંદર, સરળ, હૈયા સોંસરવું ઊતરી જાય એવું વ્યાખ્યાન! ગામડા ગામના માણસને પણ હૃદયમાં ભાવ બેસે એવી વાણી. આનંદ આનંદ થઈ ગયો. એટલો પુલકિત થઈ ગયો! લખવાનું મારું કામ છે છતાં એ વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. 'असितगिरिसमं स्यात्...' જેવું લાગે છે.'

સ્વામીશ્રીની સરળ વાણીથી તે પત્રકાર રીતસર ઘાયલ અને પાગલ થઈ ગયા હતા.

કોલકાતામાં નટુભાઈ મોદીના ઘેર સ્વામીશ્રીનો ઉતારો હતો. તેઓના મકાન માલિક બજરંગદાસ સિંઘાનિયા ભાવિક અને મુમુક્ષુ. રોજ સવારે સ્વામીશ્રીનાં પૂજાદર્શન માટે આવે અને સ્વામીશ્રી પૂજા બાદ વાતો કરે તે સાંભળે. એક દિવસ તેઓના ઘેર સ્વામીશ્રીની પધરામણીનો કાર્યક્રમ હતો.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓ સહજભાવે બોલવા લાગ્યા : 'હું તો ગુજરાતી બહુ સમજતો નથી, છતાં આપ રોજ સવારે શાસ્ત્રો એટલી સરળ રીતે સમજાવો છો કે નાનાં છોકરાં પણ સમજી શકે. ગૂઢમાં ગૂઢ તત્ત્વ આટલી સરળ રીતે સમજાવવું એ નાની વાત નથી.'

ગુણાતીતાનંદ સ્વામીએ તેઓના ઉપદેશમાં કહ્યું છે : 'અમારે તો ઝીણી વાતું(ગૂઢ વાતો) છે તે તમને જાડી(સરળ) કરી દઈને સમજાવવી છે.'(૫/૨૧૮)

ગુણાતીતની વાતોની આ લટક આજે સ્વામીશ્રીની વાણીમાં પણ અનુભવાય છે.

તીથલમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન એક અન્ય સંપ્રદાયના પીઢ કાર્યકર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અબ્રામા ગામના રહેવાસી તેઓ ગામડે-ગામડે જઈ પ્રચારનું કાર્ય કરે છે. સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમે જે કાર્ય કરો છો એ પણ ભગવાનનું કાર્ય છે. આપનું સ્વાસ્થ્ય સારું રહે અને સારી સેવા થાય તે આશીર્વાદ છે.'

સ્વામીશ્રીની આવી વિશાળ ભાવના તો તેઓને સ્પર્શી જ ગઈ પણ તેઓએ કહ્યું : 'બનતાં સુધી તો રોજ હું આપની સભામાં આવું છું. આપની વાતો એટલી સાદી ને સીધી હોય છે કે તરત જીવમાં ઊતરી જાય છે.'

પ્રસિદ્ધ કવિ અને સિદ્ધહસ્ત સાહિત્યકાર શ્રી હરીન્દ્ર દવે પણ આવો જ સ્વાનુભવ કહેતાં બોલ્યા હતા : 'પ્રમુખસ્વામી મહારાજ જે કાંઈ વાતો કરે છે તેમાં તન્મયતા હોય છે. એમની સરળતામાં અજબની ગહેરાઈ હોય છે.'

સ્વામીશ્રીની ભાષાકીય સરળતાએ આવાં તો કંઈક પર કામણ પાથર્યાં છે.

સરળ ભાષામાં સદ્‌બોધ એ ભગવાન સ્વામિનારાયણની આગવી શૈલી હતી. ભગવાન સ્વામિનારાયણનાં 'વચનામૃત' વાંચીએ ત્યારે સમજાય છે કે ઘરેલું દૃષ્ટાંતોના સહારે સરળ વાણીમાં તેઓએ શાસ્ત્રોના નિગૂઢ સિદ્ધાંતોને ઘરઆંગણામાં રમતા કરી દીધા છે. ખેતરમાં મહેનત કરતા ખેડૂત અને કૂવા પર ફરતા કોશને તો કેવો નિકટનો નાતો! બસ, તેથી તેના જ આધારે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૨૫માં ભગવાન સ્વામિનારાયણે ભગવાનમાં વૃત્તિ રાખવાની વાત સહજ રીતે સમજાવી દીધી છે. આત્માનું અટપટું જ્ઞાન તે સમયમાં અવારનવાર નજરે ચઢતી બરછીની તીખી અણીના આધારે ભગવાન

સ્વામિનારાયણે એવું સરળતાથી સમજાવ્યું છે કે શાસ્ત્ર ખોલવાની પણ જરૂર ન રહે.

જાણીતા ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાલા યથાર્થ નોંધે છે કે –

'વચનામૃતની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાક્યરચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે તેવાં દૃષ્ટાંતોવાળી છે. એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દનો જ ઉપયોગ દેખાશે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે.'

ભગવાન સ્વમિનારાયણની આ સરળ અને સચોટ વાક્શૈલી સ્વામીશ્રીમાં પણ સાદ્યંત દેખાય છે.

અગમ બન્યું સુગમ

માનવમસ્તિષ્કની મોટામાં મોટી નીપજ ગણાતા ઉપનિષદના ગહન-ગંભીર જ્ઞાનને સ્વામીશ્રી રોજબરોજની ભાષા અને દૃષ્ટાંતો દ્વારા એ રીતે સમજાવે છે કે શીરાની જેમ વાત ગળા નીચે ઊતરી જાય.

આજની સંસ્કૃતિને નીતિવિદોએ 'Culture of vultures' (ગીધસંસ્કૃતિ)ની ઉપમા આપી છે. રવિશંકર મહારાજ વાત કરતા કે ગીધ શિકાર ખાવા બેસે ત્યારે બંને પાંખો પ્રસારીને ખાય, જેથી ઉપર ઊડતા બીજા કોઈ પક્ષી તેમાં ભાગ પડાવવા ન આવે. જે કંઈ છે તે પર મારું જ આધિપત્ય, અધિકાર હોય તે આજની માનવવૃત્તિ થતી ચાલી છે, પણ તે દુઃખનો માર્ગ છે. તેથી ઉપનિષદ આપણને રોકતાં-ટોકતાં કહે છે :

'ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत्।
तेन त्यक्तेन भुञ्जीथाः, मा गृधः कस्यस्विद् धनम्॥'

– તમે ત્યાગીને (બીજાને આપીને) ભોગવો. ગીધ (જેવા લોભી) ન બનો. આખરે આ ધન કોનું છે ભલા ?!

ઈશોપનિષદના મંગલાચરણમાં સમાયેલા આ જ્ઞાનની સરળ સમજૂતી આપતાં સ્વામીશ્રી કહે છે :

'આપણા મોંમાં એક કોળિયો મૂકીએ છીએ એની પાછળ બીજા કેટલાયનો સહકાર અને અધિકાર છે એનો વિચાર કરો. ભગવાને દાણા

ઉગાડ્યા છે. ખેડૂતે મહેનત કરી છે. વૃક્ષોનાં લાકડે હળ બન્યાં છે. મજૂરોએ પરસેવો પાડ્યો છે. વેપારીઓ એ અનાજ દુકાનમાં લાવ્યા છે અને ત્યારપછી તમારા ઘરે અનાજ આવ્યું છે ને તમે જમી રહ્યા છો. એટલે તમારા કોળિયા ઉપર તમારા એકલાનો અધિકાર ન સમજવો. ભગવાનનું છે ને ભગવાન આપે છે તો બીજાને વહેંચીને ખાતાં શીખવું.'

ઉપનિષદના મર્મનું કેવું સરસ અને સરળ નિવેદન !

'રામની ભોંમાં રામની ખેતરવાડીએ જી,
આપણા નામની અલગ છાપ ન પાડીએ જી;
રામની વાડી ભોગવવી ભાઈ, હકનાં પાઈ નીર,
સૌને વ્હેંચી ચાખવી આપણે, રામનાં ફળની ચીર;
આપણાં ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી...'

એ ઉશનસ્‌ની પંક્તિઓમાં જેટલી પ્રાસાદિકતા છે તેટલી જ સ્વામીશ્રીના ગદ્યમાં પણ દેખાય છે કે નહીં ?!

•

કોઈકની વ્યંગવાણી છે કે – 'ભારતનું રાષ્ટ્રીય પક્ષી મોર છે. રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે. રાષ્ટ્રીય ચિહ્‌ન ત્રિમુખી સિંહપ્રતિમા છે. તેમ રાષ્ટ્રીય રોગ આળસ છે.'

રોજેરોજ લાખો માણસોના કરોડો કલાકોને આળસનો એરુ આભડી જાય છે. પરિણામે, લોકોપયોગી યોજનાઓ ખોરંભાય છે અને દેશ ખોડંગાય છે.

વિખ્યાત ધારાશાસ્ત્રી-અર્થશાસ્ત્રી નાની પાલખીવાલાએ પોતાના પુસ્તક 'અમે, ભારતના લોકો'માં ઉલ્લેખ કર્યો છે કે –

'ભારતની યોજનાઓના અમલમાં ઢીલ ન થઈ હોત તો –

(૧) રાષ્ટ્રીય આવકમાં દર વર્ષે ₹ ૧,૨૦,૦૦૦ કરોડનો વધારો થયો હોત.
(૨) નિકાસમાં દર વર્ષે ₹ ૯,૬૦૦ કરોડની વૃદ્ધિ થઈ હોત.
(૩) અનાજનું ઉત્પાદન દર વર્ષે ૫.૪ કરોડ ટન વધારે થયું હોત.
(૪) ૧.૪૪ કરોડ વધુ રોજગારીઓ સર્જાઈ હોત.
(૫) માથાદીઠ આવક ત્રણ ગણી વધી હોત.'

આવું વિનાશક પરિણામ ન આવે તે માટે ઉપનિષદે કહી જ રાખ્યું છે :

'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः...' કર્મ કરતાં કરતાં અહીં

સો વર્ષ સુધી જીવવાની ઇચ્છા રાખો. સો વર્ષેય જીવનમાં આળસ ઘૂસવી ન જોઈએ એવા કર્મશીલ આપણે થવાનું છે.

ઉપનિષદના આ મંત્રને સમજાવતાં હોય તેમ સ્વામીશ્રી બોલ્યા છે :

'જોષથી મોટો કોશ, ને કોશથી મોટો વરત;
જો આખો દિ' મહેનત કરે, તો તેને મળે તરત...'

જ્યોતિષના ચોપડા સામું આખો દિ' જોઈ રહે એનાથી કંઈ વળે નહિ. જોષથી તો મોટો કોશ છે. કોશ ચલાઈને, હાથમાં વરત (દોરડું) લઈને ખેતી કરવા માંડે તો ઘરે ધાનના ઢગલા થાય. શાસ્ત્રોમાં પુરુષાર્થનો મહિમા ખૂબ છે. લોકો કહે છે કે ધર્મ આપણને શિથિલ બનાવે છે, પણ ધર્મ ક્યારેય બેસી રહેવાની વાત કરતો નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને શાસ્ત્રોએ પુરુષાર્થ કહ્યો છે. જે કંઈ કરો એ ધર્મને સાથે રાખીને અને મોક્ષમાં સહાયભૂત થાય એ રીતે કરો.'

ઉપનિષદના શ્લોકમાં સુગ્રથિત થયેલી કર્મની પ્રેરણા અહીં સ્વામીશ્રી કેવી સરળતાથી ખેડુની ભાષામાં રજૂ કરી રહ્યા છે! અભણનેય અઘરું ન લાગે તેવું કેવું આ શાસ્ત્રનિરૂપણ !!

બાલસભા હોય કે વડીલસભા, ઉત્સવસભા હોય કે પ્રાર્થનાસભા, સામે બે શ્રોતા હોય કે લાખ શ્રોતા હોય, બાજુમાં હળપતિ બેઠો હોય કે રાષ્ટ્રપતિ - આત્મા-પરમાત્માની વાત કર્યા વિના સ્વામીશ્રીનું પ્રવચન પૂરું થાય જ નહીં.

આ વિષયક વાત કરતાં સ્વામીશ્રી કહેતા હોય છે : 'આપણને એમ છે કે પૈસા, સત્તા, પદાર્થ, સ્ત્રી બધું મળી જાય તો સુખી થઈ જવાય, પરંતુ જે કંઈ સુખ છે કે આનંદ છે એ તો અંદર પરમાત્માનો વાસ છે એને લઈને છે. મડદા આગળ પૈસાનો ઢગલો કરો એને શું આનંદ? ગમે એટલી રૂપાળી સ્ત્રી હોય પણ એનું શું સુખ? મડદાને ગમે એટલું શણગારો એનો એને હરખ થવાનો છે? બે ભાઈબંધ હોય ને રાત-દિ' ભેગા જ રહેતા હોય, પણ એક મરી જાય પછી બીજાને કહીએ કે 'આજની રાત ભેગો રૂમમાં સૂઈ જા.' તો કહેશે : 'ના ભઈ ના! રાત્રે ઊઠીને બાઝી પડે તો?' લ્યા! રાત-દિ' ભેગા રે'તા ત્યારે આવો વિચાર ન'તો ને હવે કેમ એમ થયું? રાતોરાત મડદાને બહાર કાઢે. એટલે જ્યાં સુધી અંદર આત્મા છે ત્યાં સુધી જ સુખ ને શાંતિ છે.'

ઉપનિષદમાં પડઘાતા આત્મવિદ્યાના મંત્રો જેવા કે –

न वाऽरे वित्तस्य कामाय वित्तं प्रियं भवति...
न वाऽरे पत्युः कामाय पतिः प्रियो भवति...
न वाऽरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति...

आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति।નું સ્વામીશ્રીના ઉપદેશમાં કેવું સરળતાથી વિવરણ થયેલું જણાય છે!

'મહાભારત'ના 'સ્વર્ગારોહણપર્વ'ના પાંચમા અધ્યાયના ૪૭ થી ૫૦ – એ ચાર શ્લોકો 'ભારતસાવિત્રી' કહેવાય છે. 'મહાભારત'ની રચના કર્યા બાદ વ્યાસે શુકદેવને તે સંભળાવેલા. આ 'ભારતસાવિત્રી'માં ધર્મને દૃઢાવતાં વ્યાસ ઉચ્ચરે છે :

'ऊर्ध्वबाहु विरोम्येष न च कश्चित् शृणोति मे।
धर्माद् अर्थश्च कामश्च स किमर्थं न सेव्यते॥
न जातु कामान्न भयान्न लोभाद्, धर्मं त्यजेत् जीवितस्यापि हेतोः।
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये, जीवो नित्यो हेतुरस्य त्वनित्यः॥'

– કામ, લોભ, ભયના યોગે કે જીવનના ભોગે પણ ધર્મ ન છોડશો; કારણ કે જીવ અને ધર્મ નિત્ય છે, જ્યારે સુખ-દુઃખ અને સંજોગો અનિત્ય છે. માટે જ હું હાથ ઊંચા કરીને, રાડો પાડીને કહી રહ્યો છું કે ધર્મથી જ અર્થ અને કામ(મનોરથ)ની સિદ્ધિ થાય છે. તો તે ધર્મનું શા માટે સેવન નથી કરતા?

મહાભારતના મહાઆકાશમાં ગાજેલી વ્યાસવાણીના એ પીડિત પોકારને ધરતી પર ચાલનારા માનવીના જીવનમાં ઉતારતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા છે : "ધર્મની રીતે કમાયેલો સૂકો રોટલો પણ શાંતિ આપશે. કોઈને ત્રાસ આપીને કે પડાવીને લીધું હશે એમાં કદાચ બહાર ફરતો લાગતો હશે, એમ પણ લાગે કે આ કેટલો સુખી હશે! પણ અંતરમાં શાંતિ નહિ હોય. એવાને રાત્રે ઊંઘ પણ ન આવે. અમથી બારી ખખડે તોય ઊભો થઈને જોઈ આવે : 'કોઈ છે તો નહિ ને!' જે કમાણીથી ઊંઘ જાય, શાંતિ જાય એ કમાણીનો અરથ શું?"

અહીં જોઈ શકાય છે કે વ્યાસવિચારનું કેવું સરળ ભાષાંતર સ્વામીશ્રીએ કર્યું છે!

મહર્ષિ અરવિંદે ક્યાંક કહ્યું છે કે 'Sense of infinite is native to the Indian mind.' – મનોમસ્તિષ્કમાં ઝટ બેસે નહીં તેવી અગમ-નિગમની

વાતો તો ભારતીયો માટે સાવ ઘરગથ્થુ છે.

પરંતુ ભારતીયોએ મેળવેલી આ સિદ્ધિના મૂળમાં સ્વામીશ્રી જેવા સંતોનો લોકબોલીમાં અપાયેલો આવો સરળ ઉપદેશ છે. સ્વામીશ્રીની સરળ વાણી અગમને સુગમ કરી દેનારી છે.

હા, સ્વામીશ્રી ક્યારેય વાતને કુંડાળે ચડાવતા નથી. વાણીને વાઘા પહેરાવવાની તેઓની પ્રકૃતિ નથી, કારણ કે સ્વામીશ્રીને મન ભાષા, વાણી એ બીજાને આંજવાનું ઓજાર નથી પણ માંજવાનું સાધન છે.

સમાજને આજે આવી જ ભાષાની ભૂખ છે, તે સમજાવતાં ફાધર વાલેસ કહે છે : 'સરળ ભાષાની ક્રાંતિ હાલ પોકારાય છે. સીધું બોલો અને સ્પષ્ટ કહો. સાંભળતાં જ ખબર પડે એવી રીતે બોલો. એ સર્વ માનવીઓનો મૂળભૂત અધિકાર છે. સાંભળેલી ને વાંચેલી વાત સમજવાનો અધિકાર છે. આપણે ગુજરાતી જાણીએ છીએ અને સામેનો માણસ ગુજરાતીમાં બોલે તો વચ્ચે દુભાષિયાને રાખ્યા વગર એની વાત સમજવાનો અધિકાર છે. જંતરમંતર ભલે જાદુ કરવા માટે કામ લાગે - વાતચીત કરવા માટે નહીં.'

આગળ તેઓ ઉમેરે છે : 'લોકો તમારી વાત સમજે એ તમારે જોઈએ ? જો ફક્ત લોકોને પ્રભાવિત કરવા હોય તો બહેતર છે કે ભરતનાટ્યમ્ શીખો અને એના કાર્યક્રમો રાખો. ભાષા એ વટ પાડવા માટે નહીં ને મનોરંજન કરાવવા માટે નહીં, પણ સમજવા અને સમજાવવા માટે છે. પેન લખવા માટે છે, ખમીસની શોભા વધારવા માટે નહીં. જો પેન સોનાની હોય પણ એમાંથી શાહી નહીં નીકળે તો એ શોભાની બની જાય, પણ લખવાનું સાધન મટી જાય. કેટલાક લોકોની ભાષા ઘરેણું જ છે, સંપર્કનું સાધન નહીં.

'કન્યાનું મોં સારું હોય તો લગ્ન પ્રસંગે એને આભૂષણોથી ઢાંકવાની જરૂર નથી ને એમ કરવું યોગ્ય પણ નથી. એનું રૂપ એ એનું સાચું આભૂષણ છે. રૂપ ન હોય ત્યારે જ આભૂષણોનો આશરો લેવો પડે. ભાષાનું પણ એવું જ છે. જો ભાષાની સાચી રુચિ હોય, સૂઝ હોય, શૈલી હોય તો એ આપોઆપ શોભે અને ખીલે અને આકર્ષક લાગે. ભાષા જો કૃત્રિમ અલંકારોથી ભરાય તો એની મૂળ કાંતિ ઢંકાઈ જાય. ભાષા જરૂર સમૃદ્ધ જોઈએ પણ ભાષાની સમૃદ્ધિ ભારે શબ્દોમાં નહીં, સરળ નૈસર્ગિક કલાસૂઝમાં છે. કન્યાનું મોં સારું છે, તો એ જ સીધું જોવા દો ને !'

બરાબર છે. સ્વામીશ્રીએ કદી વાગ્દેવીનું વદન શણગાર્યું નથી. કારણ કે, કવિ કાલિદાસ કહે છે – 'किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम्।' – જે સ્વભાવથી જ મધુર છે તેને આભૂષણનું શું કામ? સ્વામીશ્રીની વાણી નૈસર્ગિક રીતે જ આકર્ષક છે. તેઓને વાણીને વાઘા પહેરાવવાની જરૂર રહેતી જ નથી.

'એક પછી એક અળગા કીધાં સર્વે અલંકાર;
ગીત મારાંને શું હવે શણગાર? શું અહંકાર?'

વેધક વાણી

એક વાર મુંબઈમાં સ્વામીશ્રી સભામાં ઉદ્‌બોધન કરી રહેલા :

'લોકો કહે છે, 'ગધેડા જેવો છે... ગધેડાનો સ્વભાવ ભૂંકવાનો ને લાત મારવાનો... એટલે બધા એને યાદ કરે... પણ બીજું કંઈ નહીં. ભલે અક્કલ ઓછી હોય પણ એ બીચારો વેજિટેરિયન છે. એને જ્યાં બાંધો ત્યાં બંધાઈ જાય એવો નિઃસ્પૃહી ને તમાકુના ખેતરમાં પેસે તોય તમાકુને અડે નહીં. અરે! સૂંઘેય નહીં... એય સમજે છે કે તમાકુ ખાવા જેવી નથી ને આપણે માણસો ખાધે જ રાખે છે... ગધેડા કરતાંય આપણે ઊતરતા થયા ને?! એમાં શું ખાવાનું છે? શું ફાયદો?... પણ માણસ એની આગળ સાવ લાચાર બની જાય છે...'

સ્વામીશ્રીના આ પ્રવચનની સમાપ્તિ સાથે જ સભામાં બેઠેલા ચંદુભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા ને બોલ્યા : 'આપે ગધેડાની વાત કરી એ મારા અંતરમાં એવી સોંસરી ઊતરી ગઈ કે આજથી તમાકુ ન ખાવાનો નિયમ લઉં છું.'

જી હા, સ્વામીશ્રીની વાણી સરળ છે પણ નમાલી નથી. તે સચોટ છે. વેધક છે.

તા. ૯-૨-'૮૯ના રોજ અટલાદરા મુકામે આવેલા ગુજરાતના પૂર્વમંત્રી શ્રી મણિભાઈ વાસણવાળા સ્વામીશ્રીની વાણી સાંભળી બોલી ઊઠેલા :

'સ્વામીશ્રીના પ્રવચનની પાછળ રહેલી સ્પષ્ટતાએ જાણે જાદુ કર્યો છે.'

તા. ૬-૬-૨૦૦૭ના રોજ સ્વામીશ્રી મોમ્બાસામાં બિરાજમાન હતા. આરામનો સમય થઈ ગયો હોવાથી સ્વામીશ્રી પલંગ પર બિરાજ્યા હતા. દૂર ઊભેલા એક સંનિષ્ઠ હરિભક્તને સ્વામીશ્રીએ જોયા એટલે નજીક બોલાવ્યા. તેઓનો વિશાળ કારોબાર હતો. સત્સંગમાં જોડાણ પણ સારું હતું, પરંતુ ક્યાંક ખૂણેખાંચરે વહેમ રહી ગયો હોવાથી વારે વારે તેઓ તાંત્રિકો પાસે જઈ

આવતા હતા. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ હતો, એટલે અત્યારે તેઓને પાસે બોલાવી કહેવા લાગ્યા : 'તમારું બધું જ બરાબર છે, પણ હવે નિષ્ઠા બરાબર રાખવી. શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે અને સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. આ વાત જીવમાં દૃઢ કરી દેવી અને એના સિવાય બીજો કોઈ આશરો કરવો નહીં. કોઈ આવે તો એને જય સ્વામિનારાયણ કહેવા, પણ બીજી-ત્રીજી માળાઓ પહેરવાની જરૂર નહીં.'

સ્વામીશ્રી આટલું બોલી રહ્યા ત્યાં તો તેઓએ પોતાના ગળામાં વિવિધ રત્નો લટકાવેલાં તે બધાં જ તાત્કાલિક કાઢી દીધાં ને કેવળ કંઠી જ રાખી.

સ્વામીશ્રીની સરળ વાણી પણ કેટલી ચોટદાર હોય છે તેનો સૌને અનુભવ થયો.

•

સ્વામીશ્રીની ભાષામાં અભિગમની એક આગવી સૂઝ રહેલી છે. શબ્દને સ્વામીશ્રીની આ સૂઝનો સાથ સાંપડે છે ત્યારે તે સચોટ બની જાય છે અને ધાર્યું નિશાન પાડે છે.

લંડનમાં એક યુવકનું કોરું કપાળ જોતાં સ્વામીશ્રીએ જે વાણી વહાવી હતી તેમાં તેમની આ કોઠાસૂઝનું દર્શન થાય છે. સ્વામીશ્રીએ તે યુવકને સંબોધતાં કહેલું : "કપાળ ઊંચું કર! કશું નથી! સાવ ખાલી. લગ્ન કરવાં ગયો ત્યાં મોઢું ધરી દીધું. ચાંદલો થયો તે સાસુને રાજી કરી લીધાં. તમારી દીકરી આપી તે તમને ધન્યવાદ! અને ભગવાને જન્મ આપ્યો, સુખ આપ્યું તેનો ચાંદલો કરવામાં પાછું પડવાનું? ભગવાનની પ્રાર્થના કરવી, માળા કરવી, ચાંદલો કરવો, સત્સંગ કરવો તેમાં શરમ શું? સત્સંગ છે, ધર્મ છે તે આપણને ખોટું કરતાં અટકાવે. લોકો કહે : 'તિલક-ચાંદલાવાળો અહીં ક્યાંથી આવ્યો?' કેટલાક ભૂંસીને જાય. ભલા માણસ, ભૂંસશ શું કામ? ભગવાનને રાજી કરવા માટે છે. ભજન કરવું, કથાવાર્તા કરવી, સત્સંગ કરવો તેમાં શરમ ન રાખવી. નિધડક રહેવું અને કહેવું : 'અમે સ્વામીના છીએ.' આ લોકોએ (બ્રિટિશરોએ) દોઢસો વર્ષ રાજ્ય કર્યું પણ પોતાની રીતભાત કે બીજું બધું કંઈ મૂક્યું નથી. માટે કોઈ કંઈ કહી જાય તો રાજી થવું. અને છાતી કાઢીને કહેવું, 'અમે સ્વામિનારાયણ!' યોગીજી મહારાજનો આશરો થયો. ઉત્સાહ ને કેફ વાત કરવામાં રાખવા ને નિયમ-ધર્મ દૃઢ રાખવા."

સ્વામીશ્રીના આ શબ્દોએ એ યુવકની નસેનસમાં ગરિમા ભરી દીધી. તે તત્ક્ષણ તિલક-ચાંદલો કરવા પ્રતિબદ્ધ થઈ ગયો.

દલપતરામ કહે છે :

'જે સમજે જેવી રીતથી, તેને સમજાવીએ તેમ;
બહેરો તો સમજે સાનમાં, ત્યારે કરીએ લવારો કેમ?
બાળક આગળ બોલીએ, ત્યારે બનીએ બાળકરૂપ;
ભૂ બઉઓ તાતા ભાખીએ, ભલે હોઈએ ભણેલા ભૂપ...'

સ્વામીશ્રી જેવી વ્યક્તિ તેવી વાણી વહાવી સૌને પરિશુદ્ધ કરે છે. અહીં યુવા માનસને સંસ્કારિત કરવા તેનું હૈયું કબૂલ કરે તેવી કેવી કુશળતાથી સ્વામીશ્રી બોલી રહ્યા છે!

•

પરદેશમાં એક પ્રસંગે 'હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ...' કીર્તનનું નિરૂપણ કરતાં સ્વામીશ્રી જે બોલેલા તેમાં તેઓની સચોટ વાણીનો એક આગવો અંદાજ માણવા મળે છે. સ્વામીશ્રીએ કહેલું :

'હરિગુણ ગાતાં દુરિજનિયાનો ધડક ન રાખવો. લોકો ભલે ગમે તેમ બોલે પણ મનમાં ક્ષોભ ન રાખવો. કોઈ કહે મંદિરમાં શું ગયા? ભગતડા! અમને પણ કહે છે. મહારાજના સંતોને પણ મુંડિયા કહેતા અને ગામમાંથી બહાર કાઢતા. મશ્કરી કરતા. માટે આપણે ધડક ન રાખવો. આત્મકલ્યાણ માટે સત્સંગ કરીએ છીએ તો છાતી કાઢીને સત્સંગ કરવો. કેટલીક વખત પૂજા કરવામાં બીક લાગે. કોઈ જોઈ જશે તો શું કહેશે? તિલક-ચાંદલો કરતાં પણ બીક લાગે છે હજી. આપણે મંદિરનાં પગથિયાં ઘસી નાંખ્યાં ને વાતો પણ ઘણી સાંભળી. લગ્નમાં કેમ તરત જ માથું ધરી દઈએ છીએ? લૌકિક સંબંધોમાં વાંધો નથી તો આ ભગવાન સાથેનો સંબંધ છે. વેપાર, ધંધા, મકાન કોઈને ન ગમે તો શું કાઢી નાંખીએ છીએ? નરસિંહ અને મીરાંએ છડેચોક ગાયું છે. લાજ રાખવી ભગવાનના હાથમાં છે...'

અહીં સ્વામીશ્રીની ભાષા માયકાંગલાને પણ મજબૂત કરી દે તેવી સચોટ સંભળાય છે કે નહીં?! ગમે તેવા મોળા મનની માંદગીને ફંગોળી મૂકે તેવો સ્વામીશ્રીની વેધક વાણીનો એક વધુ ચમકારો જોવો હોય તો સુરતમાં પારાયણ પ્રસંગે તેઓએ ઉચ્ચારેલી આ વાણી વાંચો. સ્વામીશ્રીએ કહેલું :

'પૂજા ઘણા કરે છે. ઉત્સાહથી બધાએ હમણાં હાથ ઊંચા કર્યા પણ પછીથી ચાલુ કરવા માંગતા હોય તેવા ઓછા હતા. એમ લાગ્યું હશે કે વસમું પડશે! પણ આમાં વસમું પડે એવું કશું છે જ નહીં. ભગવાન આમાં રાજી થાય છે. આપણે કરીએ તેમાં કોઈનું નુકસાન તો કરતા નથી. તો પછી હિંમત શા માટે ન રાખવી? સોનાનો દોરો કેટલા ઉત્સાહથી પહેરીએ છીએ. જ્યારે આ તો અક્ષરધામની કંઠી છે. મંદિરે આવીએ ને લોકો ભગત કહે એમાં શરમ લાગે, પણ એમાં ખોટું શું છે? ભગત થયા એમાં આબરૂ ગઈ કે વધી? થોડા દા'ડા માણસ બોલે, પણ એમ તો લોકોને ના ગમે એટલે શું કપડાં કાઢીને ફરવું? સત્સંગ કરીએ એ યોગ્ય જ છે એમ માનીને કરીએ તો વાંધો ન આવે. લોકો કરતાં ભગવાનને આ વસ્તુ ગમે છે કે નહીં તે જોવું. જેને રાજી કરી જેની પાસે જવું છે એનું જોવું. બાકી દુનિયા તો ગમે એટલું કરો પણ રાજી નહીં થાય. સત્સંગીને વારેવારે કહેવું શું? પૂજા કરવાની જ હોય. એની દૃઢતા કરી જ નાંખવી. એમાં કોઈ દુઃખ નથી...'

માનવીના મનમાં ખૂણેખાંચરે પડેલા ક્ષુદ્ર વિચારોને વેરવિખેર કરતી સ્વામીશ્રીની વાણી અહીં કેવી સંગીનતાથી વહી રહેલી જણાય છે! કહેવાનું મન થાય છે કે સ્વામીશ્રીની વાણીનું શ્રવણ એટલે જાણે મનનું સ્નાન. તે સાંભળ્યા પછી મન સ્વચ્છ અને તાજગીસભર બની જાય છે.

સંસ્કૃત સાહિત્યમાં કવિ અશ્વઘોષ સ્વલિખિત ખંડકાવ્ય 'સૌન્દરનન્દ'માં લખે છે : 'दुर्लभं तु प्रियहितं स्वादु पथ्यमिवौषधम्।' – સ્વાદિષ્ટ પણ હોય અને રોગનિવારક પણ હોય એવું ઓસડ દુર્લભ છે.

સ્વામીશ્રીની વાણીમાં આ દુર્લભ સમન્વય સધાયેલો જોવા મળે છે. તે સાંભળવી ગમે તેવી સરળ અને મધુર છે. સાથે સાથે ભ્રમને ભાંગીને ભુક્કો કરે તેવી સચોટ ને વેધક પણ છે.

તર્કશુદ્ધ અને તર્કબદ્ધ

સંસ્કૃત સુભાષિત કહે છે કે –

'वासः शुभ्रं ऋतुः वसन्तसमयः वाणी तर्करसोज्ज्वला...' અર્થાત્ વસ્ત્ર તો શ્વેત જ, ઋતુ તો વસંત જ અને વાણી તો એ જ કે જે તર્કના રસથી ઉજ્જ્વળ થઈ હોય.

સ્વામીશ્રીની વાણી આવી તર્કરસિત હોય છે. તેથી જ સચોટ પુરવાર થાય છે.

તા. ૨૮-૭-૨૦૦૧ના રોજ વિદ્યાનગરના બી.એ.પી.એસ. છાત્રાલયના યુવકોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સત્યમેવ જયતે કે અસત્યમેવ જયતે' વિષયક પરિસંવાદ પ્રસ્તુત કર્યો હતો. અંતે આ પરિસંવાદનો નિર્ણય આપવા સ્વામીશ્રીને વિનંતી કરવામાં આવી. તે વખતે સ્વામીશ્રીએ જે વાગ્ધારા વહાવેલી એ ભારતના રાષ્ટ્રીય સૂત્ર 'સત્યમેવ જયતે'ની એક પ્રભાવક મીમાંસા સમી હતી.

જોશ, જોમ અને જુસ્સાના ત્રિવેણી સંગમે પ્રગટેલી એ વાણીની વિદ્યુતશક્તિ તો જુઓ :

''અસત્યમેવ જયતેની રજૂઆત વખતે તાળીઓ વધારે પડી. એ પણ આજનો રંગ છે. આજનો પ્રભાવ છે... પણ એમાં ખુશ થવા જેવું નથી. તાળીઓ પાડવા જેવી નથી.

''અવતારો, મહાપુરુષોએ કદી અસત્યનું આચરણ કર્યું નથી. અસત્યથી કુટુંબ, સમાજ, રાષ્ટ્રમાં ક્લેશ થાય છે. એ સિવાય એમાં કંઈ મળતું નથી. રાજકારણીઓ અસત્યનું આચરણ કરે છે તો અત્યારે દેશમાં શાંતિ, વિકાસ થતો નથી. જે અસત્યનું આચરણ કરે છે તેને અંતરમાં અશાંતિ રહે છે જ. ભલે બહારથી ફડાકા મારતો હોય પણ અંદર મૂંઝવણ થાય છે કે મેં અસત્યનું આચરણ કર્યું. એ જ બતાવે છે કે અસત્યથી અશાંતિ છે. જેમણે સત્યનું આચરણ કર્યું છે તેની જ ગાથાઓ લખાઈ છે. અસત્ય આચરનાર પર લોકોને પ્રેમ થતો નથી. કંઈ ભાવના થતી નથી. રામ, કૃષ્ણ વગેરે પ્રત્યે લોકોને અંતરથી ભાવના થાય છે, કારણ, એમણે સત્ય આચર્યું.

''આપણા આ મૂળ સંસ્કારો છે. વેદોના સમયથી આપણને સત્યની જ વાત મળી છે, અસત્યની નહિ. અસત્યથી દૂર જ રહેવા કહ્યું છે. અસત્યનું પ્રતિપાદન કરશો તો બધા એવા થશો. કદી સુખ-શાંતિ નહિ થાય. અસત્યનું આચરણ કરનારને અશાંતિ કેટલી ? નાસભાગ કરવી જ પડે. એના જ વિચારો આવ્યે રાખે. અસત્ય આચરનારના મનને તો અશાંતિ છે, દુઃખ છે જ, પણ સમાજને પણ નુકસાન છે. ગંદકીમાં બેસવાનો વિચાર આવે ? તેમ આ ગંદકી જ છે. ગમે તેટલો વૈભવ, સમૃદ્ધિ મળે, પણ તે અસત્યથી મળેલું છે એટલે

ગંદકી જ છે. તેની દુર્ગંધ આવ્યા જ કરે...

''સત્ય આચરનારને કદાચ પોતાને દુ:ખ આવશે પણ હજારોને શાંતિ થશે અને તેને પોતાને પણ શાંતિ રહે કે મેં સારું અને સુશીલ કાર્ય કર્યું છે. આપણે ભગવાનનો આશરો કર્યો છે. યોગીજી મહારાજ જેવા સંત મળ્યા છે, તો વિચારવું કે આ ભગવાનને, યોગીજી મહારાજને અને મારા કુટુંબને માન્ય નથી. હજારો માણસને દુ:ખી કરીને જીવે તે માણસ નથી, હજારો માણસને સુખી કરીને જીવે છે તે માણસ છે. ભગવાનનું લોકો ભજન કરે છે તેનું કારણ એમણે સત્યનું આચરણ કર્યું છે, અનેકને સુખી કર્યા છે.

''ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે ગમે તેટલી પ્રાપ્તિ થાય પણ જો તે અધર્મની રીતે પ્રાપ્ત થતું હોય તો તે ન આચરવું. આવા મહાન પુરુષોનાં વચન સત્ય છે. ખોટા માણસોનો આધાર લઈએ તે પ્રમાણ ન કહેવાય. પ્રમાણ તો આપણાં ધર્મશાસ્ત્રો અને મહાપુરુષોએ વાત કરી છે તેનું લેવાનું હોય. જેણે માણસોને મારી નાંખ્યા હોય તેનું પ્રમાણ લેવાનું હોય?

''અસત્ય તે રાજ્ય, સમાજ ને ધર્મની રીતે દૂષણ છે. તેનાથી નુકસાન જ છે. થોડું પણ સત્યનું આચરણ સારું છે. એક ટીપું પણ ઝેર મારી નાંખે ને એક ટીપું અમૃત માણસને અમર બનાવી દે છે. અસત્યનું પ્રતિપાદન હોય તેવાં પુસ્તકો ન વાંચવાં, એવું જોવું નહિ, એવું સાંભળવું પણ નહિ. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, દયા, પરોપકાર જેવા શુભ ગુણો કેળવવા, જેથી ભગવાન રાજી થાય ને સમાજ પણ સુખી થાય. અસત્યનું બોલનારા પર બહુ તાળીઓ પડે. એક પણ તાળી પડવી જ ન જોઈએ. તાળીઓ પડી એટલે સત્યને આપણે સમજ્યા જ નથી. યોગીજી મહારાજને જે ગમે છે તે આપણે કરવું છે. આપણું મનધાર્યું નહિ. આપણને સમજાય કે ન સમજાય, પણ યોગીજી મહારાજે કહ્યું તેમ જ આપણે કરવાનું છે. યોગીજી મહારાજે કદી પણ ખોટું કર્યું નથી. પોતાનું ખરાબ કરનારનું, અહિત કરનારનું પણ સારું કર્યું છે. એમણે નાનપણમાં પણ ભણવામાં ચોરી કરી નથી. આપણે ચોરી કરીને પાસ થઈએ તો એનો શો અર્થ? માટે અભ્યાસમાં સાચું કરવું. નોકરીમાં સાચું કરવું. ધંધામાં સાચું કરવું. પૈસાની મહત્તા નથી, સત્યની મહત્તા છે, ધર્મની મહત્તા છે. અસત્યની વાત જીવમાં ઘાલશો નહિ. એ વાતને સાંભળીને એનો પ્રચાર કરશો નહિ.''

'શક્કર ઘોલે જૂઠ કી, ઐસે મિત્ર હજાર;
ઝેર પિલાવે સાચકો, એ વિરલા સંસાર...'

સત્યનું મંડન અને અસત્યનું ખંડન અહીં કેવી ધારદાર રીતે થયું છે! સત્યની કટુ વાતો પણ શ્રોતાના ગળે ઉતારી દે તેવી સચોટ પ્રવચનપટુતા સ્વામીશ્રી પાસે છે.

•

તા. ૧૫-૭-૨૦૦૭ના રોજ અમેરિકાના જેક્સનવીલમાં સ્વામીશ્રીનો સત્સંગલાભ માણવા આવેલા કેટલાક યુવકો વેજિટેબલ સેન્ડવિચ ખાવા બહાર ગયા હતા, તે સમાચાર સ્વામીશ્રીને મળ્યા. આજ્ઞાપાલનના અસિધારાવ્રતના હિમાયતી સ્વામીશ્રીને આ ન રુચ્યું. તેથી તે સૌને એકત્ર કરી સ્વામીશ્રીએ કહ્યું : 'આટલી બધી શિબિર થઈ ને હજી કહેવું પડે કે બહારનું ન ખાવું? આપણે કરવાનું જ છે. બહારનું ખાવાનું જ નથી. આટલું કર્યા પછી પણ જો આવું મન થાય તો શિબિર ફેલ થઈ કહેવાય. આપણે જો ચસમપોશી કરતા હોઈએ તો પછી બીજાનું તો પૂછવું જ શું? માટે આજથી જ નક્કી કરો. એક જ વિચાર, એક જ રસ્તો, એક જ વસ્તુ – આપણે બહારનું ખાવું જ નથી.'

સ્વામીશ્રી આટલું જ બોલ્યા તેટલામાં તો એકેએક યુવાનનું હૃદય વીંધાઈ ચૂક્યું હતું. તેમાંથી પ્રગટેલા પશ્ચાત્તાપના પવિત્ર ઝરણાને આંખમાં ભરી સૌ યુવાનો જોરથી બોલ્યા : 'આજથી બિલકુલ બંધ.'

સ્વામીશ્રીની સચોટ વાણીએ ધાર્યું નિશાન પાર પાડ્યું હતું. છતાં સ્વામીશ્રી કહે : 'જો બીજા ખાતા હોય તો એ બધા હાથ ઊંચો કરો. શિબિરમાં આટલી વાતો થઈ એ ખાલી ખાલી નથી થઈ. અમુક સિદ્ધાંત તો જીવમાં ઊતરી જ જવા જોઈએ. બધા હાથ ઊંચો કરો. ખોટો ખોટો કરતા નહીં. કરવું હોય તો જ કરજો. આટલી મહેનત કરીએ તે માથે ન પડવી જોઈએ. અહીં શિબિરમાં કેટલો ખર્ચો કર્યો? એ માથે ન પડવો જોઈએ.'

સ્વામીશ્રીની વાત સાંભળી સામે બેઠેલા સૌ હાથ ઊંચો કરીને બહારનું ન ખાવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા.

કવિ માઘ કહે છે :

'विरोधिवचसो मूकान् वागीशानपि कुर्वते।
जडानप्यनुलोमार्थान् प्रोवाच कृतिनां गिरः॥'

– 'સિદ્ધહસ્ત પુરુષોની વાણી પોતાથી વિરોધી વિચારધારા ધરાવનાર વાક્પટુને પણ મૂંગામંતર કરનારી ને પોતાને અનુકૂળ વિચારધારા ધરાવનાર બોબડાને પણ બોલકા કરનારી હોય છે.'

માઘના વિધાનની આ સત્યતા સ્વામીશ્રીની સચોટ વાતો સાંભળતાં અનેક વાર સાકાર થયેલી જણાય છે.

•

એક વાર સ્વામીશ્રીના વિદ્યાનગર ખાતેના રોકાણ દરમ્યાન છાત્રાલયના એક વિદ્યાર્થી સંદીપને સ્વામીશ્રીએ તિલક-ચાંદલો કરવાની વાત કરતાં કહ્યું : 'તિલક-ચાંદલો કરવામાં તને વાંધો શું છે? તને કોઈ ના પાડતું હોય તો તેને અમે વાત કરીએ.'

સંદીપે છટકબારી શોધતાં કહ્યું : 'મનમાં એવું રહે છે કે કરવો તો વ્યવસ્થિત કરવો.'

સ્વામીશ્રી તેનો પલાયનવાદ પારખી ગયા અને બોલ્યા : 'એ તો કરીશ તો જ વ્યવસ્થિત થવાશે. ભણવા બેઠો તો આવડ્યું ને! એક વાર કરવા માંડીશ એટલે મનોબળ વધશે.'

સ્વામીશ્રીના કહેવા છતાં તેણે દલીલ ચાલુ રાખી : 'અમે ટૂર પર જઈએ ત્યાં જમવામાં લસણ-ડુંગળીનો પાઉડર નાંખેલો હોય છે. ખબર જ ન પડે. ખાધા વગર છૂટકો જ ના થાય. ત્યારે એમ થાય કે તિલક-ચાંદલો ન કરવો સારો.'

આ સાંભળતાં સ્વામીશ્રીએ તરત વળતો ઘા કર્યો : 'તને આ ન કરવાનો વિચાર આવે છે એ કરતાં પેલું ખાવા જેવું નથી એ વિચાર કર ને! એવું આવે ત્યારે એક દા'ડો ઉપવાસ કરી નાંખવો. દૂધ પર રહેવું. શરીર તો ટકશે જ. આપણે તો દૃઢતા રાખવી. મંઇ (ખાદ્ય પદાર્થમાં) ડુંગળી હોય કે ન હોય, બહારનું ખાવું જ નહીં. દૂધ ને બીજા પર તો મહિના સુધી રહેવાય. આ તો આસક્તિ હોય છે એટલે ખવાય છે. બાકી વાંધો આવે તેમ નથી.'

સ્વામીશ્રીની તર્કબદ્ધ અને તર્કશુદ્ધ સચોટ વાણી સામે સંદીપ આખરે માત થઈ ગયો. તેણે તિલક-ચાંદલાનો નિયમ ઉત્સાહથી સ્વીકાર્યો.

'श्लक्ष्णेन वचसा कांश्चित्कांश्चित्परुषया गिरा।
कांश्चिदाभ्यामुपायाभ्यां स विनिन्ये विनायक: ॥'

– કેટલાકને કોમળ વચનથી તો કેટલાકને કઠોર વચનથી તો કેટલાકને


બંને ઉપાયથી વિનાયકે (બુદ્ધે) દીક્ષિત કર્યા.

ઉત્તમ ઉપદેશક કેવી રીતે શિષ્યને ઘડે છે તેનું વર્ણન આ શ્લોકમાં છે. સ્વામીશ્રી પણ ગોલીટો અને ટપલાનો આધાર લઈ પૂર્ણ માનવકુંભ ઘડે છે. તેઓની વાણીમાંથી ટપકતી સરળતા, મધુરતા ગોલીટો છે, વેધકતા ટપલાને ઠેકાણે છે.

સરળતા અને સચોટતાનાં નીર ભરી વહેતો સ્વામીશ્રીનો વાક્‌પ્રવાહ, કાકા કાલેલકરની ભાષામાં કહીએ તો શરીરને રોગ અને દુર્બળતાથી મુક્ત કરતો; બુદ્ધિને ખોટા જ્ઞાન અને વિચારોથી મુક્ત કરતો; મનને લાલચ, ભય અને ક્ષુદ્ર સ્વાર્થ જેવી કુવાસનાઓથી મુક્ત કરતો; હૃદયને કઠોરતા અને ખોટી લાગણીઓથી મુક્ત કરતો; આખા મનુષ્ય સમાજને પ્રાકૃતિક, સામાજિક, આર્થિક, રાજકીય, બૌદ્ધિક વગેરે સર્વ દાસ્યોમાંથી મુક્ત કરતો; રસવૃત્તિને વિલાસમાંથી, શક્તિને મદમાંથી ને આત્માને કૃપણતા કે અહંકારના પંજામાંથી મુક્ત કરતો નવખંડ ધરામાં ખળખળ કરતો વહી રહ્યો છે. તેને કાંઠે બેસી નીરખવા કરતાં માંહી પડી ધન્ય થવા જેવું છે. કારણ કે,

'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો...'

❀ ❀ ❀



પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

સંક્ષિપ્ત અને સારગર્ભ અમૃતવાણી

“

'ભગવાન બધે જ છે, બધે વ્યાપેલા છે,

એમ જીવ-પ્રાણીમાત્રમાં પણ રહે છે.'

આ જ્ઞાન દૃઢ થાય તો પછી બીજાને દુ:ખી કરવાનું રહે જ ક્યાં ?

બીજાને મારવા જઈ શકાય જ કેમ ?

બીજાના પૈસા શું કામ લૂંટવા જોઈએ ?

બીજાને શું કામ હેરાન કરીએ ?

તમારા ઘરમાં ક્લેશ શા માટે થાય ?

સમાજમાં ક્લેશ શા માટે થાય ?

દરેકમાં ભગવાન જુએ તો બધું જ દિવ્ય દેખાય અને

ખોટું થાય જ નહીં, રાગ-દ્વેષ પણ થાય નહીં.

- પ્રમુખસ્વામી મહારાજ

”

એક સંસ્કૃત સુભાષિત કહે છે :

'अनन्तशास्त्रं बहुलाश्च विद्या, अल्पञ्च आयुः बहुविघ्नता च।
यत्सारभूतं तदुपासनीयं, हंसो यथा क्षीरमिवाम्बुमध्यात्॥'

– 'શાસ્ત્રો અનંત છે. વળી, એક એક શાસ્ત્રમાં અનેક વિદ્યાઓ છે. તેની સામે આયુષ્ય અલ્પ અને વળી અનેક અવરોધયુક્ત છે. માટે હંસ જેમ પાણીમાંથી દૂધરૂપી સાર ગ્રહણ કરી લે છે, તેમ મનુષ્યે પણ જે સારભૂત છે તે પકડી લેવું જોઈએ.'

આ સુભાષિતકારને કહેવાનું મન થાય છે કે વાત તમારી સાચી, પણ શાસ્ત્રસાગરનું દોહન કરી સાર સંભળાવે એવો કોણ છે એ તો કહો? કોણ છે ઘાસની ગંજીમાં ખોવાઈ ગયેલી સોય શોધી લાવે એવો? છે કોઈ જે ટ્રક ભરેલી રેતીમાં વેરાઈ ગયેલી પાશેર ખાંડ અલગ તારવી આપે?

એક વાર એવું બન્યું કે 'પંડિતો વાસ્તવિકતાથી અજાણ હોય છે અને પોતાની વધુ પડતી ચિકિત્સકવૃત્તિને કારણે બિનજરૂરી મત-મતાંતરોથી પીડાય છે, નાની નજીવી બાબતો વિશે પણ વિદ્વાનો કશું જાણતા નથી,' – તેવું કહેતા ફરનાર એક સંતને પાઠ ભણાવવાનો નિર્ણય પંડિતપરિષદે કર્યો. તખ્તો ગોઠવાયો. એ સંતને જણાવવામાં આવ્યું કે 'તમે તમારી વાતની સત્યતા પુરવાર કરો, નહીં તો આ બકવાસ બંધ કરો.'

આ સાંભળી એ સંત ઊભા થયા. પાસેના ઓરડામાંથી એક રોટલી લઈ આવ્યા. 'આ રોટલી છે' તેવું પોતાના હાથમાં લખી રાખેલી ચિઠ્ઠી જમીન પર રાખી તે ઉપર તેમણે રોટલી મૂકી અને સામે બેઠેલા પંડિતોને સવાલ કર્યો : 'આ શું છે?'

પહેલા પંડિતે કહ્યું : 'આ ખોરાક છે અને અન્નબ્રહ્મ છે.'

બીજો કહે : 'આ ઘઉંના લોટ ને પાણીના મિશ્રણથી બનેલો ખોરાક છે.'

ત્રીજો તાડૂક્યો : 'આ ગોળ, વણેલી ને શેકી કાઢવામાં આવેલી કણક છે.'

ચોથાએ ચલાવ્યું : 'ઈશ્વરે જીવન ટકાવવા આપેલી આ મૂલ્યવાન ભેટ છે.'

પાંચમાએ પ્રત્યુત્તર પૂર્યો : 'આમજનતામાં વાપરવામાં આવતો રોજિંદો

ખોરાક છે.'

છઠ્ઠાએ રાગ છેડ્યો : 'આ પદાર્થ રોટલી જેવો હોવાથી તેનો તેવો બીજો અર્થ કરી શકાય.'

સાતમાએ સૂર રેલાવ્યો : 'તત્ત્વદૃષ્ટિએ જગત અસાર ને મિથ્યા હોવાથી આ પદાર્થ પણ માયાનું રૂપ છે.'

આ સાંભળતાં જ, 'રોટલી જેવી સામાન્ય ચીજ માટે પણ પંડિતો સાર કાઢી શકતા નથી ને એકમતિ સાધી શકતા નથી, માટે મારી ટીકા વાજબી છે;' તેવું કહેતાં પેલા સંત ઊભા થઈ ચાલતા થયા.

સારહીન વાતો કરતા કેવળ વાતોડિયા વક્તાઓ પર આ ઘેરો ઘા છે. સારાંશ પકડવા અનુભવની આંખ જોઈએ. અનુભવી ઉદ્‌ગાતા જ સારને સંક્ષેપમાં ઉચ્ચારી શકે. સ્વામીશ્રી એવા આચરણશીલ અને અનુભવી સંત છે. તેથી જ તેઓની સહજપણે રેલાતી વાણીમાં પણ શાસ્ત્રોના સારનું ખૂબ સંક્ષેપમાં રહસ્યોદ્‌ઘાટન થતું જ રહે છે. તેઓ સૂત્રોમાં શાસ્ત્રો સંભળાવી દે છે.

બિંદુમાં સિંધુ

મહાભારતકાર કહે છે :

'तर्कोऽप्रतिष्ठो श्रुतयो विभिन्ना नैकोमुनिर्यस्य वचः प्रमाणम्।
धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः॥'

– જેમ અંધારી ગુફામાં અમાસની રાતે કાળું કપડું શોધવું અઘરું છે તેમ ધર્મનો મર્મ પામવો પણ અઘરો છે.

કોઈકે કહ્યું છે : 'ધર્મ પાણીમાં ભીની થયેલી સાબુની ગોટી જેવો છે.' જેમ જેમ પકડવા જઈએ તેમ તેમ સરકતો જાય.

ઈતિહાસ કહે છે કે –

''સન ૧૦૯૫થી ૧૨૭૦ સુધી આઠ મુખ્ય ક્રુસેડ્સ ખ્રિસ્તીઓએ કર્યાં. ક્લેરમન્ટમાં પોપ અર્બન બીજાએ સમિતિ બોલાવી પ્રથમ ક્રુસેડનો નિર્ણય લીધો અને 'ભગવાનના અંતરની વાત જાણનારાઓએ' લલકાર ઝીલી લીધો. 'Dieu li volt.' (God wills it) – ભગવાનની આ ઈચ્છા છે) લાખો હણાયા. સન ૧૨૧૨માં આ ઝનૂન એટલું વધ્યું કે બાર વર્ષની સરેરાશ વય ધરાવતાં

૩૦,૦૦૦ ભૂલકાંઓ જર્મનીથી ક્રુસેડમાં નીકળી પડ્યા. ફ્રાંસથી ૨૦,૦૦૦! ફ્રાંસના બાળકોની આગેવાની લીધી હતી એક ભરવાડના બાર વર્ષના સ્ટીફન નામના બાળકે! 'દરિયો બે ભાગમાં વહેંચાઈ જશે,' – એણે બાંયધરી આપી! કાંઈ ન થયું. વહાણના બે માલિકોએ સાત વહાણમાં બધાને ભર્યાં. બે વહાણ ડૂબી ગયાં. બચેલા બીજાં બાળકો ઈજિપ્ત ને ટ્યુનિશિયામાં ગુલામ તરીકે વેચાયાં. જર્મનીમાં બાળકોને રસ્તામાં વરુઓએ ફાડી ખાધાં. કેટલાક ભૂખે મર્યા અને કેટલાક ગુલામ થયા.

"કોલંબસની પાછળ પાછળ અમેરિકા ગયેલા બેનિડિક્ટિન (Benedictine) પાદરીઓએ દાવો કરેલો કે એમણે એકલા હેઈટી(Haiti)માં જ મૂળ પ્રજાના દેવોની ૧,૭૦,૦૦૦ પ્રતિમાઓ તોડી હતી. મેક્સિકોના ગ્વાં દ' ઝુમરાગા નામના બિશપે સન ૧૫૩૫માં ૨૦,૦૦૦ મૂર્તિઓ ને ૫૦૦ જેટલાં મંદિરો ધ્વંસ કર્યાનું નોંધ્યું છે. 'ધ ગોવા ઈક્વિઝિશન'માં સત્તાવાર યાદી સાથે ઉલ્લેખ છે કે ગોવા વિસ્તારનાં ૧૩૧ ગામોમાં ૬૦૧ મંદિરોનો ખ્રિસ્તીઓએ નાશ કર્યો.

"एकं सद् विप्रा बहुधा वदन्ति' – 'એક સત્યને ઋષિઓ અનેક રીતે કહે છે'ની ભાવના ફેલાવનાર મીમાંસકો, बहुधाના અર્થને પામી ન શક્યા અને પરિણામે બુદ્ધની કરુણા પર પાંગરેલો ધર્મ અગ્નિકુંડમાં જઈ પડ્યો. 'શાસ્ત્રાર્થમાં અમને જીતી ન શકે તો ચર્ચા કરતા બૌદ્ધ સાધુએ અગ્નિસ્નાન કરવું અને જે તે રાજ્યમાંથી એમની હકાલપટ્ટી કરવી' એવી શરત લઈને મીમાંસકોએ શાસ્ત્રાર્થ જીતવા માંડ્યા. અસંખ્ય બૌદ્ધ ભિક્ષુઓ બળી ગયા, જેમાંના કેટલાય વિદ્વાનો ન હતા.

"મહાવીર તથા બુદ્ધ પણ વીસરાયા અને વેદોનું ખંડન કરવા જૈનો અને બૌદ્ધોએ યુક્તિ-પ્રયુક્તિઓનો આશરો લીધો. કુમારિલ ભટ્ટને પર્વત પરથી પડવું પડ્યું – વેદોની સત્યતા સાબિત કરવા. એવું પણ નોંધાયું છે કે જ્યારે કુમારિલ ભટ્ટ બૌદ્ધો પાસે ભણવા રહ્યા ત્યારે 'આ આપણા માટે હાનિકારક નીવડશે' એમ માનીને એમને ઊંચી અગાસી પરથી નીચે ફેંકી દેવામાં આવ્યા. ધર્મના રક્ષણ માટે વૈષ્ણવોએ 'નાત બહાર'નું શસ્ત્ર ઉગામ્યું. કોઈએ મેલી વિદ્યા તો કોઈએ હત્યાકાંડ, કોઈએ કાવાદાવા તો કોઈએ રાજ્યાશ્રયની રમત."

આમ, ધર્મનો મર્મ સમજવામાં સૌ ખત્તા ખાતા રહ્યા છે ત્યારે સ્વામીશ્રી

કહે છે : 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ ધર્મ.'

સ્વામીશ્રીની આ વ્યાખ્યામાં સમગ્ર વિશ્વનું હિતચિંતન છે. સ્વામીશ્રીએ સમજાવેલો આ 'ધર્મ'-સાર કેટલો બળવત્તર છે એ તો ઓક્સફર્ડ ડિક્શનરી વાંચીએ ત્યારે ખ્યાલ આવે. સ્વામીશ્રીએ કહેલી ધર્મની આ ટચૂકડી વાત સમજાવવા એ ડિક્શનરીને 'રિલિજન' શબ્દ હેઠળ બાસઠ શબ્દોમાં ધર્મની વ્યાખ્યા કરવી પડી છે. સ્વામીશ્રીની વાણી કેટલી સંક્ષેપસભર અને સારગર્ભા છે તે સહેજે સમજાય છે.

થોડાં વર્ષો પૂર્વે પ્રકાશિત થયેલી એક આંકડાકીય માહિતી અનુસાર છેલ્લાં ૧૫ વર્ષમાં ધર્મની ગેરસમજને કારણે થયેલી નાની-મોટી ટક્કરોમાં

શ્રીલંકામાં	૨૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
ઈઝરાયલમાં	૧,૭૧૦ લોકો મૃત્યુ પામ્યા
ભારતના કાશ્મીરમાં	૧૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
પૂર્વીય તિમોરમાં	૧,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
તાઝિકિસ્તાનમાં	૪,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા અને દોઢ લાખ લોકો બેઘર થયા.
ઉત્તર આયર્લૅન્ડમાં	૩,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
ઈરાનમાં	૧૦,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
દક્ષિણ ઈરાકમાં	૭,૫૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
ક્રોએશિયામાં	૬,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
બોસ્નિયામાં	૨,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
લિબિયામાં	૧,૧૪,૨૪૦ લોકો મૃત્યુ પામ્યા
સુદાનમાં	૨,૫૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
અફઘાનિસ્તાનમાં	૧૦,૮૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા
તિબેટમાં	૧૦,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા

અધૂરિયાઓ અને અણસમજુઓએ ધર્મ શબ્દને કેવો વિકૃત અને વરવો બનાવી મૂક્યો છે તેનો આ દસ્તાવેજ છે. આવા સમયે શાણપણની ધજા ફરફરાવતો ધર્મસાર સંભળાવતાં સ્વામીશ્રી બોલ્યા છે : 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.' ધર્મ વિષયક કેટલી સંક્ષિપ્ત, કેટલી સારભૂત અને છતાં કેટલી પ્રસ્તુત સમજ ફૂટી નીકળી છે પ્રમુખસ્વામી મહારાજના મુખેથી!

સ્વામીશ્રીએ આપેલો આ સાર-સંક્ષેપ કદી કટાય તેવો નથી.

•

ધર્મની જેમ જ્ઞાનને વર્ણવતાં સ્વામીશ્રી ઘણી વાર કહે છે : 'ખપમાં આવે એ જ્ઞાન.' અહીં પણ 'જ્ઞાન'ની કેવી સારગર્ભ છતાં સંક્ષિપ્ત સમજ સ્વામીશ્રીએ આપી દીધી છે! હવા તો ચોતરફ હોય જ છે, પરંતુ શ્વાસ દ્વારા ફેફસાંમાં જાય તે હવા જીવનદાયિની. જે હવા ટાયરમાં ભરાઈ તે ખરી, તેથી ગાડી ચાલે. સરોવરમાં કૂદો તો પાણી ચારેકોર ફરી જ વળે છે, પરંતુ મોં દ્વારા અંદર ઊતરે તે કામનું. તેમ માહિતીની વખારો તો ચારેબાજુ છે જ, પણ તેમાંથી જે આચરણમાં આવ્યું તે કામનું. ચાવેલા અનાજમાંથી જે રગરગમાં પ્રવર્ત્યું તે કામનું.

એક સોની મહાજનને મોંઘાં ઘરેણાંનો ડાબલો લઈ પરગામ જવાનું હતું. તેથી પત્નીએ ભલામણ કરી કે 'મુસાફરીનો રસ્તો જંગલમાંથી પસાર થાય છે. માટે આપણી પાસે રિવોલ્વર છે તે પણ સાથે લઈ જાઓ. વખતે ચોર-લૂંટારા આવે તો ખપમાં આવે.'

મહાજને ઘરેણાં ભેગી બંદૂકડીયે લીધી. જંગલ-રસ્તે સાચે જ લૂંટારા મળ્યા. તેઓએ ધોલધપાટ કરી સોનીની સઘળી મત્તા લૂંટી લીધી. મહાજન વીલે મોઢે ઘેર પરત ફર્યા. પત્નીએ કારણ પૂછ્યું ત્યારે સોનીએ અથેતિ વિગત જણાવી. તે સાંભળી પત્ની બોલી : 'પણ તમારી પાસે રિવોલ્વર તો હતી?' ત્યારે સોની મોં પર આંગળી મૂકી ચૂપ રહેવાની ઈશારત કરતાં બોલ્યો : 'મૂંગી મર! એ તો માંડ માંડ બચાવીને લઈ આવ્યો છું. નહીં તો એને પણ લૂંટી જાત.'

ઘણા કહેવાતા જ્ઞાની આ સોનીના વંશજ જેવા હોય છે, જે સમયે ભડાકો કરી શકતા નથી.

'હરિલીલામૃત'માં કવીશ્વર દલપતરામ લખે છે :

'શસ્ત્રો ધરીને શૂરવીર થૈને, બોલે બડા બોલ બજાર જઈને;
સંગ્રામ મધ્યે શિર જ્યાં કપાય, સાચા શૂરા તેહ સમે જણાય;
નારી નિહાળી ચળ થાય ચિત્ત, કે લોભ લાગે વળી દેખી વિત્ત;
કે માનભંગે ઉરક્રોધ આવે, કદાપિ તે સંત નહીં કહાવે...'

બ્રહ્માનંદ સ્વામી પણ આવા મિથ્યા જ્ઞાનીઓ પર ચાબખો વીંઝતા કહે છે :

'કંઠી ધાર ટીકા કિયા ભેખ નીકા, બને ઠીકઠીકા ચલે રાવને મેં;
સબે પાય લાગે ધરે ભેટ આગે, બહુ ચાતુરી લોક બોલાવને મેં;
સાખી બો'ત શીખી કરે બાત તીખી, ઘની રીત ઠાને ગુન ગાવને મેં;
બ્રહ્માનંદ કહે બો'ત ગ્યાન જાને, તેરા તાન તો રાંડ રીઝાવને મેં.'

માટે વર્ત્યામાં આવે એ જ સાચું જ્ઞાન એ સ્વામીશ્રીનો દર્શાવેલો અર્થ સત્ય દીસે છે. જ્ઞાનના સંપૂર્ણ અનુભવ સિવાય આટલી સંક્ષેપમાં જ્ઞાન-વિષયક સમજ કેવી રીતે આપી શકાય ?!

આવા તો કંઈક ગહન વિષયોના સાર સ્વામીશ્રીની વાણી સંક્ષેપમાં રજૂ કરતી રહી છે. જેમ કે,

- અપેક્ષા વિના બીજા માટે ઘસાઈ છૂટવું એ વૈરાગ.
- દરેક કાર્યમાં પ્રભુના કર્તાપણાનું અનુસંધાન એ ભક્તિ.
- ભગવાનની આજ્ઞામાં ન વર્તે એ અધર્મ.
- સત્પુરુષ કહે એ પ્રમાણે જ વર્તવું છે – એવી ભાવના એ સમાગમ.
- અંદરના ખોટા ભાવો ટળે ને ભગવાન વધારે સાંભરે એ બ્રહ્મરૂપ થવાની દીક્ષા.
- દુનિયાના વાતાવરણમાંથી ભગવાનના વાતાવરણમાં આવ્યા એ જ ફ્રેશ (Fresh).
- ભવિષ્યની ચિંતા મૂકીને વર્તમાનનો વિચાર કરે એ જ પ્રોગ્રેસ (Progress).
- સુખે ભજન થાય એ સારો દેશ.
- ભગવાન અને સંતને જાણવા, સમજવા અને રાજી કરવા એ જ બુદ્ધિ.
- આસુરી વૃત્તિ નીકળે ને દૈવી વૃત્તિ થાય એ મૃત્યુને જીતેલો છે.
- સત્પુરુષની રુચિ પ્રમાણે વર્તાય એ આત્મબુદ્ધિ.
- અહંથી કરે એ તમોગુણી ક્રિયા.
- લૌકિક ઇચ્છાથી કરે એ રજોગુણી ક્રિયા.
- ભગવાનને સંભારીને કરે એ સત્ત્વગુણી ક્રિયા.
- કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કરે એ નિર્ગુણ ક્રિયા.
- ભગવાનને અખંડ ધારે એ ધર્મકુળ.
- હંમેશા સત્પુરુષ સાંભરે, એનાં દર્શન અને ગુણ ગાવાનું મન થયા કરે,

તો ઇન્દ્રિયોને બ્રહ્માગ્નિમાં હોમી કહેવાય.

- જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ.
- ધ્યેયમાં દઢતા અને વિશ્વાસ એ જ પ્રગતિ.
- ધ્યેયમાં શંકા અને વિલાસ એ જ અવનતિ.
- મનને સ્થિર કરે તે મંદિર.
- કોઈ આપણને વખાણે ત્યારે વધુ કરવા માંડીએ તે દંભ.
- પોતે સારું અને સાચું જીવન જીવે અને બીજા પણ એવું જીવન જીવે એ ભાવના કેળવાય એ સમૃદ્ધિ.
- જે સાચું છે એ ખોટું મનાય અને ખોટું છે એ સાચું મનાય એ મોહ.
- આ પ્રગટ મળ્યા એ યથાર્થ ઓળખાય એ નિષ્ઠા.
- સત્પુરુષનો સંબંધ એ જ યોગ.
- મનને ભગવાનમાં સંલગ્ન કરે તે સંગીત.
- ભગવાનના મહિમાનો વિચાર, ભગવાનનાં કાર્યનું ચિંતન અને જે ભગવાન બધે છે એ આપણામાં પણ છે એ વિચાર એટલે ધ્યાન.
- ભગવાન સિવાય અંતરમાં કાંઈ જ રહે નહિ અને સમજણની (જ્ઞાનની) દૃષ્ટિ આવે એ સમાધિ.
- બ્રહ્મ એવા જે સત્પુરુષ એને સમજવા, એના સ્વરૂપને સમજવું અને એમનામાં સાક્ષાત્ ભગવાન બિરાજમાન છે એ સમજણ કરવી એ બ્રહ્મજ્ઞાન.

સ્વામીશ્રીની સૂક્તિઓ એટલે જાણે સિંધુને બિંદુમાં ભરીને ઝળહળી રહેલાં રત્નો. રજનું ગજ કરનારા બુદ્ધિશાળીઓ તો દુનિયામાં ઘણા, પરંતુ ગજનું રજ કરી સમજાવનાર સ્વામીશ્રી સમાન અનુભવી વક્તા તો કોઈક જ.

•


તા. ૨૭-૪-૨૦૦૫ના રોજ સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજમાન હતા. આ દિવસે દૂરદર્શનના ડાયરેક્ટર એલ. ટી. મંડવાલ પણ સ્વામીશ્રીના દર્શનાર્થે પધારેલા. સભામાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ જે આશીર્વાદ આપ્યા તેનું શ્રવણ કરી તેઓશ્રીએ પોતાની અનુભૂતિ જણાવતાં કહ્યું : 'ये संस्था के बारे में मेरी जानकारी नहीं थी। लेकिन पहली दफा यहाँ आकर मुझे बहुत अच्छा लगा। प्रमुखस्वामीजी के आशीर्वचन से मैं प्रभावित हुआ हूँ। प्रमुखस्वामीजी के

आशीर्वाद में जीने का तरीका अच्छे ढंग से कहा गया। मैं इतना समझा कि प्रमुखस्वामीजी कह रहे हैं : काम, क्रोध, लोभ, मोह, मद, इच्छा वाकई दुःख का कारन है। जितनी इच्छा बढती जाती है, इतने अनुपात से दुःख बढ़ता है। इतने छोटे से आशीर्वाद में जीने का तरीका कहा गया।'

શંકરાચાર્યે કહ્યું છે : 'श्लोकार्थेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः।' – કરોડો ગ્રંથોમાં જે લખાયું છે તે હું અડધા શ્લોકમાં કહી દઉં છું.

સ્વામીશ્રીની પ્રેમ-સરવાણી પણ અનંત શાસ્ત્રોની વાત અત્યંત લાઘવથી રજૂ કરતી રેલાઈ રહી છે. તે અલ્પજીવી કે કલ્પજીવી, બંનેને એકસરખી ઉપયોગી છે.

❀ ❀ ❀



૫

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

નિર્મળ, નિખાલસ અને નિર્દંભ અમૃતવાણી

"

આપણને જે ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે એ સૌથી મોટી છે.
એટલે આપણા જેવા કોઈ ભાગ્યશાળી નથી.
જોગીબાપા કહેતા કે 'બીજાને ભાગ્યશાળી માનો એ જ આપણી મોટી ભૂલ.'
હજુ આપણને અધૂરું લાગે છે કે 'આપણું શું થશે ?'
શું થવાનું છે ? ભલા માણસ ! મહારાજ-સ્વામીનો આશરો છે, નિષ્ઠા છે
અને શાસ્ત્રીજી મહારાજ, જોગીબાપા જેવા મહાન પુરુષ આપણને મળ્યા છે;
આપણને એવો માર્ગ બતાવ્યો છે; જેથી કશું જ અધૂરું નથી. એટલે
'બીજો મારાથી મોટો છે' એમ માનીએ તો હજી જ્ઞાન જ ક્યાં થયું છે ?
સમજણ જ ક્યાં આવી છે ?
કેફ ચડી જવો જોઈએ કે 'કોણ મળ્યા છે ?!'
આપણને જે વાત મળી છે એ તો કેટલી અદ્ભુત છે !
માટે અધૂરું માનવું જ નહીં.

– પ્રમુખસ્વામી મહારાજ

"

વાણી : આત્માનો અરીસો

'Speech is the mirror of the soul. As a man speaks, so is he.' સાઈરસ(Syrus)ના આ કથનનો ભાવાર્થ એ છે કે વાણી એ આત્માનું દર્પણ છે. મનુષ્ય જેવું બોલે છે, એવો એ હશે, એ સીધું સમીકરણ છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પણ 'ચોસઠપદી'માં લખ્યું છે :

'કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ;
ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માન સઈ;
સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી;
અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી...'

ભગવાન સ્વામિનારાયણ પણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૧૨માં કહે છે : 'શબ્દ જે તે બોલનારની જે જાતિ અને સ્વરૂપ તેનો જણાવનારો છે.'

ઉપરોક્ત વિધાનો મુજબ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વાણી અને વર્તનમાં આબાદ મેળ પડતો જોઈ શકાય છે. જેવા એ નિર્મળ, નિખાલસ અને નિર્દંભ છે, તેવી જ તેઓની વાણી પણ નિર્મળ, નિખાલસ અને નિર્દંભ છે. સ્વામી આનંદે નોંધ્યું છે કે બિહાર અને ઉત્તરપ્રદેશમાં ગંગા અને યમુનાએ કાંપ પાથરી-પાથરીને જમીનને એવી ફળદ્રુપ બનાવી છે કે માઈલો સુધી ચાલીએ તોપણ સોપારી ભાંગવા પૂરતોય પથરો મળે નહીં. આ જ મિજાજમાં સ્વામીશ્રીના વાક્‌પ્રવાહ વિષે પણ કહી શકાય તેમ છે કે વ્યક્તિ વર્ષો સુધી એકકાન અને એકચિત્ત થઈ સ્વામીશ્રીની વાણી સાંભળે તોપણ તેમાં ક્યાંય મલિનતાનો અંશ જોવા મળે તેમ નથી.

સ્વામીશ્રીની વાણીમાં નથી પરખાતી અહંની ગંધ, તો નથી ડોકાતી સ્વાર્થની બદબૂ. સ્વામીશ્રીની વાણીનું ઉપસ્થાન નથી લાલચ કે નથી ઈર્ષ્યા, કામ, સ્વાદ જેવા સ્વભાવો. તેઓનાં વક્તવ્યોમાં આજદિનપર્યંત કોઈ વ્યક્તિ, સંસ્થા, સંગઠન વગેરેનું ખંડન કોઈનેય સાંભળવા મળ્યું નથી. તેઓના પ્રવચનમાં જાણે 'હું', મારું', 'મેં કર્યું' જેવા શબ્દોને તો સદંતર પ્રવેશબંધી હોય તેમ તે કદી સાંભળવા મળતા જ નથી.

સ્વામીશ્રીએ વાણીથી કદી મકર સુધ્ધાં કર્યો નથી.

જેમ કે, એક ભક્તને ઘેર એક સંન્યાસી મહારાજ જમવા પધાર્યા. તેમને બધું પીરસ્યું પણ પાપડ પીરસવાનો રહી ગયો. સંન્યાસી મહારાજે વિચાર્યું કે 'પાપડ રહી ગયો છે, પણ માગવો કેવી રીતે ?' તેમણે વાત કરી : 'આજે હું નદીએથી નાહીને ચાલ્યો આવતો હતો ત્યાં એક સર્પ દીઠો. તેની ફેણ ઓલ્યા પાપડ જેવડી હતી.' આ સાંભળી પીરસનારી કહે : 'અરેરે, હું તમને પાપડ પીરસવાનો તો ભૂલી જ ગઈ.' એમ કહી પાપડ પીરસ્યો. આમ, સંન્યાસીએ મકર (છળકપટ) કરી પાપડ માગી લીધો.

પરમ પૂજ્ય સ્વામીશ્રીની વાણી આવા છળ-પ્રપંચથી સર્વથા મુક્ત છે, શુદ્ધ છે. યોગીજી મહારાજ બોલ્યા છે : 'મેં મારા માટે કાંઈ માંગ્યું નથી. ઠાકોરજી માટે સેવા કરાવી છે, પણ મારા દેહ માટે કાંઈ માંગ્યું નથી.' સ્વામીશ્રીની વાણીમાં પણ કોઈએ અંગત માંગણીનો મેલ કદી જોયો નથી.

નિષ્કુળાનંદ સ્વામીએ આવા સંતની વાણી માટે જ ગાયું હશે :

'પંચવિષયને પરહરિને રે, વરતે છે વણવિકારે;
તેહ જણાય જોવે કરીને રે, જન એ બોલે છે જ્યારે...'

અમિયલ અને ગુણિયલ

એક વાર સ્વામીશ્રી એક પ્રખ્યાત દેવસ્થાનમાં દર્શને ગયા હતા, પણ અહીં એક દ્વેષીએ ભગવાનની મૂર્તિ સમક્ષ અનેકની હાજરીમાં સ્વામીશ્રીનું ભયંકર અપમાન કર્યું, છતાં સ્વામીશ્રી કાંઈ જ બોલ્યા નહીં.

મંદિરના વરિષ્ઠ સંતને આ સમાચાર મળ્યા. તેઓ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા ને કહ્યું : 'મારા ચેલાનું બોલ્યું માફ કરજો.'

ત્યારે તેઓને આશ્વાસન આપતાં સ્વામીશ્રી કહે : 'અમને જરાય દુઃખ થયું નથી. ભગવાનનાં દર્શન કરવા'તાં તે થઈ ગયાં. આવું સાંભળી સાંભળીને તો અમારા કાન રીઢા થઈ ગયા છે.'

તેઓના આ શબ્દો પરથી ખ્યાલ આવે એમ છે કે આવાં કંઈક અપમાનો તેઓએ વેઠ્યાં છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે તેઓની વાણીમાં તે સંબંધી કોઈ જ પ્રત્યાઘાતો ઊઠ્યા નથી.

'કોઈ પથ્થર ફેંકે તો હું શું કરું?
ફૂલ ન ફેંકું સામે તો હું શું કરું?'ની જેમ તેઓએ તો અપમાનો

પછી પણ મધઝરતી વાણી જ રેલાવી છે. તેઓના નિર્મળ અંતઃકરણનો એક્સ-રે એટલે તેઓની દોષોથી મુક્ત નિર્મળ વાણી !

•

થાપામાં થયેલી ગાંઠના ઓપરેશન પછી સ્વામીશ્રી એક હરિભક્તના ઘેર આરામ માટે રોકાયા હતા. એક દિવસ તે હરિભક્તના મિત્ર દર્શને આવેલા. એ મિત્ર મોટા હોદ્દેદાર અને તેમનું ભણતર પણ સારું. તેમણે સ્વામીશ્રીને જોયા, પણ દર્શન બાજુએ રહ્યાં અને તેમનો પૂર્વગ્રહ સળવળ્યો ને અતિ ક્રોધના વેગમાં આવી, વાહિયાત આક્ષેપોનો ટોપલો અતિ કર્કશ શબ્દોમાં સ્વામીશ્રી ઉપર નાંખ્યો. સામાન્ય માણસને પણ ખબર પડે કે બીમાર માણસનાં તો ફક્ત ખબર-અંતર જ પૂછવાનાં હોય, પરંતુ આ પ્રસંગમાં તો એક ભણેલા અને જવાબદાર માણસ તદ્દન વિપરીત વર્ત્યા. સ્વામીશ્રીએ તેમને ઊભરો ઠાલવવા દીધો. તેઓ સ્વબચાવનો એક પણ શબ્દ ન બોલ્યા, એટલું જ નહિ પણ જ્યારે સાથેના સંત તે ભાઈના અવિવેકને સુધારવા ગયા તેમને પણ સ્વામીશ્રીએ વાર્યા.

બે વર્ષ પછી એ ભાઈ, કાંઈક કામ અંગે, સ્વામીશ્રીને મળવા આવેલા. સ્વામીશ્રીએ પોતાના આસન ઉપરથી ઊભા થઈ તેમને હાર પહેરાવી સ્વાગત કર્યું અને સભામાં મંચ ઉપર સાથે બેસાર્યા. ઇંગ્લેન્ડ સત્સંગ મંડળના ચેરમેન સી. એમ. પટેલ જ્યારે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીશ્રી આસન ઉપરથી ફરી ઊભા થઈ ગયા અને તે વ્યક્તિને સી. એમ. પટેલની ઓળખાણ કરાવી. પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના ચૅરમેન મહેન્દ્રભાઈ બેરિસ્ટર આવ્યા ત્યારે પણ સ્વામીશ્રીએ એવું કર્યું. તદુપરાંત, તે વ્યક્તિ જે હેતુ માટે આવેલી તેની જાહેરાત સ્વામીશ્રીએ સભામાં કરી અને સભાસદોને તેમાં સહકાર આપવા અનુરોધ કર્યો. ખૂબીની વાત તો એ હતી કે તે વ્યક્તિ તે વખતે કોઈ હોદ્દા ઉપર નહોતી.

'રેલાઈ આવતી છો ને સઘળી ખારાશ પૃથ્વીની;

સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમીવાદળી'ની જેમ સ્વામીશ્રીની વાણી સતત અમૃત વરસાવતી રહી છે. યોગીજી મહારાજ માટે લખાયેલા શબ્દો – 'એની દિવ્ય અનુપમ વાણી, વહેતી અમૃતરસની લહાણી...' સ્વામીશ્રીની વાણી માટે પણ એટલા જ સત્ય છે.

વાણીના ગુણ-દોષની મનનીય મીમાંસા કરતાં ભગવાન સ્વામિનારાયણ

વચનામૃત લોયા પ્રકરણ-૬માં કહે છે : 'વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તેની જ અહંકારે કરીને પોતે સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે જ્ઞાન, ભક્તિ આદિક ગુણ તેની કાંઈક ન્યૂનતા દેખાડે, એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી... અને જે સંત વાત કરે ત્યારે પોતે પોતાની કુત્સિત શબ્દે કરીને નિંદા કરતો હોય તો તેની તે વાણી સારી જાણવી ને તે વાણીને અમૃતની પેઠે પાન કરવી.'

●

સ્વામીશ્રીની વાણી આવી અમિયલ અને ગુણિયલ છે. તેઓની વાણીમાં હંમેશા પરપ્રશંસા અને સ્વનિંદા જોવા મળ્યાં છે.

તા. ૧૬-૧-'૮૯ના રોજ સ્વામીશ્રી મુંબઈમાં બિરાજમાન હતા. ભોજન દરમ્યાન અક્ષરજીવનદાસ સ્વામીએ ગોરખપુર તરફના એક સામયિકમાં આવેલા સ્વામીશ્રીના હિંદી ભાષામાં લખાયેલા સંદેશનું પઠન કર્યું. વાંચન પૂરું થયું ત્યારે ભગવત્ચરણદાસ સ્વામી બોલ્યા : 'આપ હિંદી બહુ સારું લખો છો. હવે ગુજરાતી કરતાં હિંદીમાં જ લખવાનું રાખો.'

સ્વામીશ્રી કહે : 'હમ કુ સાક્ષર(અક્ષરજીવન સ્વામી) જૈસા હિન્દી આતા નહીં હૈ.'

તે વખતે એક સંતે કહ્યું : 'આપે નાના હતા ત્યારે હરદ્વાર જવાનો વિચાર કર્યો હતો. જો તે વખતે ત્યાં પહોંચી ગયા હોત તો અત્યારે હિન્દીમાં જ જવાબ દેતા હોત.'

આ સાંભળી અક્ષરજીવનદાસ સ્વામી કહે : 'અરે ! ત્યાં તો મોટા મઠાધિપતિ બની ગયા હોત.'

આ સાંભળતાં તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'મઠાધિપતિ તો ક્યાંય રખડી પડ્યા હોત.'

સ્વામીશ્રીની વાણીમાં કુત્સિતપણું ઝળકી ગયું. અલબત્ત, પોતા માટે.

તા. ૧૬-૬-'૮૭ના દિવસે અમદાવાદની સાયંસભામાં સ્વામીશ્રી ગુણાતીત સત્પુરુષોએ નિર્માનીપણે રહીને જે સેવાઓ કરી છે તેની વાતો કરી રહ્યા હતા. આ સાંભળી અચાનક જ શ્રોતાવર્ગમાં બેઠેલા બકરીપોળવાળા અંબાલાલકાકાએ કહ્યું : 'આપે પણ એવી જ રીતે વાસણ ઊટક્યાં છે ને ?'

તરત જ સ્વામીશ્રી જાહેર સભામાં બોલ્યા : 'આપણે વળી કયા ઝાડનાં

મૂળિયાં ! આપણે તો એમની રજની રજ છીએ.'

તા. ૭-૪-'૮૮ના દિને સ્વામીશ્રી મુંબઈથી લંડન જઈ રહેલા. સ્વામીશ્રી સાથે વિદેશયાત્રામાં જે સંતમંડળ જોડાયેલું તેમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય યોગીચરણદાસ સ્વામી સિવાય બધા સંતો નવા હતા. આ વાત પ્લેનમાં નીકળી. સ્વામીશ્રી તે વખતે બોલ્યા : 'આપણે હવે સેકન્ડહેન્ડ કહેવાઈએ. તમે બધા ન્યૂ મોડેલ ગણાવ. સેકન્ડહેન્ડને કોણ પૂછે ?'

તા. ૮-૮-'૮૬ના રોજ વિદ્યાનગરની યુવાસભામાં સ્વામીશ્રી બોલેલા : 'આપણે તો શેક્યો પાપડ ભાંગી શકીએ એમ નથી. સન્માન ભગવાનને લઈને છે. આપણને એમના માનીને લોકો બોલાવે છે; પૂજે છે. બાકી આપણને કોણ બોલાવે એમ છે ?'

આવા તો કંઈક પ્રસંગે સ્વામીશ્રીની વાણી સદાય પોતાની ગૌણતા દર્શાવતી રહી છે. તેમાંથી એક જ સૂર ઊઠે છે :

'વણવિચારે પણ વાતું રે, આવે એના અંતરથી;
બોલે અહં-મમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તનસુખ પરથી;
એવા ક્યાંથી મળે જન એકે રે, નિર્મળ અંતર નિષ્કામી...'

•

સ્વામીશ્રીની વાણીમાં અન્ય એક વિલક્ષણતા દૃષ્ટિગોચર થાય છે – પોતા કરતાં અન્યને સરસાઈ આપવી. પોતાની ન્યૂનતા ને અન્યની અનન્યતા એ તેઓની વાણીનો સદાનો ગુણ છે.

તા. ૧૨-૯-'૮૭ના રોજ હરદ્વારમાં 'ભારત સાધુ સમાજ'ના અધ્યક્ષ શ્રીરામસ્વરૂપ શાસ્ત્રીજીએ ગુરુમંડલાશ્રમમાં હરદ્વારના સંતો, મહંતો, મહા-મંડલેશ્વરોને નિમંત્ર્યા હતા. કારણ હતું સ્વામીશ્રીનો સત્કાર સમારંભ. ત્યાં ભવ્ય સભાના અંતે સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'मैं नम्र प्रार्थना करता हूँ कि आप सबने हमारा सन्मान किया, लेकिन इसके लायक मैं नहीं हूँ। मैं तो आप सबका नम्र सेवक हूँ और आप सबके आशीर्वाद से सब कार्य होता है।'

પોતાના સન્માન સમારંભ પ્રસંગે વાણીમાં નીતરતી આ નિર્માનિતા સ્વામીશ્રીની વાણીની નિર્મળતાની ગવાહી પૂરે છે.

સેન્ટ બર્નાર્ડ કહે છે : 'It is no great thing to be humble when

you are brought low; but to be humble when you are praised is a great and a rare attainment.' અર્થાત્ આપણે જ્યારે નાનપને પામીએ ત્યારે નિર્માની રહેવું એ જરાય મોટી વાત નથી, પણ જ્યારે આપણાં વખાણ થતાં હોય ત્યારે નિર્માની રહેવું એ મોટી અને ભાગ્યે જ પમાય એવી સિદ્ધિ છે.

સ્વામીશ્રીને આ સિદ્ધિ હોઠવગી જ નહીં, હૈયાવગી પણ છે.

કવિ મીન પિયાસીએ ગાયું છે કે –

'કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ, કોયલ કૂજે કૂ કૂ કૂ;
ચકલાં-ઉંદર ચૂં ચૂં ચૂં, છછુંદરોનું છૂ છૂ છૂ;
ઘુવડ સમા ઘૂઘવાટા કરતો, માનવ ઘૂરકે હું હું હું...'

સ્વામીશ્રીની વાણીમાં માનવસહજ 'હું' ભાવ કદી સંભળાતો નથી, કારણ કે તેઓની વાણી માનુષી નહીં, પરંતુ દૈવી છે.

કવિ કાલિદાસે માનવદુર્લભ સૌંદર્ય સંદર્ભે લખ્યું છે કે –

'मानुषीषु कथं वा स्यादस्य रूपस्य सम्भवः ।
न प्रभातरलं ज्योतिरुदेति वसुधातलात् ॥'

– મનુષ્યમાં આવું રૂપ ક્યાંથી સંભવે ? મૃણ્મય ભૂમિમાંથી પ્રકાશમાન જ્યોતિ કેવી રીતે નીકળે ?

તેમ સ્વામીશ્રીની અહંશૂન્ય વાણી માટે પણ કહી શકાય કે મનુષ્યમાં આવી વાણી ક્યાંથી સંભવે ? મલિન મનોભૂમિમાંથી એવી વાણી કેવી રીતે નીકળે કે જેમાં 'હું'કાર જ ન હોય ?!

તા. ૧૪-૧૨-'૮૨ના રોજ ભાવનગરમાં આવેલી કૃષ્ણનગર એ. વી. શાળાના પ્રાંગણમાં સ્વામીશ્રીનો ૬૨મો જન્મ જયંતી મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. આ પ્રસંગે પ્રવચનમાં સ્વામીશ્રી બોલેલા : 'સૌપ્રથમ મારે બધા પાસેથી આશીર્વાદ મેળવવાના છે કે આપ રાજી થાઓ, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજનું કાર્ય સારી રીતે થઈ શકે અને આપ બધાને સંતોષ થાય. સંતો તેમ જ નાનાં-મોટાં, બાઈ-ભાઈ સૌ હરિભક્તોના સહકારથી કાર્ય થાય છે. મારી કોઈ વિશેષતા નથી. મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની વિશેષતા છે. આપ બધાનો દાખડો અપૂર્વ છે.'

તા. ૮-૧૧-'૮૯ના દિવસે સારંગપુર મુકામે યોજાયેલા પોતાના સુવર્ણ-

દીક્ષા સમારંભ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલેલા : 'ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? આપણે તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આગળ કાંઈ જ છીએ નહીં. જે કંઈ છે એ એમનો પ્રતાપ છે. તેઓના સંકલ્પે સંતો-હરિભક્તો થયા અને સૌને પ્રેમ છે એટલે સરસ કામ થાય છે.'

•

મહાભારતમાં પ્રસંગ આવે છે. રાજસૂય યજ્ઞ બાબતે યુધિષ્ઠિર કૃષ્ણની સલાહ લેવા જાય છે. શા માટે કૃષ્ણની જ વાત સાંભળવી તેનો ખુલાસો કરતાં યુધિષ્ઠિર કહે છે :

'केचिद्धि सौहृदाद् न दोषं परिचक्षते।
अर्थहेतोस्तथैवान्ये प्रियमेव वदन्त्युत॥
प्रियमेव परीप्सन्ते केचिदात्मनि यद्धितम्।
एवं प्रायश्च दृश्यन्ते जनवादाः प्रयोजने॥
त्वं तु हेतूनतीत्यैतान्कामक्रोधौ व्यतीत्य च।
परमं नः क्षमं लोके यथावद्वक्तुमर्हसि॥'

(सभापर्व : १२/३९-४२)

– કોઈ પણ કાર્ય માટે કોઈની પણ સલાહ લેવા જઈએ ત્યારે કેટલાક આપણા વિષે મિત્રભાવ હોવાથી કાર્યનો દોષ બતાવી શકતા નથી; કેટલાક તો પૈસાની લાલચે સારું જ સંભળાવે છે; કેટલાક એ કાર્યમાં પોતાને શો લાભ થશે તે વિચારીને બોલે છે; પરંતુ હે કૃષ્ણ! આપ આવા સર્વ ભાવો અને વળી કામ-ક્રોધથી પણ રહિત છો, તેથી જ આ લોકમાં મારું હિત થાય તેવું કહેવા માટે આપ જ એક યોગ્ય છો.

આજના સંદર્ભમાં યુધિષ્ઠિરનો આ અભિપ્રાય સ્વામીશ્રી માટે યથાર્થ બેસે તેવી સ્વામીશ્રીની નિર્મળ વાણી છે. તેથી જ તે સૌને સાંભળવી ગમે છે.

તા. ૫-૨-'૯૧ના રોજ નડિયાદમાં આયોજિત સભામાં સ્વામીશ્રીએ ઉચ્ચારેલું : 'ભગવાન અને સંતની વાણી દિવ્ય છે; પક્ષપાતી નહીં. જ્યારે આપણી વાણી રાગ-દ્વેષ અને સ્વાર્થમય છે. એટલે ગમે એટલું સારું બોલીએ તોય સાંભળવાનું મન થાય નહિ. જ્યારે સંતની વાણી એની એ જ હોય તોય સાંભળવાનું મન થાય. દિવ્ય લાગે. શાંતિ થાય.'

હા, સ્વામીશ્રીની વાણી કર્ણપ્રિય છે, દિવ્ય છે. 'સ્વર સુણતાં ઊઘડ્યાં

મારા અંતરનાં એ દ્વાર...'ની જેમ આ વાણી સાંભળતાં શાંતિ થાય છે, કારણ કે તે નિર્મળ અને પવિત્ર છે.

નિખાલસતા-નિર્દંભતાના બે કિનારા

આજની ભાષાને ભરખી ગયેલા એક રોગની વાત કરતાં ફાધર વાલેસ લખે છે : "આધુનિક સમાજમાં કૃત્રિમતા વધતી જાય છે. એની સાથે ભાષા પણ કૃત્રિમ અને અકુદરતી બનતી જાય છે. એટલે નબળી બનતી જાય છે. ઔપચારિકતા માનવના વર્તનનો તેમ જ ભાષાનો રોગ છે. વ્યાપક રોગ છે."

આમ કહી તેઓએ માનવીની દંભપ્રિય પ્રકૃતિનાં બે-ત્રણ રોચક અને સૂચક દૃષ્ટાંતો આપતાં કહ્યું છે :

"'એ અશક્ય છે.' સીધુંસાદું વાક્ય છે. એમાં શો મર્મ હોય? ઘણો છે. શું ખબર ન પડી કે અહીંયાં 'એ' 'હું' ની જગ્યા ઉપર છે? ખરું વાક્ય વ્યક્તિગત એકરારનું છે : 'હું એ કરી શકતો નથી.' એમાં પ્રથમ પુરુષ છે, ભાન છે, જવાબદારી છે, સીધી ભાષા છે. પણ એ સીધી ભાષા વાપરવી નથી, કારણ કે સીધી જવાબદારી લેવી નથી. માટે 'એ' અશક્ય છે એમ કહે છે. 'એ' નો દોષ છે, મારો નથી. એ અશક્ય છે, હું એમાં શું કરી શકવાનો હતો? 'એ' નિર્જીવ છે, અમૂર્ત છે, અલિપ્ત છે, માટે એને ખુશીથી દોષ આપી શકાય. એ અશક્ય છે. એ કામ, એ યોજના, એ સિદ્ધિ અશક્ય છે. મેં હાથ ધોઈ નાંખ્યા. ચિંતા ઉતારી. આબાદ બચાવ કરી લીધો. હવે સલામત છું, કારણ કે એ 'હું' મારા વાક્યમાં આવ્યો જ નથી. જો 'હું' એ કરી શકતો નથી એમ કહું તો એમાં મારી વાત આવે. એટલે હું તકલીફમાં આવી જાઉં. કદાચ બીજાઓ એ કરી શકે, પણ હું નહીં, એટલે મારે ખુલાસો કરવો પડે કે બીજા જો એ કરી શકે ને હું નહીં તો એનું કારણ શું? મારી ખામી ક્યાં? પરંતુ 'હું' ને સંતાડી દીધો એટલે ખુલાસો આપવાની જરૂર ન રહી. એ અશક્ય છે. પતી ગયું."

બીજું દૃષ્ટાંત આપતાં તેઓ કહે છે : "એક સભાની બેઠક હતી. એમાં એક સભ્ય મોડો આવ્યો. આવીને કહે : 'અમે આવી ગયા.' મેં ઠાવકાપણાથી પૂછ્યું : 'અમે એટલે કોણ?' એણે મુદ્દો પકડ્યો અને શરણે આવીને કહ્યું : 'હા... સાચું કહું તો... હું આવી ગયો.' ભાષાનો પ્રપંચ તો જુઓ. મોડા આવ્યાની એને શરમ લાગતી હતી, માટે સીધું 'હું આવી ગયો' એ કહેવા

એની જીભ ચાલી નહીં. પહેલું રક્ષણ લીધું બહુવચનમાં. 'અમે' આવી ગયા. એટલે કે કંઈ નહીં તો શાબ્દિક રીતે હું એકલો નથી, મારી સાથે બીજા કેટલાક છે, 'અમે' સાથે મળીને કોઈ પણ વિરોધનો સામનો કરી શકીએ એમ છીએ. આવી સૂક્ષ્મ ને ગુપ્ત ગણતરી છે. પછી મેં 'અમે'નું આવરણ દૂર કર્યું ત્યારે એણે હજી 'હા... સાચું કહું તો...'એ શબ્દોની ઢાલ ધરી. સીધી રીતે 'હું' આવી ગયો એ કહેવું તેને માટે મુશ્કેલ હતું. સીધી વાણી સીધું ચારિત્ર્ય દર્શાવે.

"એક વાર અમે કેટલાક મિત્રો ચાલીને ક્યાંક જતા હતા અને ભૂલા પડ્યા. જૂથમાંથી એકે કહ્યું કે 'મને રસ્તો ખબર છે, હું બતાવીશ.' અને બીજા બધા એની પાછળ પાછળ ચાલવા લાગ્યા. થોડી વાર પછી જૂથમાંના બીજા એકે શંકા બતાવી કે આ સાચો રસ્તો લાગતો નથી. ત્યારે આગેવાની લેનાર ભાઈએ કહ્યું : 'ના, મને ખાતરી છે. હું બરાબર જાણું છું કે આ સાચો રસ્તો છે.' અમે આગળ વધ્યા, પણ કંઈ પત્તો લાગ્યો નહીં. ચાર રસ્તા આવ્યા ત્યારે આગેવાન પોતે ઊભા રહ્યા અને સૌને પ્રતીતિ થઈ કે એમને પોતાને હવે રસ્તાની ખબર નહોતી. છેવટે એ બોલ્યા, અને એમના શબ્દો આ પ્રમાણે હતા : 'હવે આપણે ખરેખર રસ્તો ચૂકી ગયા.' જોયું ? ખાતરી હતી ત્યારે એકવચનમાં બોલ્યા. ત્યારે એમણે જવાબદારી લીધી અને જેમ ટુકડીના આગેવાન બન્યા હતા તેમ વાક્યમાં કર્તા પણ બન્યા. 'હું બરાબર જાણું છું.' પરંતુ જ્યારે એ પોતે ભૂલા પડ્યા ત્યારે એમણે જવાબદારીની વહેંચણી કરી, બધાને ભાગીદાર બનાવ્યા. જૂથમાં આશરો લીધો અને કહ્યું : 'આપણે રસ્તો ચૂકી ગયા.' ખાતરી હતી ત્યારે 'હું', અને ભૂલા પડ્યા ત્યારે 'આપણે.' જીતું તો હું જીતું અને હારીએ તો આપણે હારીએ. ભાષા કેટલી સૂચક છે !"

અઘરું કામ છે પોતાની ઊણપને સ્વીકારવાનું, મોભાની મોકાણથી પર થઈને બોલવાનું, અહંને કચડીને બોલવાનું; પરંતુ સ્વામીશ્રીની પ્રેમ-સરવાણી આવા ભાષાદોષથી દૂર રહી નિખાલસતા-નિર્દંભતાના બે કિનારાને સ્પર્શતી વહેતી રહી છે.

•

તા. ૧૩-૧-'૮૯ના દિવસે મુંબઈમાં સ્વામીશ્રી આશીર્વાદ આપી રહેલા. તેમાં કહ્યું : 'અમેરિકામાં મોટર, બંગલા બધું છે પણ સુખ નથી. એ આપણી પાસે છે. જ્ઞાન થયા પછી સુખિયા. જ્ઞાન ન હોય તો ઝૂંપડામાં રહે

કે બંગલામાં; બંને સરખા દુ:ખી છે. જ્ઞાનવાળો ધરાવાની ઝૂંપડપટ્ટીમાં પણ સુખી...' એમ બોલતાં બોલતાં બે-ત્રણ વાર 'ધરાવા' યાદ કર્યું. સ્વામીશ્રીને 'ધારાવી' યાદ ન આવ્યું. સંતો બોલ્યા પણ તે સંભળાયું નહીં, તેથી સ્વામીશ્રી સંતો બાજુ જોવા લાગ્યા કે 'શું કહે છે?'

તે વખતે અક્ષરજીવનદાસ સ્વામી જોરથી બોલ્યા : 'ધારાવી.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'હા, ભ'ઈ! ભૂલ્યા. ધારાવી. અમે તો બાફીએ. સાક્ષર (અક્ષરજીવન સ્વામી) બરાબર કહે. એટલે તો એવા ભણેલાને સાથે રાખવા પડે છે. ગોલ્ડ મેડલિસ્ટ. એને ને શ્રુતિ(પ્રકાશ)ને ગોલ્ડમેડલ મળ્યા. આપણને કંઈ મળ્યું નથી. એટલે ધરાવા ને ધારાવાહી થઈ જાય...' એમ કહી સ્વામીશ્રીએ સભામાં હાસ્યનું મોજું પ્રસરાવી દીધું.

•

એક વાર અમદાવાદમાં કથા દરમ્યાન સ્વામીશ્રીએ સાત-આઠ વાર અવળસવળ સંદર્ભો ટાંક્યા. 'વચનામૃત'ની સંખ્યા ૨૬૨ને બદલે ૨૧૨ કહી અને ભાગવતના શ્લોકો ૧૮,૦૦૦ની જગ્યાએ ૩૮,૦૦૦ બોલ્યા.

આ બધી વાતો સભા બાદ સ્વામીશ્રીના ભોજન વખતે નીકળી. સંતો કહે : 'લીલાચરિત્રો સંભારીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'અમને તો કહો!'

તે વખતે અક્ષરજીવનદાસ સ્વામીએ કથામાં સ્વામીશ્રીએ આપેલા ઊલટસૂલટ સંદર્ભોની વાત કરી.

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'મારા, ભ'ઈ! અમારે તો અવળ-હવળ ચાલે. આપણે સાક્ષર જેટલા ભણેલા નહીં એટલે આડું-અવળું બોલાઈ જાય.'

આ સાંભળી અક્ષરજીવનદાસ સ્વામી ઝંખવાણા પડી ગયા. તેઓએ કહ્યું : 'એવું નથી. આ તો મૂર્તિનું સુખ આવ્યું.'

પણ સ્વામીશ્રી નિર્ભેળ નિખાલસતાથી બોલ્યા : 'ના, એવું નથી. આપણે તો હાર કબૂલી લીધી. આપણે બહુ ભણેલા નહીં એટલે બોલાઈ ગયું. વિદ્વાન હોય ને એને અવળ-હવળ થઈ જાય તો તરત મનમાં થઈ જાય કે આવું બોલાઈ ગયું? છાપ અવળી પડશે. શું થશે? ને આપણે તો છાપ અવળી પડે કે સવળી. ભગવાનને સંભારીને જે આવે એ બોલીએ. બીજું કાંઈ નહીં...'

•

તા. ૨-૧૨-'૮૮ના રોજ મ્વાન્ઝા(પૂર્વ આફ્રિકા)માં સનાતન ધર્મ-મંદિરમાં યોજાયેલી સભામાં એકાગ્રતા વિષયક સુંદર વાતો સ્વામીશ્રીએ કરી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી સભા બાદ ભોજન લઈ રહેલા ત્યારે કોઈ બોલ્યું : 'બાપા આજે વ્યવસ્થિત બોલ્યા.' બીજા એક સંતે પણ ટાપશી પૂરી કે 'ખરેખર ! આજે આપ વ્યવસ્થિત બોલ્યા.'

તે સાંભળી સ્વામીશ્રીએ નિખાલસભાવે કહ્યું : 'અમારામાં એવી ઝાકઝમક નથી. ભગવાનને યાદ કરીને બોલીએ છીએ.'

●

તા. ૨૪-૧૧-૨૦૦૪ના રોજ અમદાવાદ મંદિરે 'અખિલ ભારતીય દર્શન પરિષદ' યોજાઈ હતી. તેની સભામાં દેશના પંડિતો બેઠા હતા. હરિભક્તો પણ પ્રચુર માત્રામાં ઉપસ્થિત હતા. આવી હકડેઠઠ સભામાં એક પછી એક મૂર્ધન્ય વિદ્વાનો હિંદી ભાષામાં ફાંકડાં પ્રવચનો કરી રહેલા. તેમાં છેલ્લે બિહારથી આવેલ ડૉ. શ્રીરામજિતસિંગે પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપવાના શરૂ કર્યા. અગાઉના વક્તાઓએ હિંદીમાં પ્રવચનો કર્યાં હતાં, તેથી સ્વામીશ્રીએ પણ હિંદીમાં ઉપાડ કર્યો અને પછી હિંદી-ગુજરાતીનાં સંમિશ્રણથી આ રીતે વહેવા લાગી સ્વામીશ્રીની ભાષા-ભાગીરથી :

"ડૉક્ટર સાહેબ અને દુબે સાહેબે જે વાત કરી તે સમજવાની છે. આપણે જગતના સુખમાં સુખ માનીને દોડીએ છીએ. સત્તા મેં સુખ માન્યું હૈ. 'इसलिए तो दोडते है आज। सत्ता के लिए उलट सूलट करता है। लेकिन हमको अनुभव होता है कि उसमें सुख नहि है। इसमें दोडते हैं और गिर जाते है। दु:ख भी होता है। भारतीय संस्कृति में लिखा है कि भौतिक सुख में सुख नहीं है। वह क्षणिक है। सत्ता के लिए आदि-अनादि से झघडा करता है।

"दूसरी बात संपत्ति, धन के लिए दौडते है। ये देश छोड के अमेरिका भी जाते है। वहाँ बहुत धन मिलते है। डोलर-पाउन्ड-पाउन्ड मिलते है। हमने अनुभव किया है कि वे दु:खी हो जाते है। यहाँ से वीस-वीस, पचीस-पचीस लाख खर्च करके जाते है। वहाँ जा के लीगल तो बनते ही नहीं है। अ-लिगली काम करते है। 'मूलं नास्ति कुतः शाखा।' जो वृक्ष को मूल नहीं है, वहाँ शाखाओं कहाँ से आयेगी। પાંદડાં-ડાળખાં ફૂલ नहीं आ सकते

है। हम मूल को समझे। જે ભારતનું તત્ત્વજ્ઞાન છે તેને સમજીએ. आत्मा और परमात्मा दो चीज़ सत्य है। उसमें ही सुख है। यह ज्ञान हो जाए तो दुनिया के कोई चक्कर में पडेंगे ही नहीं। भले आप गृहस्थाश्रम में रहो, नोकरी, धंधा जो कुछ करते हो, करते रहो, लेकिन जो ज्ञान अपने जीवन में दृढ होना चाहिए। जनक राजा की कथा आती है। जनक राजा एक दिन सोये थे। सपने में उसने अपनी मिलकत छोड दिया, लूँट गई... और... और... ?'

ભાષાના આવા સંમિશ્રણને લીધે વાક્યે વાક્યે શ્રોતાઓમાંથી હાસ્ય ઊઠતું રહ્યું. સૌ આ દિવ્યભાષામાં તરબોળ હતા, પરંતુ સ્વામીશ્રીએ નિખાલસતાથી કહ્યું : 'हमारी हिन्दी ऐसी है એટલે કોઈ हँसना नहीं। इन्होंने हिन्दी बोली तो हमें भी प्रेरणा मिली कि मैं भी हिन्दी बोलू। बाकी हिन्दी हमारा विषय नहीं।

''એટલે स्वप्न में अपनी मिलकत गूमा दिया। कुछ भी अपनी पास रहा नहीं। भिक्षापात्र भी मिट्टी का मिला। भिक्षा मिली। वो ले गये। एक अच्छा ठिकाना ગોત के बेठ के विचार किया कि यहीं बेठूं और भोजन करुं।''

સ્વામીશ્રીનું આ વાક્ય સાંભળી વળી સૌ હસી પડ્યા. એટલે સ્વામીશ્રી બોલ્યા : 'એવું ચાલશે એટલે બહુ હસવાનું નહીં.' એમ કહી પોતે પણ હસી પડ્યા અને આગળ ચલાવ્યું :

''એટલામાં બે ખૂંટ जिसे बैल बोलते है। वह खा-पी के तगडा हुआ था। वह छूटा रहते है। उसे કંઈ काम-काज नहीं। સામ-સામે लडते राजा के पास आये। राजा को मार डालते, लेकिन राजा उठ गया। श्वास चढ गया। ઠિકરા पड गया। उसके साथ में निद्रा चल गइ। तो वह तो महल में सोते थे। फिर राजा को विचार आया કે मैं स्वप्न में देखा वह सच्चा है कि यह राजमहल में बैठा वह सच्चा है। तो उसने પંડિતો बुलाया और प्रश्न पूछा। कोई अच्छी तरह से जवाब नहीं मिला। अष्टावक्र ऋषि था। वह सभी अंगो से टेढे थे। सबने हस दिया। वह तो ज्ञानी थे। क्योंकि जब हमें भगवान मिलता है तो सब राजाओं के राजा है। ऋषिने बोल दिया कि आप लोग चमार है। राजा भी विचार में पड़ गये, पूछा कि हमें चमार क्यों कहेते हैं ? ऋषि ने कहा कि मैंने इसलिये चमार किया कि आप को आत्मा-परमात्मा का ज्ञान नहीं है। क्यों कि तमे हमारी ચામડી में देखते है। आप को ज्ञान हो तो हसते नहीं।

जैसे कोई नदी आती है। ઘણા વળાંકવાળી जिसे प्यास लगी हो वह વિચારે कि एसी नदी है तो पानी नहीं पीना है, तो वह प्यास से मर जायेगा। पानी के साथ संबंध है तो वह जिन्दा रहेगा। आत्मा का ज्ञान होगा तो आत्मा વાંકા-ચૂંકા टेढा नहीं है, दिव्य है, तेजस्वी है। उसे समज लिजिए। राजा खुश हो गया। राजा राज्य में रहने पर भी सब झूठ समजते थे। इसलिये हररोज़ प्रार्थना-पूजा-समागम करते थे। एक दफे आग लग गई। आप जैसे लोग बैठे थे वे भी भागे। हमारे जैसे संत लोग भी उठने लगे कि हमारी कुटिया जल जायेगी। राजा बैठे रहे। राजा बोलते है कि इसमें जलता है, इस में हमारी कोई चीज़ नहीं जलती है। કારણ કે सब जलनेवाला है। સમજો, शरीर नाशवंत है तो शरीर से प्राप्त करी, सब संपत्ति नाश हो जायेगी। જો જ્ઞાન હતું તો દુઃખ ન થયું. अज्ञान मैं और મારા है, उस से दुःख होता है। આત્મા તો અજર, અમર, સુખરૂપ आत्मा है। आत्मा वृद्ध भी नहीं થાતા है। युवान भी नहीं है। मेरा नहीं મનાય तो दुःख नहीं है। गुणातीतानंद स्वामीने बात बतलाया कि, 'ઘરમાં રહેવું તે મહેમાનની માફક રહેવું.' अतिथि होकर संबंधी के घर जाता है। अच्छी तरह रखते है, फिर भी हम कहतें है कि हमारा घर नहीं है। ગુણાતીતાનંદ સ્વામી સીધા દૃષ્ટાંત આપીને કહે છે કે આ શરીર મહેમાન છીએ. एक दफे चले जानेका है। हमारी कामना पूरी होनेवाली नहीं है। जितनी कामना बढती है। જેટલી ઇચ્છાઓ ઓછી છે તેટલી શાંતિ છે. એ ક્યારે થશે? તો એવા સત્પુરુષ મળશે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાર્થ एसे संत मिल जायेगा तब सच्चा ज्ञान हो जायेगा। हम आत्मारूप होकर परमात्मा की भक्ति करने के लिए आये है। इस ज्ञान से ભગવાનનું શાશ્વત ધામ પામી જવાય છે. यह ज्ञान हो जाये...''

તદ્દન નિઃસંકોચપણે, નિખાલસભાવે સ્વામીશ્રીએ આશીર્વાદ ઉચ્ચાર્યા. ભાષાકીય ગરબડો અને વ્યાકરણદોષોને કારણે સૌને ઘણી રમૂજ થઈ અને દિવ્ય આનંદ પણ માણવા મળ્યો, કારણ કે 'विकृतिरपि रम्याणां श्रियं तनोति।' – જે રમ્ય છે તેમાં ખામી પણ ખૂબીરૂપ બની જાય છે.

બીજા દિવસે ક્ષૌરકર્મ કરાવવા બેઠેલા સ્વામીશ્રી સમક્ષ આ પ્રવચનના સંદર્ભમાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : ''ગઈ કાલે સભામાં જે વિદ્વાનો બેઠા હતા એ બધા જ આપના હિંદી પ્રવચન કરતાં પણ આપની સરળતાથી વિશેષ

અભિભૂત થઈ ગયા. આપના પ્રવચન બાદ રામજિતસિંગે મને કહ્યું કે 'સામે હજારો હરિભક્તો ગુજરાતી ભાષા સમજતાં હોવા છતાં કેવળ મારા માટે જ સ્વામીજીએ હિંદીમાં પ્રવચન કર્યું એમની બહુ જ મોટી કૃપા કહેવાય.' આપના સવારના પ્રવચન પછી પણ તેઓ બોલી ઊઠ્યા હતા કે 'इतना धीर-गंभीर प्रवचन और कोई अहंकार नहीं !''

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'ગરબડ થઈ ગઈ'તી.'

સંતો કહે : 'હરિભક્તો અને સૌને ખૂબ જ મજા આવી અને સ્મૃતિ રહી ગઈ.'

આ સાંભળીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'એ મજા તો ગરબડને લીધે આવી હતી.'

સ્વામીશ્રી પોતાની ભૂલનો ઢાંકપિછોડો ન કરતાં ઉઘાડી કરી તેનો આનંદ માણી રહ્યા અને સૌને પણ એમાં રસતરબોળ કરી રહ્યા.

માનવીની સામાન્ય પ્રકૃતિ છે કે પોતાને જેની ફાવટ ન હોય તે ન જ કરે અને જાહેરમાં તો નહીં જ, કારણ કે તેવું કરવામાં નિષ્ફળતાની શક્યતાથી તેને પોતાની પ્રતિષ્ઠા જોખમાવાનો ભય સતાવે છે. સ્વામીશ્રી પણ એ સભામાં ગુજરાતી બોલી શક્યા હોત, પરંતુ તેઓ મિથ્યા મોભામાં રાચતા જ નથી. જે હૈયે ઊગે તેને નિખાલસપણે ભગવાનને સંભારીને બોલતા રહે છે. આ તેઓની વિશેષતા છે.

•

તા. ૨૧-૬-૨૦૦૬ના રોજ સ્વામીશ્રીએ અમદાવાદમાં પોતાની જીવન-ભાવના જણાવતાં કહેલું :

''આપણે કોઈ વાતની મહત્તા જોઈતી જ નથી. જે કરીએ છીએ એ કરીએ જ છીએ. જે નથી કરતા એવું બતાડીને શું કરવાનું છે ? એના કરતાં તો માળા કરીને બેસી ના રહીએ ? ભજન કરીએ. બાકી ખોટો દેખાવ કરવાનો અર્થ શું ? આપણે વધારે પડતી મહત્તા જોઈતી નથી ને લેવી પણ નથી. આપણે તો એવો પણ દાવો કરવાની જરૂર નહીં કે 'પ્રમુખસ્વામી જ અક્ષરધામ કરી શકે, બાકી કોઈની તાકાત નથી.' મહારાજ કરે છે અને મહારાજ જ પ્રેરણા આપે છે.'

•

દંભના દોર પર નાચતા-કૂદતા વક્તાઓથી સ્વામીશ્રી કેવા ભિન્ન ભાસે છે !

સન ૨૦૦૦ના મિલેનિયમ વર્ષે 'યુનો' ખાતે 'વિશ્વ શાંતિ પરિષદ' યોજાઈ હતી. વિશ્વભરના ધર્મોના આશરે હજારથી વધુ ધર્મગુરુઓ આ પરિષદમાં ઉપસ્થિત રહેવાના હતા. તેમાં વિશ્વના એક અબજથી વધુ હિંદુઓના પ્રતિનિધિરૂપે સ્વામીશ્રીને હિંદુધર્મ વતી વિચારો વ્યક્ત કરવા જણાવવામાં આવ્યું હતું.

તા. ૨૯-૮-૨૦૦૦ના રોજ આયોજિત સત્રમાં સ્વામીશ્રીને આ વક્તવ્ય આપવાનું હતું. તે માટે 'યુનો'ના મહાસદનમાં પહોંચવાનું હતું. તેથી નિયત સમય થતાં નિવાસસ્થાનેથી નીકળવાની સૂચના આપવા સેવક સંતોએ સ્વામીશ્રીના કક્ષનું બારણું ખોલ્યું તો સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. વિશ્વભરમાં પ્રસારિત થનારા ને સીમચિહ્નરૂપ ગણાનારા પ્રવચનના પ્રારંભને ગણતરીની મિનિટો જ બાકી છે ત્યારે સ્વામીશ્રી પોતાના હાથમાં 'યોગીજી મહારાજની બોધકથાઓ'નું પુસ્તક લઈને નિરાંતે વાંચી રહેલા. લંડનમાં નવું-નવું ગુજરાતી શીખેલા એક બાળકે આ પુસ્તક ખરીદી, તેના પ્રથમ પાને પોતાના હસ્તાક્ષરમાં – 'સ્વામીબાપાને અર્પણ' લખી, ભેટમાં આપેલું. સ્વામીશ્રી તેને વાંચતા હતા.

ગમે તેવો ધુરંધર વક્તા હોય એ પણ આવા પ્રવચન પૂર્વે પ્રવચનની જ તૈયારીમાં રમમાણ હોય. મનમાં પણ પ્રવચનની માંડણી-ગોઠવણી સંબંધી જ ગડમથલ ચાલતી હોય. પણ સ્વામીશ્રી તેથી તદ્દન નિર્લેપ હતા. સેવકોએ 'યુનો' ભણી પ્રસ્થાન સંબંધી સૂચના આપી એટલે તરત સ્વામીશ્રી ઊભા થયા ને માથે પાઘ મૂકી ચાલી નીકળ્યા. તેઓના મનમાં 'કેવું બોલાશે ? લોકોને કેવું લાગશે ?' વગેરે કોઈ જ વિચારોનો ભાર નહોતો. પ્રવચન કરતી વખતે પણ સ્વામીશ્રી લેખિત ભાષણની વચ્ચે સહજપણે પોતાની લાક્ષણિક શૈલીમાં બોલવા લાગ્યા.

સ્વામીશ્રીના વક્તવ્યને વિવિધ ભાષામાં ભાષાંતરિત કરી રહેલા દુભાષિયાઓ વચ્ચે આવી ગયેલી આ વાતથી વિમાસણમાં પડી ગયા, કારણ કે તેઓને આપેલા સ્વામીશ્રીના પ્રવચનની લેખિત સ્ક્રિપ્ટની બહારના આ શબ્દો હતા; પણ સ્વામીશ્રીની વાક્ગંગા તો અસ્ખલિતપણે, નિખાલસપણે રેલાઈ રહી. અન્યથા આવા પ્રતિષ્ઠાભર્યા સમારંભમાં, જ્યાં એક એક શબ્દની

નોંધ લેવાતી હોય અને તેનું બારીક વિશ્લેષણ થવાની સંભાવનાઓ હોય, ત્યારે તો વ્યક્તિ – લખ્યું હોય તેમાં કાનો-માત્ર કે અનુસ્વાર પણ વધારે નહીં. ક્યાંક બફાઈ જશે તો? અને મારી પ્રતિષ્ઠાને ઠેસ પહોંચશે તો? એવી દહેશત સતત સતાવ્યા કરે, પણ સ્વામીશ્રીની વાણી સંપૂર્ણ નિખાલસ અને નિર્દંભ છે તેનો એક વધુ અનુભવ ત્યાં ઉપસ્થિત સૌને થયો.

•

સન ૧૯૯૦માં સારંગપુર મુકામે સ્વામીશ્રીની ૭૦મી જયંતી ઊજવાઈ રહી હતી. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફોટોગ્રાફર શ્રી રઘુરાય પણ ત્યાં આવેલા.

જન્મ જયંતીની મુખ્ય સભામાં એક પછી એક આગંતુક અતિથિ મહાનુભાવો સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાઈ રહેલા. પ્રશંસાના આ ધોધ વચ્ચે પણ સ્વામીશ્રી તો શાંતિથી પત્રવાંચન કરી રહેલા. એટલું જ નહીં, હવે તો જાહેરાત થઈ ગઈ કે 'સ્વામીશ્રી જન્મ જયંતીના આશીર્વાદ આપશે.' એટલું જ નહીં, સ્વામીશ્રી સમક્ષ માઇક ગોઠવાઈ ગયું ને તેની સ્વિચ ઓન થઈ ગઈ ત્યાં સુધી સ્વામીશ્રી પત્રો વાંચતા રહ્યા ને પછી તદ્દન સાહજિકતાથી જયનાદ દ્વારા ૪૦,૦૦૦ની વિરાટ સભાને સંબોધવાનું શરૂ કર્યું.

સ્વામીશ્રીની આ સહજતા જોઈ રઘુરાય તો ઓવારી ગયા! સ્વામીશ્રીનો ફોટો લઈ શકાય, પણ તેઓની વાણીમાં નીતરી રહેલી આ નિખાલસતા-નિર્દંભતાને કઈ રીતે કચકડે કંડારવી?!

કોઈએ કહ્યું છે : 'ભાષા બોલે છે તે ખાલી શબ્દકોશના આધારે નહીં પણ અંતર્મનના ગૂઢ પડઘાઓના જોરે. અને એ ગૂઢ અર્થ સૌથી મહત્ત્વનો છે.'

સ્વામીશ્રીના સાદા શબ્દોની પણ ગાઢ અસર થાય છે, કારણ કે તેઓની ભાષા અંતર્મનના શુદ્ધ ભાવથી સમૃદ્ધ છે.

ગુણાતીત રીત સદા ચલી આઈ

શ્રીજીમહારાજે જારની ખાણ પર બેસી બ્રહ્મરસ રેલાવ્યો છે. ગુણાતીતાનંદ સ્વામીએ થાંભલાના ટેકે, ફાટેલ ગોદડી પર બેસી બ્રહ્મપડછંદા ગજાવ્યા છે. આજે સ્વામીશ્રીમાં પણ એ જ ગુણાતીત સ્થિતિ પરખાય છે. તેઓની પરાવાણી પણ કદી આસનની ઓશિયાળી રહી નથી. સ્વામીશ્રીએ

પ્રવચન-કથા કરવા માટે આસન (બેઠક) કે અન્ય કોઈ વ્યવસ્થાની અપેક્ષા રાખી નથી. તેમાંથી પણ તેઓની નિખાલસ-નિર્દંભ વાણીનો પરિચય મળી રહે છે.

૧૯૮૪ની સાલમાં સ્વામીશ્રી વિશ્વપ્રવાસે હતા. અમેરિકાના ટેમ્પા શહેરમાં સ્વામીશ્રીની જાહેરસભા હતી. હજારો ભાવિકો સભામાં ઉપસ્થિત હતા. સ્વામીશ્રીના પ્રવચનનો વારો આવ્યો, પરંતુ માઇકનું સ્ટેન્ડ જ હતું નહીં. જે હતું એ નાનું હતું. છેવટે તબલા ઉપર એ સ્ટેન્ડ ગોઠવીને માઇકની વ્યવસ્થા કરવામાં આવી. પ્રોટોકોલ અને સભાની શિસ્તના કડક આગ્રહી દેશમાં આ પ્રકારની અગવડ ને કંઈક અંશે મુખ્ય વક્તાની મશ્કરી લાગે એવી વ્યવસ્થામાં પણ સ્વામીશ્રીના પ્રવચનમાં કોઈ ફેર ન અનુભવાયો. એ જ અલમસ્તાઈથી સ્વામીશ્રીએ આત્મભાવની વાતો કરી.

•

હાલોલના હરિભક્ત પ્રભુદાસભાઈએ સ્વામીશ્રીને પોતાના ગામમાં ધામધૂમથી પધરાવવા મોટા પાયે તૈયારીઓ કરી હતી. બૅન્ડ મંગાવ્યું હતું અને સ્વામીશ્રી પધાર્યા એટલે નગરયાત્રા પણ કાઢી, પરંતુ નગરયાત્રામાં આગળ બૅન્ડ, પાછળ બગીમાં સ્વામીશ્રી અને 'નગરયાત્રા'માં નિમંત્રક એકલા જ. આવી કફોડી યાત્રા પછી પણ સ્વામીશ્રીએ સભા તો કરી જ. અપમાન જેવી લાગે એવી આ નગરયાત્રા પછી પણ સ્વામીશ્રીએ એ જ અલમસ્તાઈથી વાતો કરી. નહીં કોઈ ભાવફેર કે નહીં કોઈ વ્યગ્રતા.

•

ભાવનગર નજીકના કુંઢડા ગામમાં સ્વામીશ્રીની સભા હતી. તેમાં સ્વામીશ્રીની પૂર્વેના વક્તાઓ એવા જામ્યા કે રાતના બાર તો એમાં જ વાગી ગયા. છેલ્લે સ્વામીશ્રીનાં આશીર્વચનનો વારો આવ્યો ત્યારે મંડપ ઘણોખરો ખાલી થઈ ગયો હતો. ગામનાં રખડતાં બે-ચાર કૂતરાંઓ પણ મંડપ વચ્ચે આવી સૂઈ ગયાં હતાં. છતાં સ્વામીશ્રીએ એટલી જ સહજતા ને અલમસ્તાઈથી પ્રવચન કર્યું. રાત્રે એક વાગ્યે ઉતારે પધાર્યા.

•


ખંડવામાં જાહેરમાર્ગ ઉપર જાહેરસભા ભરાઈ હતી. સ્વામીશ્રીના મંચ અને શ્રોતાઓની વચ્ચેથી ચાલુ પ્રવચને બે-ત્રણ જાન બૅન્ડવાજાં સહિત પસાર

થઈ ગઈ છતાં સ્વામીશ્રીની વાગ્ધારા એવી જ અસ્ખલિત રહેલી.

કપૂરા ગામમાં પારાયણ દરમ્યાન કંઈક કારણવશાત્ ચાલુ સભામાં એટલો કોલાહલ ને ઘોંઘાટ થઈ ગયો કે પ્રતિભાવની અપેક્ષા રાખનાર વક્તા હોય તો પોતાનું પ્રવચન જ બંધ કરી દે, પરંતુ એ કોલાહલની વચ્ચે પણ સ્વામીશ્રીની પ્રવચનગંગાના વહેણ તદ્દન ગંભીર ને શાંતપણે વહ્યે જતા હતા.

વિપરીત સંજોગો કે વાતાવરણ કે માનસિક ભૂમિકાઓનાં પરિબળો સ્વામીશ્રીની સાહજિકતામાં ક્યારેય ખલેલ પાડી શક્યાં નથી, કારણ કે તેઓ નિખાલસ અને નિર્દંભ છે. નિર્મળ, નિખાલસ અને નિર્દંભ વાણીના આવા ત્રિવેણી સંગમમાં સ્નાન કરવું એ કુંભસ્નાનથી પણ અધિક છે.

❀ ❀ ❀



૬

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

અમોઘ અને આનંદી અમૃતવાણી

“

આ બેઠા એ અક્ષરધામની સભા.
અહીં સંસાર નથી.
અહીંથી બહાર નીકળો એટલે સંસાર છે.
અહીં તો અક્ષરધામની સભા છે.
કથાવાર્તા, કીર્તન થાય છે ને બધા કેટલા આનંદમાં છે !
અહીં માયા નથી. ભગવાન અને સંત જ્યાં હોય ત્યાં માયા નથી,
અને એ તો માયા હોય તોય કાઢીને અક્ષરધામમાં લઈ જાય છે.

– પ્રમુખસ્વામી મહારાજ

”

બોલે મળીને મનરંજન

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ સત્પુરુષની વાણીની વિશેષતા નોંધતાં 'ભક્તચિંતામણિ'માં ગાયું છે :

'શમદમાદિ સાધને સંપન્ન, બોલે મળીને મનરંજન;
શ્રુતવાનમાં સૌથી સરેશ, એવા સંતને નામું હું શીશ.
સંશયહર્તા ને કલ્યાણકર્તા, વળી વેદ-પુરાણના વેત્તા;
કોમળ વાણી વાચાળ વિશેષ, એવા સંતને નામું હું શીશ...'

અહીં સત્પુરુષની વાણીને 'મનરંજન' કહી સૌને આનંદ ઉપજાવનારી ગણાવી છે. સાથે સાથે સત્પુરુષની વાણીમાં 'વાચાળતા'ની પણ ભાત ઊપસે છે તેમ નિષ્કુળાનંદ સ્વામી કહે છે. અહીં વાચાળતા એટલે વાતોડિયાપણું નહીં, પણ સત્પુરુષની વાણીમાં છલકાતી પ્રત્યુત્પન્નમતિ-હાજરજવાબીપણાનો નિર્દેશ છે. ટાણે ટોણો મારી સત્પુરુષ એવી ગમ્મત ઉપજાવે કે સૌ આનંદમાં ગરકાવ થઈ જાય. આવો આનંદ એ સ્વામીશ્રીની વાણીમાં હરહંમેશ ઊછળતો હોય છે. તેઓએ કદી ઘુવડગંભીર થઈને વક્તવ્યો શરૂ પણ નથી કર્યાં ને પૂરાં પણ નથી કર્યાં. 'હસતું મુખ રાખીને સૌને હસવતા... જાણે અમૃતવરસે છે એના વેણથી'ની જેમ પોતે આનંદમાં કથારસ રેલાવતા રહ્યા છે ને એ રસની છાલક અનુભવનારને પણ આનંદી કરતા રહ્યા છે.

પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી સ્વલિખિત પુસ્તક 'પૂર્ણ દિવ્યતા'માં નોંધે છે : 'તા. ૨૩-૧-'૯૫, એટલે કે યોગીજી મહારાજની પુણ્યતિથિએ, સ્વામીશ્રી અમદાવાદ મંદિરે બિરાજમાન હતા. સંધ્યાસભામાં વિવેકસાગર સ્વામી તથા ઈશ્વરચરણ સ્વામીનાં પ્રવચન બાદ સ્વામીશ્રીએ સૌને આશીર્વચન-રૂપી પરાવાણીમાં તરબોળ કરી દીધા. એમનાં આશીર્વચનોમાં યોગીજી મહારાજની લાક્ષણિકતાનું વર્ણન હતું. ફક્ત સત્તર મિનિટ બોલ્યા. વર્ણન સીધું-સાદું હતું. એમાં કોઈ ક્રમ પણ નહોતો, પરંતુ એ બ્રહ્મરસથી ભરપૂર હતું. તેથી હજારો શ્રોતાઓએ એક વિશિષ્ટ મીઠાશ, શાંતિ ને આનંદનો અનુભવ કર્યો. લોકોએ જે અનુભવ્યું તેનો શબ્દદેહ બાંધવો શક્ય નથી.'

ઘણી વાર વક્તા પોતાની વાણી દ્વારા શ્રોતાઓને આનંદ પમાડે છે,

તાળીઓ પડાવી દાદ મેળવે છે, પરંતુ એ આનંદનાં ઉત્પત્તિસ્થાન ક્યારેક કો'ક પર કટાક્ષ તો ક્યારેક કો'કની હાંસી-મશ્કરી; ક્યારેક કો'કની નકલ તો ક્યારેક કો'કની નિંદા જેવા, હીન અને અનિચ્છનીય તુક્કા હોય છે. આવાં કારણોનો સહારો લઈ હાસ્ય નિપજાવતા વક્તાઓ માટે તો કોઈકે લખી જ દીધું છે :

'હસવું એવું હોય કે હાણ ન નીપજે કોઈને;
હસવ્યે દૂભવ્યા કોઈ, તો હસવાથી ભસવું ભલું.'

સ્વામીશ્રીની વાણી આવી વાંકી નથી પણ કોમળ છે, પરંતુ પ્રસંગને પારખીને, પળને પાકવા દઈને, આગત-અનાગત સંદર્ભોને સાંકળીને, ધીરે રહીને એવી રીતે વાત કરે કે સમગ્ર સભા આનંદના હિલોળે ચડી જાય.

એક વાર નૈરોબીમાં સભા પછી રાત્રે અગિયાર વાગ્યે સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા. સ્વામીશ્રી ત્યાં પધારે તે પહેલાં તો કેટલાયે ભક્તો ત્યાં પણ લાભ લેવા ઊમટી પડ્યા હતા. તેઓને જોઈને સ્વામીશ્રી તે બધાની વચ્ચે બિરાજ્યા. એ સમયે હર્ષદભાઈ રાણાએ ઊભા થઈને જાહેરાત કરી કે 'બાપાએ કૃપા કરી છે તો હવે આપણને બે શબ્દો કહેશે.' સ્વામીશ્રી જાણે તેઓની સૂચનાનું અક્ષરશઃ અનુસરણ કરતા હોય તેમ બોલ્યા : 'ब्रह्म सत्यं, जगन्मिथ्या' એમ કહી જય બોલાવી સભા પૂર્ણ કરી દીધી.

સ્વામીશ્રીએ જે ત્વરા અને સચોટતાથી વાત કરી કે સૌ તાળીઓ પાડી ઊઠ્યા. કલાકના પ્રવચન પછી જે આનંદ ન આવે તે માત્ર બે સેકન્ડ બોલીને સ્વામીશ્રીએ કરાવી દીધો.

•

તા. ૧૩-૧૨-૨૦૦૫ના રોજ સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા હતા. સભામાં તેઓના આશીર્વાદ પૂર્વે ઉદ્‌ઘોષક શ્રુતિપ્રકાશદાસ સ્વામી ગાંધીનગર ખાતે ગોઠવાયેલા કાર્યક્રમને લક્ષમાં રાખીને જાહેરાતમાં એમ બોલ્યા કે 'સ્વામીબાપાએ ખૂબ કૃપા કરીને વિચરણના આ દોરમાં ગુજરાતમાં સૌપ્રથમ ગાંધીનગરમાં પગલાં કર્યાં છે. હવે અહીં બે-ત્રણ દિવસ રોકાશે.'

તેઓના શબ્દોના સંદર્ભથી જ પોતાના પ્રવચનનો પ્રારંભ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'પંડિતજી(શ્રુતિપ્રકાશ સ્વામી)એ બે-ત્રણ દિવસ જ રોકાવાનું કહ્યું એટલે હવે અમારે વધારે રોકાવું હશે તોપણ વિચાર કરવો પડશે...'

સ્વામીશ્રીના આ વાક્યમાત્રથી સભામાં આનંદનું મોજું પ્રસરી ગયું.

સ્વામીશ્રીની આ વાત સાંભળી શ્રુતિપ્રકાશદાસ સ્વામી બેઠા હતા ત્યાંથી હાથના ઈશારે 'વધુ રોકાઓ' એ રીતે કહેવા લાગ્યા. તેઓની આ ચેષ્ટાનો પણ પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી કહે : 'આ રીતે હાથ કરવાથી કંઈ વળતું હશે? જે બોલી ગયા એ બોલી ગયા..'

ત્વરિત પ્રતિક્રિયા(reflex action)ની જેમ આવેલી સ્વામીશ્રીની આ વળતી ટકોરથી શ્રોતાઓનો આનંદ બેવડાઈ ગયો.

છેવટે તો શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ ઊભા થઈ માઈકમાં જાહેર કરી દીધું કે 'અમે તો આપના બાળક છીએ એટલે બાળક સમજીને બોલ્યું-ચાલ્યું માફ કરીને આખો ધનુર્માસ અહીં રોકાજો.'

સ્વામીશ્રીએ આ સાંભળી ગમ્મતને સંકોરતાં કહ્યું : 'રોકાઈશું તો સૌને ધનુર્માસમાં શીરો જમાડવો પડશે.'

'રોજ સવા મણનો શીરો કરીશું.' શ્રુતિપ્રકાશદાસ સ્વામી બોલ્યા.

તે સાંભળી સ્વામીશ્રી ઠાવકાઈથી બોલ્યા : 'એટલે શું થાય? એવો આંકડો પાડે તો આવનારા માણસો પણ બંધાઈ જાય કે સંખ્યા વધશે તો આપણને નહીં મળે.'

એક-એક સમાધાનની સામે સ્વામીશ્રી પણ એવી એક-એક દલીલ કરતા રહ્યા કે આખી સભા ગમ્મતગુલાલમાં ગરક થઈ ગઈ.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં એક અનુભવ કાયમ થાય કે જાહેરસભાના મોભાનાં મહોરાં ક્યારે ખરી પડે ને એક આત્મીય ગોષ્ઠીનું વાતાવરણ ક્યારે જામી જાય તેની શ્રોતાને પણ ખબર ન પડે. એકેએક શ્રોતા સ્વામીશ્રી સાથે વ્યક્તિગત સંવાદ કર્યાનો અનુભવ માણતો રહે.

કવિ ભારવિએ 'कीरातार्जुनीयम्' મહાકાવ્યમાં લખ્યું છે : 'सुदुर्लभाः सर्वमनोरमा गिरः ।' બધાને મનોરમ્ય લાગે તેવી વાણી દુર્લભ છે. એ દુર્લભતા સ્વામીશ્રીની વાણીથી સુલભ બને છે. તેઓનું બોલવું સૌને ગમે છે.

અણચિંતવી આનંદહેલી રે...

અંગ્રેજીમાં કહેવાયું છે : 'That action is best which procures greatest happiness for the greatest number.' એ ક્રિયા શ્રેષ્ઠ છે

જે વધુમાં વધુ લોકોને વધુમાં વધુ આનંદ પમાડી શકે.

સ્વામીશ્રીની ક્રિયા તો આવી છે જ પણ તેઓની વાણી પણ એવી જ છે કે વધુમાં વધુ લોકોને વધુમાં વધુ આનંદ ઊપજે. પોતાના વક્તવ્યમાં સ્વામીશ્રી ક્યારેક ક્યારેક અંગ્રેજી શબ્દો કે વાક્યોનો પ્રયોગ કરી સૌને અવર્ણનીય આનંદનો અનુભવ કરાવતા હોય છે. ખાસ કરીને પરદેશના બાળકો-યુવાનો, હરિભક્તોની સભા હોય કે દેશમાં પણ એવા કાર્યક્રમ હોય તેમાં 'Do you understand?' (ડુ યુ અન્ડરસ્ટેન્ડ?); 'Twenty-four hours' (ટ્વેન્ટી ફોર અવર્સ); 'I am very busy' (આઈ એમ વેરી બીઝી); 'Yes, yes, I know' (યસ યસ, આઈ નો); 'welcome' (વેલકમ); 'I don't know' (આઈ ડોન્ટ નો); 'Thank you' (થેન્ક યુ); 'Short and sweet' (શોર્ટ એન્ડ સ્વીટ) વગેરે વાક્યોના પ્રસંગ અનુરૂપ પ્રયોગ કરી સ્વામીશ્રી હળવાશનું વાતાવરણ ખડું કરી દે છે.

પરદેશમાં યોજાયેલી એક યુવાશિબિરમાં સ્વામીશ્રી માત્ર એટલું જ બોલ્યા કે 'I love you all.' (આઈ લવ યુ ઓલ) અને આખી સભામાં મિનિટો સુધી તાળીઓના ગડગડાટ ગુંજતા રહેલા. આ ચાર શબ્દોએ સૌને પોતાના સ્થાનેથી ઊભા કરીને હિલોળતા કરી મૂકેલા.

•

એક વાર સ્વામીશ્રી સાંકરીમાં બિરાજમાન હતા. સમૈયાની સભા ચાલતી હતી. સ્વામીશ્રીને સભામાં પધારવાનો સમય થઈ જ ગયો હતો. કંઈક કામ આવી જતાં આવવામાં થોડો વિલંબ થશે એવા સમાચાર આવ્યા. આથી, સભાસંચાલકે વચગાળામાં પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીના કીર્તનનો કાર્યક્રમ ગોઠવી જાહેરાત કરી કે 'હવે ઘનશ્યામબાપા કીર્તનનો લાભ આપશે.'

જાહેરાત થતાં જ ઘનશ્યામબાપા શ્રોતાવર્ગમાં બેઠા હતા ત્યાંથી ઊભા થઈ સ્ટેજ પર આવ્યા. કીર્તન ગાવા ખુરશી પર બેઠા ને સ્વામીશ્રી સભામાં આવી પહોંચ્યા. તેથી ઉદ્‌ઘોષકે તરત જ જાહેરાત કરી દીધી : 'સમયના અભાવે કીર્તન રદ કરવામાં આવે છે. હવે સ્વામીબાપાના આશીર્વાદનો જ લાભ લઈશું.'

આ આખો ઘટનાક્રમ જાણી ગયેલા સ્વામીશ્રીએ એ જ તંતુને આગળ વધારતાં શરૂઆત કરી : 'હમણાં ઘનશ્યામબાપાને કીર્તન માટે આમંત્રણ

આપ્યું, પણ સ્ટેજ પર આવ્યા ને રદ થઈ ગયું. આવું બને તો તરત ખોટું લાગે કે નહીં? કે મને આમંત્રણ આપ્યું ને કેન્સલ કરી નાંખ્યું? પણ આવા સમયે એમ માનવું કે આપણે પાછળ બેઠા'તા ને આવી જાહેરાત થઈ એટલે સ્ટેજ ઉપર તો આવવા મળી ગયું! એમ ગુણ લઈ લેવો...'

કોઈને ન સૂઝે એમ સ્વામીશ્રીએ આખા પ્રસંગને જે રીતે વળાંક આપીને શરૂઆત કરી કે સૌ શ્રોતાઓ તાળી પાડી ઊઠ્યા. તેઓની વાણી સાચે જ આનંદનો હેલારો છે, હાસ્યનો ફુવારો છે.

•

ભગવાનના અસીમ સુખનું વર્ણન કરતાં સ્વામીશ્રી ઘણી વાર જોધા ભરવાડનો પ્રસંગ કહેતા હોય છે. પ્રસંગ જો સીધી રીતે કહેવા બેસીએ તો ત્રણ-ચાર મિનિટમાં પૂરો થઈ જાય એવો છે, પરંતુ આ પ્રસંગમાં આવતી પ્રત્યેક વિગતને સ્વામીશ્રી ભાષાકીય લઢણ, પ્રસંગાનુરૂપ હાવભાવ અને મુદ્રા, માનવીય મનોભાવો, પરંપરાગત રહેણીકહેણી, સાંદર્ભિક કહેવતો દ્વારા એવી રીતે મઠારીને રજૂ કરે છે કે વાક્યે વાક્યે આનંદના ઓઘ વળતા જાય. જુઓ, આ રહી એ આનંદમય રજૂઆત.

''શ્રીજીમહારાજના વખતમાં જોધો નામે એક ભરવાડ હતો. બહુ સંસ્કારી જીવ. પોતાના વતનમાં રહીને ગાયો-ભેંસો ચારતો.

''શ્રીજીમહારાજ એક વખત કાઠી દરબારો સાથે નીકળ્યા અને તેના નેસ આગળથી નીકળી આગળ જતા હતા. મહારાજ આગળ જઈ ઊભા રહ્યા, એટલે તેની ગાયો બધી મહારાજની સામે દોડી આવી. ઓલો ભરવાડ ઘણું તેને વાળવા કરે. ભરવાડની ગાય છે તે બોલાવે એટલે તરત પાછી આવે, જાય નહીં. પણ આ તો ઘણા હોંકારા-પડકારા કરવા મંડી પડ્યો, પણ ગાયો રોકાઈ જ નહીં. શ્રીજીમહારાજની સામે ઊંચા કાન અને ઊંચા પૂછડાં કરી મહારાજનાં દર્શન કરવાં લાગી. જોધાને થયું કે આ કોઈક ચમત્કારિક વાત છે. મારી ગાયો મને મૂકીને જાય નહીં અને આજે મને મૂકીને તેમની સામું જુએ છે એટલે આ કોઈક ચમત્કાર છે. જાણ્યું કે આ કૃષ્ણ કનૈયો લાગે છે. તે જઈને મહારાજને પગે લાગ્યો : 'મહારાજ! મારે તમારી સાથે આવવું છે.'

''મહારાજ કહે : 'આ તારી ગાયો, તારી ભેંસો, ઢોર, બૈરાં-છોકરાં એનું શું?'

'મહારાજ ! એને જે કરવું હોય તે કરશે.'

મહારાજ કહે : 'જઈને રજા લઈ આવ.'

''આ જોધો ભરવાડ બહુ મુમુક્ષુ હતો. સંસ્કારી જીવ હોય એટલે લગની લાગે. બૈરાંને કહે : 'જો, હવે આ પેલો કનૈયો આવ્યો છે તેની સાથે હું તો જઉં છું. આ ધાબળો ને આ લાકડી. તારે જેમ કરવું હોય તેમ કરજે. અને તને બીજો સારો મળે તો ત્યાં જજે. પણ મારે તો... હું ભગવાનની પાસે જઉં છું. હવે પાછો આવવાનો નથી.' એમ કહીને નીકળી ગયો. મહારાજ સાથે સાથે ગયો. ગઢડામાં આવ્યો. મહારાજ કહે : 'આ દાદાખાચરનાં ઢોર છે. ગાયો-ભેંસો તારે સાચવવાનાં ને રહેવાનું.' ભરવાડને ભેંસો-ગાયો પર બહુ પ્રેમ હોય. ખેડૂતને બળદ પર, દરબારોને ઘોડા પર પ્રેમ હોય. મહારાજે કહ્યું એટલે સાચવવા મંડી પડ્યો. ઢોર બધાં સાચવે. ગાયો-ભેંસો દોએ. મહારાજ ક્યારેક જાય એટલે આંચળની એક સીધી ધાર મારે, એટલે સીધું મહારાજના મોઢાની અંદર ધાર આવી જાય.

''મહારાજને તે એવી રીતે દૂધ પાતો. એટલો બધો પ્રેમ મહારાજને વિષે. મહારાજને એ રીતે રાજી કરે. દરરોજ ઢોર ચારવાં સવારના દોહ્યા પછી નીકળી જાય. પછી બપોરે ત્યાં રોટલા ખાય. સાંજનો આવી જાય. તેવી રીતે એક વખત દાદાખાચરના પિતાનું શ્રાદ્ધ હતું. એભલખાચરનું શ્રાદ્ધ. એટલે મહારાજ કહે : 'દૂધપાક બનાવો. સારામાં સારો દૂધપાક બનાવો.' લખુ કંદોઈ ગામનો સારામાં સારો હુશિયાર માણસ. જોગી મહારાજ કહે : 'સુરતનો દૂધપાક ખાધો હોય તેને ખબર પડે.' સુરતનો દૂધપાક એટલે બહુ સારો બને. વખણાય. સુરતનું જમણ અને કાશીનું મરણ. મરવું હોય તો કાશીએ જવું. જમવું હોય તો સુરત જવું. એટલે સ્વામી કહે : 'સુરતનો દૂધપાક બન્યો હોય, એક વાડકાને બદલે બે, ને બે ને બદલે ચાર વાડકા ચઢી જાય કે નહીં..?'

''મહારાજે જોધાને કહ્યું : 'તું આજે સવારે ગાય દોહીને બધું દૂધ દરબારમાં આપી જજે. દૂધપાક બનાવવાનો છે. અને તારે પણ બપોરે અહીં જ રોટલા જમવાના છે. આજે રોટલા સીમમાં આવશે નહીં. માટે ત્યાં ઢોરાં છાંયડે બેસાડી અને પછી આવજે.'

''લખુ કંદોઈ સવારે ચાર વાગ્યે આવી ગયો. તાવડા બધા ચડાવી દીધા. દૂધ બધું નાખી હલાવવા માંડ્યો. છેલ્લું દેગડું દૂધનું બાકી હતું તે લઈને જોધો

જાતે આવ્યો અને જોયું તો ચૂલા નીચે તાપ. લાકડાં ધમધમ સળગાવ્યાં ને... ધમધમાટ ચાલે છે... દૂધ હલાવે છે. પછી ઓલ્યો જોધો કંદોઈને ગાળો દેવા માંડ્યો : 'એ હરામખોર! આ બધું દૂધ આવું અમૃત જેવું! ખરેખરું દૂધ બાળી દે છે અને આ દૂધ બીજું લાવીશ ક્યાંથી? આ દૂધ બાળવા બેઠો છે...' તેણે દૂધપાક કોઈ દિ' જોયેલો નહીં ને પીધેલો પણ નહીં. એટલે એને વિચાર જ નહીં કે દૂધપાક બને છે. એટલે પેલા જોડે ધમાલ કરવા મંડી પડ્યો : 'દૂધ બાળી દે છે. દૂધ લાવીશું ક્યાંથી? મહારાજને જમાડવાના છે.' આ સાંભળીને મહારાજ ઓરડીમાંથી બહાર નીકળ્યા : 'જોધા શું છે?' કહે : 'આ લખો દૂધ બધું બાળી દે છે.. પછી દૂધ બીજું લાવશે ક્યાંથી? ક્યાં દૂધ મળવાનું છે?' મહારાજ કહે : 'કંઈ નહીં. એ કરે છે એ બરાબર છે. તું ગાયો-ભેંસો ચારવા જા.' અને ગયો. બપોર થયા એટલે આવ્યો. રસોઈ બધી થઈ ગઈ. ઠાકોરજી આગળ થાળ ધરાવ્યો! અવિનાશી આવો રે.. સંતો થાળ બોલ્યા. અને પછી માનસીપૂજા કરી. માનસીપૂજામાં આમ બધા ઓઢે... (ગાતરિયું માથે ઓઢીને બતાવ્યું) આંખ આઘીપાછી થાય નહીં એટલે આંખ મીંચી દેવાની. જોધો આઈને જુએ તો આ ઓઢીને બેઠા છે. એટલે કહે : 'સવારનો કહેતો'તો કે દૂધ ના બાળો. હવે દૂધ બાળીને રોવા બેઠા. હવે બીજેથી દૂધ મળવાનું છે? છાના રહો છાના રહો, હવે સાંજે દૂધ લાવીને આપીશું. છાના રહો.'

"પછી મહારાજ કહે : 'જોધા! આ તો મહારાજની માનસીપૂજા થાય છે. તું બેસ છાનોમાનો! થાળ થાય છે ભગવાનનો, પછી તને જમાડીએ.' પછી મહારાજે જોધાને બરાબર બેસાડ્યો. જોધાને ભૂખ લાગેલી. ટાઇમ થયેલો. મોટીબાને કહે : 'મહારાજ તો કેટલુંય કરશે. મારાં ઢોરાં બેઠાં છે. મારે જવું છે, માટે લાવો...' મોટીબાએ રોટલા તેના તૈયાર તો કરેલા હતા. કાઠિયાવાડી રોટલા.. ફર્સ્ટક્લાસ જાડા. ૩-૪ રોટલા ને એક તાંસળી છાશ, અથાણું ને મરચું. બીજું કાઠિયાવાડમાં કંઈ લાંબું હોય નહીં. રોટલા ને છાશ જોધાએ તો ચડાવી દીધા. ત્યાં તો મહારાજે પંગત પાડી. મહારાજ કહે : 'હાલો સંતો... પાર્ષદો બધા...' સ્વામિનારાયણ... નારાયણ... નારાયણ... ધૂન ચાલી. પછી મહારાજ પીરસવા નીકળ્યા. જોધો તેની મેતે ખૂણામાં બેઠો બેઠો રોટલો ને છાશ પીતો હતો. પછી મહારાજ પીરસતાં પીરસતાં ત્યાં ગયા. જોધાને કહે : 'લે.' તે કહે : 'હવે ના જોઈએ. મેં તો ખઈ લીધું.'

મહારાજ કહે : 'ખરેખરું છે. તું ચાખ તો ખરો !'

તો કહે : 'ના, ના, દૂધપાક નથી જોઈતો.'

''મહારાજ કહે : 'લ્યા ! લે તો ખરો, તાંસળું ધોવડાવીને આપ્યો. ને પીધું. 'અહોહો ! માળું ખરેખરું મધુર... આ તો મીઠી સાકર જેવું છે. આ તો પીધા જેવું છે. લાવો મહારાજ.' એટલે આખું બોઘેણું પી ગયો. આખું બોઘેણું રોટલા ને છાશ ખાધા પછી પી ગયો. મધજળ જેવું કર્યું. મહારાજને કહે : 'હવે તો લાવો. હવે છાશ પીવે તે બીજા.' 'વહાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીવે રે લોલ...' કહેવાનું શું છે કે આ રસ ચખાઈ ગયો. આનંદ - સુખ આવી ગયું. પછી બીજે ક્યાંય માલ મનાય નહીં. એમ ભગવાનમાં વૃત્તિ જાય પછી જગતના સુખ ફાવે જ નહીં.''

'અણચિંતવી આનંદ હેલી રે, ચાલ્યો અમૃતરસ રેલી રે...'એ પંક્તિઓ આ વર્ણન વાંચતાં પણ કેટલી સાર્થક અનુભવાય છે ! તો તે સાંભળતી વખતે થતાં આનંદની તો વાત જ કેવી બનતી હશે ?!

•

તા. ૧-૪-૨૦૧૧ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં ઠાકોરજી જમાડી રહેલા. તે વખતે હરિપ્રકાશદાસ સ્વામી બાસુંદીની વાટકી લઈ આવ્યા ને થાળમાં મૂકતાં કહ્યું : 'જમો બાપા ! આપણી ગૌશાળાના દૂધની બાસુંદી છે. (ગૌશાળા સંભાળતાં) આ તપોધન ભગત સામે જ બેઠા છે.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'ગાયને સાચવે એ, દોહે એ, ખવડાવે એ. તો આમાં તેં શું કર્યું ? ને પાછો આગ્રહ કરે છે ?' આમ, આડ લયમાં વાત કરી સ્વામીશ્રીએ આનંદને ઈજન આપ્યું.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બરોબર છે. મેં તો કાંઈ કર્યું નથી, પણ આપ જમો તો લેખે લાગે ને !'

સામે બેઠેલા યોગીચરિતદાસ સ્વામીએ પણ સૂર પુરાવતાં કહ્યું : 'બરાબર છે. આપ જમો તો બધાની સેવા ફળે.'

આ સાંભળતાં (યોગીચરિતદાસ સ્વામી પૂર્વાશ્રમમાં ક્ષત્રિય જ્ઞાતિના હતા તે સંદર્ભમાં) સ્વામીશ્રીએ કહ્યું : 'જુઓ, બાપુ બોલ્યા.'

સ્વામીશ્રીની આ વાત સાંભળતાં હરિપ્રકાશદાસ સ્વામીએ જોડકણું જોડ્યું કે –

'ચાર મળે રજપૂત, તો વાત કરે મજબૂત,
ચાર મળે મોચી, તો વાત પાડી દે પોચી,
ચાર મળે ગોર, તો વાત કરે પહોર,
ચાર મળે સંત, તો દુ:ખનો લાવે અંત.'

તેઓનું કવિત સાંભળી સ્વામીશ્રી કહે : 'પેલું તો બોલવાનું રહી ગયું.'

'કયું ?'

'ચાર મળે પાટીદાર, તો વાત કરે આંટીદાર. તેં બધાની વાત કરી પણ તારું તો બોલતો નથી.' (હરિપ્રકાશદાસ સ્વામી પૂર્વાશ્રમમાં પાટીદાર જ્ઞાતિના હતા તે સંદર્ભમાં). સ્વામીશ્રીએ એટલી સહજતાથી ને સિફતપૂર્વક જોડકણાંમાં પાદપૂર્તિ કરી આપી કે સૌ ખડખડાટ હસી પડ્યા. સર્વત્ર આનંદ આનંદ છાઈ રહ્યો.

•

તા. ૧૭-૪-૨૦૦૭ના રોજ સારંગપુરમાં સ્વામીશ્રી સમક્ષ કથા વંચાઈ રહી હતી. કથાભાગમાં શાસ્ત્રીજી મહારાજે કરાવેલી ગમ્મતો અને ગમ્મતમય દૃષ્ટાંતોની વાતો આવતી હતી. તેના અનુસંધાનમાં અખંડમંગલદાસ સ્વામીએ એક રમૂજી પ્રસંગ રજૂ કરી સૌને હસાવ્યા.

એ હાસ્યના ઝરણાને જાણે મહાનદમાં ફેરવવો હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'લાવો, હું પણ એક કહી દઉં.' એમ કહી સ્વામીશ્રીએ હાસ્યપુરાણનો નવો અધ્યાય શરૂ કરતાં વાત માંડી :

''એક મિયાં હતા. તે ગપ્પાં મારવામાં હોશિયાર. તે કહે : 'એક ઝાડીમાં સો સાપ જોયા.' ત્યારે એના મિત્રોએ કહ્યું : 'મિયાં ! જૂઠ મત બોલો. સો સર્પ હોતા હોગા ?' ત્યારે મિયાંજી તરત બોલ્યા : 'પચાસ તો હોગા હી.' એ સાંભળી મિત્રોએ કહ્યું : 'મિયાં કુછ ગલતી કર રહે હો.' ત્યારે પેલો મિયો ધીરે ધીરે કરતાં ઘટવા લાગ્યો ને બોલ્યો : 'દસ-બાર તો હોગા હી.' ને છેલ્લે તો વળી કહે : 'કુછ સલવલ સલવલ હોતા થા.''

સ્વામીશ્રીની હિંદી અને ભાષાઢબથી ચારેકોર હાસ્ય હાસ્ય વેરાઈ રહ્યું.

સ્વામીશ્રીએ કરેલી આ વાતનો દોર આગળ વધારતાં અખંડમંગલદાસ સ્વામીએ બીજા એક ગપોડીની વાત ચાલુ કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'તું પણ મારા જેવો જ ગપોડી લાગે છે.'

સ્વામીશ્રીએ એ સમયે એવો મમરો મૂક્યો કે ગમ્મતના ગોટેગોટા ઊડવા લાગ્યા. ખંડમાં જાણે હાસ્યનો દરિયો ઊભરાઈ ગયો. સામેવાળી વ્યક્તિને એના જ ચલણમાં ચૂકવવામાં સ્વામીશ્રીને કોઈ ન પહોંચે !

કુશળ ભાષાવિદ્‌ની ગમ્મત

ઘણી વાર યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દોનું ચયન કરવાનું સૂચવીને પણ સ્વામીશ્રી આનંદોલ્લાસ કરાવી દે છે.

તા. ૨૨-૪-'૧૧ના રોજ સ્વામીશ્રી સમક્ષ યોગીમનનદાસ સ્વામી નિષ્કુળાનંદ સ્વામીનું આખ્યાન નિરૂપતા હતા. તેમાં તેઓએ વાત કરી કે 'નિષ્કુળાનંદ સ્વામીને ખબર પડી કે મહારાજ તેઓને ગઢડાના મહંત બનાવશે. તો તેઓ ત્યાંથી જ ભાગી ગયા ને ગઢાળી પહોંચી ગયા.'

આ સાંભળતાં સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ભાગી ગયા નહિ, જતા રહ્યા એમ બોલવું.'

સ્વામીશ્રીની આ સહજ ટકોરમાં સ્વામીશ્રીની ભાષાસૂઝ તો સૌને જાણવા મળી જ, સાથે સાથે આનંદ પણ થયો.

•

તા. ૧૨-૪-'૧૧ના દિવસે સ્વામીશ્રી દર્શન કરી નિવાસસ્થાન તરફ આવી રહ્યા હતા. અહીં વ્યવસ્થા સંભાળતા સ્વયંસેવકોએ આજે શ્રી સ્વામિનારાયણ જયંતી નિમિત્તે નિર્જળ ઉપવાસનો ઠરાવ કરેલો. તે વાત કરતાં અક્ષરચરિતદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આ સૌને આશીર્વાદ આપો કે ઉપવાસ કર્યો છે તો પાર પડી જાય.'

સ્વામીશ્રી આ સાંભળી હસવા લાગ્યા ને બોલ્યા : 'લ્યો, પાર પાડી દેવાની વાત કરે છે. પાર પડે એમ નહીં, સારામાં સારી રીતે થઈ જાય એમ કહેવું.'

વર્ષ ૨૦૧૧ના મુંબઈ ખાતેના રોકાણ દરમ્યાન અપરિણીત યુવાનોને સુપાત્ર મળી જાય તે માટે આશીર્વાદ અપાવવા એક સાથે બેસાડવામાં આવેલા. સ્વામીશ્રી પધાર્યા એટલે એક સંતે વાતની માંડણી કરતાં કહ્યું કે 'બાપા ! આ બધા વાંઢા બેઠા છે...'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'વાંઢા નહીં, કુંવારા કહેવાય.'

સ્વામીશ્રીની આ તત્ક્ષણની કોમેન્ટથી સૌ ખુશ થઈ ગયા. સ્વામીશ્રીનો કેવો વાણીવિવેક! સાથે સાથે વાત મૂકવાની એવી અલૌકિક રીત કે સૌ રાજી થઈ જાય!

સ્વામીશ્રી જ્યારે યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દોનો આવો પ્રયોગ કરે ત્યારે તેઓ કેવા ઉચ્ચ કક્ષાના ભાષાવિદ્ છે તેનો પણ ખ્યાલ આવે છે. ફાધર વાલેસ કહે છે કે : 'દુનિયાની કોઈ પણ ભાષામાં પર્યાયો નથી. કોઈ પણ બે શબ્દો સાવ સરખા નથી. એકબીજાને મળતા આવે, કોઈ વાર એકબીજાની ગરજ સારે, અમુક પ્રસંગે એકબીજાની જગ્યા ઉપર બેસી શકે, પણ સરખા તો નથી હોતા. પરીક્ષામાં લખી શકાય કે પાણી, જળ, વારિ પર્યાય છે. પણ શું, 'મને એક ગ્લાસ જળ આપો' એવું બોલાય? પાણીકમળ કહેવાય? લીંબુવારિ કહેવાય? ના. શબ્દો જુદા છે. બે સરખા નથી. શબ્દોને પણ પોતાનું વ્યક્તિત્વ હોય છે, અંગૂઠાની છાપ હોય છે. દરેકની પાછળ એનો વંશવેલો છે, એનો વારસો છે, એની હવા છે. અને તેથી શબ્દોની પસંદગીની પાછળ એક ગુપ્ત અભિરુચિ, એક માર્મિક વલણ, એક આખું ન્યાયતંત્ર બેઠું છે એનો પ્રભાવ એમાં દેખાય છે. મારી વસ્ત્રોની પસંદગી અથવા વાળ ઓળવાની શૈલી કરતાં મારી શબ્દોની પસંદગી મારું વધારે સચોટ ચિત્ર ઊભું કરે છે.'

આ અર્થમાં સ્વામીશ્રીની આનંદમય પ્રવચનશૈલી તેઓ અચ્છા ભાષા-શાસ્ત્રી છે તેનું ચિત્ર પણ ખડું કરનારી છે.

શિલાલેખ સમા શબ્દો

શ્રીમદ્ભાગવતમાં વેદવ્યાસે લખ્યું છે : 'वाग्वज्राः मुनयः ।' (૪/૧૩/૧૯) સત્પુરુષના શબ્દો એટલે જાણે વાગ્વજ્ર. જેમ વજ્રનો ઘા કદી વૃથા ન જાય તેમ સંતવાણી પણ અમોઘ હોય છે. કહ્યું પણ છે કે 'महद्भि र्लीलया प्रोक्तं शिलालिखितमक्षरम् ।' મહાન સંતો સહજમાં બોલે તેય શિલાલેખ થઈ જાય, ને બીજા સોગંદ ખાઈને બોલે તોય બરફ પર કોતરેલા અક્ષર જેવું. પળમાં પીગળી જાય.

સ્વામીશ્રીની વાણી આવી નથી. તે વાગ્વજ્ર છે. તે કદી અફળ થતી નથી.

તા. ૧૬-૯-'૯૧ના રોજ સ્વામીશ્રી લંડનમાં બોલેલા : 'આ ભગવાન અને સંતની વાણી છે. એ મિથ્યા ન થાય.'

સન ૧૯૯૦માં સ્વામીશ્રી લંડનમાં હતા. એક ભયંકર વાવાઝોડું લંડન પર ત્રાટકશે એવી આગાહી હવામાન-ખાતા તરફથી કરવામાં આવી હતી. આ સંદર્ભમાં લંડનના અગ્રણી હરિભક્ત સી. એમ. પટેલે સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'અત્યારે મંદિરની લખણી થઈ છે ને વાવાઝોડું આવશે તો હરિભક્તો પૈસા નહિ આપી શકે. માટે ન આવે તેવી કૃપા કરશો.'

આ સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું (लीलया प्रोक्तम्) : 'આપણે માંડ મૂઠી મૂઠી માંગી હરિભક્તો પાસેથી ભેગું કરીએ ને વાયરો લઈ જાય તે ઠીક નહીં. વળી, લોકોને ખૂબ નુકસાન થાય તે ઠીક નહીં. માટે વાયરો જાય દરિયા ભેગો.'

અને બન્યું પણ સ્વામીશ્રીએ કહ્યું હતું એમ જ. વાયરો દરિયામાં સમાઈ ગયો.

•

સન ૧૯૭૨માં મંદિરના પ્રથમ પાટોત્સવે સ્વામીશ્રી સાંકરી પધારેલા. ઉતારો સોમાભાઈ પટેલના ઘેર હતો. પાટોત્સવની આગલી રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડીને પહેલા માળે છેલ્લા ઓરડામાં આવ્યા. અહીં સંત સ્વામી હીંચકે બેઠા હતા. તેમની પાસે જમીન ઉપર હર્ષદભાઈ દવે અને નાનુભાઈ દવે બેઠા હતા. સ્વામીશ્રી પણ સંત સ્વામી પાસે હીંચકે બેઠા.

તે સમયે હર્ષદભાઈએ મંદિરના વહેવાર અંગેની વાતોમાં ટોચમર્યાદાની વિગત આપતાં કહ્યું: 'ઇન્દિરા ગાંધીએ એવા કાયદા કર્યા છે કે મંદિરોની જમીન પણ જાય.'

આ સાંભળી સ્વામીશ્રી સહજપણે બોલ્યા (लीलया प्रोक्तम्): 'ધર્મના સ્થાનમાં જો એ ડખલ કરશે તો એને મુશ્કેલી આવશે.'

ત્યારપછી શું ઘટનાઓ બની તેની જાણ આખી દુનિયાને છે.

આમ, સ્વામીશ્રીની વાણી અમોઘ છે.

એક સંસ્કૃત સુભાષિત કહે છે :

'द्विः शरं नाभिसन्धत्ते द्विः स्थापयति नाश्रितान्।
द्विर्ददाति न चार्थिभ्यो रामो द्विर्नैव भाषते॥'

– રામ કદી બીજી વાર બાણ ચઢાવતા નહોતા (એટલે કે એક જ બાણે નિશાન પાડી દેતા). રામ કદી બીજી વાર આશરો આપતા નહોતા (એટલે કે

જેને શરણે લીધો તેને કાયમ નિભાવતા). રામ કદી બીજી વાર દાન કરતા નહોતા (એટલે કે પ્રથમ વારમાં જ એટલું આપી દેતા કે ભિક્ષુકને બીજી વાર માંગવાની જરૂર જ ન રહે). રામ કદી બીજી વાર બોલતા નહોતા (એટલે કે તેઓ એક વાર બોલે એટલે એ કામ થઈ જ જતું).

સ્વામીશ્રીની વાણી પણ આવી સામર્થ્યવાળી છે, તેનો અનુભવ અનેક લોકોને થયો છે.

•

સન ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં આવેલા ગુજરાતના એક સમયના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલે એક પ્રસંગ રજૂ કરેલો. તેઓએ કહેલું :

"હું થોડા દિવસો પહેલાં લાલ દરવાજા બસ સ્ટેન્ડે બસ માટેની લાઈનમાં ઊભેલો. તિલક-ચાંદલાવાળા એક સત્સંગીને જોઈ મેં કહ્યું : 'પ્રમુખસ્વામીએ સમૈયો બંધ રાખવો જોઈએ.'

તેણે પૂછ્યું : 'કેમ ?'

'તો શું ? વરસાદ ખેંચાયો છે. તેમાં લોકોને કેટલી તકલીફ થશે.' મેં કહ્યું.

ત્યારે તેણે વિશ્વાસપૂર્વક કહ્યું : 'વરસાદ પડવાનો છે.'

'પણ કોઈ ચિહ્નો તો જણાતાં નથી.'

'પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે. માટે વરસાદ આવશે.' તેને પ્રમુખસ્વામી મહારાજના વચન પર ભરપૂર ભરોસો હતો અને આપણે જોયું પણ ખરું કે વરસાદ પૂરતો વરસ્યો અને આજે આ ઉત્સવ ઊજવાઈ રહ્યો છે."

•

તા. ૧૮-૮-૨૦૦૧ના રોજ અટલાદરામાં જાહેરસભાને સંબોધતાં જાણીતા પત્રકાર-લેખક કાંતિભાઈએ જણાવેલું કે –

"હું જન્મભૂમિના આસિસ્ટંટ એડિટર તરીકે હતો ત્યારે મુરબ્બી શ્રી હરીન્દ્રભાઈ દવેને તેઓની ઓફિસમાં ભગવાન સ્વામિનારાયણના અને પ્રમુખસ્વામી મહારાજના ફોટાનું પૂજન કરીને કાર્ય શરૂ કરતા જોતો. મેં એક વાર એમને પૂછેલું કે 'પ્રમુખસ્વામી પ્રત્યે તમે આટલી શ્રદ્ધા કેમ ધરાવો છો ?' મને એમણે કહેલું કે 'કાંતિભાઈ ! બીજું કાંઈ નથી પણ પ્રમુખસ્વામી મહારાજ

વચનસિદ્ધ છે. કોઈક વાર તમે અનુભવ કરજો.'

"આ વાતને સમય થઈ ગયો. એક વાર એક મહોત્સવ હતો. ત્યારે ગુજરાતમાં તોફાન ચાલતું હતું. હું 'ચિત્રલેખા' તરફથી એમને મળવા આવેલો. મેં સ્વામીજીને પૂછ્યું કે 'તમે ઉત્સવ કરો છો, પણ ગુજરાતમાં તો ચારેબાજુ તોફાનો ચાલે છે.' મને સ્વામીશ્રીએ ખૂબ સ્વસ્થતાથી કહ્યું : 'કાંતિભાઈ ! પાંચ દિવસમાં બંધ થઈ જશે.' ને ખરેખર છઠ્ઠે દિવસે તોફાન બંધ થઈ ગયું.

"એક માસિક અમે સ્થાપેલું. તેમાં ઘણી તકલીફો પડતી હતી. પ્રમુખસ્વામી તે વખતે મુંબઈ પધાર્યા હતા. મને બધા કહેવા લાગ્યા : 'કાંતિભાઈ ! શું કરવું ? પ્રમુખસ્વામી અહીં છે. તેમનો થાપો ખાઈ આવો.' હું દાદર મંદિરે ગયો. સ્વામીજીને બધી વાત કરી. થાપા ખાધા. આજે એ મૅગેઝિનમાં હું નથી પણ તે જીવે છે."

હા, સ્વામીશ્રીની વાણી સત્યપૂત છે, આચરણયુક્ત છે, નિર્મળ છે. હિતકારી છે. પ્રિય છે. તેથી જ તે અમોઘ અને આનંદી છે. આવી વાણી માટે વ્યાસભાષામાં એટલી જ અભ્યર્થના કે – 'पिबत भागवतं रसमालयं, मुहुरिह रसिका भुवि भावुकाः ।' આપણે પૃથ્વી પર આ બ્રહ્મરસનું વારંવાર પાન કર્યા કરીએ.

❀ ❀ ❀



પ્રમુખસ્વામી મહારાજની પ્રેરકવાણી

શાંતિદાયક અને સ્ફૂર્તિદાયક અમૃતવાણી

“

સારા કાર્યમાં કે કોઈ પણ કાર્યમાં મુશ્કેલીઓ તો આવવાની જ છે,
પણ જો દૃઢતા હોય, ભગવાનમાં નિષ્ઠા હોય, આત્મવિશ્વાસ હોય અને
ભગવાન ને ભગવાનના સંતનું બળ હોય તો કામ થાય જ છે.
જેને ભગવાનનું બળ છે, એને બીજું કોઈ કાંઈ કરી શકશે નહીં.
સર્વથી શ્રેષ્ઠ ઇષ્ટબળ છે.
જેના પક્ષમાં ભગવાન છે એનો વિજય જ છે.

- પ્રમુખસ્વામી મહારાજ

”

વાણીનું પંચામૃત

સંસ્કૃત સાહિત્યના મહાન લેખક શ્રીભવભૂતિએ સુવિખ્યાત નાટ્યકૃતિ 'ઉત્તરરામચરિત'માં ધીરપુરુષોની વાણીનો મહિમા ગાતાં ઉચ્ચાર્યું છે :

'कामान् दुग्धे विप्रकर्षत्यलक्ष्मीं, कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति।
तां चाप्येतां मातरं मङ्गलानां, धेनुं धीराः सूनृतां वाचमाहुः॥'

– મહાન પુરુષોની વાણી મનોરથોને પૂર્ણ કરનારી, દરિદ્રતાને હડસેલનારી, કીર્તિને આપનારી, દુષ્કૃત્યોને બાળનારી અને વિશ્વમાં જે કંઈ મંગલમાત્ર છે, તેની જનની હોય છે.

સ્વામીશ્રીનાં પ્રવચનોમાં વાણીના આ પંચામૃતનો આસ્વાદ હરહંમેશ અનુભવાય છે. એ આસ્વાદ અનુભવનાર અવર્ણનીય શાંતિ અને અદમ્ય સ્ફૂર્તિનો માલિક બની જાય છે. કૃષ્ણના શબ્દે અર્જુન ઊભો થઈ ગયો તેમ સ્વામીશ્રીની વાણીએ પણ અનેકને થનગનતા કર્યા છે; દુન્યવી દાવાનળમાં બળતા અનેકને ચંદનલેપની શીતળતાનો અનુભવ કરાવ્યો છે.

તા. ૨૧-૭-'૮૦ના રોજ લંડનના ફ્રેન્ડ્ઝ હૉલમાં પારાયણ પ્રસંગે પધારેલા ધર્મપ્રચારક શ્રી અશોક પ્રિયદર્શી સ્વામીશ્રીનું વ્યાખ્યાન સાંભળી બોલી ઊઠેલા : 'મહાન પુરુષોના શબ્દોથી હૃદયમાં શાંતિ આવે છે. સ્વામીજી એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ છે.'

ઇંગ્લૅન્ડના લેસ્ટર શહેરમાં સ્વામીશ્રી આવ્યાના સમાચાર, સમાચાર-પત્રમાંથી વાંચી ફ્રેન્ક નામના એક અંગ્રેજભાઈ સ્વામીશ્રીને મળવા લેસ્ટરના સ્વામિનારાયણ મંદિરે આવ્યા. તે વખતે સ્વામીશ્રી 'ગ્રેન્બી સ્પોર્ટ્સ હૉલ'માં રાખેલી સત્સંગ સભામાં પધાર્યા હતા. ફ્રેન્ક એક સત્સંગી યુવક સાથે ત્યાં આવ્યા. સ્વામીશ્રી સભામાં પત્રલેખન કરી રહ્યા હતા, પરંતુ તે ભાઈ અત્યંત વ્યથિત હોવાથી સ્વામીશ્રીએ ચાલુ સભાએ તેમને મુલાકાત આપી. તેમણે વ્યથા ઠાલવતાં કહ્યું : 'મારા ૧૭ વર્ષના એકના એક પુત્રને ડૉક્ટરોની સલાહ મુજબ ગાંડાની હૉસ્પિટલમાં દાખલ કરેલો. એક દિવસ હૉસ્પિટલની દીવાલ ટપી, નજીકના ઘરના છાપરા ઉપર ચઢી, ધુમાડિયા સાથે દોરડું બાંધી તેણે ગળાફાંસો લઈ લીધો. પુત્ર ખોયો તેનું દુઃખ અતિશય છે. એમાંય લોકો એવું

કહે છે કે તેં પૂરતો પ્રેમ આપ્યો નથી. એટલે બમણો આઘાત લાગ્યો છે. શું કરવું તે સૂઝતું નથી.'

સ્વામીશ્રી આશ્વાસન આપતાં તેમને કહે : 'લોકો ગમે તે બોલે પણ તમે સાચો પ્રેમ આપ્યો છે તો નિંદાની ચિંતા ન કરવી.' પછી પૂછ્યું : 'તમે ચર્ચમાં જાઓ છો?' ફ્રેન્કે ના પાડી. સ્વામીશ્રી કહે : 'દર રવિવારે ચર્ચમાં જજો. લોકોના કહેવાથી તમારા દિલમાં ખટકે છે તો પુત્રના આત્માની શાંતિ માટે એના નામે ચર્ચમાં ધર્માદો લખાવજો અને રોજ પ્રાર્થના કરજો.'

ફ્રેન્ક રાજી રાજી થઈ ગયા. તેઓ કહે : 'આટલી બધી શાંતિનો અનુભવ મેં પહેલી વખત જ કર્યો. મારા મનના બધા જ પ્રશ્નોનું સમાધાન થઈ ગયું. સ્વામીજીનો ખૂબ ખૂબ આભાર.'

ફ્રેન્કે ચર્ચના પાદરીને સ્વામીશ્રીએ કહેલી વાત કરી ત્યારે તેઓ પણ સ્વામીશ્રીના ધર્મ-ઔદાર્યથી ચકિત થઈ ગયા અને ચર્ચમાં રવિવારે ભરાતી ખ્રિસ્તીઓની મેદનીમાં સ્વામીશ્રી સાથેની મુલાકાતના અનુભવ અંગે ફ્રેન્કને બોલવા કહ્યું.

•

તા. ૩-૧૨-'૯૨ના રોજ ગાંધીનગર ખાતે યોગી શતાબ્દી મહોત્સવમાં સેવા કરનાર ૧૧,૦૦૦ સ્વયંસેવકોની વિશાળ મેદનીમાં સ્વામીશ્રી પધાર્યા હતા. ૩૪ દિવસના આ મહોત્સવમાં આ સભા સર્વશ્રેષ્ઠ હતી, કારણ કે આ સભા સ્વયંસેવકોની હતી, જેમને નિમિત્ત બનાવીને સ્વામીશ્રીએ મહોત્સવનો ડંકો વગાડ્યો હતો. સ્વામીશ્રીએ સેવાની જે તક આપેલી તેનો બદલો તો સ્વયંસેવકો વાળી શકે એમ હતું નહિ. એટલે તેના પ્રતીકરૂપે મંત્રપુષ્પાંજલિનો કાર્યક્રમ આ સભામાં ગોઠવાયો હતો. તમામ સ્વયંસેવકોએ પુષ્પપાંખડીઓ હાથમાં રાખી, પોતાના સ્થાને રહી, મનમાં ઠાકોરજી તથા સ્વામીશ્રીને સંભારી, 'સમર્પયામિ' શબ્દ સાંભળતાં તેમના પર પુષ્પવૃષ્ટિ કરી.

આ કાર્યક્રમ બાદ સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરતાં કહ્યું : '...તમારી સેવા બદલ તમને દંડવત્ પ્રણામ. કરોડ વંદન કરીએ તોપણ ઓછા છે... તમે અમારા ઉપર પુષ્પવૃષ્ટિ કરી તો અમે પણ તમારા ઉપર કરીએ...' એમ કહી બાજુની થાળીમાંથી ગુલાબની પાંખડીઓ લઈ વૃષ્ટિ કરી. પુષ્પવૃષ્ટિ વખતે સ્વામીશ્રીનું હૃદય ભરાઈ આવ્યું, શબ્દો તૂટી ગયા ને આંખો ભીંજાઈ ગઈ.

આ દૃશ્ય જોતાં સ્વયંસેવકો પણ ગળગળા થઈ ગયા. તેમણે અપાર શાંતિ અનુભવી. જાણે સેવાનો અનંત બદલો ન મળ્યો હોય ! કેટલાકના મનના બીજા ભાવો શમી ગયા. વાસણ ભેગાં થાય તો ખખડે એ ન્યાયે, આટલા બધા સ્વયંસેવકો ૩૪ દિવસ સુધી ભેગા કામ કરતા હોય તો અંદરોઅંદર કો'કને કહેવાનું પણ થયું હોય અને કો'કને મનદુઃખ પણ થયું હોય. એ બધું જ સ્વામીશ્રીની નિર્ભેળ ભાવોર્મિઓમાં ઓગળી ગયું અને કાંઈક અગમ્ય શાંતિને પામીને સૌ પોતપોતાને ઘેર ગયા.

આમ, વ્યક્તિ હોય કે સમુદાય, શાંતિની સરવાણી સમી સ્વામીશ્રીની વાણીમાં ઝબકોળાઈ સૌ કોઈ દુઃખ-દર્દ ભૂલતા રહ્યા છે.

•

જ્યારે વ્યક્તિને ધાર્યું પરિણામ ન મળે ત્યારે અંતરમાં અશાંતિની આગ ભડકી ઊઠે છે. પછી તેમાં તે બળતો રહે છે. સ્વામીશ્રીની વાણી આવી આગને ઠારી શાંતિ આપે છે.

એક હરિભક્તને પુત્રપ્રાપ્તિની તીવ્ર ઝંખના હતી, પણ પુત્રીનો જન્મ થયો. આ કારણથી તેઓને બહુ વસમું લાગ્યું. અંતરમાં ઉદ્વેગ વર્તાવા લાગ્યો. તેઓએ સ્વામીશ્રીને આ વાત કરી અને ખોળામાં માથું મૂકીને રડી પડ્યા.

સ્વામીશ્રીએ તેઓને સાંત્વન આપતાં કહ્યું : 'આ તો લક્ષ્મીજી (પુત્રી) પધાર્યા કહેવાય. હવે નારાયણ (પુત્ર) પધારશે.'

સ્વામીશ્રીના આ શબ્દોથી એ હરિભક્તને અપાર શાતા વળી. સમય જતાં તેઓના ઘેર ક્રમશઃ બે પુત્રોનો જન્મ પણ થયો.

અંગ્રેજીમાં કહ્યું છે : 'There is no pillow as soft as a clear conscience.' – શુદ્ધ અંતઃકરણ જેવું મુલાયમ ઓશીકું બીજું કોઈ નથી.

અંતર ડંખતું હોય તો પોચી પથારીમાં પણ પડખાં ઘસવાનો જ વારો આવે અને શુદ્ધ અંતઃકરણવાળો પથરાની પથારી હોય તોય ઘસઘસાટ સૂઈ શકે છે. અંતરને ઊધઈની જેમ કોરી ખાતા પૂર્વગ્રહો, ભૂલો ઘણી વાર માનવીને જંપ લેવા દેતા નથી. સ્વામીશ્રીના વાણીપ્રવાહમાં આ મલિન ભાવો ઢસડાઈ જાય છે, અંતર શુદ્ધ થઈ જાય છે ને મન કોઈ અનિર્વચનીય શાંતિનો અનુભવ કરવા લાગે છે.

•

એક હરિભક્તને સ્વામીશ્રી વિષે મનુષ્યભાવ આવ્યા કરતો હતો. તેને કારણે માનસિક દ્રોહ કર્યા કરે. મનમાં મૂંઝાય અને એવા વિચારો વારંવાર આવ્યા કરે કે 'મારું કલ્યાણ થશે કે નહિ? મરીને ભૂત થઈશ કે શું? મારું શું થશે?' આવા પ્રશ્નોની સતામણીથી ત્રસ્ત તેઓ સ્વામીશ્રી પાસે ગયા. દીન-ભાવે પ્રાર્થના કરી. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રી એટલું જ બોલ્યા : 'હવે તો ભગવાન ને સંત મળ્યા, તો ભૂતની વાત હોતી હશે?'

સચ્ચાઈસભર સ્વામીશ્રીના આ એક વાક્યથી જ પેલા હરિભક્તની શંકા જડમૂળથી ઊખડી ગઈ. અંતરમાં અપાર શાંતિ વર્તાવા લાગી.

અંગ્રેજીમાં કહ્યું છે :

'A gracious word may smooth the way.
A joyous word may light up the day.
A timely word may lessen the stress.
A kind word may heal and bless.'
કૃપાસભર શબ્દો જીવનમાર્ગ સરળ બનાવે છે.
આનંદભર્યા શબ્દો દિવસ અજવાળી આપે છે.
સમયે ઉચ્ચારાયેલા શબ્દો તણાવ ઘટાડે છે.
માયાળુ શબ્દો ઘા રૂઝવે છે અને આશીર્વાદ સમ પુરવાર થાય છે.

સ્વામીશ્રીનાં વ્યાખ્યાનોમાં વાણીનો આ ચંદરવો રચાય છે. તેની નીચે બેઠેલા સૌ શાંતિ-સ્ફૂર્તિ અનુભવે છે.

•

એક કુટુંબ અશાંતિની આગમાં ભડથું થવા તરફ ધસી રહ્યું હતું. વિગત એવી બનેલી કે એક યુવાનના વિવાહ થઈ ગયા હતા. વિવાહ થયા પછી પરસ્પરના સંબંધોના કારણે અવારનવાર એકબીજાના ઘરે જવાનું થતું. એક વખત આ યુવક એના વડીલો સાથે પરણેતરના ઘરે ગયો. ત્યાંનું વાતાવરણ જરા મુક્ત લાગ્યું. છોકરીનો સ્વભાવ આજના જમાના પ્રમાણે વધુ પડતો મળતાવડો લાગ્યો. તેઓનાં સગાંની સાથે છૂટથી એ છોકરીને જોતાં યુવકના પિતાને શંકા ગઈ. એટલે ઘરે આવીને એમણે આ સંબંધ તોડી નાંખવાનો નિર્ણય કર્યો. યુવકે આ વાતને હળવાશથી લીધી અને કહ્યું કે 'એમાં એવું કશું હોઈ ન શકે. માટે નકામી શંકા કરીને છોકરીનું ભવિષ્ય શું કામ બગાડવું?'

આ મુદ્દા ઉપર પિતા અને પુત્ર વચ્ચે મનદુઃખ થતાં ઝઘડા જેવું થઈ ગયું. બંને પોતપોતાની વાત ઉપર અક્કડ હતા. સામે પક્ષે પણ આ વાતનો ખ્યાલ આવતાં છોકરીએ પણ ખુલાસો કર્યો અને ભવિષ્યમાં આ રીતનું વર્તન ના થાય એ માટે જાણપણું રાખવાની બાંયધરી પણ આપી.

સ્વામીશ્રી સમક્ષ એ યુવકે આ આખી દાસ્તાન વિગત વાર કહી. સ્વામીશ્રીએ પ્રેમથી એને સાંભળ્યો. સ્વામીશ્રીના દૈનિક ક્રમમાં મોડું તો થઈ જ રહ્યું હતું, છતાં સ્વામીશ્રીની ઇચ્છા હતી કે બાપને ફોન કરીને સમજાવે. ફોન લાગતો ન હતો, તોય સ્વામીશ્રી ધીરજ ધરીને બેઠા અને ફોન માટે પ્રયત્ન ચાલુ રાખવા કહ્યું. થોડાક અન્ય હરિભક્તોને મળ્યા ત્યાં સુધી પણ ફોન આવ્યો નહીં, એટલે છેવટે પછી ફોન કરવાનો નિર્ધાર કરીને રૂમમાં જવા આગળ વધ્યા, ત્યાં જ ફોન લાગી ગયો. સ્વામીશ્રીએ યુવકના પિતાશ્રીને કહ્યું : 'છોકરીની કદાચ ભૂલ થઈ હોય તો પણ એણે માફી માંગી છે. કોઈ પણ વ્યક્તિ માફી માગે પછી આપણે મોટું મન રાખવું જોઈએ ને ! માટે તોડવા કરતાં લગ્ન કરી નાંખજો. મહારાજ દયા કરશે.'

સ્વામીશ્રીના એક જ વચને પિતાશ્રી પૂર્વગ્રહ મૂકીને સંમત થયા.

સ્વામીશ્રીએ ફોનમાં વળી ઉમેરતાં કહ્યું કે 'આ નિર્ણય કર્યો પછી દીકરો ઘરે આવે તોપણ એને બોલવું-ચાલવું નહીં. હેતપ્રેમથી કામ કરજો. લગ્નપ્રસંગે પણ હેતપ્રીતથી કામ લેજો.' સ્વામીશ્રીની વાણીએ તૂટતા તાર સાંધી દીધા ને એક કુટુંબને કિલ્લોલતું કરી મૂક્યું. કહે છે કે –

'હશે જો કર્ણો તો જગ સકલ સંગીત બનશે,
અમી આંખોમાં તો પથર ઉપરે પુષ્પ ખીલશે;
મીઠી કિંતુ સાચી જીભ થકી ઘટે અંતર બધાં,
હશે હૈયું કૂણું મલિન તનમાં મંદિર સદા.'

સ્વામીશ્રીની મીઠી વાણી આવી તડજોડ છે. પડેલી તડને જોડનારી છે.

લંડનમાં એક પરિવાર એવો હતો કે જેમાં જ્યેષ્ઠ પુત્ર સાથે માતાને અણબનાવ બનતાં વરસોથી સંબંધ કાપી નાંખ્યા હતા. તેના પરિણામે પરિવારમાં હંમેશાં તણાવગ્રસ્ત પરિસ્થિતિ જ રહેતી હતી. આ કલહ વરસો પસાર થવા છતાં પણ ઘટવાનું નામ લેતો નહોતો. વાર-તહેવારે તેનું ભૂત ધૂણતું ને આખા કુટુંબને જીવતેજીવ દોઝખમાં દઝાડી રહ્યું હતું.

પરમ પૂજ્ય સ્વામીશ્રીના લંડન ખાતેના રોકાણ દરમ્યાન એક વાર પરિવારનાં મોભી સમાન માતુશ્રી તરફથી પારાયણનું આયોજન થયું હતું, પણ માતાએ સહેતુક મોટા પુત્રને આમંત્રણ આપ્યું નહોતું. સ્વામીશ્રીના ધ્યાન પર આ વાત આવતાં અન્ય દીકરાઓ દ્વારા માતુશ્રીને કહેવડાવ્યું કે 'આ પારાયણ કરાવો જ છો ને જેમાં બીજું બધું મૂકો છો, તો એની સાથે આ પણ મૂકી દ્યો. જતી ઉંમરે દીકરાઓ સાથે હોય એનાથી રૂડું શું?'

સ્વામીશ્રીની આટલી વાણીનો ગજબનો જાદુ થયો! તેનાથી અંતરમાં વ્યાપેલી કડવાશ દૂર થઈ ગઈ. ગ્રંથિઓ ગળી ગઈ. તે મહિલાએ સ્વામીશ્રીને કહેવડાવ્યું : 'મારે ફઈબા નથી બનવું. હું મારા પુત્રને બોલાવીશ.'

વર્ષોથી ગૂંચવાતી અને ગૂંચવતી સમસ્યાનું સમાધાન આવી ગયું – સ્વામીશ્રીના બે બોલમાં.

સંસ્કૃત કવિ ભારવિએ લખ્યું છે : 'हितं मनोहारि च दुर्लभं वचः।' – હિતકારી પણ હોય ને મનોહારી પણ હોય એવી વાણી દુર્લભ છે.

સ્વામીશ્રીની વાણીમાં આવો અનોખો સમન્વય સધાયેલો છે.

દુલા કાગે યોગીવાણી માટે ગાયું છે કે –

'અધમ ઉધારન પતિત પાવન, ખળકે ગંગાધારજી;
જેના પર એનો ધોધ પડે, એનો બેડલો થાય છે પાર...
જોગી તારી વાણીની બલિહાર, એ છે ત્રિભુવનની તારણહાર...'

સ્વામીશ્રીની વાણી માટે પણ આ અનુભૂતિ લાખોની છે.

રોમ રોમ જોમ

'સાદી ને સોયલી સહજાનંદની, આપેલી અમૃતધારજી;
મડદાં માથે પડી મસાણે, બોલે જય જયકાર...
જોગી તારી વાણીની બલિહાર...'

હા, સ્વામીશ્રીની વાણી શાંતિદાયક તો છે જ, સાથે સ્ફૂર્તિદાયક પણ. આ વાણીએ અનેક મડદાલમાં પ્રાણ પૂર્યા છે. રોમરોમમાં જોમ પૂર્યું છે.

અમદાવાદમાં સ્વામીશ્રીને મળવા એક મુમુક્ષુ આવ્યો હતો. તેણે કહ્યું : 'મારા કાકા મને ડરાવે છે કે હું આ મંત્રેલું કોડિયું ઊંધું વાળી દઈશ તો તારું ધનોત-પનોત નીકળી જશે. હું તો ગભરાતો નથી પણ ઘરવાળાં બહુ

ગભરાય છે.'

આ વાત સાંભળી રહેલા સ્વામીશ્રીએ એક હાથથી એ મુમુક્ષુના ખભે જોરથી ધબ્બો દેતાં બીજા હાથથી કેફનું લટકું કરતાં કહ્યું : 'એક શું સત્તર કોડિયાં ભલેને ઊંધાં વાળે ! એને કહેવું કે હજારો કોડિયાં ઊંધાં વાળ. ગભરાતો નથી. તારે એને (પત્નીને) પણ કહી દેવું. કાંઈ નહીં થાય. બેધડક રહેવું. અમથા બી જઈએ એટલે ભૂત વળગે છે! કોઈના હાથમાં મારવાનું છે જ નહીં. ભગવાન જ બધું કરે છે. લે, આ પાણી છાંટજે ઘરે. કશું નહીં થાય.' એમ કહી હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવેલું પ્રાસાદિક જળ આપ્યું.

સ્વામીશ્રીના આટલા શબ્દોએ તો એ યુવાનમાં હિંમતની ભરતી ચડાવી દીધી. તે શ્રદ્ધાના જોરે વહેમ સામે લડવા ખડો થઈ ગયો.

•

તા. ૧૮-૭-૨૦૦૭ના રોજ સ્વામીશ્રી ટોરન્ટોમાં હતા. સ્વામીશ્રી સમક્ષ ઉત્સવના વિવિધ સેવા-વિભાગોનું રિપોર્ટિંગ ચાલી રહેલું. તેમાં સભા-વ્યવસ્થાની વિગતો જણાવતાં કાર્યકરે કહ્યું : 'અમારા વિભાગમાં સેવા કરી રહેલા જૈમિન પટેલની શારીરિક હાલત નાજુક રહે છે. પથરીનો દુખાવો અવારનવાર ઊપડે. પરંતુ એક વખત ફોનમાં આપની સાથે વાત કરી ને ફોનમાં આપનો અવાજ સાંભળ્યો ને બળ મળી ગયું. હવે પથરીના દુખાવાને ગણકાર્યા સિવાય અણથક સેવા કરતો રહે છે.'

સ્વામીશ્રીની વાણી દૂરસંચાર દ્વારા પણ એવો દોરીસંચાર કરી દે છે કે વ્યક્તિ દોડવા લાગે.

•

૧૯૮૭માં સ્વામીશ્રી સાથે આશરે ૪૨૫ સંતો-હરિભક્તોનો સંઘ ઉત્તરાખંડની યાત્રાએ ગયેલો. હરદ્વાર, હૃષીકેશ થઈને યમુનોત્રી જવા માટે સંઘ સયાના ચટ્ટી આવ્યો. ત્યાં સંઘના કેટલાક સભ્યો વિચારવા લાગ્યા કે યમુનોત્રીની જાત્રા નથી કરવી, કારણ કે સ્વામીશ્રી સયાના ચટ્ટી રોકાવાના હતા. વળી, વિચારો આવ્યા કે ભગવાન સ્વામિનારાયણ તો યમુનોત્રી ગયા નથી. રોકાવાનું ત્રીજું કારણ એ હતું કે જાત્રાને દિવસે જળઝીલણી એકાદશીનો ઉપવાસ હતો.

દશમની સંધ્યા આરતી પછી જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ ભજન ગાવાનું શરૂ કર્યું : 'ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે...' આ ભજનમાં ભગવાન

સ્વામિનારાયણ નાની ઉંમરમાં, એકલા, કષ્ટો વેઠીને હિમાલયના ડુંગરો ઓળંગતા વિચરણ કરે છે એ વાત આવે છે. સ્વામીશ્રીએ આ કીર્તન સમજાવવાનું શરૂ કર્યું. એમની વાણીમાં એટલું બધું જોમ હતું, તાકાત હતી કે મડદાં બેઠાં થઈ જાય. રોકાનારના વિચારો બદલાઈ ગયા. બીમાર અને અશક્ત પણ પદયાત્રા કરવા તૈયાર થઈ ગયા. એ બધા યમુનોત્રી જઈને પાછા આવ્યા.

ભગવાનની કૃપા માટે લખાયું છે : 'पङ्गुं लङ्घयते गिरिम्...' સ્વામીશ્રીની વાણી માટે પણ એ યોગ્ય ઠરે એમ છે.

•

એક ત્યાગી સારંગપુર મંદિરમાં રહેતા. સાથેના સાધુઓનું વર્તન જોઈને એ ત્યાગી રાજી થયા પણ મનમાં બીક લાગી : 'મારાથી આટલું બધું કડક નહિ વર્તાય તો મારું શું થશે? મારું કલ્યાણ થશે કે નહીં?'

એમનો આ વલોપાત સ્વામીશ્રી પાસે ઠાલવ્યો. તેમની આંખોમાં આંસુ હતાં. સ્વામીશ્રી કહે : 'હું બેઠો છું ને! ગભરાય છે શા માટે?'

આ બે વાક્યોમાં એટલો બધો પ્રતીતિસભર રણકાર હતો કે તે ત્યાગીની મૂંઝવણ દૂર થઈ ગઈ. સમાધાન મળી ગયું. આત્મવિશ્વાસ જાગ્રત થયો : 'મારાથી પણ થશે.' આજે એ વાતને વર્ષો વીતી ગયાં છે અને એ ત્યાગી સત્સંગમાં સારી સેવા આપી રહ્યા છે.

વિલ્ફ્રેડ પીટરસન (Wilfred Peterson) કહે છે : 'Soft words sung in a lullaby will put a babe to sleep. Excited words will stir a mob to violence. Eloquent words will send armies marching into the face of death. Encouraging words will fan to flame the genius of a Rembrandt or a Lincoln. Powerful words will mould the public mind as the sculptor moulds his clay. Words, spoken or written, are a dynamic force. When you speak, when you write, remember the creative power of words.'

– હાલરડાના મૃદુ શબ્દો બાળકોને ઊંઘાડી દે છે. આક્રોશપૂર્ણ શબ્દો ટોળાને હિંસક બનાવી મૂકે છે. છટાદાર ભાષણ લશ્કરને મોતના જડબામાં ધકેલી શકે છે. પ્રેરણાભર્યા શબ્દો પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ જન્માવે છે. શિલ્પી મૂર્તિને ઘડે છે, તેમ શક્તિશાળી શબ્દો લોકોને ઘડે છે. માટે લખાયેલા

કે બોલાયેલા શબ્દોમાં પ્રચંડ તાકાત રહેલી હોય છે.

હા, સ્વામીશ્રીનો એકેએક શબ્દ આવી તાકાતને વરેલો હોય છે. તે જડમાં પણ જીવન પ્રગટાવી દે છે.

વર્ષ-૨૦૧૦ દરમ્યાન સ્વામીશ્રી મુંબઈમાં હતા ત્યારે એક સંતનો ફોન આવ્યો. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'હું થોડું ભણેલો છું ને ભણેલાની સભામાં વાત કરવા જવાનું છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'એમાં કાંઈ વાંધો નહીં. સાચું-ખોટું બોલાઈ જાય તો એમાં ક્યાં ખોટ જવાની છે? આપણે તો આત્મારૂપ છીએ. ભગવાનને સંભારીને બોલજો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થશે. સભા સારી થાય ને યશ મળે એ આશીર્વાદ છે.'

આટલા જ શબ્દોથી તે સંત ચેતનવંત થઈ ગયા. ક્ષોભ દૂર થઈ ગયો ને સારું પ્રવચન કરી શક્યા.

•

હાલ સંસ્થાના રસોડા વિભાગમાં અગ્રગણ્ય સંત તરીકે સારી સૂઝબૂઝ સાથે સેવા કરતા પૂજ્ય બ્રહ્મતીર્થદાસ સ્વામી પોતાનો સ્વાનુભવ વર્ણવતાં કહે છે : '૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન બહુ જ મોટા પાયે થયું હતું. તેમાં અન્ય મોટેરા સંતો સાથે રસોડા વિભાગમાં મને પણ સેવા મળી હતી. અગાઉના સમૈયાના આધારે પૂર્વે થયેલી ક્ષતિઓ સુધારી, વધુ સુંદર, બહોળું આયોજન આકાર લઈ રહ્યું હતું.

સમૈયા દરમ્યાન રોજ રાત્રે સ્વામીશ્રીને મળવા જતા ત્યારે રોજેરોજનો અહેવાલ સ્વામીશ્રીને અપાતો. તે વખતે સ્વામીશ્રી ઘણી વાર મને પૂછતા : 'ખબર પડે છે ને! બીક નથી લાગતી ને! હિંમત રાખવી. ચિંતા શ્રીજીમહારાજને માથે નાંખવી... એમ કહી ઉત્સાહ ભરી દેતા.'

આજે સંસ્થાના સંતસમુદાય કે ભક્તસમુદાયમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો તૈયાર થયા છે તેમાં સ્વામીશ્રીના આવા બળકટ શબ્દોની બલિહારી સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે.

સંસ્કૃત કવિ ભારવિ કહે છે : 'सम्भावना हि अधिकृतस्य तनोति तेजः।'

– અધિકૃત વ્યક્તિ દ્વારા થતી સંભાવના શિષ્યોને તેજસ્વી બનાવે છે.

સ્વામીશ્રીની વાણીમાં શિષ્યોની સંભાવનાનો સૂર સતત સંભળાય છે.

એ સંભાવના પ્રેમ, આદર, પ્રશંસા વગરે દ્વારા વ્યક્ત થતી રહે છે.

સન ૧૯૯૦ના યુવા મહોત્સવમાં આવેલા યુવકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહેલું : 'બધાએ ખૂબ મહેનત કરી છે. બધાને ખૂબ ખૂબ ધન્યવાદ છે. દરેકને આપણે અનંત સાષ્ટાંગ કરીએ તોપણ ઓછું છે. આપ બધાની મહેનત ને પુરુષાર્થ જોતાં મસ્તક નમે છે.'

દિલ્હીના અક્ષરધામ ઉદ્‌ઘાટન મહોત્સવના સમાપનમાં તા. ૭-૧૧-૨૦૦૫ના રોજ યોજાયેલી સ્વયંસેવક સભામાં સ્વામીશ્રી બોલેલા : 'આપ સૌએ અહીં સેવા કરી છે તો તમને કરોડ દંડવત્ કરીએ તોપણ ઓછું છે...'

•

નાના સંતો સાથેના પત્રવ્યવહારમાં પણ સ્વામીશ્રી દ્વારા 'પૂજ્ય' તથા 'તમે'નું સંબોધન હોય. જેની જે આવડત હોય, કુશળતા હોય, તેને જાણે ને ટાણે કદર પણ કરે.

સન ૧૯૮૬માં અમદાવાદ મંદિરમાં છ સંતોએ બાર દિવસ સળંગ નિર્જળા ઉપવાસવાળું આકરું 'પારાક વ્રત' કરેલું. આ વાતની સ્વામીશ્રીને જાણ થતાં જે ગામે તેઓ જતા ત્યાં આ વ્રતી સંતોની પ્રશંસા કરતા. સ્વામીશ્રી જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે આ સૌ વ્રતી સંતોને ભેટ્યા. એટલું જ નહીં, ચરણસ્પર્શ પણ કર્યો. ગુરુ થઈને શિષ્યોનો ચરણસ્પર્શ !!

વળી, રાત્રિસભામાં પણ આ સંતોનો ઉલ્લેખ કરી કહ્યું : 'આ પ્રકારનાં વ્રતોની વાતો સાંભળેલી કે ભગવાન સ્વામિનારાયણના પરમહંસોએ કરેલું. પણ આ તો પ્રત્યક્ષ જોયું. ખરેખર ! આ સંતોને ધન્યવાદ છે.'

•

ગાંધીનગર સ્થિત અક્ષરધામના નિર્માણકાર્ય દરમ્યાન ડિઝાઈનર દશરથ પટેલ સ્વામીશ્રીના સંપર્કમાં આવેલા. સ્વામીશ્રીના પ્રેમનું વર્ણન કરતાં તેઓએ કહેલું : 'દેશ-પરદેશમાં હું ઘણું ફર્યો છું. ઘણા માણસોને મળ્યો છું. તેમના તરફથી પ્રેમ પણ મળ્યો છે, પણ સ્વામીશ્રીના શબ્દો અને આચરણ દ્વારા જે પ્રેમ ચાખ્યો છે એવો અનુભવ ક્યારેય થયો નથી.'

આમ, આદર, પ્રેમ, પ્રશંસા દ્વારા સૌને ગજબની સ્ફૂર્તિનો અનુભવ કરાવતી સ્વામીશ્રીની પ્રેમ-સરવાણી સાચે જ સંજીવની છે. તેઓની વાણી શાંતિનો ઝરો છે, સ્ફૂર્તિનો ધરો છે.


પ્રમુખસ્વામી

આજે ઘરમાં મંદિરની જગ્યાએ ટી.વી. આવી ગયું છે.
જેમ મંદિરની આગળ [illegible] પૂજવા કે પ્રાર્થના કરતા,
એમ આજે બધા ટી.વી.ની આગળ [illegible] જાય છે. આ ટી.વી.માં શું આવે ?
મારામારી, ધમાલ, ચોરી, વ્યભિચાર કરવો, દારૂ પીવો, જુગાર રમવો.
આ સંસ્કાર સૌમાં પડે. વળી આબરૂ, પ્રતિષ્ઠા, પૈસા,
સમૃદ્ધિ અને ખાનદાની બધું ગુમાવે.
ટી.વી.ની જગ્યાએ જો મંદિરમાં સાથે બેસીને સૌ પ્રાર્થના કરે તો શાંતિ મળે,
ભક્તિ થાય, સંસ્કારો આવે અને સારા વિચારો આવે.

– પ્રમુખસ્વામી મહારાજ

આ પ્રકરણમાં સ્વામીશ્રીની પ્રવચનશૈલી વિષે વાત લખવી છે. તેનું આલેખન કરવા જતાં મનમાં વિચાર થયો કે આ પ્રકરણનું શીર્ષક શું મૂકવું? સ્વામીશ્રીની શૈલીને જુદાં જુદાં વિશેષણોથી નાણતાં મન એ નિષ્કર્ષ પર આવ્યું કે 'સ્વામીશ્રીની શૈલી એટલે સ્વામીશ્રીની શૈલી.' જેમ સૂર્ય સૂર્ય જેવો જ છે, તેને અન્ય કોઈ ઉપમા ઊણી ઊતરે. ચંદ્ર ચંદ્ર જેવો જ છે, તેની આહ્‌લાદકતાને શાના વડે તોલવી?

વાલ્મીકિએ 'રામાયણ'માં લખી નાંખ્યું : 'रामरावणोर्युद्धं रामरावणयोरिव' રામ-રાવણનું યુદ્ધ એટલે રામ-રાવણનું યુદ્ધ. તેમ સ્વામીશ્રીની કથનશૈલી માટે પણ આવો અનન્વય અલંકાર જ યોગ્ય લાગ્યો. તેથી મથાળું માંડ્યું : 'સ્વામીશ્રીની શૈલી એટલે સ્વામીશ્રીની શૈલી.'

આમ પણ ભગવાન સ્વામિનારાયણ વચનામૃત પંચાળા પ્રકરણ-૪માં કહે છે : 'શ્રવણે કરીને સાંભળ્યામાં આવે છે જે કાંઈ શબ્દમાત્ર, તે જેવો એ ભગવાનનો શબ્દ નથી... તથા એનો જેવો શબ્દ છે તેવો બીજો આ બ્રહ્માંડમાં કોઈનો શબ્દ નથી જે, એની એને ઉપમા દઈએ...'

આવા એક અને અદ્વિતીય ભગવાનને સંભારીને, રોમેરોમમાં ધારીને બોલાતા સ્વામીશ્રીના શબ્દો એટલે સ્વામીશ્રીના શબ્દો અને તેઓની શૈલી એટલે તેઓની જ શૈલી. 'न तत्समो नाभ्यधिकश्च।' એના જેવું કે એથી અધિક કોઈ જ નહીં.

સંપર્કનો સબળ સેતુ

જાહેર વક્તવ્યનું હાર્દ સમજાવતાં લખાયું છે કે 'લખવામાં જોઈએ એટલા ગુણ બોલવામાં પણ જોઈએ. વિચાર, ભાવ અને શબ્દ. અને તે ઉપરાંત સાંભળનારાઓની સાથે પ્રત્યક્ષ સંપર્કનો ગુણ જોઈએ.'

સ્વામીશ્રીની કથનશૈલીમાં આ હાર્દ પૂરેપૂરું આત્મસાત્ થયેલું જણાય છે.

ઘણી વાર વક્તા બોલે છે પણ જાણે સામે કોઈ ન હોય એ રીતે. પોતે એકલો હોય અથવા દૂર હોય અને ખાલી હવામાં બોલતો હોય અથવા

ટેપરેકોર્ડરમાં બોલતો હોય કે જાણે પુસ્તકમાંથી વાંચી સંભળાવતો હોય એવું લાગે.

કેટલાક વક્તાઓ કાં તો આકાશ તરફ જુએ કાં તો પૃથ્વી સામે. આવી શૈલી શ્રોતા સાથેનો સંપર્ક તોડે છે. સંપર્કનો સેતુ તૂટતાં આખું પ્રવચન હવામાં ગોળીબાર જેવું થઈ જાય છે.

સ્વામીશ્રીના શબ્દશર નિશાન વીંધે છે. તેનું એક કારણ છે, શ્રોતા સાથે જીવંત સંપર્ક સ્થાપીને બોલવાની શૈલી. સ્વામીશ્રીને સાંભળવા બેઠેલાઓને એવું નથી લાગતું કે સ્વામીશ્રી સંબોધે છે. સૌને એમ જ લાગે કે સ્વામીશ્રી મારી સાથે વાત કરે છે. સ્વામીશ્રીની સભામાં બેઠેલી વ્યક્તિ ક્યારેક તો વિચારી રહે કે આ તે જાહેરસભા છે કે ઘરસભા ?!

ભાદરામાં ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાપર્વ નિમિત્તે ડાબરા ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. વિવેકસાગર સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં ગુણાતીત દીક્ષાનો મર્મ સમજાવી તે દીક્ષા લેવા સૌને હાકલ કરી. એ જ વખતે સામે બેઠેલા શાંતિભાઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'બોલો, શાંતિભાઈ ! છે તૈયારી ?'

શાંતિભાઈ કહે : 'હું તૈયાર છું.'

સ્વામીશ્રીએ કોઠારી જ્ઞાનપ્રસાદદાસ સ્વામીને કહ્યું : 'કોઠારી ! આ બધાં આવે તો (ભગવાં) કપડાં તૈયાર છે ?' તેઓએ હા કહી.

એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'લ્યો, બધું તૈયાર છે, પણ આ તો ગુણાતીત દીક્ષાની વાત છે. એટલે વાસના ને સ્વભાવ નાશ થાય એ દીક્ષા લેવાની છે. પછી ભલે ને કોઈ પણ કપડામાં હો... જોકે પાછું એવું માની લેતા નહીં કે અમે સાધુ જ છીએ. જેની ઇચ્છા હોય ને અનુકૂળતા હોય એને તો આવી જ જવું. આપણે એવી દીક્ષા લઈએ કે શાંતિ ને આનંદ જ રહે.'

જાહેરસભામાં પણ છે ને જાણે ઘરમાં બેસીને વાર્તાલાપ ચાલતો હોય એવો માહોલ !

•

એક વાર બોચાસણમાં સ્વામીશ્રી 'આ મેડિયું મળી છે ને સારું સારું ખાવાનું મળે છે એ મનુષ્યદેહનું ફળ નથી...' એ વાતનું નિરૂપણ કરી રહેલા.

તે દરમ્યાન બોરસદના નિમિષને દૂરથી આવતો જોઈને સ્વામીશ્રીએ વાતોનું સુકાન એની તરફ મરોડ્યું.

સ્વામીશ્રીએ તેને આવકાર આપતાં કહ્યું : 'આવો ભાણાભાઈ! આ વાત આવી કે મનુષ્યદેહનું ફળ શું?'

'સારી સારી વસ્તુ મળે એ.' નિમિષે ગમ્મતમાં કહ્યું.

સ્વામીશ્રીએ એ જ દલીલને કાકુભેદ દ્વારા રજૂ કરતાં કહ્યું : 'વાત સાચી છે. સારી સારી મોટર, બંગલા કે અમેરિકા જવાનું ન મળે તો આ દેહનો અરથ શું?'

'સારા સાધુ મળે એય ફળ છે ને!' સ્વામીશ્રીની વક્રોક્તિ પામી ગયેલા નિમિષે ફેરવી તોળ્યું.

સ્વામીશ્રી કહે : 'એ જ વાત ચાલે છે ને! સારી વસ્તુઓ તો લોકમાં બધાને મળે છે. પશુનેય મળે છે. માન-મોટપ ને હોદ્દા બધું મળશે. અનંત જન્મોથી જીવ આ કરતો આવ્યો છે. આંબાનું ફળ શું? કેરી આવે એ આંબાનું ફળ છે. એમ હૃદયમાં ભક્તિ થાય, સ્વભાવ ટળે, મોક્ષ થાય એ દેહનું ફળ છે.

'પૈસા કમાવા રાત-દિવસ મહેનત કરીએ છીએ, એમ સ્વભાવ ટાળવાની મહેનત કરીએ તો સ્વભાવેય ટળી જાય. પણ આપણને થાય : 'આવું ક્યારે થશે?' વિષયોનું સરું તો આવતું નથી. એટલે મન પાછું પડે છે. પણ પાછું ન પડવું. બળ રાખવું.'

આ સાંભળી નિમિષે પૂછ્યું : 'પણ કેટલો વખત બળ રાખવું?'

સ્વામીશ્રી બોલ્યા : 'એ ચિંતા શું કામ કરવી? આપણે તો મંડવું જ. ભણવા બેસે તો ડિગ્રી મળે છે કે નહીં?

નિમિષ કહે : 'પણ એમાં તો ખબર જ છે કે ચાર વર્ષે મળી જ જવાની છે.'

'એમાં એવી સાધના કરીને મંડો છો તો ચાર વર્ષે ડિગ્રી મળે છે. એવી સાધના આમાં (વિષયોમાંથી વૈરાગ્ય પામવામાં) છે? પેલા જેવી એકાગ્રતા આમાં રહેવી જોઈએ ને! સાધનામાર્ગમાં એવું બધું આવે પણ એકાગ્રતા રહેવી જોઈએ. જેમ નટ વાંસડે ચઢે ત્યારે આખું ગામ તેને જોવા ઊમટે, પણ નટ લોકોને ન જુએ. જો નટ આડું-અવળું જુએ કે 'ઓહોહો... મારા માટે તાળી પાડે છે ને કેટલા જોવા આવ્યા છે!' એમ જોવા જાય તો પડે હેઠો. એમ આમાં પણ ભગવાનની સામું જોઈએ તો જ કામ થાય. એકતાર થાય તો જ કામ થાય. એમ ભક્ત થાય એને તો ભગવાન અને સંતની સામું જ જોઈ રહેવાનું. જોવું એટલે એની આજ્ઞા સામું તાન રાખવું. કરીએ બધું, પણ

અનુસંધાન આ રાખવું... અક્ષરધામનું રાજ લેવું. આ વખતે જોગ મળ્યો તો બીજા વિચારો કરવા કરતાં બ્રહ્મરૂપ કેમ ના થઈ જવું?'

અહીં શ્રોતા-વક્તા વચ્ચે કેવો આત્મીય સંવાદ સધાઈ ગયો છે! સ્વામીશ્રીના પ્રવચનમાં ક્યારેક એવું પણ બની જાય કે શ્રોતા-વક્તાની ભેદ-રેખા ભૂંસાઈ જાય.

આમ, સ્વામીશ્રી બોલતા હોય ત્યારે શ્રોતાને ખૂલવાની તક મળે છે અને સ્વામીશ્રીએ બાંધેલો આ સહજ સંપર્કનો સેતુ એક ચમત્કાર સર્જે છે. સ્વામીશ્રીની ચાલે શ્રોતાઓ ચાલતા થઈ જાય છે. સ્વામીશ્રી હસે એટલે શ્રોતાઓ હસે. સ્વામીશ્રીનો એક એક ભાવ શ્રોતાઓ ઝીલે. એક એક શબ્દે શ્રોતાઓ ડોલે. આમ, એકાગ્રતા અને આત્મીયતા સાધીને સ્વામીશ્રી બોલે છે તેથી તેઓની કઠોર વાત પણ કઠતી નથી.

•

સ્વામીશ્રીની સ્વાભાવિક પ્રકૃતિ છે – સભામાં બેસતાં પહેલાં સૌને હાથ જોડીને વંદન કરવાની. મનોમન નહીં પણ મુખોમુખ નમનની તેઓની આ રીત શ્રોતાને અનોખી આત્મીયતાનો અહેસાસ કરાવી જાય છે. તેમાં પણ જે તે જગ્યાએ પ્રથમ વાર જ ગયા હોય ત્યાં તેઓના આશીર્વાદ મોટે ભાગે આ રીતે શરૂ થાય : 'આજે આપ સૌનાં દર્શન કરીને ખૂબ આનંદ થાય છે. આપ સૌ આપનાં કામકાજ મૂકીને અહીં આવ્યા છો તો આપને ધન્યવાદ છે...'

સ્વામીશ્રી શ્રોતાને 'જોતા' નથી, તેઓનાં 'દર્શન' કરે છે. તેઓમાં રહેલા ભગવાનનાં દર્શન કરે છે. તેઓના કથામૃતમાં ઘૂંટાતો મહિમાનો આ પ્રથમ ઘૂંટ જ શ્રોતાને સ્વામીશ્રીની એકદમ નિકટ લાવી દે છે. પરિણામે સ્થપાય છે – સહજ સંપર્ક! સધાય છે – અનોખી આત્મીયતા! અને સર્જાય છે – જબ્બર જાદુ!! આજુબાજુ ગમે તેટલી ધાંધલ-ધમાલ હોય તોય શ્રોતા એકદૃષ્ટિ અને એકકાન થઈ સ્વામીશ્રીની વાણી પીવા લાગે છે. સહાનુભૂતિ ને રસાનુભૂતિનો એકસાથે અનુભવ સૌ કરી રહે છે.

પ્રવચનમાં ક્યારેક ક્યારેક વચ્ચે પ્રશ્ન પૂછીને કે જે તે શબ્દના અન્ય ભાષામાં ભાષાંતરને પૂછીને કે જે વાત ચાલતી હોય તેમાં શ્રોતાની સાઇદી લઈને કે શ્રોતાનું નામ દઈ સીધો બોધ આપીને પણ સ્વામીશ્રી શ્રોતા-વક્તા

વચ્ચેના અંતરને શૂન્ય કરી દે છે.

એક વાર નવસારીમાં સ્વામીશ્રી રાવણના મનસૂબાઓનું વર્ણન કરી રહ્યા હતા. ત્રણ મનસૂબાની વાત કર્યા પછી સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો : 'ચોથો મનસૂબો કયો હતો?' જાણવા છતાં સ્વામીશ્રી અજાણ થયા.

આખી સભા ઉત્તર આપવા તત્પર થઈ ગઈ. તેમાં આગળ બેઠેલા ઈશ્વરભાઈ દેસાઈ બોલી ઊઠ્યા : 'સ્વર્ગની સીડી કરવાનો સંકલ્પ હતો.'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'ઈશ્વરદા' જાણે છે ખરા.' પછી પૂછ્યું : 'સ્વર્ગની સીડી થઈ છે? તમે જઈ આવ્યા?' એમ કહી બોલ્યા : 'આપણે તો જોગીબાપા મળ્યા એમાં બધું આવી ગયું. હવે બીજી સીડીની શું જરૂર?'

•

ગોંડલ પાસે આવેલા ઘોઘાવદરમાં ગુણાતીતાનંદ સ્વામીની પ્રાસાદિક જગ્યાએ સ્વામીશ્રી દર્શનાર્થે પધાર્યા હતા. અહીં આવેલી દેરી પાસે બેસી ગુણાતીતાનંદ સ્વામીએ પાંચ વચનામૃત સમજાવેલાં તે વાતનું નિરૂપણ સ્વામીશ્રી કરી રહેલા. સામે બેઠેલા શ્રોતાઓમાં પરદેશના પણ બે યુવકો હતા. સ્વામીશ્રી કહે : 'વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૪૫માં મહારાજે કહ્યું છે કે રંચમાત્ર કસર નથી રાખવી. કેટલી? રંચમાત્ર. એને શું કહે છે તમારી ભાષામાં?'

તેણે કહ્યું : 'સ્લાઇટ.'

'હં સ્લાઇડ (સ્લાઇટ) પણ ડાઘ નથી રાખવો...'

ક્યારેક સામે બેઠેલા શ્રોતાઓના ભિન્ન ભિન્ન દેશ, પ્રદેશ કે વ્યવસાયની ખાસિયતોને શ્રોતાના જ મુખેથી બહાર લાવી તેને વાતમાં વણી લઈ સ્વામીશ્રી સંપર્ક પ્રસ્થાપિત કરી દે છે. ક્યારેક પોતે જ બોલેલી વાતનો 'આમાં શું કહ્યું?' કે 'આમાં શું વાત આવી?' જેવા પ્રશ્નો પૂછી શ્રોતાના મુખે પુનરુચ્ચાર કરાવી શ્રોતાઓને વાક્પ્રવાહમાં ભેળવી દે છે. બાળમંડળ કે યુવકમંડળના કાર્યક્રમમાં 'બાળમંડળની જય', 'યુવકમંડળની જય' કે 'બાળકો-યુવકોની પણ જય જય જય'થી આશીર્વાદનો પ્રારંભ કરતા સ્વામીશ્રી જાણે સામે બેઠેલા બાળકો-યુવકોની વચ્ચે જ આસન માંડીને બોલતા હોય તેવો માહોલ સર્જાઈ રહે છે. અને ૯ કે ૧૯ વર્ષના બાળકો-યુવકો સાથે ૯૦ વર્ષના વૃદ્ધની ગોષ્ઠિ શરૂ થઈ જાય છે.

પ્રાસંગિક પ્રસ્તુતિની કમાલ

ક્યારેક અન્ય કોઈ સંસ્થા, સંગઠન કે સ્થાનના કાર્યક્રમમાં પ્રવચન કરવાનું થાય ત્યારે જે તે સંસ્થા, સંગઠન કે સ્થાનનો મહિમા, ઈતિહાસ, તે સાથે સંકળાયેલી વ્યક્તિઓનાં ચરિત્ર સંક્ષેપમાં કહીને એવી રીતે સંપર્ક સ્થાપી દે કે સામે બેઠેલા નવાગંતુકોને એમ ન લાગે કે કોઈ બહારના વક્તા બોલી રહ્યા છે. સૌને સ્વામીશ્રી પોતીકા લાગવા માંડે.

સ્વામીશ્રીનું દ્વારકામાં સન્માન હતું. દ્વારકાધીશ અને દ્વારકાનાથની જય સાથે આશીર્વચનની શરૂઆત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ઓખામંડળની ભૂમિ શ્રીકૃષ્ણ પરમાત્માથી પાવન થયેલી છે. અહીં આપ સૌને રહેવાનું થયું એ અહોભાગ્ય છે. સાત પુરીમાં આ તીર્થનું સ્થાન છે. એમાં ટાટા કેમિકલ્સનું કેમ્પસ કર્યું છે. આ સુંદર આયોજનથી દેશને સારો લાભ થયો છે. અહીં કચરામાંથી સોનું બનાવવાની રીત છે. દરિયાનું પાણી અને જમીન ખારાં છે એમાંથી રાષ્ટ્રને લાભ થાય છે. એ જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ લાભ છે. અહીં સંતો-મહંતો આવે, સત્સંગનો લાભ મળે એથી આપણામાં રહેલા રાગ-દ્વેષ, છળ-કપટ-કામાદિક ખારાશ દૂર થાય છે. આ ખારાશ દૂર કરવાની બીજી કોઈ ફેક્ટરી નથી. વાલ્મીકિને નારદજીનો સંગ થયો તો ખારાશ દૂર થઈ ને પછી જે મીઠાશ મળી એનાથી હજારોને લાભ થયો.'

•

પોરબંદરની સભામાં સ્વામીશ્રીએ સુદામા અને ગાંધીજીનાં ચરિત્રો વડે આ રીતે પ્રવચનનો પ્રારંભ કર્યો હતો : ''પોરબંદર પવિત્ર ધામ છે. સુદામાપુરી પણ કહેવાય. સુદામા મહાન ભક્ત થઈ ગયા. રાષ્ટ્રપિતા ગાંધીજી પણ અહીં જન્મ્યા એટલે રાષ્ટ્ર ને અધ્યાત્મ બેય દૃષ્ટિએ આ નગર મહત્ત્વનું છે. સુદામાએ ભગવાનનાં ચરણે સર્વસ્વ અર્પણ કર્યું, ને ગાંધીજીએ દેશ માટે સમર્પણ કર્યું. ભારતની આ સંસ્કૃતિ છે, ત્યાગીને રાજી થાવ... પશ્ચિમની સંસ્કૃતિ ભોગની છે. ભગવાન સ્વામિનારાયણે પણ એ જ આપ્યું છે : 'નાનામાં નાના માણસને મદદરૂપ થાવ ને જીવનમાં વ્યસનમુક્તિ ને સદાચાર દૃઢ કરો.' અમારે હમણાં લંડનથી કાગળ આવ્યો છે. ત્યાં રોજ ૩૦૦ માણસો વ્યસનથી મરે છે. જાણીએ છીએ છતાં વ્યસનની પછવાડે પડ્યા છે. જેનાથી નુકસાન થાય એનો ત્યાગ

કરવો જોઈએ અને સારું છે એ લેવું જોઈએ. એકબીજાને ઉપયોગી બનો, બીજાની સેવા કરો એ માનવધર્મ છે.''

•

સભામાં પોતાના પ્રવચન અગાઉ બનેલી ઘટનાઓ જેવી કે સંવાદ પ્રસ્તુતિ, કથા, કીર્તનગાન, પ્રશ્નોત્તરી, પરિસંવાદ વગેરેના મધ્યવર્તી વિચારથી પ્રવચનનો ઉપાડ કરવાની સ્વામીશ્રીની નૈસર્ગિક ખાસિયત છે. આ ઘટનાઓમાં આવેલ વિશેષ પાત્ર કે પ્રસંગ કે વાક્યને બરાબર યાદ રાખી, ઘણી વાર તેથી જ વક્તવ્યનો આરંભ કરે અને સભાને રસપ્રદ કરી મૂકે.

એક વાર વિદ્યાનગર છાત્રાલયના છાત્રો 'હાથનાં કર્યાં હૈયે વાગ્યાં' કટાક્ષિકા ભજવી રહ્યા હતા. જેમાં નિયમભંગ કરનારા ઉપર કટાક્ષ હતો. કોર્ટનું દૃશ્ય હતું. અદાલતનો છડીદાર વારે વારે આરોપી અને સાક્ષીનાં નામ દઈને '...હાજીર હો...'ની બૂમ પાડતો હતો. વારે વારે ઘૂંટાતી આ પંક્તિ સૌના હાસ્યનો વિષય બની હતી. એમાં સ્વામીશ્રીના આશીર્વાદની જાહેરાત થઈ. શ્રોતાઓની વચ્ચે બેઠેલા સ્વામીશ્રી જેવા સ્ટેજ ઉપર આવ્યા એવી એમની પણ છડી પોકારી – 'હાજીર હો...' સૌ તાળી પાડી ઊઠ્યા.

સ્વામીશ્રીએ પણ શરૂઆતમાં જ કહ્યું : ''...હાજર રહ્યા વગર વાત ન થાય ને! ખરેખર રજૂઆત સારી થઈ છે. આપણે અહીં રહીએ છીએ તો વ્યવસ્થિત જીવન થાય એ માટે આ છાત્રાલય છે. આપણે જો આવું કરતા હોઈએ તો ના કરવું. આપણે ભણવા આવ્યા છીએ. જો આ ના કરીએ તો આપણું જીવન ને મા-બાપના પૈસા પણ નકામા જાય. આપણે સારા યોગમાં છીએ. કોર્ટે પણ સુધરવા માટે છેલ્લો ઓર્ડર આપી દીધો. : 'સંત સમાગમ કરવો.' આપણે સારા બનવું હોય ને વિદ્યા સારી પ્રાપ્ત કરવી હોય તો નિયમો પાળવા જ પડે...''

•

ઘણી વાર સ્વામીશ્રીના પ્રવચન પૂર્વે આકસ્મિક ઘટનાઓ બની જાય. જેવી કે, માઇક ગોઠવાય પણ તે ચાલુ જ ન થાય, માઇકમાં વ્હીસલિંગ આવે, વીજળી ગુલ થઈ જાય વગેરે. આવા સમયે સ્વામીશ્રી સહેજ પણ અપસેટ થયા વિના તે જ ઘટનાને સાંકળી લઈ પ્રવચનનો ઉપાડ એવી રીતે કરે કે આવી પરિસ્થિતિથી અપસેટ થયેલા પણ સેટ થઈ જાય.

વિદ્યાનગરમાં વિવેકસાગર સ્વામીએ કથાની સમાપ્તિ કરી ને સ્વામીશ્રી આગળ માઈક ગોઠવાયું. સેટ કરવા માટે સ્વામીશ્રી માઈકને અડ્યા ત્યાં જ સ્વિચ બંધ થઈ ગઈ. સ્વામીશ્રી કહે : 'આવું છે. સ્વિચ ગમે ત્યારે બંધ થઈ જાય એવું છે, એ સમજી રાખવું. વ્યવહારનું રહી જાય તો ચિંતા ના કરવી. ભગવાન ભજવાના રહી ના જાય એ ખ્યાલ રાખો તો સ્વિચ ભલે ગમે ત્યારે બંધ થવાની હોય ત્યારે થાય, ચિંતા જ ન રહે. જવાનું છે એ નક્કી જ છે. કોઈના બાપદાદા રહ્યા છે?... આ ક્ષણે મરવું છે એ અનુસંધાન રાખવું. આ રાખીએ તો દુ:ખ ન થાય.'

•

એક વાર અમદાવાદમાં સ્વામીશ્રીની સમક્ષ માઈક ગોઠવાયું ને ગરબડને લીધે વ્હીસલિંગ શરૂ થયું. અટકે જ નહીં.

સ્વામીશ્રી કહે : 'આ આઘુંપાછું ચાલ્યા જ કરે છે. વાસનાવાળા જીવનું આવું થાય. એટલે જ વાસના ન રાખવી. વાસનાવાળો ઘડીક આમ ચાલ્યો જાય ને ઘડીક આમેય...'

આમ, પ્રસંગને પકડીને યોગ્ય રજૂઆત દ્વારા સ્વામીશ્રી શ્રોતાઓનાં દિલ-દિમાગનો કબજો લઈ લે છે. આ તેઓની કથનશૈલીની આગવી વિશેષતા છે.

અવાજમાં અવિનાશીનું અમૃત

માણસના અવાજ ઉપરથી જ માણસનો સ્વભાવ કહી શકે એવા માનસચિકિત્સકોની એક શાખા છે. માણસ શું બોલે છે એમ નહીં, પણ કેવી રીતે બોલે છે, કેવો અવાજ કાઢે, કેવી બૂમ પાડે, કેવા ઉચ્ચાર કરે, કેવી ઝડપથી અથવા તો ધીરેથી, સ્પષ્ટ કે અસ્પષ્ટ ઢબે બોલે એ ઉપરથી માણસનો સ્વભાવ, ટેવ, વલણ, શક્તિ, નબળાઈ સમજી શકે અને જરૂર પડે તો એ જ ઉપરથી માનસિક રોગની ચિકિત્સા પણ કરી શકે. કારણ કે અનુભવ થાય છે કે જેવો માણસનો મિજાજ તેવો એનો અવાજ.

ઘણી વાર કેટલાક વક્તાઓ વાત નથી કરતા, આક્રમણ જ કરતા હોય છે. શ્રોતા તેઓને સાંભળતો નથી હોતો પણ રીતસરનો માર જ ખાતો હોય છે. ઘણા વક્તા એટલું ધીરું, ધીમું ને અસ્પષ્ટ બોલે કે શ્રોતા મૂંઝવણમાં મુકાઈ

જાય કે 'આ ખોંખારીને બોલતા નથી તો વાતમાં દમ હશે કે નહીં? તો એ વાત મારે સાંભળવી કે નહીં? હવે આવી ગયો છું તે સાંભળ્યા વિના છૂટકો નથી. પણ તે મુજબ મારે વર્તવું કે નહીં? વર્તીશ તો ફાયદો થશે કે નહીં?' નબળી રજૂઆત શ્રોતાના મનમાં પણ નબળા વિચારોનો વાવંટોળ ઊભો કરી દે છે. પરિણામે તે સાંભળે છે, પણ સમજતો નથી. વક્તાનું બોલવું અને શ્રોતાનું સાંભળવું બેય વ્યર્થ નીવડે છે.

ઘણા વક્તા એટલી ઝડપથી બોલે કે કાન થાકી જાય, જેમ યંત્રનો ધમધમાટ સંભળાય ઘણો પણ કાનને થકવી નાંખે. ઘણા લોકો એટલું ધીરું બોલે કે તેઓના બે શબ્દોની વચ્ચે તમે ચકરાવો મારી આવી શકો, આવી શૈલી પણ શ્રોતાને શ્રવણમાં એકાગ્ર ન થવા દે.

કથનશૈલીની આવી તો ઘણી ત્રુટિઓ હશે, પણ તેથી નિતાંત નિર્મુક્ત વાણી સ્વામીશ્રીની છે.

શાસ્ત્રીજી મહારાજ જ્યારે જ્યારે માંદગી ગ્રહણ કરતા ત્યારે સ્વામીશ્રીની પાસે 'ભક્તચિંતામણિ' વંચાવતા; અને સ્વામીશ્રીના રૂપાની ઘંટડી જેવા એ મધુર સ્વરો સાંભળી શાસ્ત્રીજી મહારાજ ગજબની સ્વસ્થતા અનુભવતા.

હા, સ્વામીશ્રીનો સ્વર છે – સૌમ્ય, મૃદુ, મધુર. તેમાં આવેગ, આક્રોશ, આવેશ જેવું કંઈ જ ન મળે. કહ્યું છે કે 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः ।' – જે હર એક ક્ષણે નવું ને નવું જ લાગે તે રમણીયતાનું સાચું સ્વરૂપ છે. સ્વામીશ્રીની વાણી આવી રમણીય છે. ખળખળ વહેતી એમની વાગ્ધારાને સતત પાંચ કલાક સાંભળીએ તોય કંટાળો ન આવે. કાનમાં કદી ખૂંચે નહીં. મનમાં કદી દ્વિધા ઊભી ન કરે.

સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે 'कण्ठे सुधा वसति वै भगवज्जनानाम् ।' સંતના કંઠમાં અમૃત વસેલું છે. સ્વામીશ્રીનો અવાજ સાંભળનાર આ સુભાષિતની સત્યતા અનુભવે છે.

અમદાવાદમાં એક વાર સ્વામીશ્રી બોલ્યા હતા : 'જીભ ઉપર અમી ન હોય તો કાંઈ સ્વાદ ન આવે. તીખું, ખાટું, ખારું કાંઈ પણ ખાઓ, મજા ન જ આવે. તેમ આપણે ભગવાનની અમી વગર બધું ફિક્કું. માટે આપણે એ અમી લાવવી.'

સ્વામીશ્રીના શબ્દોમાં અવિનાશીનું અમૃત છલકાય છે. તેથી એ અવાજ

પણ કર્ણપ્રિય બની સૌનાં મન હરે છે.

મુંબઈના હીરાભાઈ પરીખને એક વાર પુછાયું કે 'તમને સૌથી વધુ શું ગમે ?'

તેઓએ કહેલું : 'ભક્તચિંતામણિના નિરૂપણ વખતે સ્વામીશ્રી 'અઠ્ઠાવન' બોલ્યા છે. એ અઠ્ઠાવનનો છેલ્લો 'ન.' આ 'ન'ને સાંભળવા તેઓએ એ કેસેટ ૧૫ વાર સાંભળી છે.

અપ્રતિમ મુદ્રા આકર્ષણ

આપણને લાગે છે કે કોઈ વ્યક્તિ બોલે ત્યારે ફક્ત એનું મોં બોલે છે, પણ આ આપણું અજ્ઞાન કહી શકાય. હકીકતે તો વ્યક્તિનું આખું શરીર બોલતું હોય છે. એના હાથ બોલે છે, પગ બોલે છે, આંખો બોલે છે. અરે, મૌન પણ બોલે છે.

હા, વિનોબા ભાવે કહેતા : 'કાર્ય કરતાં વિચાર મોટો, વિચાર કરતાં શબ્દ મોટો અને શબ્દ કરતાં મૌન જ મોટું.' યોગ્ય સમયે, યોગ્ય માત્રામાં, યોગ્ય રીતે રાખેલું મૌન પણ ઘણું બોલતું હોય છે અને શબ્દોની ભાષા કરતાં દેહની ભાષા ઘણી વધારે સ્પષ્ટ અને અસરકારક હોય છે.

પ્રવચનની મુદ્રાઓ પણ સોનામાં સુગંધ ભળે તેમ ભાષાને ભરાવદાર અને શૈલીને ચોટદાર બનાવે છે. આ પરિપ્રેક્ષ્યમાં પણ સ્વામીશ્રીની કથનશૈલી મનનીય છે.

પ્રવચન કરતા હોય ત્યારે શ્રોતાને ખૂંચે અને ખટકે એવી નાટકીય અને કૃત્રિમ મુદ્રાઓ તો સ્વામીશ્રીમાં સંભવે જ નહીં, પરંતુ બોલતી વખતની તેઓની સાહજિક મુદ્રાઓ પણ ઘણી જ ચિત્તાકર્ષક હોય છે. શ્રોતાઓનાં મન પર ચિરંજીવ છાપ પાડનારી હોય છે. જેમ કે, ઉપદેશ આપતી વખતે ડાબા અને જમણા હાથની તર્જનીને વિવિધ મરોડમાં હલાવતાં હલાવતાં બોલવું, કે ક્યારેક બેય હાથની તર્જનીને એકબીજા સાથે અડાડતાં અડાડતાં, તો ક્યારેક બેય હાથની આંગળીઓનાં ટેરવાંને એકબીજાં સાથે અડાડતાં અડાડતાં અમૃત-વચનો ઉચ્ચારવાની તેઓની પ્રવચનમુદ્રાઓ આહ્‌લાદક હોય છે.

ક્યારેક જ્ઞાનમુદ્રા (જમણા હાથની તર્જની અને અંગૂઠાનું ટેરવું અડાડીને હથેળીના વચ્ચેનો ભાગ શ્રોતા સન્મુખ હોય એ રીતે), તો ક્યારેક આશીર્વાદ-

મુદ્રા(જમણા હાથની હથેળી શ્રોતા સન્મુખ હોય એ રીતે)નાં દર્શન પણ થતાં રહે.

ક્યારેક પાંચેય આંગળીઓને મુખરિત થતી હોય તેવી કળીના આકારમાં ભેગી કરીને હળવા ઝાટકા સાથે તેને છૂટી કરવાની મુદ્રા પણ રમણીય હોય છે.

ક્યારેક ડાબા હાથની તર્જની અને અંગૂઠા વડે કંઠી રમાડતા બોલે. વારે વારે ઘૂંટીએ હાથ થપથપાવીને ઊંચો કરતાં કથારસ રેલાવવો એ તેઓની સાહજિક પ્રકૃતિ છે.

ઘણી વાર બોલવાનો જુસ્સો અને હાથનું હલનચલન એટલું પ્રબળ હોય કે ગાતરિયું પણ એક કોરેથી સરકી જાય.

સોફા પર બેઠા હોય ત્યારે ઘણી વાર જમણા પગ પર ડાબો કે ડાબા પગ પર જમણો પગ મૂકીને કથા કરે. તે વખતે જે પગ ઉપર હોય તેની ઘૂંટી, પંજા, પીંડી કે ઘૂંટણ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલવાની સ્વાભાવિક ટેવ.

ક્યારેક જમણા ચરણ પર ડાબું કે ડાબા પર જમણું ચરણ રાખીને બોલે. ક્યારેક બે પગ ફૂટરેસ્ટ પર ટેકવીને બોલે.

ખોળામાં ગ્રંથ રાખ્યો હોય તો તેના ઉપરના ભાગને એક હાથથી પકડી રાખે. ક્યારેક પુસ્તક રાખવાની ઘોડી પર બેય હાથ ટેકવીને બોલે.

ક્યારેક પરસ્પર ભીડેલા બેય હાથના આંગળાથી ડાબા પગ કે જમણા પગના ઘૂંટણનો ટેકો લઈને હળવાશથી વાતો કરે. છેલ્લાં બે-ચાર વર્ષથી બોલતી વખતે વચ્ચે એકાદ વાટકી પાણી પીએ. ક્યારેક ન પણ પીએ.

•

પ્રવચન કરતી વખતે તેઓની આંખો નવાગંતુકની નોંધ અવશ્ય લઈ લે. ક્યારેક તે વ્યક્તિને 'આવો.. પધારો.. જય સ્વામિનારાયણ..' કહી આવકારે પણ ખરા. તેની બેસવાની યોગ્ય વ્યવસ્થા અંગે ચાલુ પ્રવચને જ માર્ગદર્શન આપે ને વળી પાછા મૂળપ્રવાહ સાથે કથાને સાંકળી દે.

જેવો વિષય તેવી મુદ્રા એ પણ સ્વામીશ્રીની શૈલીની આગવી વિશેષતા.

નિયમની વાતો ચાલતી હોય તો બેય હાથની આંગળીઓને અંકોડાની જેમ ભિડાવીને તો ક્યારેક જમણા હાથની મુઠ્ઠીને ઉપર ઉઠાવતાં કથાપ્રવાહ રેલાવે.

અહોભાવ ને પ્રાપ્તિની વાતો કરતી વખતે ડાબો-જમણો હાથ કે ક્યારેક

બંને હાથ મુખ સુધી અલમસ્તાઈની મુદ્રામાં ઉપર ઉઠાવતાં બોલે.

કામાદિક દોષો કે ધર્માદિક ગુણો કે એવી કોઈ ગણતરીની વાત આવે ત્યારે વેઢા પર આંગળી મૂકીને ગણતરી કરવાની મુદ્રા દેખાય ને જમણા હાથને ગણતરી દરમ્યાન જ હળવા ઝાટકા સાથે નીચે લાવે.

રમૂજની વાતો થતી હોય ત્યારે મુખારવિંદ પર હળવા સ્મિતની રેખાઓ તરી આવે.

કોઈ વાતને હૃદયમાં ઉતારવાનું કહેવાનું હોય ત્યારે ડાબા કે જમણા હાથની તર્જનીનો હૃદય તરફ નિર્દેશ કરે ને ક્યારેક હાથને કે આંગળીને છાતી પર અડાડીને પણ એ વાત દૃઢાવે.

જે શબ્દ પર વજન આપવું હોય ત્યાં પ્રશ્નાર્થ મૂકીને ક્ષણભર મૌન થઈ જાય.

આશ્ચર્યમિશ્રિત પ્રશ્નાર્થમાં હોઠ પર આવી જતાં આછા સ્મિત સાથે ભાલપ્રદેશમાં કરચલીઓ ઊપસી જાય ને નેત્રો વિસ્ફારિત થઈ જાય.

શાસ્ત્રીજી મહારાજે મંદિરો બાંધ્યાનો ઈતિહાસ વર્ણવતાં હોય તે વખતે જ્યારે શાસ્ત્રીજી મહારાજે ઉચ્ચારેલું વાક્ય – 'મારા બાહુબળે મંદિરો કરીશ' એ બોલે ત્યારે ડાબા હાથે જમણું બાવડું અવાજ આવે એ રીતે થપથપાવીને ગુરુમહિમા રેલાવે ને સૌને આનંદિત કરી મૂકે.

•

એક ખેડૂતને ગીરનું પાણી લાગી ગયું, જેથી હાથ-પગ દોરડી ને પેટ ગાગરડી થઈ ગયું એ પ્રસંગ કહે ત્યારે અવાજમાં મડદાલપણાની ઢીલાશ, ઝીણી થયેલી આંખોમાં માંદાની અશક્તિ અને હાથમાં ધ્રુજારી એવી લાવે કે સૌને એ પ્રસંગ નજર સામે આબેહૂબ તરવરવા લાગે.

બંધીતોડ બાવાનું દૃષ્ટાંત કહેતા હોય તે વખતે 'ગુરુ ચત્તાપાટ પડી ગયા' એ વાક્ય બોલે ત્યારે બેઠાં બેઠાં જ સહેજ પાછળ ઢળી, બે હાથ ઊંચા કરી પડતા-ગબડતા માણસનો એવો અભિનય કરે કે આખી સભા અધ્ધર થઈ જાય.

ભગવાનના ધામમાં જવાય એવી ભક્તિ કરવાની શીખ આપતી વખતે 'ઠેઠ અક્ષરધામમાં જવું છે' એ વાક્ય બોલતાં 'ઠેએએએએએએઠ...' એ રીતે શબ્દને લંબાવે તો ખરા પણ જમણી તર્જની ઊંચી રાખીને હાથ ખેંચીને એવો

ઊંચો કરે કે એ લટકું સ્મરણીય જ નહીં, અવિસ્મરણીય પણ બની રહે.

•

સ્વયંસેવકો-હરિભક્તોનાં સમર્પણની વાત કરતાં કે શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજની પોતાના વિષેની લાગણીની વાત કરતાં ગદ્ગદ થઈ જાય. કંઠ બાષ્પથી રૂંધાઈ જાય. શબ્દો તૂટવા લાગે. નેત્રો સજળ થઈ જાય. બોલતાં બોલતાં ક્ષણભર અટકી જવું પડે. એ સમયે સમગ્ર સભા એવા ભાવાવરણમાં સરી જાય કે જગત વીસરાઈ જાય.

અતિ વિશિષ્ટ સાંપ્રદાયિક પ્રસંગોએ કે પોતાના જન્મ દિવસે પ્રવચન કરતી વખતે પ્રારંભમાં ઉપસ્થિત સૌને જય સ્વામિનારાયણ પાઠવે ત્યારે બે હાથ જોડી, મસ્તક નમાવી વંદન કરે. પ્રવચનમાં પણ શિષ્યો પાસે આશીર્વાદની યાચના કરે ત્યારે એ નમ્રતાભર્યા શબ્દો ને મુદ્રા કાયમ માટે હૃદયમાં અંકિત થઈ જાય.

પોતાના અમૃત મહોત્સવે સ્વયંસેવકોની સેવા પર એવા ઓવારી ગયેલા કે પોતાને પહેરાવેલો હાર બાજુમાં પડેલો તે ચાલુ પ્રવચને હાથમાં લઈ જાણે પોતે સૌને એ હાર પહેરાવતા હોય એ રીતે ઊંચો કર્યો અને સ્વયંસેવકોની સેવાભાવનાનું પ્રશસ્તિગાન કરતા રહ્યા.

Rare in a lifetime – જીવનમાં ક્વચિત્ જ જોવા મળે એવી એમની એ પ્રવચનમુદ્રા હજારો હૈયામાં હજી આજેય એવી ને એવી જ તાજી છે.

પ્રવચનમાં વચ્ચે જ્યારે કીર્તનની કડીઓનું ગાન કરે ત્યારે કીર્તનમાં આવતા શબ્દોને અનુરૂપ મુદ્રાઓ હોય. કીર્તનગાન વખતે તો સ્વરની મધુરતા એવી નીખરે કે શ્રોતાનાં મન કળાયેલ મોરની જેમ નાચી ઊઠે.

'જેમ નટ ચઢે વળી વાંસડે...'એ કડીનું ગાઈને નિરૂપણ કરે ત્યારે નટની એકાગ્રતાની વાત કરતાં પોતે પણ ટટ્ટાર થઈ, આંખોને એવી સ્થિર કરીને જુએ કે સમગ્ર સભા એમની એ મૂર્તિમાં એકાગ્ર થઈ જાય.

યોગીજી મહારાજના ધબ્બાની વિશેષતા વર્ણવતાં પોતે પણ જમણો હાથ ઊંચો લઈ જઈ, તે હાથની હથેળી સહેજ વાળી કોઈને ધબ્બો આપતા હોય એ રીતે હાથને ઉપરથી નીચે લાવે. સભાસદોને એ નયનરમ્ય મુદ્રાદર્શનમાં આશીર્વાદ મળી ગયાનો અહેસાસ થઈ જાય.

આશીર્વાદ વખતે સદાય સૌમ્ય મુખારવિંદ જ હોય. ક્યારેય મુખ પર

તંગદિલી ન હોય. દાંત ભીંસીને, કચકચાવીને સ્વામીશ્રી બોલતા હોય એ દૃશ્યની તો મન કલ્પના પણ ન કરી શકે એવો ઋજુતાયુક્ત સ્વરભાર કાયમનો. માતા બાળકને માથે-બરડે હાથ પસવારતાં પસવારતાં હેતાળ વચનો સંભળાવતી હોય તેવી મમતાથી સ્વામીશ્રી બોલે.

•

કવિવર ન્હાનાલાલે લખ્યું છે : 'વચનામૃતો, શિક્ષાપત્રી, સદ્ધર્મ પ્રણાલિકાઓ, કવિઓ, સદ્‌ગુરુઓ, ઉત્સવો, સમૈયા એ સકળ ધર્મસામગ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સાગમટે સાંપડી એ સંપ્રદાયનાં અને દેશનાં ધન્ય-ભાગ્ય. પણ એ સર્વ સંપત્તિઓ એક પલ્લામાં મુકાય ને બીજી એક સંપદ બીજા પલ્લામાં મુકાય તોય એ બીજા પલ્લાની દાંડી નમે એવી એક મહાસંપદ સંપ્રદાયનાં બીજ રોપાતાં હતાં ત્યારે સંપ્રદાયમાં હતી. પરબ્રહ્મ પણ અવતાર ધરે છે ત્યારે કાળધર્મને ઓઢે છે. એટલે આજે એ મહાસંપદ સંપ્રદાયે નથી, પણ ત્યારે તો એ દૈવી સંપદ સંપ્રદાયમાં અણમૂલી હતી. એ સંપત્તિ તે શ્રીજીનું મુદ્રા આકર્ષણ : Personal Magnetism.'

શ્રીજીમહારાજનાં મુખ અને મુદ્રા જ એવાં આકર્ષક હતાં કે સંપ્રદાયમાં એ સિવાય બીજું કશું જ ન હોય તોય સંપ્રદાય આપમેળે વિકસે. તેમ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં મુખ-મુદ્રા જ એવાં છે કે કદાચ તેઓ ન બોલે તોય સૌને પુષ્ટિ મળે. આવો અનુભવ ઘણાને ઘણી વાર થયો છે.

એક વાર લોનાવાલા ખાતે આયોજિત શિબિરમાં વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રીનો એક પ્રસંગ વર્ણવી રહેલા કે 'પી. વી. જેઠવા નામના હરિભક્તના ઘરે પધરામણીએ પધાર્યા ને સ્વામીશ્રી પાટ ઉપર બિરાજ્યા. ડૉક્ટર સ્વામી પણ બેઠા. મહંત સ્વામી પણ બેઠા. પાછળથી હું (વિવેકસાગર સ્વામી) આવ્યો ને પલંગની બાજુમાં ખુરશી પર ગોઠવાયો. મારી ઓળખાણ સૌને થાય એ હેતુથી મહંત સ્વામી પલંગના પાછલા ભાગ તરફ ખસવા ગયા ને પલંગ ઉપરનું પાટિયું ખસી ગયું.. ધમ્મ દઈને બધા હેઠા... સ્વામીનું મુખ નીચે, બે પગ ઉપર...' આ પ્રસંગને પત્રો વાંચતા સ્વામીશ્રી સાંભળી રહ્યા હતા. જેવી પલંગમાં પડ્યાની વાત આવી એવા જ, પત્રો એક બાજુ મૂકીને, ઉકાઈમાં જે રીતે પડ્યા હતા એ રીતે આસન ઉપર પાછળ ઢળી પડ્યા. બન્ને પગ અને બન્ને હાથ પહોળા કરીને આસન ઉપર જ ઢળી પડ્યા. સ્વામીશ્રીએ એ પ્રસંગ

અનુરૂપ એવી ત્વરિત અને હૂબહૂ મુદ્રા કરી કે સૌનાં દિલ જિતાઈ ગયાં.

ઘણી વાર જોવા મળ્યું છે કે સ્વામીશ્રીની હાજરીમાં પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી જેવા સંત કથા કરતા હોય અને તેઓના કથા-પ્રસંગમાં કંઈક એવી વાત આવતાં સ્વામીશ્રી એક લટકું કરે કે હાસ્ય વેરે તેમાં તો આખી સભા રંજન થઈ જાય. ત્યારે નરસિંહ મહેતાની પંક્તિઓ સાર્થક અનુભવાય કે – 'લટકો તારો સવા લાખનો, ને મરકલડાનું મૂલ નહીં...'

લઢણની લટક

સ્વામીશ્રીની કથનશૈલીને આગવો ઓપ આપતી એક વિશેષતા છે – તેઓની વિશિષ્ટ લઢણ ને કેટલાંક વિશિષ્ટ ઉચ્ચારણો. સ્વામીશ્રીના પ્રવચનમાં કેટલાક ગુજરાતી શબ્દોના વિશિષ્ટ ઉચ્ચાર ભક્તોને સ્મૃતિદાન આપતા રહ્યા છે. જેમ કે,

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
અતાર	અત્યારે
અધમુયો	અધમૂઓ
અમરત	અમૃત
અંતસ્કરણ	અંતઃકરણ
આઈને	આવીને
ઉકેડો	ઉકરડો
ઉઘેડવા	ઉઘાડવા
અપવાસ	ઉપવાસ
ઉભાંડક	ઉભાંગડ
ઉધેવ	ઊધઈ
કમઈને	કમાઈને
કળશ્યો	કળશ
ક્રપા	કૃપા

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
ખઈને	ખાઈને
જીહવ્યા	જીહ્વા
ટૈડકાયો	ટડકાવ્યો
મોંખ્યો	માંખો
મૌંસ	માંસ
મુનેમ	મુનિમ
રોયા	રડ્યા
રવેડે	રવાડે
વાયો	વાવ્યો
ઓંકુ	વાંકુ
વિઘન	વિઘ્ન
હાંહલાં	સસલાં
સામ્રથ્ય	સામર્થ્ય

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ	પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
સૂક્ષમ	સૂક્ષ્મ	પાટો-ઉત્સવ	પાટોત્સવ
સાંપી દેવું	સોંપી દેવું	પૂનેમ-પૂન્યેમ	પૂનમ
સિદ્ધાન્તિક	સૈદ્ધાન્તિક	પ્રતક્ષ	પ્રત્યક્ષ
હુંશિયાર	હોશિયાર	પ્રમાણિક	પ્રામાણિક
ડાંગેર	ડાંગર	ફારફેર	ફેરફાર
ઢહેડા	ઢસરડા	બહારલી	બહારની
તઈણું	તરણું	ભસમ	ભસ્મ
નીતર	નહિતર	ભૂતાં	ભૂત
નિરન્મુગત	નિરન્નમુક્ત	મઈલ	માઈલ
પૈણવા	પરણવા	મારગ	માર્ગ

સ્વામીશ્રીના પ્રવચનોમાં અંગ્રેજી શબ્દોના પણ વિશિષ્ટ ઉચ્ચારો સાંભળવા મળે છે, જે ભક્તોને આનંદમાં ગરકાવ કરતા રહ્યા છે. જેમ કે,

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ	પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
આર્ટીટિટ	આર્કિટેક્ટ	કન્ટ્રાટી	કૉન્ટ્રાક્ટર
ઈન્ડલીયાસ્ટ	ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ	મેન્ટલન્સ	મેઈન્ટનન્સ
ઈનીસ્પેક્ટર	ઈન્સ્પેક્ટર	મેડીસન	મેડિટેશન
ઈલોકટ્રોનીક	ઈલેક્ટ્રોનિક	રીચર્સ	રિસર્ચ
એક્ટીવ	એક્ટિવિટી	લુસ	લૂઝ
એક્સાઇ	એક્સાઇટ	લેફ-રાઈટ	લેફ્ટ-રાઇટ
ઈજનેર	એન્જિનિયર	વનસમોર	વન્સમોર
એટેન	એટેન્ડ	સર્ટીફિટેટ	સર્ટિફિકેટ
એક્સેલેટર	એસ્કેલેટર	ટેનસ્ટીલ	સ્ટેનલેસ સ્ટીલ
કમેટી	કમિટી	હોલિકોપ્ટર	હેલિકૉપ્ટર
કન્ટૂનીસ	કન્ટીન્યુસ	હુસ્ટન	હ્યુસ્ટન
કોન્ક્રેટ	કોન્ક્રીટ	પ્રોફેસર	પ્રોફેશનલ

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
કોન્સીયન્સ	કૉન્ફિડન્સ
કીલીયર	ક્લીયર
કોલિટી	ક્વૉલિટી
જૂસ	જ્યૂસ
સ્ટાઇલ્સ	ટાઇલ્સ
સ્ટુરીટ	ટૂરિસ્ટ
ટેકનોલીસ	ટેકનોલૉજી

પ્રાસાદિક શબ્દ	મૂળ શબ્દ
ડેન્ટીલ	ડેન્ટિસ્ટ
નેમોનિયા	ન્યૂમોનિયા
પેપરાં	પેપર
ફયુસ	ફ્યુઝ
બેક	બેગ
મર્સીડી	મર્સિડીસ

સ્વામીશ્રીની વાણીમાં સંભળાતી કેટલીક વિશિષ્ટ ભાષાકીય લઢણો પણ સ્મૃતિદાયક છે. જેમ કે,

- 'ણ'ને બદલે 'ન' બોલવાની લઢણ.
- 'પણ'ને બદલે ક્યારેક 'બી' બોલે... (મને બી).
- 'માટે'ની જગ્યાએ 'હારુ' બોલવાની શૈલી.
- 'કહું છું'ને બદલે 'કેઉં છું'.
- 'માં'ની જગ્યાએ 'ની અંદર' (ખાવાની અંદરથી).
- 'રડીશ નહિ'ની જગ્યાએ 'રોયેશ નહીં'.
- 'લીધા કરીએ'ને બદલે 'લયા કરીએ'.
- 'આ' કારથી શરૂ થતા શબ્દને 'ઓ' કારથી બોલવાની શૈલી (દાંત-દોંત).
- 'તમે આવ્યા છો'ને બદલે 'તમે આયા છે'.
- 'બૈરું' શબ્દને હંમેશાં બહુવચનમાં પ્રયોજવાની શૈલી ('બૈરાં').
- 'વસ્તુ' શબ્દને હંમેશા વિવિધ અર્થોમાં પ્રયોજવાની શૈલી.
- 'સાદું' અને 'સિમ્પલ' સાથે બોલવાની શૈલી.
- 'આરોગ્ય'ને બદલે ક્યારેક 'હેલ્થ' બોલે.
- 'સ'ની જગ્યાએ ઘણી જગ્યાએ 'હ' બોલવાની શૈલી.
- 'એ.સી'ને ક્યારેક 'મશીન' તરીકે સંબોધે.
- 'પાઘ'ને ક્યારેક 'રૂમાલ' પણ કહે.
- 'મશીન'ને ક્યારેક 'સંચો' પણ કહે.
- 'હીરની દોરી ને તેલનું ટીપું'ને બદલે '...તેલનો ટીપો' શબ્દ પ્રયોજે.

- 'પરિવર્તનશીલ'ને બદલે 'પરિવર્તનશીલવાળું' બોલવાની શૈલી.
- 'यद्गत्वा न निवर्तन्ते...'ને બદલે 'यद्गत्वा निवर्तन्ते...' બોલે.
- 'ફેરો ન ફાવ્યો થયો ફજીત...'ને બદલે 'ફેરો ન ફાવ્યો ન થયો ફજીત' બોલવાની સહજ શૈલી.
- શિક્ષાપત્રીનો શ્લોક 'व्यर्थकालो न नेतव्यो भक्तिं भगवतो विना...'નો સંદર્ભ ટાંકતા હોય ત્યારે 'વ્યર્થકાલો ન નેતવ્યો ભક્તિ ભગવાન વિના' એ રીતે બોલે.
- 'આગે ધંધા પીછે ધંધા, ધંધા મધ્યે ધંધા; ધંધા મધ્યે ધ્યાન લગાવે સો સાહેબકા બંદા...' આ સાખી બોલે ત્યારે 'આગે ધંધા પીછે ધંધા, ધંધા મધ્યે ધ્યાન લગાવે સો સાહેબકા બંદા...' એ રીતે બોલે.

॥ इति श्रीप्रमुखस्वामिमहाराजानां कथनशैलीनाम प्रकरणं समाप्तम् ॥

❀ ❀ ❀



૯

પ્રમુખસ્વામી મહારાજની પ્રેમસરવાણી

અમૃતવાણીમાં નીતરતું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ

“

લોકો રોજ ડાયરી લખે અને 'રવિવારે ફલાણાને ત્યાં મળવા જવું,
ફલાણું કામ કરવું' એ બધું જ લખે,
પણ 'રવિવારની સભામાં જવું' એવું લખતા નથી.
પણ જોગીબાપાની આજ્ઞા છે એટલે અઠવાડિયામાં એક વખત
રવિવારની સભામાં અવશ્ય જવું.
ગમે એટલું કામ હોય તો પણ મૂકીને રવિસભામાં જવું.

– પ્રમુખસ્વામી મહારાજ

”

વિશ્વના શીર્ષસ્થ સાહિત્યમાં ગણતરી થાય છે તેવા ઉપનિષદોમાંના એક છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની રસપ્રદ વાત આવે છે.

જબાલા નામની સન્નારીનો આ પુત્ર એક વાર ગૌતમકુલમાં જન્મેલા હારિદ્રુમત ઋષિ પાસે જઈ પહોંચ્યો અને તેઓને કહ્યું :

'ब्रह्मचर्यं भगवति वत्स्याम्युपेयां भगवन्तमिति।'

– હું બ્રહ્મચર્યનું પાલન કરી આપના શિષ્ય તરીકે આપની પાસે રહેવા આવ્યો છું.

તે વખતે ગુરુ હારિદ્રુમત સત્યકામને એના ગોત્ર વિષે પૂછે છે. ત્યારે સત્યકામ જવાબ આપે છે : 'नाहमेतद्वेद भो यद्गोत्रोऽहमस्म्यपृच्छं मातरं सा मा प्रत्यब्रवीद्... जबाला तु नामाहमस्मि सत्यकामो नाम त्वमसीति सोऽहं सत्यकामो जाबालोऽस्मि भो इति।'

– હું કયા ગોત્રનો છું એ વિષે હું કાંઈ જાણતો નથી. મને મારી માતાએ ફક્ત એટલું જ કહ્યું છે કે એનું નામ જબાલા છે અને તું સત્યકામ જાબાલ છે.

સત્યકામ સાથેના આ બે ઘડીના વાર્તાલાપમાં તો હારિદ્રુમતે સત્યકામના ગોત્રનું જાણે માપ કાઢી લીધું હોય તેમ બોલ્યા :

'तं होवाच नैतदब्राह्मणो विवक्तुमर्हति... त्वा न सत्यादगा इति...'

– હે સત્યકામ! તું કદી સત્યથી અળગો થયો નથી. આવી વાણી બ્રાહ્મણ સિવાય કોઈ બોલી શકવા સમર્થ નથી.

સત્યકામની વાણી પરથી તેના ગોત્રનો નિશ્ચય કરી હારિદ્રુમતે તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો. તેથી જ કહેવાયું હશે :

'यदा यदा मुञ्चति वाक्यबाणं, तदा तदा जातिकुलप्रमाणम्।'

– માણસના કુળ-જાતિ તેની વાણી પરથી પરખાય છે.

હા, વાણીમાં ઘણું બધું તરે, નીતરે, અવતરે. વ્યક્તિની લાગણી, વિચારો, રીતિ-નીતિ, કેળવણી એ બધાનો પડઘો વાણીમાં પડે છે. આંખો ગુમાવીને બેઠેલી વ્યક્તિને કોઈ આંધળો કહીને બોલાવે. કોઈ અંધ કહીને. કોઈ સુરદાસ કહીને. તો કોઈ પ્રજ્ઞાચક્ષુ કહીને. સંબોધનમાં વપરાયેલ શબ્દ પરથી બોલનારની

પ્રકૃતિ, ગોત્ર, સંસ્કાર બધાનો ક્યાસ નીકળી જાય.

કહ્યું છે કે 'બોલવાની રીત વર્તવાની રીત બતાવી આપે છે. બોલી એ મુલાકાતપત્ર છે, ઉધારપત્ર છે. દરેક શબ્દની પાછળ એક મનોલોક છે. જેવી કપાળની કરચલીઓ અને હાથની રેખાઓ, તેવી ભાષા. એ મનનું પ્રતિબિંબ છે. ભાષા એક નકશો છે – વિચારોનો, જીવનનો, વાસ્તવિકતાનો.

શબ્દ મનમાં આવે તે એકલો નહીં આવે, પણ આખો વારસો, અનુભવ, સ્મરણો, પડઘાઓ, ઈતિહાસ, સ્પંદન, સંસ્કાર, અર્થ, સંબંધ, તેજપુંજ અને આભામંડળ સાથે લેતો આવે છે.'

ટૂંકમાં, વ્યક્તિની વાણીમાં તેનું આખેઆખું વ્યક્તિત્વ નીતરતું હોય છે. સ્વામીશ્રીની વાણીમાંથી પણ તેઓની જીવનભાવના, જીવનશૈલીનો તાગ મળી આવે છે.

વાણીમાં સાધુતા

તા. ૧૪-૧૨-'૮૯ના રોજ સ્વામીશ્રી મુંબઈમાં બિરાજતા હતા. તેઓના દર્શનાર્થે નડિયાદની લબ્ધપ્રતિષ્ઠ 'ધરમશી દેસાઈ કૉલેજ'ના સૂત્રધાર શ્રી નરેન્દ્રભાઈ દેસાઈ આવેલા. વાતચીત દરમ્યાન તેઓએ પોતાની અનુભૂતિ વર્ણવતાં કહ્યું : 'હું તો એ. સી. પ્રભુપાદ ભક્તિવેદાંત સ્વામીના ડ્રાઇવર તરીકે પણ હતો. મેં આપને પહેલવહેલા કરમસદમાં સાંભળ્યા ત્યારે એવું અનુભવાયું કે આપ પ્રભુપાદની જેમ જ બોલતા હતા.'

સ્વામીશ્રીની વાણી તેઓના સંતત્વનો પ્રતિઘોષ કરનારી છે.

વાણીમાં કરુણા

તા. ૧૧-૨-'૮૬ના દિવસે સ્વામીશ્રી સારંગપુરની ગૌશાળાનું નિરીક્ષણ કરવા પધારેલા. અહીં ગાયો-ભેંસોએ ઘાસ ખાઈને રાડા વગેરે વધાર્યું હોય તેનો ઢગલો સ્વામીશ્રીની નજરે ચઢ્યો. તે જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતોને પૂછ્યું : 'આ ઓગઠનું શું કરો છો ?'

'વેચી દઈએ છીએ.'

આ પ્રત્યુત્તર સાંભળી સ્વામીશ્રી કહે : 'આપણે એ વેચવું નહીં. જરા પુણ્ય કરતો થા. અત્યારે હવે ઉનાળો આવે છે. ઘાસની તંગી પડશે. બીચારા

ગરીબ ઢોરોને ખાવાનાં ફાંફાં પડશે. અત્યારે પાછો દુકાળ છે. માટે ગરીબનાં કે ભરવાડનાં ઢોરાંને આ બધુ ખવડાવવું. બે-પાંચ રૂપિયા આમ કે આમ. એમાં ખાટું-મોળું નથી થઈ જવાનું.'

કરુણાના બૃહદ્ અધ્યાય સમા સ્વામીશ્રીના જીવનની પ્રબળ પ્રસ્તાવના બની રહે એવાં આ પાંચ વાક્યોમાં સ્વામીશ્રીની કરુણામય છબીનું કેવું દર્શન છે!

•

સન ૧૯૯૦ની સાલમાં સ્વામીશ્રી લંડન પધારેલા. અહીં તેઓને મળવા એક હરિભક્ત આવ્યા. તેઓને ભાગીદારે ધંધામાં દગો દીધેલો. પૈસા પચાવી પાડી હરિભક્તને ધંધામાંથી તગેડી મૂકેલા, પરંતુ દૈવયોગે ભાગીદારને એવી આપત્તિ આવી કે દેવાળું ફૂંકવાની નોબત આવી ગઈ. તેથી તે લેણદારો સાથે સમજૂતી માટે પ્રયત્ન કરી રહેલા. તે માટે આ હરિભક્તના મતની જરૂરિયાત ઊભી થયેલી. જો હરિભક્ત એ ભાગીદારની તરફેણ ન કરે તો ભાગીદારને દેવાળું કાઢવું જ પડે ને તો દગાગીરીની વસૂલાત થઈ જાય. હરિભક્ત જો ભાગીદારની તરફેણ કરે તો તેઓને કોઈ જ લાભ થવાનો ન હતો, પણ ભાગીદારની રક્ષા થઈ જાય એ નક્કી હતું. હરિભક્તને મનમાં એવું રહે કે 'આપણે માથે આટલું વિતાડનારને શા માટે મદદ કરવી?'

દ્વિધાભરી આ સ્થિતિ તેઓએ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'કોઈનું ભલું થતું હોય તો મત આપવો. ભલે એ ગમે તેવો હોય. એનું સારું થાય છે ને!'

અમાપ આકાશ જેવું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ તેઓની આ વાણીમાં કેવું યથાતથ ઝિલાયું છે! વાક્યમાં કેવળ કર્તા, કર્મ, ક્રિયાપદ, વિશેષણ કે ક્રિયા-વિશેષણ જ નથી હોતાં, પૂરેપૂરું જીવન તેમાં આવી વસે છે.

વાણીમાં વેદસાર

તા. ૧૯-૯-'૮૮ના દિવસે સ્વામીશ્રી મહેશભાઈ દણાકને ઘેર ઠાકોરજી જમાડી રહેલા. સાથે સંતો પણ ભોજન કરવા બેઠેલા. તેઓને મહેશભાઈ જલેબી પીરસવા આવ્યા, પણ અક્ષરજીવનદાસ સ્વામીએ ના પાડી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'હરિભક્તોનો ભાવ તો જુઓ. હરિભક્તનું બગાડવું નહીં.

કોઈનું બગડે એ તમને ગમે?'

અક્ષરજીવનદાસ સ્વામી કહે : 'પણ બીજાનું સુધારતાં પોતાનું (પેટ) બગડે એનું શું?'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'જે બીજાનું સુધારે છે તેનું બગડતું જ નથી!'

ત્યારે અક્ષરજીવનદાસ સ્વામીએ કહ્યું : 'આપ આ બોલ્યા એમાં તો બધો સાર આવી ગયો.'

સ્વામીશ્રીએ મત્તું મારતાં કહ્યું : 'વેદવાક્ય છે.'

વેદસાર સમી સ્વામીશ્રીની આવી વાણીમાં વેદસાર સમું તેઓનું જીવન પણ ઝળકી રહે છે.

વાણીમાં નિર્મત્સરતા

તા. ૨-૨-'૮૯ના રોજ સ્વામીશ્રી સુરતમાં હતા. પોષ વદ એકાદશી, યોગી અંતર્ધાન તિથિએ સ્વામીશ્રી ફરાળ કરવા બિરાજ્યા. તે વખતે સામે બેઠેલા ઘનશ્યામચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'આપે ક્યારેય ખાવાની હરીફાઈ કરેલી?'

સ્વામીશ્રીએ કહ્યું : 'કોઈ દિ' હરીફાઈ કરી જ નથી. આપણાથી થાય એટલું કરીએ ને ન થાય તો નમતું મૂકી દઈએ. આપણે હરીફાઈ કરી જ નથી.'

આજના One-upmanship(વન-અપમેનશીપ)ના જમાનામાં જ્યારે સૌ વિશાળ Rat race(ઉંદરદોડ)માં એકબીજાને માત કરવામાં મસ્ત છે, ત્યારે સ્વામીશ્રીની આ વાણીમાં તેઓના વ્યક્તિત્વનો પરિચય મળી જાય છે કે 'ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી...'

વાણીમાં પરાભક્તિ

તા. ૨૬-૨-'૮૭ના દિવસે સ્વામીશ્રી નડિયાદ મુકામે ધર્મલાભ આપી રહેલા. સાંજે ૭:૦૦ વાગ્યા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'સંધ્યા આરતી થઈ?'

ત્યારે એક સંત કહે : 'આરતી સંતો કરી લેશે. આપ નહીં આવો તો ચાલશે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો. સ્વામીશ્રી

કહેવા લાગ્યા : 'દર્શને જવાનું કહીએ ત્યારે કોઈ દિવસ ના ન પાડવી. આ તો બધી વાતમાં બંધી કરે. દર્શન કરવા ન જશો. દંડવત્ ન કરશો. બધે જ બંધી કરી છે, પણ ભજન-ભક્તિ કરવા તો આવ્યા છીએ. એ ન થાય તો બીજું કરવુંય શું? આવું થાય એમાં પછી કંટાળો આવે છે. જીવવું કેમનું?'

સ્વામીશ્રીના અવિરત ભક્તિરત જીવનની કેવી સુરેખ છબી ઝિલાઈ છે આ વાક્પ્રવાહમાં!

'મમ ગુણ શ્રવણ મનન ઉર મેરો, મમ જશ કરત ઉચારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમ પદ પ્રેમ અપારા...'

આ પંક્તિમાં કહ્યા મુજબ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ સંપૂર્ણરૂપે તેઓની વાણીમાં પ્રતિબિંબિત થાય છે.

વાણીમાં ગુરુભક્તિ

બે અલગ-અલગ પ્રસંગોએ ઉચ્ચારાયેલ સ્વામીશ્રીની વાણીના આ અંશો વાંચો : 'મારો પહેલેથી ધ્યેય હતો કે શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારથી બીજો વિચાર નથી થયો, પણ એ રાજી થાય તેમ કરવું. તે વખતે અમે નાના હતા. ત્યારે તો બહુ ખબર પડે નહિ. પણ જ્યારે મોટા થયા, કોઠારમાં જોડાયા ત્યારે ઘણી વાર વિચાર આવે. સુખ-દુઃખ આવે, મુશ્કેલી આવે પણ ચાલે. ઘણા પ્રશ્નો આવે, મોટા સંતો અને બીજાને જુદા વિચાર. તેમાં મારે કામ કરવાનું. એટલે મતિ ડગવા જેવું લાગે. પણ પહેલાંથી એક અંગ બંધાયેલું કે મોટાપુરુષ કહે તેમ કરવું.

'યોગીજી મહારાજ વખતે પણ એવું રહ્યું. યોગીજી મહારાજ ગોંડલનું ખેંચે. બીજા એનો વિરોધ કરે. આમાં મારે ટકવું મુશ્કેલ. પણ મારે નિશ્ચય કે ભલે મને કોઈ સારા-નરસા કે નમાલા કહે તો ભલે કહે, પણ યોગીજી મહારાજ રાજી થાય તેમ કરવું...

'મેં શાસ્ત્રીજી મહારાજ પાસે ક્યારેય આશીર્વાદની અપેક્ષા રાખી જ નથી. એમનાં નખ, કેશ કે લૂગડું માંગ્યાં જ નથી. મને તો કોણ જાણે એવી ઇચ્છા જ નથી થઈ. એમણે જે કીધું તે આજ સુધી કર્યા કર્યું છે, તો શાંતિ શાંતિ છે. શાસ્ત્રીજી મહારાજ દૂર છે એવું લાગે જ નહીં. મેં શાસ્ત્રીજી મહારાજને, યોગીજી મહારાજને ક્યારેય ઓશિયાળા કર્યા નથી. એમની

મરજી પ્રમાણે કર્યું છે તો રાજીપો થઈ ગયો.'

સ્વામીશ્રીની આ વાણીમાંથી તેઓનું આદર્શ ગુરુભક્ત તરીકેનું ચિત્ર કેવું ઊપસી આવે છે!

વાણીમાં નિતાંત નમ્રતા

તા. ૩૦-૯-'૯૦ના રોજ લંડનમાં એક વાર સ્વપ્રસંગની વાત કરતાં સ્વામીશ્રીએ કહેલું કે : 'શાસ્ત્રીજી મહારાજના વખતમાં મને ટેવ એવી કે હરિભક્તોને સાચવી લેવા. એવું ધ્યાન રાખતો. અટલાદરામાં એક વખત મથુરકાકા અને પુરુષોત્તમભાઈ(સુણાવ)ને મેં જમવા બેસાડ્યા. પછી હું અંદર માલપુઆ લેવા ગયો. તે રસોઈયો લેવાની ના પાડે. મેં હાથમાં લીધેલા માલપુઆ તેણે મારી પાસેથી લઈ લીધા ને કહે : 'આ નહીં આપવાના.' આ વાત પેલા બે હરિભક્તોએ બારણે રહ્યાં રહ્યાં જોઈ, એટલે ઊંચે સાદે રસોઈયાને કહે : 'આમને તું ઓળખે છે? આ સંસ્થાના ધણી છે.'

આ પ્રસંગ સાંભળતાં આશ્ચર્ય થાય કે સ્વામીશ્રી એવી તે કેવી શાંત રીતે વર્તતા હશે કે રસોઈયાને પણ એમના પ્રમુખપદની જાણકારી નહીં! એ સ્વામીશ્રીને પણ પીરસતાં રોકી શકે! અને સ્વામીશ્રી તે સમયે શાંત રહે એ પણ કેવું આશ્ચર્ય! કેવી નિતાંત નમ્રતા!

The best use of power is its non-use. – સત્તાનો સારામાં સારો ઉપયોગ એ છે કે તેનો ઉપયોગ જ ન કરવો. સતત ૬૨ વર્ષથી બી.એ.પી.એસ. સંસ્થાનું પ્રમુખપદ શોભાવી રહેલ નિરાળા નેતા તરીકેનું સ્વામીશ્રીનું આગવું વ્યક્તિત્વ તેઓની ઉપરની વાણીમાં વિલસી રહ્યું છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'પોતામાં જે જે ગુણ હોય તે બીજાને દેખાડે તે કનિષ્ઠ, ને જે દેખાડે નહીં ને ઢાંકે નહીં તે મધ્યમ, ને જે ઢાંકી રાખે છે તે ઉત્તમ પુરુષ છે.' (૪/૧૦૦) સ્વામીશ્રીનું ઉત્તમ સંત તરીકેનું વ્યક્તિત્વ પણ તેઓની ઉપરોક્ત વાણીમાંથી ફલિત થાય છે.

ભગવાન સ્વામિનારાયણે 'શિક્ષાપત્રી'માં કહ્યું છે :

'मद्रूपमिति मद्वाणी।'

– મારી વાણી એ મારું સ્વરૂપ છે. આ વચન અનુસાર સ્વામીશ્રીની વાણીમાંથી પણ તેઓના સ્વરૂપનો યથાર્થ પરિચય મળે છે.

આવી વાણી અને આવા વ્યક્તિત્વને હરહંમેશ વાંછતા કોઈએ કહ્યું છે :

‘आर्यता हृद्यता मैत्री सौम्यता मुक्तता ज्ञता।
समाश्रयन्ति तं नित्यमन्तःपुरमिवाङ्गनाः ॥
पेशलाचारमधुरं सर्वे वाञ्छन्ति तं जनाः।
वेणुं मधुरनिध्वानं वने वनमृगा इव॥’

– સૌજન્યસભર મધુર વ્યવહાર, કુલિનતા, આનંદદાયીપણું, મિત્રતા, સૌમ્યતા, અનાસક્તિ, જ્ઞાન વગેરે સદ્‌ગુણો તમારા સ્વરૂપમાં અખંડ છે. તેથી જ જેમ વનમૃગ વેણુના મધુર નિનાદને ઇચ્છે છે તેમ સર્વે મનુષ્યો પણ તમારો સંગ સદા ઇચ્છે છે.

આવા વ્યક્તિત્વ અને આવી વાણીને ‘भूयिष्ठां ते नम उक्तिं विधेम।’ અનેકાનેક નમસ્કાર !!!

❀ ❀ ❀

૧૦
ઉપસંહાર

'આ વાતું તો જાદુ છે.' (સ્વામીની વાત - ૧/૧૩૬)

'આ વાતું તો અનંત સંશયને છેદી નાખે એવી પુરુષોતમ ભગવાનની છે.' (૧/૨૩૧)

'આ વાતું તો જેના ભૂંડા આશય હશે તેને દબાવી દઈને પણ ઉપર નીકળે એવી છે.' (૧/૩૦૨)

'આ વાતુંમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રિયું ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે..' (૧/૩૩)

'આવી વાતું બીજે ક્યાંય નથી. આ તો અક્ષરધામની વાતું છે...' (૪/૩૪)

'આ વાતું ફરીને જન્મ થવા દે તેવી નથી...' (૪/૫૨)

'આ સમે વાત થાય છે તેવી વાત બીજા જન્મારામાં પણ કરી શકે નહીં ને કરતાં આવડે પણ નહીં ને જન્મારો અભ્યાસ કરે તોપણ આવી વાતો શિખાય નહીં.' (૫/૨૦)

'આ વાતું સારુ તો પછી રોશો. ઓહો ! આવા ક્યાંથી મળે ?'(૬/૨૨૭)

'આ તે કાંઈ વાતું છે ? આ તો અમૃત છે. તે દેવલોકમાં અમૃત પીવા જીવ જાય છે પણ આંહીં પીવા નવરો નહીં...' (૬/૨૧૮)

'ભાઈ ! રૂપિયા તો મળશે પણ આ વાતું ક્યાં મળશે ? તે માટે વાતું સાંભળી લેવી.. અરે, તમને જણાતું નથી પણ સોનાની મેડી હોય તો બાળીને આ વાત સાંભળીએ. પછી આ વાતું દુર્લભ છે...' (૬/૨૪૪)

'આ વાતુંના કરનારા દુર્લભ છે..' (૫/૨૪૬)

ઉપરોક્ત અવતરણો આ પુસ્તકના સારરૂપે છે. હા, આ 'પ્રેમ-

સરવાણી'માં અવગાહન કરનારને ઉપરોક્ત અનુભવ થયા વિના રહેશે જ નહીં. સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી આવી વાણીને દેવદુર્લભ ગણાવતાં ગાય છે :

'અમૃત પે અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા-ભવ-સનકાદિક જેવાં, જેનાં દર્શન કરવાને આવે રે...'

આવો દેવદુર્લભ પરાવાણીનો પ્રસાદ આ પુસ્તકના પાને પાને વહેંચાયો છે. આ પ્રસાદ આરોગનાર સદા સ્વસ્થ જીવન જીવી શકશે તેની બાંયધરી સો ટકાની છે.


મહાન અમેરિકન તત્ત્વચિંતક હેન્રી ડેવિડ થોરોએ લખ્યું છે : 'આપણને જે પ્રશ્નો અસ્વસ્થ કરે છે, ગૂંચવણમાં નાંખે છે, મૂંઝવે છે; બરાબર તે જ પ્રશ્નો બધા જ ડાહ્યા માણસોને ઉપસ્થિત થયેલા છે; એકપણ રહી ગયો નથી; ને દરેકે પોતાના વચનોથી ને જીવન-વ્યવહારથી તે બધાના યથાશક્તિ ખુલાસા કર્યા છે.'

આ પુસ્તકની પૃષ્ઠભૂમિ પર પથરાયેલ પ્રેમ-સરવાણીનો પ્રવાહ પણ આવો પ્રબળ, નિર્મળ અને શીતળ છે કે સંસારની સર્વ સમસ્યાઓનું સમાધાન થઈ જાય. આ અનુભવ આપનો બની રહો.

એટલું જ નહીં, ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'જેમ નાના ખાતરાનું પાણી મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનું સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે જો મોટામાં જોડાય તો તે પણ ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે.' (૨/૧૭૮)


જેમ સરવાણી સમુદ્રમાં સમાય તેમ સ્વામીશ્રીની 'પ્રેમ-સરવાણી' પણ સહજાનંદરૂપી સાગરમાં સમાય છે. તેથી આ 'પ્રેમ-સરવાણી'માં જે ડૂબકી લગાવે તેને પણ સહજ-આનંદ સહજમાં પ્રાપ્ત થાય એમ છે. આ અનુભવ પણ આપનો બની રહો એ જ અભ્યર્થના.

❀ ❀ ❀



पाण्डित्ये सति साधुता न महिता तस्यां न चेत्प्राज्ञता,
यद्यत्र द्वितयं नहि प्रशमता तस्यां नतित्वं न च ।
वैरी तद्गुणराजिराशिरमितः साकं त्वयि द्योतते,
वन्दे तं प्रमुखं गुणालयगुरुं मोक्षाय भक्त्या सदा ॥

પાંડિત્ય હોય છે ત્યાં સાધુતા હોતી નથી. કદાચિત્ સાધુતા હોય તો ત્યાં વિદ્વત્તા હોતી નથી. કદાચ આ બન્નેનો સુમેળ હોય તો ત્યાં ઇન્દ્રિયનિગ્રહ હોતો નથી. જો કદાચ તે પણ હોય તો ત્યાં નમ્રતા હોતી નથી. પરસ્પર વિરોધી એવો આ અપાર ગુણોનો સમુદાય તમારામાં એક સાથે પ્રકાશે છે, એવા ગુણોના ભંડાર ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજને મારા જીવના મોક્ષ માટે સદા ભક્તિપૂર્વક વંદન કરું છું.



ઉપનિષદના ઋષિએ વાણીને ધેનુ(ગાય)ની ઉપમા આપી છે, પરંતુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વાણી એ તો કામધેનુ. કામધેનુ જે માંગીએ તે આપે. તેમ સ્વામીશ્રી પાસે કોઈ સુખની તો કોઈ શાંતિની માંગણી સાથે આવે છે; કોઈ સ્થિરતાની તો કોઈ સલામતીની ઇચ્છાથી આવે છે; કોઈ શ્રેય તો કોઈ પ્રેયની આશા સાથે આવે છે; અને દાયકાઓથી ગંગાની જેમ વહેતા સ્વામીશ્રીનાં કલ્પવૃક્ષ સમાં અમૃતવચનો જેણે જે વાંછ્યું તેને તે આપતાં રહ્યાં છે. સ્વામીશ્રીની આવી પરમ પાવની પ્રેમ-સરવાણીનો સ્રોત અહીં પુસ્તકની પૃષ્ઠભૂમિ પર વહેતો કરાયો છે. આ પ્રેમ-સરવાણીનું પાન કરનારા લાખો લોકોએ અનુભવ્યું છે કે પ્રમુખસ્વામી મહારાજની વાણી તો ઔષધ અમૃત છે, સંસારસંગ્રામે ઘવાયેલા માટે આ વાણી વિશલ્યકરણી ઔષધિ છે, માણસને મૃત:પ્રાય કરી દેતી સંસાર-સમસ્યાઓને સુલઝાવનારી સંજીવની છે. આ વાણીના રસપાન દ્વારા માનવમાત્ર મૂંઝવણ ખંખેરી ખમીરવંતો બને તેમ છે. તેવી આ પ્રેમ-સરવાણીનું આચમન કરીને ધન્ય થઈ જઈએ...

ISBN: 978-81-7526-587-8